राष्ट्रीय कला केन्द्र

# કોરોના કાળનાં કાવ્યો



શુભ સાહિત્ય

राष्ट्रीय कला केन्द्र

# કોરોના કાળનાં કાવ્યો



રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરતને
‘હિન્દ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ’ એવોર્ડ
એનાયત કરીને પુસ્તકનું લોકાર્પણ
કરતા સાંસદશ્રી સી. આર. પાટીલ



# HIND
## BOOK OF WORLD RECORDS

www.hindbookofrecords.org
Help Line - 93132 11264

# Certificate

This is to Certify That

*"Rashtriya Kala Kendra"*
*(Surat-Gujarat)*

is listed in
**The Hind Book of World Records**
for being the

***Has collected***
***644 poetries on "Corona Pandemic"***
***by Various Poets in different languages from all around the world & published an e- Book***

*This acheivement has been entered into Hind BOOK OF WORLD RECORDS.*

*Certificate Sr. No.GJ/2020/052*

Authorised Sign.
*Hind Book of World Records*

*Certificate Issue Date :*
*25th October, 2020*

*This record is not to be used for any commercial purpose without the approval of Hind Book of World Records.*
*This Certificate must not be reproduced without written permission of Hind Book of World Records*
*And does not necessarily denote an entry into Hind Book of World Records*
*It any dispute shall be heared in Surat court. HBWR team may cancel the certificate prior informing or for any reason.*
*Within a year only one Application shall be accepted for a category. HBWR team decision will be final.*
*This Certificate is awarded to good faith on the basis of information given by the applicant.*
*Terms & Conditions Apply*

**HIND BOOK OF WORLD RECORDS**

राष्ट्रीय कला केन्द्र

**વિશ્વના નામી-અનામી કવિઓ દ્વારા**
**રચાયેલા ૬૦૦ કાવ્યોનું ઈ પુસ્તક નું લોકાર્પણ**
**"કોરોના કાળના કાવ્ય"**

**મુખ્ય મહેમાન**
**શ્રી સી. આર. પાટીલ**
**સંસદ સભ્યશ્રી, પ્રદેશ પ્રમુખ-ગુજરાત ભાજપ**

**વેબીનારમાં નીચે મુજબના નામી કવિઓ પોતાની કવિતાઓનું પઠન કરશે.**

હર્ષ બ્રહ્મભટ્ટ | ભાગ્યેશ ઝા | રાજેશ વ્યાસ મિસ્કીન | તુષાર શુકલ | અંકિત ત્રિવેદી
શોભિત દેસાઈ | ખલીલ ધનતેજવી | ઉષા ઉપાધ્યાય | કૃષ્ણ દવે | રવિન્દ્ર પારેખ
મુકેશ જોષી | મુકુલ ચોકસી | રઈશ મણિયાર | કિરણસિંહ ચૌહાણ | મહેશ દાવડકર
ગૌરાંગ ઠાકર | દક્ષેશ ઠાકર | અનિલ ચાવડા | ભાવેશ ભટ્ટ | યોગેશ જોષી
અમૃત વડિયા | બકુલ ટેલર | એશા દાદાવાળા | યામિની વ્યાસ | પૂર્ણિમા ભટ્ટ

**આ ઈ પુસ્તકનું લોકાર્પણ ઓનલાઈન કરવામાં આવશે.**
**સાંજે ૫ કલાક – રવિવાર, ૧૬ ઓગસ્ટ, ૨૦૨૦**

| | |
|---|---|
| **નયનાક્ષીબેન વૈદ્ય**<br>**પ્રમુખ** | **રૂપીન પચ્ચીગર**<br>**મહામંત્રી** |
| **નરેશ કાપડિયા**<br>**ઈ પુસ્તકના સંપાદક** | **યામિની વ્યાસ**<br>**કન્વીનર, સાહિત્ય સમિતિ** |

# સાહિત્ય જગતનો ધ્રુવ તારો રાષ્ટ્રીય કલા કેન્દ્ર

રાષ્ટ્રીય કલા કેન્દ્રની સ્થાપના તા. ૧૦.૭.૧૯૫૫ના રોજ થઈ હતી. શ્રી પોપટભાઈ વ્યાસ, શ્રી ચંદ્રકાંતભાઈ પુરોહિત, શ્રી વજુભાઈ ટાંક, શ્રી ગનીભાઈ દહીંવાળા, શ્રીમતી સરોજબેન પાઠક જેવા મહાનુભાવો અમારી સંસ્થાની ઈમારતના પીલર હતા. રાષ્ટ્રીય કલા કેન્દ્ર છેલ્લાં ૬૫ વર્ષથી અવિરત કલાના ક્ષેત્રે અનેરું પ્રદાન કરતી રહી છે. અમો નાટક, સંગીત, સાહિત્ય, ચિત્રકળા, ગરબાના ક્ષેત્રોમાં વર્ષોથી કાર્યરત રહી કલાવારસો સાચવતા આવ્યાં  છીએ.

રાષ્ટ્રીય કલા કેન્દ્રની સાહિત્ય સમિતિનો ઈતિહાસ પણ ભવ્ય અને ભાતીગળ છે. આ સંસ્થાના સ્થાપકોમાં ખ્યાતનામ ગઝલકાર અને ગુજરાતનું ગઝલ બુલબુલ ગનીભાઈ દહીંવાળા હતા. પ્રા. સરોજબેન પાઠક, જ્યંતભાઈ પાઠક જેવા કવિઓએ સાહિત્ય સમિતિને શોભાવી છે. એ સમય હતો જ્યારે સુરત ગઝલકારોની ભૂમિ તરીકે ખ્યાતનામ બન્યુ હતું. તે સમયથી આજ પર્યંત સુધીના નામી કવિઓ સર્વશ્રી મરીઝ, અસિમ રાંદેરી, અમૃત ધાયલ, ગનીભાઈ દહીંવાળા, ભગવતીકુમાર શર્મા, સરોજ પાઠક, જયંત પાઠક, નટવરલાલ પંડયા 'ઉશનસ', રતિલાલ અનીલ, મનહરભાઈ ચોકસી, અસીમ સુરતી, સી. ડી. વ્યાસ, વજુભાઈ ટાંક, લતીફ સુરતી, ખલીલ ધનતેજવી, વિનોદ જોશી, શૂન્ય પાલનપુરી, અમર પાલનપુરી, હર્ષદ ત્રિવેદી, રાજેશ વ્યાસ 'મિસ્કીન', સંજૂવાળા, હર્ષભાઈ બ્રહ્મભટ્ટ, નયન દેસાઈ, કિશન સોસા, રવીન્દ્ર પારેખ, મુકુલ ચોકસી, રઈશ મણિયાર, દિલીપ મોદી, કિરણસિંહ ચૌહાણ, ગૌરાંગ ઠાકર જેવા અનેક કવિઓએ રાષ્ટ્રીય કલા કેન્દ્ર ની કાવ્ય મહેફીલો જમાવી છે. અનેક મુશાયરા, કવિ સંમેલનો અને કાવ્ય ગોષ્ઠિના એઓ સાક્ષી બન્યા છે. ઋષિતુલ્ય શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના આર્શીવાદ અમારી સાહિત્ય પ્રવૃત્તિને વર્ષો સુધી મળતાં રહ્યાં, એ અમારું સદનસીબ હતું.

ગનીભાઈ દહીંવાળાની જન્મશતાબ્દીના વર્ષમાં સંસ્થાએ પ્રતિમાસ એક કવિ સંમેલન અને સાહિત્યના કાર્યક્રમ કર્યા હતા. એટલું જ નહી ગનીભાઈ દહીંવાળાની તમામ કવિતાઓને એક જ પુસ્તકમાં સંપાદીત કરી, 'હોય ન વ્યક્તિ અને એનું નામ બોલાયા કરે' ના શીર્ષક હેઠળ "ગુજરાત સાહિત્ય અકાદમી" દ્વારા કાવ્ય સંગ્રહ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ પુસ્તકનું સંપાદન શ્રી ભગવતીકુમાર શર્મા અને શ્રી રવીન્દ્રભાઈ પારેખે કર્યુ હતુ. વળી "ગુજરાત સાહિત્ય અકાદમી" દ્વારા ગનીભાઈની જન્મશતાબ્દી પ્રસંગે બે

દિવસનો કાર્યક્રમ સુરતમાં યોજ્યો હતો, જેમાં બે કવિ સંમેલનો અને એક સેમિનારનું આયોજન કરી સાહિત્યનો રસથાળ પીરસાયો હતો.

છેલ્લાં કેટલાંયે વર્ષોથી પ્રતિવર્ષ અમે ગનીભાઈ દહીંવાળાના જન્મદિન નિમિત્તે કવિ સંમેલનનું આયોજન કરતાં રહ્યાં છીએ. પ્રતિવર્ષ પ્રા. સરોજ પાઠકની સ્મૃતિમાં સાહિત્યના વિવિધ રંગોને ઉજાગર કરતા કાર્યક્રમો કર્યાં છે. પ્રા. સરોજ પાઠકની કવિતા, વાર્તા, નવલકથા આધારિત પ્રવચનો અને સંગીતના કાર્યક્રમોએ ઘણી લોકચાહના મેળવી હતી.

રાષ્ટ્રીય કલા કેન્દ્ર એકમાત્ર એવી સંસ્થા છે; જેણે શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પ્રાધ્યાપકોની કાવ્ય લેખન સ્પર્ધાઓનું આયોજન કરી, કાવ્ય લેખનને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કર્યો છે. આ કાવ્ય લેખન સ્પર્ધામાં ૪૪૦ જેટલાં કવિઓએ ભાગ લીધો હતો, જેના નિર્ણાયક તરીકે ડૉ. દીલીપ મોદી અને કિરણસિંહ ચૌહાણે સેવા આપી હતી.

રાષ્ટ્રીય કલા કેન્દ્રએ 'ત્રણ પેઢીની કાવ્ય મહેફિલ'નું આયોજન કરી પીઢ, વયસ્ક અને યુવાન કવિઓને એક મંચ પર લાવી કવિ સંમેલન કરી, રાષ્ટ્રીય કલા કેન્દ્રના વજુભાઈ ટાંક હોલને ધબકતો રાખ્યો છે.

સંસ્થા દ્વારા એક જ વિષય આધારિત કવિ સંમેલનો થયાં છે, જેમાં એક જ મંચ પર ૪૦ થી ૫૦ કવિઓએ ભાગ લઈ તેને આલ્હાદક બનાવ્યાં છે. સુરતના કોઈ કવિ એવા નહીં હોય જેમણે રાષ્ટ્રીય કલા કેન્દ્રના મંચને શોભાવ્યો ન હોય.

અમે છંદોનું શિક્ષણ આપવાના હેતુસર 'ગઝલ શિક્ષણ શિબિર'નું આયોજન કર્યું, જેમાં કિરણસિંહ ચૌહાણે સેવા આપી ગઝલકારો તૈયાર કર્યા.

ગુજરાત રાજ્ય સરકારના "વાંચે ગુજરાત" કાર્યક્રમ દરમ્યાન પ્રતિમાસ એક પુસ્તક પરિચયનો કાર્યક્રમ યોજી, લોકોને ગુજરાતી સાહિત્યમાં રસ લેતાં કરવાનો સફળ પ્રયાસ સંસ્થાએ કર્યો હતો.
હમણાં જ, કોરોનાકાળ દરમ્યાન જ, શ્રી ભગવતીકુમાર શર્માની જન્મતિથિ નિમિત્તે અમે ભગવતીકુમારની પાંચ ગઝલોની પંક્તિઓ આધારિત "તરહી વેબ મુશાયરો" કર્યો. એમાં ૧૦૩ કવિઓએ ભગવતીકુમારની પંક્તિઓ ઉપર તરહી ગઝલ લખી અને રાષ્ટ્રીય કલા કેન્દ્રએ ઈ-પુસ્તક દ્વારા એ ૧૦૩ તરહી ગઝલોનું પ્રકાશન કર્યું હતું.

૨૦૨૦નું વર્ષ આખા વિશ્વ માટે કોરોના વર્ષ તરીકે ઓળખાશે. કોરોના શ્રાપ છે કે આર્શીવાદ એ કહેવું ખૂબ વહેલું છે પરંતુ અત્યારે તો આપણને કોરોનાનો કેર વર્તાઈ રહ્યો છે. કહે છે કે ૧૦૦ વર્ષ પહેલા, ૧૯૧૮માં આવો જ કોઈ સ્પેનિશ ફલૂ આવ્યો હતો અને તે સમયના લોકોનાં મોઢાં પર માસ્ક પહેરેલા ફોટા આપણને જોવા મળ્યાં છે. તો વિચાર એવો આવે છે કે જો કુદરત ૧૦૦ વર્ષ પછી હવામાન,

આબોહવા, પ્રકૃતિના રક્ષણ માટે દુનિયા થંભાવી દે, તો એ પળને આપણે ઈશ્વરની દેણ ગણી લેવી જોઈએ. અહીં પ્રશ્ન એ છે કે આ ઈશ્વરે એની શક્તિનો પરચો બતાવ્યો છે કે પછી બાયોવેપનથી દુનિયાના અર્થતંત્રને વિખેરવાનો પ્રયત્ન થયો છે? આ એક સંશોધનનો વિષય છે. પરંતુ હાલમાં તો આપણું સામાજિક જીવન અને આર્થિક જીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે.

૨૧મી સદીના બીજા દાયકાની આ અકલ્પનીય ઘટના છે. જેણે માણસને માણસથી દૂર કરી દીધો છે. મોઢા પર માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સીંગ રાખીને સંબંધ રાખવાનો સમય ચાલે છે. આર્થિક પ્રશ્નો અકળાવી નાંખે તેવા છે. વેપાર, ઉદ્યોગ, મેદાન અને થિયેટર બંધ છે. સાંસ્કૃતિક જગત સાથે જોડાયેલા લોકો માટે આજીવિકા અને અસ્તિત્વનો પ્રશ્ન ઉપસ્થિત થયો છે. આ પરિસ્થિતિ વચ્ચે એક સાહિત્ય સર્જકને અને તેમાંય કવિ જીવને તો અનેક સંવેદનશીલ વિષયો મળ્યાં છે. તેઓ માટે પોતાની લાગણી, સંવેદના, ઈચ્છાઓને વાચા આપવાનો આ અવસર છે.

આજે જ્યારે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ બંધ છે, થિયેટર કે હોલમાં કાર્યક્રમ શકય નથી ત્યારે પણ સાહિત્યની પ્રવૃત્તિને વેગ આપવાના હેતુથી અમો 'કોરોના કાળના કાવ્યો'નું આ ઈ-પુસ્તક લઈને આવ્યાં છીએ. આ ઈ-પુસ્તકમાં આમંત્રિત કવિઓની રચનાઓ છે, તો સાથે સ્પર્ધામાં ભાગ લેનાર કવિઓની કૃતિઓ પણ છે.

અમારે માટે આનંદ અને ગૌરવની ઘટના એ બની છે કે આ ઈ-પુસ્તકમાં, અમારા આમંત્રણને માન આપીને ગુજરાત, મુંબઈ, દિલ્હી, મેરઠ, ભોપાલ, સિમલા, જગન્નાથપુરી, કલકત્તા, દહેરાદૂન અને અમેરિકામાં વસતા કવિઓની કવિતાઓ અમે મેળવી શક્યા છીએ. એમની કવિતાઓને અમે 'આમંત્રિત કવિઓનો કાવ્ય વિભાગ' બનાવીને આ પુસ્તકમાં પ્રસ્તુત કરી છે. આ બહુભાષી ઈ-પુસ્તકમાં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, બંગાળી, મરાઠી ભાષાઓમાં લખાયેલાં કાવ્યોનો સમાવેશ થયો છે. જરૂરી છે ત્યાં તે કવિતાઓનું ગુજરાતી રૂપાંતર પણ કરવામાં આવ્યું છે. આ પુસ્તક માટે આપણે વિશ્વના નામી કવિઓના કોરોના કાળનાં ૩૪૧ કાવ્યો મેળવી શક્યાં છીએ. એ તમામ મહાનુભાવો, જેમણે અમારુ આમંત્રણ સ્વીકારી પોતાની રચના મોકલી, તેમનો અંત:કરણપૂર્વક આભાર માનું છું.

કોરોનાકાળમાં કવિની સંવેદનશીલતાને ધબકતી રાખવાના હેતુથી અમે 'કોરોના કાળની કાવ્ય સ્પર્ધા'નું આયોજન કર્યું. આ સ્પર્ધા પાછળનો મુખ્ય હેતુ કવિતા, ગઝલ, અછંદાસ, વનલાઈનર ને જીવતી રાખવાનો અને આ કપરા કાળમાં સર્જકોના મનમાં જે ચાલી રહ્યું છે, તેનું દસ્તાવેજીકરણ કરવાનો છે. કવિ તો કોઈપણ વિષયને પોતાના વિચારોમાં કંડારી રજૂ કરે તો તે આલ્હાદક જ બને. અનેક કવિ મિત્રોએ સ્પર્ધાના આહવાનને સ્વીકારી પુષ્કળ રચનાઓ મોકલી છે. ૩૦૩ કવિતાઓનું સ્પર્ધામાં ભાગ લેવું એ પોતે એક વિરલ ઘટના છે. જે કવિઓએ આ સ્પર્ધામાં ભાગ લઈ આ સ્પર્ધાને જીવંત બનાવી છે, એમનો આભાર માનવા માટે મારી પાસે શબ્દ નથી. આમ આ ઈ-પુસ્તકમાં કુલ ૬૪૪ કવિતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. કોરાનાકાળમાં આટલી કવિતાઓ લખાય, એ સાહિત્ય જગત માટે મોટા આનંદ અને ગૌરવની ઘટના છે.

મિત્રો, આ પુસ્તકમાં જેમણે જે મોકલ્યું, જે લખ્યું, તેને તેજ રીતે મૂકયું છે. એની ગુણવત્તાની તપાસ કર્યા વિના. તેમના વિચારોને ઝીલીને તેનું દસ્તાવેજીકરણ કરવાનો આ ઉપક્રમ છે. અમારો મુખ્ય હેતુ સાહિત્યકારો, ગઝલકારો કવિઓને પ્રોત્સાહન આપવાનો છે. એટલે તેમનું લખેલું બધું જ અહીં સમાવી લીધું છે.

આ તબક્કે શાયર જલન માતરીનો શેર યાદ આવે છે:
*ગમે ના હર કૃતિ તો માફ કરજો એક બાબત પર,*
*ખુદા જેવા ખુદાના ક્યાં બધાં સર્જન મજાના છે ?*

મિત્રો, આ તબક્કે આ પુસ્તકના પ્રકાશનમાં તનતોડ મહેનત કરનાર સંપાદક શ્રી નરેશ કાપડીઆનો અત્યંત ઋણી છું. એ ન હોત તો આ ઈ-પુસ્તકો પ્રકાશિત ન થઈ શક્યાં હોત.

કવિઓનો સંપર્ક કરી, એમની કવિતાઓ અહીં ઈ-પુસ્તકમાં સમાવિષ્ટ કરવામાં આવી, તેમાં અમારી સાહિત્ય સમિતિનાં કન્વીનર શ્રીમતી યામિની વ્યાસ અને સભ્ય શ્રીમતી પૂર્ણિમા ભટ્ટનો સિંહફાળો છે. એની હું નોંધ લઉ છું. ઈ પુસ્તકનું કવરપેજ બનાવવા માટે અમારી ચિત્રકળા સમિતિનાં કન્વીનર શ્રી રાજર્ષિ સ્માર્તનો આભારી છું.

આટલી બધી કવિતઓની ચકાસણી કરી ઈનામ જાહેર કરવા, ખૂબ જ કપરુ કાર્ય છે. આ નિર્ણય લેવાની જવાબદારી કવિ મિત્રો શ્રી કિરણસિંહ ચૌહાણ અને શ્રી મહેશ દાવડકરે સ્વીકારી, એટલું જ નહી નિર્ણય કરવાની કસોટીમાંથી નિર્વિવાદ પસાર થયા, તે બદલ એમના અમો ઋણી છીએ.

મિત્રો, આ કાર્ય ઉપાડયું ત્યારે ખબર નહોતી કે આ 'કોરોના કાળનો કાવ્ય સંગ્રહ' નહીં પરંતુ 'કોરોના કાળનો કાવ્ય ગ્રંથ' બની જશે. કોરોના કાળની કુલ ૬૪૪ કવિતાઓને એક પુસ્તક રૂપે પ્રકાશિત કરવુ કપરું હતું એટલે આ કાવ્ય ગ્રંથને બે વિભાગમાં વહેંચ્યો છે: 'આમંત્રિત કવિઓનો કાવ્ય વિભાગ' અને 'સ્પર્ધક કવિઓનો કાવ્ય વિભાગ'. સ્પર્ધક કવિઓનાં કાવ્ય વિભાગની આગળ નિર્ણાયકોનો પ્રતિભાવ અને સ્પર્ધાનું પરિણામ રજૂ કરવામાં આવ્યું છે. અત્રે એ નોંધવું જરૂરી છે કે નિર્ણાયકોએ નિર્ણય સર્વાનુમતે લીધો છે. જેમને ઈનામ પ્રાપ્ત થયાં છે, તેમને ખૂબ ખૂબ અભિનંદન અને જેમણે સ્પર્ધામાં ભાગ લીધો એ સૌને અભિનંદન સાથે શુભેચ્છાઓ.

મિત્રો, અમારે માટે આનંદ અને ગૌરવની ઘટના એ બની છે કે આ ઐતિહાસીક "કોરોના કાળના કાવ્ય ગ્રંથ" નું વિમોચન વેબીનાર દ્વારા ટેકનોસેવી એવા લોક લાડીલા સાંસદ શ્રી સી. આર. પાટીલના વરદહસ્તે તા. ૧૬.૮.૨૦૨૦ ના રોજ સાંજે ૫ કલાકે થયું છે. રાષ્ટ્રીય કલા કેન્દ્ર નું આમંત્રણ સ્વીકારી ઈ

પુસ્તકનું વિમોચન કરવા બદલ શ્રી સી. આર. પાટીલ પ્રદેશ પ્રમુખ-ગુજરાત ભાજપ નો હૃદયપૂર્વક આભાર માનું છું.

રાષ્ટ્રીય કલા કેન્દ્ર એક કલાનું સંગઠન છે. તેમાં નાટય કલાકારો, સાહિત્યકારો, સંગીતકારો અને ચિત્રકારો વર્ષોથી આ સંસ્થાને પોતાની માની અવિરત કાર્ય કરતાં રહ્યાં છે. એ બધાંના નામ લેવા શકય નથી એટલે હુ એ 'Team RKK' નો અત્યંત ઋણી છું. તમે છો તો સંસ્થા છે. તમારા થકી જ RKK ઉજ્જવળ છે અને ઉજ્જવળ રહેશે, એવી અભ્યર્થના સાથે સૌનો આભાર.

રાષ્ટ્રીય કલા કેન્દ્રના મુગટમાં તા. ૨૫.૧૦.૨૦૨૦ના રોજ એક વધુ પીંછુ ઉમેરાયું, જ્યારે "કોરોના કાળનાં કાવ્યો" ઈ-પુસ્તક ને "હિન્દ બુક ઓફ વર્લ્ડ  રેકોર્ડસ"માં સ્થાન મળ્યું. "કોરોના"ના એક જ વિષય ઉપર ૩૪૧ આમંત્રિત કવિતાઓ અને ૩૦૩ સ્પર્ધક કવિતાઓ મળી કુલ ૬૪૪ કવિતાઓ એકત્રિત કરી, એનું એક ઈ પુસ્તક પ્રકાશિત કરવું એ એક વિશ્વ વિક્રમ બન્યો અને તેથી  "હિન્દ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ" માં રાષ્ટ્રીય કલા કેન્દ્રને સ્થાન મળ્યું અને સંસ્થાને "હિન્દ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ એવોર્ડ"થી સન્માનીત કરવામાં આવી. આ એવોર્ડ અર્પણ વિધિ અને પુસ્તકના નવા મુખપુષ્ઠનું વિમોચન ૨૭.૧૦.૨૦૨૦ ના રોજ લોકલાડીલા સાંસદ અને ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલના વરદ હસ્તે થયું. શ્રી સી. આર. પાટીલ સાહેબનો ખૂબ ખૂબ આભાર.

સુરત, ૨૭.૧૦.૨૦૨૦

**રૂપીન પચ્ચીગર**

**મહામંત્રી**

શુભ સાહિત્ય

# મારી વાત

આ આખો વિચાર જ અનોખો છે. ક્યાંક એવું વાંચ્યું કે વીસમી સદીમાં સોએક વર્ષો પહેલાં કોરોના જેવો વાઇરસ આવ્યો હતો. ત્યારે ઘરમાં લોક-ડાઉન રહેલાં લોકોની ડાયરીઓ પછી પુસ્તક રૂપે પ્રગટ થયેલી અને બેસ્ટ સેલર બની હતી.

રાષ્ટ્રીય કલા કેન્દ્રના મહામંત્રી અને બાળપણનાં દોસ્ત રૂપીન પચ્ચીગરને વાત કરી કે આજની પરિસ્થિતિઓમાં સર્જનશીલ મિત્રો જે વિચારે છે, તેનું દસ્તાવેજીકરણ કરીએ. અમે 'કોરોના કાળની કાવ્ય સ્પર્ધા' ફ્લોટ કરી. વોટ્સએપનાં ગ્રુપ્સને સાબદાં કર્યાં. કવિતાઓનો ધોધ વરસ્યો. જોતજોતામાં તે ૩૦૦નો આંક પાર કરી ગયો. એના એક નિર્ણાયક મિત્ર ડૉ. દિલીપ મોદી કોરોના વૉરિયર બન્યા અને કમનસીબે શહીદ પણ થઇ ગયા. એમના 'કોરોના કાળનાં મુક્તકો' યામિનીબેન વ્યાસ સાથે 'ઓન લાઈન' રજુ કર્યાં. વળી બીજો વિચાર આવ્યો કે જેઓ જાણીતા કાવ્ય સર્જકો છે, પીઢ કવિઓ છે, તેમને આમંત્રણ આપીને 'કોરોના કાળનાં કાવ્યો' લખાવીએ. રૂપીનને એ વિચાર પણ ગમ્યો. અમે, ખાસ કરીને યામિનીબેન લાગી પડ્યાં. જેમનો સંપર્ક થયો તે તમામ કવિ મિત્રો પાસે કાવ્યો લખાવ્યાં અને ભેગાં કર્યાં. તેની સંખ્યા પણ ૩૪૧ થઇ ગઈ! લગભગ સાડી છસો કાવ્યો! પોણા આઠસો પાનાંની મેટર! એનું પુસ્તક સંપાદિત કરવું, પ્રકાશિત કરવું કે વિતરિત કરવું, આ કોરોના કાળમાં કપરું નહીં, નામુમકીન લાગ્યું. એટલે અમે તેનું ઈ-પુસ્તક બનાવી દીધું. શુભ પ્રકાશનનાં અમારા દીપકભાઈ નાયકે પણ હામી ભરી. અને બની ગયો આ સંગ્રહ. અમને ખાતરી છે કે આજે સામાન્ય લાગતી બાબતોના આ કાવ્યો આવતી કાલે હાલની હાલત સમજવાના દસ્તાવેજ બનવાના છે. અમારી કાવ્ય પ્રકાશનની અત્યંત કિફાયતી યોજના માટે સંપર્ક કરો.

આ ઈ-પુસ્તક માનવ મનને સમજવા માંગતા સૌને અર્પણ કરીએ છીએ. રૂપીન ભાઈ, યામિની બેન સાથે અમે કરેલો આ મોટોમસ પ્રોજેક્ટ સૌ સૌના ઘરેથી જ થયો છે. અમે સેંકડો ફોન કોલ્સ કર્યાં છે પણ મળ્યાં નથી. આ પુસ્તક જાતે જ સંપાદિત કરવામાં રાતોની રાતોનાં ઉજાગરા કર્યાં છે પણ તે પ્રકાશિત થાય છે ત્યારે તે મીઠાં લાગે છે.

સૌ કોઈને નક્કી આ કાવ્યોમાં રસ પડશે કારણ કે આ 'આપણી વાતો' છે, જયારે આપણે સૌથી મોટા સંકટમાં છીએ ત્યારે કહેવાયેલી અને ઝીલાયેલી. વર્ચ્યુઅલ જગતમાં આ કાવ્યો હજારો લોકો સુધી પહોંચવાનાં છે, તેની ખાતરી છે. સૌનો આભાર.

**નરેશ કાપડીઆ**

સંપાદક, શુભ સાહિત્ય, ગોપીપુરા, સુરત - ૯૯૦૯૯ ૨૧૧૦૦

# આમંત્રિત કવિઓનો કાવ્ય વિભાગ - અનુક્રમ


| | | |
|---|---|---|
| ૦૦૧ આરતી જોશી | જરુરી છે જ | ૦૧૯ |
| ૦૦૨ આરતી જોશી | હવે હાથ ધોઈને થાક્યા | ૦૨૦ |
| ૦૦૩ આરતી પરીખ | માન્યું કે.. | ૦૨૧ |
| ૦૦૪ અજ્ઞાત | કોરોના ગરજે | ૦૨૩ |
| ૦૦૫ એહમદ હુસૈન | સૌ પુરાયા છે | ૦૨૬ |
| ૦૦૬ અલ્પા શાહ | કોરોના એ બાંધી સાંકળ | ૦૨૭ |
| ૦૦૭ અમૃતા ભોગાયતા | કોરોના ગીત | ૦૨૮ |
| ૦૦૮ ડૉ. અમૃતલાલ ભોગાયતા | **कोरोना पद्यानि** | ૦૩૦ |
| ૦૦૯ અંકિત ત્રિવેદી | પંખી કહી રહ્યાં છે | ૦૩૧ |
| ૦૧૦ અનિલ ચાવડા | લાચારી | ૦૩૨ |
| ૦૧૧ અનિલ ચાવડા | જોખમ છે | ૦૩૨ |
| ૦૧૨ અનિલ ચાવડા | ગઝલ | ૦૩૩ |
| ૦૧૩ અનિલ ચાવડા | નહિ પડેલી ચીસ | ૦૩૪ |
| ૦૧૪ અંજના ગાંધી | તું ઘરમાં બેસ સમજીને | ૦૩૫ |
| ૦૧૫ અંજના ગોસ્વામી | આ દિવસો પણ જાશે | ૦૩૬ |
| ૦૧૬ અંજના ગોસ્વામી | ધરશો ધીરજ અગર | ૦૩૭ |
| ૦૧૭ ડૉ. અર્ચના પટેલ | શહેર સૂમસામ | ૦૩૮ |
| ૦૧૮ **डॉ. अरुण कुमार निषाद** | **शैतान कोरोना** | ૦૪૦ |
| ૦૧૯ **डॉ. अरुण कुमार निषाद** | **है नमन उनको** | ૦૪૨ |
| ૦૨૦ અશોક જાની | જીવવું પડે છે અઘરું | ૦૪૩ |
| ૦૨૧ અશોક જાની | સન્નાટો | ૦૪૪ |
| ૦૨૨ **अशोक मोइत्रा** | **पटरियां रेल की** | ૦૪૫ |
| ૦૨૩ **अशोक मोइत्रा** | **एयरपोर्ट** | ૦૪૬ |
| ૦૨૪ **अशोक मोइत्रा** | **दबे पांव चुपचाप** | ૦૪૭ |
| ૦૨૫ **अशोक मोइत्रा** | **बांगला काव्य** | ૦૪૮ |
| ૦૨૬ **अशोक मोइत्रा** | **चारों तरफ़ मौत का साया** | ૦૪૯ |
| ૦૨૭ અશ્વિન ચંદારાણા | કોઈ નહીં આવે | ૦૫૦ |
| ૦૨૮ **आसिफखान आसिर** | **सोचा नहीं था** | ૦૫૧ |
| ૦૨૯ બકુલ ટેલર | અવસ્થા | ૦૫૨ |
| ૦૩૦ બકુલેશ દેસાઈ | મુક્તકો | ૦૫૩ |
| ૦૩૧ બકુલેશ દેસાઈ | અંદર-બહાર | ૦૫૪ |
| ૦૩૨ બકુલેશ દેસાઈ | કોરોનાનું ગીત | ૦૫૫ |
| ૦૩૩ **डॉ. बलराम शुक्ल** | **पाषाणपूर्ण पुरम्** | ૦૫૬ |

| | | |
|---|---|---|
| ૦૩૪ ડૉ. બલરામ શુક્લ | પાષાણથી ભરેલું નગર | ૦૫૭ |
| ૦૩૫ ભદ્રેશ વ્યાસ | ગઝલ - ખરેખર | ૦૫૮ |
| ૦૩૬ ભાગ્યેશ જહા | મારી Next કવિતા | ૦૫૯ |
| ૦૩૭ ભાગ્યેશ જહા | ખીચડી અને ચકલીની વાર્તા | ૦૬૧ |
| ૦૩૮ ભરત ભટ્ટ | થંભી ગયું | ૦૬૨ |
| ૦૩૯ ભરત ભટ્ટ | આ કેવું યુદ્ધ? | ૦૬૩ |
| ૦૪૦ ભરત ભટ્ટ | સુરતીઓને.. | ૦૬૪ |
| ૦૪૧ ડૉ. ભારતી રાણે | ભણકારા | ૦૬૫ |
| ૦૪૨ ભાવેશ ભટ્ટ | અનલોકમાં | ૦૬૬ |
| ૦૪૩ ભાવેશ ભટ્ટ | લોક ડાઉનમાં | ૦૬૭ |
| ૦૪૪ ભાવેશ શ્રોફ | વ્યવહારનો તહેવાર | ૦૬૮ |
| ૦૪૫ ભાવિન ગોપાણી | ના આવી | ૦૭૦ |
| ૦૪૬ ભાવિન ગોપાણી | મુક્તક | ૦૭૧ |
| ૦૪૭ ભાવિન ગોપાણી | લાગે છે | ૦૭૧ |
| ૦૪૮ ભાવના રાવલ | રોજ સવારે છાપુ ઉઘડે | ૦૭૨ |
| ૦૪૯ ડૉ. ભૂમા વશી | કોરોના કાળ મુક્તકો | ૦૭૩ |
| ૦૫૦ ભુપેન્દ્ર શેઠ | કોરોનાનું એક જ સૂત્ર | ૦૭૪ |
| ૦૫૧ બ્રિજેશ પંચાલ | ચેતવાનું | ૦૭૫ |
| ૦૫૨ ચંદ્રેશ મકવાણા | ખભે કોથળો કેડે બાળ | ૦૭૬ |
| ૦૫૩ ચંદ્રેશ મકવાણા | મારીને રીસેટ | ૦૭૭ |
| ૦૫૪ ચંદ્રેશ મકવાણા | તૂટશે જો લોક ડાઉન | ૦૭૮ |
| ૦૫૫ ચંદ્રેશ મકવાણા | પ્રભાતના પહોરની દ્વિધા | ૦૭૯ |
| ૦૫૬ ચંદ્રેશ મકવાણા | જયારે પૂરું આ વિશ્વ | ૦૮૦ |
| ૦૫૭ છાયા ત્રિવેદી | અસ્પૃશ્ય | ૦૮૦ |
| ૦૫૮ ચેતન ફ્રેમવાલા | કાળને હરાવશું | ૦૮૨ |
| ૦૫૯ દક્ષેશ ઠાકર | ઘરમાં ચાર દિવાલ | ૦૮૩ |
| ૦૬૦ દક્ષેશ ઠાકર | સુરતનો ચિત્કાર | ૦૮૪ |
| ૦૬૧ દેવિકા ચૌહાણ | આવ્યો કોરોના | ૦૮૬ |
| ૦૬૨ ધ્વનિલ પારેખ | દર્શન | ૦૮૭ |
| ૦૬૩ ડૉ. દિલીપ મોદી | મુક્તકો | ૦૮૮ |
| ૦૬૪ ડૉ. દિલીપ મોદી | મુક્તકો | ૦૮૯ |
| ૦૬૫ ડૉ. દિલીપ મોદી | મુક્તકો | ૦૯૦ |
| ૦૬૬ દિલીપ રાવલ | આ દિવસો પણ જશે | ૦૯૧ |
| ૦૬૭ ડૉ. દીના શાહ | ખૂબ શેખીમાં હતી | ૦૯૨ |
| ૦૬૮ દિનેશ ડોંગરે | શું છે બોલો? | ૦૯૩ |

| | | |
|---|---|---|
| ૦૬૯ દિનેશ ડોંગરે | નથી ને? | ૦૯૪ |
| ૦૭૦ દિનેશ કાનાણી | માણસો ભયભીત છે | ૦૯૫ |
| ૦૭૧ દિવ્યા મોદી | આજે જગ આખાં ને | ૦૯૬ |
| ૦૭૨ એષા દાદાવાલા | ડોન્ટ હગ મી ડેડી | ૦૯૮ |
| ૦૭૩ ગૌરાંગ ઠાકર | લોક ડાઉન ચાંદરણા | ૦૯૯ |
| ૦૭૪ ગૌરાંગ ઠાકર | અમારો સારથિ તું છે | ૧૦૦ |
| ૦૭૫ ગૌરાંગ ઠાકર | લાવશે તો જ રંગ | ૧૦૧ |
| ૦૭૬ ગાયત્રી ભટ્ટ | કોરોના ઇફેક્ટ | ૧૦૨ |
| ૦૭૭ ગિરિરાજ બ્રહ્મભટ્ટ | કોરોના તૈયાર ઊભો છે | ૧૦૩ |
| ૦૭૮ ગિરીશ રઢુકિયા | ગઝલ | ૧૦૪ |
| ૦૭૯ ગિરીશ રઢુકિયા | ગઝલ | ૧૦૫ |
| ૦૮૦ ગિરીશ રઢુકિયા | ગઝલ | ૧૦૬ |
| ૦૮૧ ગિરીશ શર્મા | અછાંદસ | ૧૦૭ |
| ૦૮૨ ગિરીશ શર્મા | બીમારી | ૧૦૮ |
| ૦૮૩ ગોપાલી બુચ | કોરોના કિટ | ૧૦૯ |
| ૦૮૪ ગોપાલી બુચ | યાદ બહુ તું આવે | ૧૧૦ |
| ૦૮૫ ગોપાલી બુચ | કાળ થપાટો કોરોનાની | ૧૧૧ |
| ૦૮૬ ગોરધનભાઈ વેગડ | સમજીને રહો | ૧૧૧ |
| ૦૮૭ ગુલામ અબ્બાસ | માંગવી પડશે | ૧૧૨ |
| ૦૮૮ ગુણવંત ઠક્કર | લોક ડાઉન છે | ૧૧૩ |
| ૦૮૯ ગુણવંત વૈદ્ય | વિરાટની સૂક્ષ્મ તકરાર | ૧૧૪ |
| ૦૯૦ ગુણવંત વૈદ્ય | જિંદગી | ૧૧૫ |
| ૦૯૧ ગુણવંત વૈદ્ય | લીલા લ્હેર છે | ૧૧૬ |
| ૦૯૨ હરદ્વાર ગોસ્વામી | ઘરમાં રહો | ૧૧૭ |
| ૦૯૩ હરદ્વાર ગોસ્વામી | એક દીવો પ્રગટાવી દે ને | ૧૧૮ |
| ૦૯૪ હરેશ વડાવિયા | માહોલ ભયનો | ૧૧૯ |
| ૦૯૫ હર્ષ બ્રહ્મભટ્ટ | કરું છું પ્રાર્થના | ૧૨૦ |
| ૦૯૬ હર્ષા ચૌહાણ | કોરોના ગીત | ૧૨૧ |
| ૦૯૭ હર્ષા દલવાડી | છે બધે બંધ | ૧૨૨ |
| ૦૯૮ હર્ષા દવે | હારી જવું જરાય નહીં | ૧૨૩ |
| ૦૯૯ હર્ષદ સોલંકી | કોરોનાના ડરથી | ૧૨૪ |
| ૧૦૦ હર્ષદ સોલંકી | કોરોના ટાણે | ૧૨૫ |
| ૧૦૧ **डॉ. हर्षदेव माधव** | **नवीनं रामायणम्** | ૧૨૬ |
| ૧૦૨ ડૉ. હર્ષદેવ માધવ | નવીન રામાયણ | ૧૨૮ |
| ૧૦૩ ડૉ. હર્ષદેવ માધવ | કોરોનાના લાભ | ૧૩૦ |
| ૧૦૪ હીના દવે | અચાનક | ૧૩૨ |

| | | |
|---|---|---|
| ૧૦૫ હીના દવે | કારમો કોરોના | ૧૩૩ |
| ૧૦૬ હિમલ પંડ્યા | હઝલ | ૧૩૪ |
| ૧૦૭ હિરેન બી. દેસાઈ | કોરોના ઇફેક્ટ | ૧૩૫ |
| ૧૦૮ હુસૈન ખત્રી | કોરોના સામે લડવું છે | ૧૩૬ |
| ૧૦૯ ઈશ્વર સી પટેલ | ૭૦ હાઈકુ | ૧૩૭ |
| ૧૧૬ ડૉ. જગદીપ નાણાવટી | જાત બધે ફંગોળી મા | ૧૪૪ |
| ૧૧૭ જય દાવડા | મુશ્કેલીનો લોડ | ૧૪૫ |
| ૧૧૮ જયદેવ શુક્લ | નવેસરથી | ૧૪૬ |
| ૧૧૯ જીગ્ના મહેતા | આગ ઠંડી થાય તો સારું | ૧૪૮ |
| ૧૨૦ જીગ્ના મહેતા | જે બાનમાં રાખી શકે | ૧૪૯ |
| ૧૨૧ જીગ્ના મહેતા | દેખાય નહીં | ૧૫૦ |
| ૧૨૨ જીગ્ના ત્રિવેદી | વંદન.. અભિનંદન | ૧૫૧ |
| ૧૨૩ જીગ્ના ત્રિવેદી | દેશના હિતમાં | ૧૫૨ |
| ૧૨૪ જીગ્ના ત્રિવેદી | કોરોનાની સાથે | ૧૫૩ |
| ૧૨૫ જીગ્ના ત્રિવેદી | હું અને મારું ઘર | ૧૫૪ |
| ૧૨૬ **डॉ. जितेन्द्र प्रसाद सिंह** | **कोरोना शतक** | ૧૫૫ |
| ૧૨૭ જુગલ દરજી | જાળવજો | ૧૫૯ |
| ૧૨૮ કનું સૂચક | આવું થાય ને.. | ૧૬૦ |
| ૧૨૯ કૌશિકરાય પંડ્યા | અભાગિયાઓ | ૧૬૧ |
| ૧૩૦ ખલીલ ધનતેજવી | શ્હેરમાં - ગઝલ | ૧૬૨ |
| ૧૩૧ ખ્યાતિ શાહ | બે ગજ દૂરી | ૧૬૩ |
| ૧૩૨ ખેવના દેસાઈ | સુશ્રુષા | ૧૬૪ |
| ૧૩૩ કિરણસિંહ ચૌહાણ | મુક્તક | ૧૬૬ |
| ૧૩૪ કિરણસિંહ ચૌહાણ | સાંજ | ૧૬૬ |
| ૧૩૫ કિરણસિંહ ચૌહાણ | વ્યથા | ૧૬૭ |
| ૧૩૬ કિસન સોસા | આ કાળમાં | ૧૬૮ |
| ૧૩૭ કિસન સોસા | સદીઓની સદીઓ પછી | ૧૬૯ |
| ૧૩૮ કિસન સોસા | જીભ જીવતી | ૧૭૨ |
| ૧૩૯ કિસન સોસા | કલ્પવૃક્ષને છાંયડે | ૧૭૩ |
| ૧૪૦ કિસન સોસા | વાતમાં ને વાતમાં | ૧૭૪ |
| ૧૪૧ કિસન સોસા | જો | ૧૭૫ |
| ૧૪૨ કિશોર બારોટ | કોરોનાની મજા | ૧૭૬ |
| ૧૪૩ કૃષ્ણ દવે | અક્કલના ઈસ્કોતરા | ૧૭૭ |
| ૧૪૪ કૃષ્ણ દવે | કોરોનાભાઈ | ૧૭૮ |
| ૧૪૫ કૃષ્ણ દવે | કોરોનાસૂર વધ | ૧૭૯ |
| ૧૪૬ કૃષ્ણ દવે | કોરોના | ૧૮૦ |

| | | |
|---|---|---|
| ૧૪૭ **कुमार जिनेश शाह** | **जब हमने** | ૧૮૨ |
| ૧૪૮ કુમાર જીનેશ શાહ | જયારે અમે | ૧૮૫ |
| ૧૪૯ કુમાર જીનેશ શાહ | **रोटी** | ૧૮૮ |
| ૧૫૦ કુમાર જીનેશ શાહ | રોટલી | ૧૯૦ |
| ૧૫૧ કુમાર જીનેશ શાહ | નિઃશબ્દ છે દિશાઓ | ૧૯૩ |
| ૧૫૨ કુમાર જીનેશ શાહ | સાપ સૂંઘી ગ્યો | ૧૯૪ |
| ૧૫૩ કુમાર જૈમિની શાસ્ત્રી | દીવો જલાવ્યો | ૧૯૫ |
| ૧૫૪ કુમાર જૈમિની શાસ્ત્રી | લોન્ગ લોકડાઉન | ૧૯૫ |
| ૧૫૫ કુમાર જૈમિની શાસ્ત્રી | સોશ્યિલ ડિસ્ટન્સિંગ | ૧૯૭ |
| ૧૫૬ કુણાલ શાહ | હિજરત | ૧૯૮ |
| ૧૫૭ લક્ષ્મી ડોબરિયા | કૂંપળ ફૂટવાની આશ | ૧૯૯ |
| ૧૫૮ લક્ષ્મી ડોબરિયા | સઘળું થાળે પડશે | ૨૦૦ |
| ૧૫૯ લક્ષ્મી ડોબરિયા | આજના સંદર્ભમાં ગઝલ | ૨૦૧ |
| ૧૬૦ લતા હીરાણી | ભૂખના ભંડારથી | ૨૦૨ |
| ૧૬૧ લતા હીરાણી | માણસ છું, મૂંઝાઉં છું | ૨૦૩ |
| ૧૬૨ લતા હીરાણી | પંખીઓ ઊડી રહ્યાં છે | ૨૦૪ |
| ૧૬૩ લતા હીરાણી | શાંત સઘળું સ્થિર | ૨૦૫ |
| ૧૬૪ મધુસુદન પટેલ | તાવડી પર ધૂળ | ૨૦૬ |
| ૧૬૫ મધુસુદન પટેલ | સાચ અને અટકળ | ૨૦૭ |
| ૧૬૬ મહારુદ્ર શર્મા | **कोरोनाविनाशकसप्तकम्** | ૨૦૮ |
| ૧૬૭ મહારુદ્ર શર્મા | કોરોના વિનાશ સપ્તક | ૨૦૯ |
| ૧૬૮ મહેશ દાવડકર | ઇચ્છાના ગઢમાંથી | ૨૧૦ |
| ૧૬૯ માલિની પાઠક | દીપ પ્રગટાવીએ | ૨૧૧ |
| ૧૭૦ માલિની પાઠક | માળામાં રહીએ મગન | ૨૧૨ |
| ૧૭૧ મંથન ડીસાકર | કોરોના શરણમ્ ગચ્છામિ | ૨૧૪ |
| ૧૭૨ ડૉ. મનોજ જોશી | **ज़िंदगी** | ૨૧૫ |
| ૧૭૩ ડૉ. મનોજ જોશી | હાસ્યગીત ૧ | ૨૧૬ |
| ૧૭૪ ડૉ. મનોજ જોશી | હાસ્યગીત ૨ | ૨૧૭ |
| ૧૭૫ મનસુખ નારિયા | કોરોનાગ્રસ્ત પ્રેમ | ૨૧૯ |
| ૧૭૬ મનસુખ નારિયા | સાચું કહું હું | ૨૨૦ |
| ૧૭૭ મેહુલ પટેલ | આવી ગયું હશે | ૨૨૧ |
| ૧૭૮ મીના વ્યાસ | હે સ્વામી | ૨૨૨ |
| ૧૭૯ મીનાક્ષી ચંદારાણા | કોરોના અને અમે | ૨૨૩ |
| ૧૮૦ મીનાક્ષી ચંદારાણા | તમારી કલ્પનાથી | ૨૨૬ |
| ૧૮૧ મીનાક્ષી ચંદારાણા | ધૂંઆધાર કોરોના | ૨૨૭ |

| | | |
|---|---|---|
| ૧૮૨ મીનાક્ષી ચંદારાણા | લોકડાઉન ખુલતાં | ૨૨૮ |
| ૧૮૩ મીનાક્ષી ચંદારાણા | વિધેયક અભિગમ | ૨૨૯ |
| ૧૮૪ મીનાક્ષી ચંદારાણા | સ્વર્ણિમ અમ લંકાનગરીમાં | ૨૩૦ |
| ૧૮૫ મુકેશ જોશી | અચાનક | ૨૩૧ |
| ૧૮૬ મુકેશ જોશી | એક છોકરીને કોરોના | ૨૩૨ |
| ૧૮૭ મુકુલ ચોકસી | પહેલાં અને આજે | ૨૩૩ |
| ૧૮૮ મુકુલ ચોકસી | સ્મિત | ૨૩૪ |
| ૧૮૯ મુકુલ ચોકસી | આઈ એમ સોરી | ૨૩૫ |
| ૧૯૦ મુકુલ ચોકસી | માફ કરજો | ૨૩૬ |
| ૧૯૧ મુકુલ ચોકસી | જે પ્રભુ કહે, હે વત્સ.. | ૨૩૭ |
| ૧૯૨ ડૉ. મુકુર પેટ્રોલવાલા | લોકડાઉન | ૨૩૮ |
| ૧૯૩ નૈષધ મકવાણા | કોરોના છે દુશ્મન | ૨૩૯ |
| ૧૯૪ નંદિતા ઠાકોર | અત્યારે | ૨૪૦ |
| ૧૯૫ ડૉ. નારાયણ દાસ | હે કોરોનારુપી દેવી | ૨૪૨ |
| ૧૯૬ નરેશ કાપડીઆ | આભાર કોરોના | ૨૪૩ |
| ૧૯૭ નયન દેસાઈ | કોરોનાએ ખૂંચવી લીધાં | ૨૪૬ |
| ૧૯૮ નયના ઠક્કર | લોકડાઉન ઔર હમ | ૨૪૬ |
| ૧૯૯ નેહા પુરોહિત | કૂટે રોજ કપાળ | ૨૪૮ |
| ૨૦૦ નેહા પુરોહિત | ગીત - કોરોના | ૨૪૯ |
| ૨૦૧ નિર્ઝરી મહેતા | સન્નાટો | ૨૫૦ |
| ૨૦૨ નીતા પટેલ | હાથ પખાળમ્ | ૨૫૧ |
| ૨૦૩ પંચમ શુક્લ | કોરોના અને અદોદળાપણું | ૨૫૨ |
| ૨૦૪ પંચમ શુક્લ | અવિચારી સહેલાણીઓને | ૨૫૩ |
| ૨૦૫ પંચમ શુક્લ | ઓ પ્રવાસી | ૨૫૪ |
| ૨૦૬ પંચમ શુક્લ | આલબેલ ને અફલાતૂન | ૨૫૫ |
| ૨૦૭ પંચમ શુક્લ | દેવે દીધો ફૂલદફૂલો | ૨૫૬ |
| ૨૦૮ પંચમ શુક્લ | ...ને અડકયા તમે!? | ૨૫૭ |
| ૨૦૯ પંચમ શુક્લ | જગતની ગતિ નાથ જાણે | ૨૫૮ |
| ૨૧૦ પંચમ શુક્લ | વિષાણુની સામે | ૨૫૯ |
| ૨૧૧ પંચમ શુક્લ | કોવિડના કાળમાં | ૨૬૦ |
| ૨૧૨ પંચમ શુક્લ | અપ્પ દીપો ભવ | ૨૬૧ |
| ૨૧૩ પંચમ શુક્લ | બાબરો ભૂત ને બાર્બી ડોલ | ૨૬૨ |
| ૨૧૪ પંકજ ચૌહાણ | લોકડાઉન નહીં લોકઅપ | ૨૬૩ |
| ૨૧૫ પંકજ વખારિયા | બહુ થયું | ૨૬૪ |
| ૨૧૬ પંકજ વખારિયા | મજુરોની હિજરત | ૨૬૫ |
| ૨૧૭ પરામ્બા જોગમાયા | કોરોના સ્તોત્ર | ૨૬૬ |

| | | |
|---|---|---|
| ૨૧૮ પરિમલ રાવળ | લોકડાઉન | ૨૬૭ |
| ૨૧૯ પારુલ ખખ્ખર | સનસનીખેજ થઈ ખબર | ૨૬૮ |
| ૨૨૦ પવન 'ભરત' | તો જીતીશું | ૨૬૯ |
| ૨૨૧ પ્રજ્ઞા પટેલ | ફટ્ રે ભૂંડા કાળ | ૨૭૦ |
| ૨૨૨ પ્રજ્ઞા પટેલ | સંભવામિ યુગે યુગે | ૨૭૧ |
| ૨૨૩ પ્રજ્ઞા વશી | કોરોનાનું લોકડાઉન | ૨૭૩ |
| ૨૨૪ પ્રાર્થના જહા | જીવહરણ | ૨૭૪ |
| ૨૨૫ પ્રતિમા સોની | કોરોનાનો કપરો કાળ | ૨૭૪ |
| ૨૨૬ પૂર્ણિમા ભટ્ટ | વિષાણું વ્યાપી ગયો | ૨૭૬ |
| ૨૨૭ પૂર્વી બ્રહ્મભટ્ટ | તું સાવ તુચ્છ | ૨૭૭ |
| ૨૨૮ રાધાવલ્લભ ત્રિપાઠી | **मत्स्यस्वनितम्** | ૨૭૮ |
| ૨૨૯ રાધાવલ્લભ ત્રિપાઠી | મત્સ્યોનો વાર્તાલાપ | ૨૭૯ |
| ૨૩૦ રાધિકા પટેલ | અસ્પૃશ્યતાનું ગીત | ૨૮૦ |
| ૨૩૧ રઈસ મણીયાર | કોરોના અને છગનભાઈઓ | ૨૮૧ |
| ૨૩૨ રાજ અસ્તી | કોરોના કાળ મારી કલમે | ૨૮૨ |
| ૨૩૩ રાજેશ બ્રહ્મભટ્ટ | ત્યારે કોરોના ભાગશે | ૩૮૩ |
| ૨૩૪ રાજેશ પંડ્યા | એક કાવ્ય | ૨૮૪ |
| ૨૩૫ રાજેશ વ્યાસ 'મિસ્કીન' | કોરોના ઇફેક્ટ ૧ | ૨૮૫ |
| ૨૩૬ રાજેશ વ્યાસ 'મિસ્કીન' | કોરોના ઇફેક્ટ ૨ | ૨૮૬ |
| ૨૩૭ રાજેશ વ્યાસ 'મિસ્કીન' | કોરોના ઇફેક્ટ ૩ | ૨૮૭ |
| ૨૩૮. ડૉ. રાજેશ્રી | કોરોના બાવો | ૨૮૮ |
| ૨૩૯ ડૉ. રાજેશ્રી | કોરોના વોરિયર | ૨૮૯ |
| ૨૪૦ ડૉ. રાજેશ્રી | ચાઈના મેઇડ વાયરસ | ૨૯૦ |
| ૨૪૧ રાજુ નાગર | જોડી તમે | ૨૯૧ |
| ૨૪૨ રાકેશ દેસાઈ | લૉકડાઉન અષ્ટક - ગલી | ૨૯૨ |
| ૨૪૩ રાકેશ દેસાઈ | ઘર | ૨૯૩ |
| ૨૪૪ રાકેશ દેસાઈ | કુટુંબ | ૨૯૪ |
| ૨૪૫ રાકેશ દેસાઈ | ટોળું | ૨૯૬ |
| ૨૪૬ રાકેશ દેસાઈ | સ્પર્શ | ૨૯૭ |
| ૨૪૭ રાકેશ દેસાઈ | પીળી ચકલી | ૨૯૮ |
| ૨૪૮ રાકેશ દેસાઈ | મંદિર | ૨૯૯ |
| ૨૪૯ રાકેશ દેસાઈ | હું | ૩૦૦ |
| ૨૫૦ રાકેશ હાંસલિયા | મુક્તક | ૩૦૧ |
| ૨૫૧ રાકેશ સગર 'સાગર' | જે ઉપર છે એ | ૩૦૧ |
| ૨૫૨ રાકેશ સગર 'સાગર' | તો ભોગવો | ૩૦૨ |

| | | |
|---|---|---|
| ૨૫૩ રાકેશ સગર 'સાગર' | દીવો કરજો | ૩૦૩ |
| ૨૫૪ રાકેશ સગર 'સાગર' | ગામમાં પહેલી વાર | ૩૦૪ |
| ૨૫૫ રાકેશ સગર 'સાગર' | કોરોનાથી સાવધાન | ૩૦૫ |
| ૨૫૬ રાકેશ સગર 'સાગર' | બોજો | ૩૦૬ |
| ૨૫૭ રક્ષા શુક્લ | લોકડાઉન લોકડાઉન | ૩૦૭ |
| ૨૫૮ રક્ષા શુક્લ | અંધારાની ઐસીતૈસી | ૩૦૮ |
| ૨૫૯ રક્ષા શુક્લ | વોટ્સઅપ ઘર | ૩૦૯ |
| ૨૬૦ રક્ષા શુક્લ | લલ્લુ બોલ્યો | ૩૧૦ |
| ૨૬૧ ડૉ. રંજન જોશી | **कोरोना गच्छन्तु** | ૩૧૧ |
| ૨૬૨ ડૉ. રંજન જોશી | કોરોના ચાલ્યો જા | ૩૧૨ |
| ૨૬૩ રમણ વાઘેલા | પૂછે છે | ૩૧૩ |
| ૨૬૪ રવીન્દ્ર પારેખ | **कालजी** | ૩૧૪ |
| ૨૬૫ રવીન્દ્ર પારેખ | ચિંતા | ૩૧૫ |
| ૨૬૬ રવીન્દ્ર પારેખ | પડતો ફરક નથી | ૩૧૬ |
| ૨૬૭ રવીન્દ્ર પારેખ | હુરતીનો હનેપાત | ૩૧૭ |
| ૨૬૮ રવીન્દ્ર પારેખ | ભગવાન જાણે | ૩૧૯ |
| ૨૬૯ રેખા જોશી | કોરોના | ૩૨૧ |
| ૨૭૦ રેખા જોશી | રોગ આ ભરપૂર | ૩૨૨ |
| ૨૭૧ રેખા પટેલ | ભાગ કોરોના | ૩૨૩ |
| ૨૭૨ રીના મહેતા | કોરોના વાઈરસ | ૩૨૪ |
| ૨૭૩ રીનલ પટેલ | ને જોશો.. | ૩૨૬ |
| ૨૭૪ રીનલ પટેલ | અમે તો હેલ્થ વર્કર | ૩૨૮ |
| ૨૭૫ રીંકુ રાઠોડ | બંધન ખૂલતાં સૌ | ૩૨૯ |
| ૨૭૬ રિષભ મહેતા | **DELETE** કરો | ૩૩૦ |
| ૨૭૭ રિષભ મહેતા | ધીરે ધીરે | ૩૩૨ |
| ૨૭૮ રિષભ મહેતા | બદલો | ૩૩૩ |
| ૨૭૯ રિષભ મહેતા | જાઓ ભાઈ જાઓ | ૩૩૪ |
| ૨૮૦ રિષભ મહેતા | ઘરમાં રહો મિત્રો | ૩૩૬ |
| ૨૮૧ રિષભ મહેતા | કવોરેન્ટીન | ૩૩૭ |
| ૨૮૨ રિષભ મહેતા | ઉંબર પર | ૩૩૮ |
| ૨૮૩ રિષભ મહેતા | અંતર મેં પ્રગટાવ્યું | ૩૩૯ |
| ૨૮૪ ડૉ. રીતા ત્રિવેદી | **कोरोनाकालः** | ૩૪૦ |
| ૨૮૫ ડૉ. રીતા ત્રિવેદી | કોરોનાકાળ | ૩૪૧ |
| ૨૮૬ રૂપીન પચ્ચીગર | કોરોનાએ કમાલ કરી | ૩૪૨ |
| ૨૮૭ રૂપીન પચ્ચીગર | પ્રભુને પ્રાર્થના | ૩૪૩ |

| | | |
|---|---|---|
| ૨૮૮ ડૉ. શ્રુતિ ત્રિવેદી | કોરોનાના કાળમાં | ૩૪૪ |
| ૨૮૯ સંધ્યા ભટ્ટ | કૉરૉનાજંગ | ૩૪૫ |
| ૨૯૦ સંધ્યા ભટ્ટ | કૉરૉના- મન્દ આક્રાન્ત | ૩૪૬ |
| ૨૯૧ સંધ્યા ભટ્ટ | થાવું પડે માનવી | ૩૪૭ |
| ૨૯૨ સંદીપ પૂજારા | લોક ડાઉન | ૩૪૮ |
| ૨૯૩ સરલા સુતરિયા | કોરોના કવરાવે છે | ૩૪૯ |
| ૨૯૪ ડૉ. સતીષ વ્યાસ | કોરોનાનું હુકમનામું | ૩૫૦ |
| ૨૯૫ શોભિત દેસાઈ | કોરોના વાઈરસના ફાયદા | ૩૫૧ |
| ૨૯૬ સ્મિતા શાહ | બારણે વાગ્યા ટકોરા | ૩૫૨ |
| ૨૯૭ **सुधा रानी पाण्डेय** | **कोरोना एक रहस्य** | ૩૫૩ |
| ૨૯૮ સુધીર દત્તા | બધું જ લોકડાઉન નથી | ૩૫૫ |
| ૨૯૯ સુધીર દત્ત | લોકડાઉન ગઝલ | ૩૫૬ |
| ૩૦૦ ડૉ. સુગ્નેશ પરમાર | છે લોકડાઉન | ૩૫૭ |
| ૩૦૧ સુંદરમ ટેલર | ભાગ વિષાણું ભાગ | ૩૫૮ |
| ૩૦૨ સંગીતા શર્મા | Salute Corona Warriors | ૩૫૯ |
| ૩૦૩ સંગીતા શર્મા | સલામ કોરોના યોદ્ધાઓને | ૩૬૦ |
| ૩૦૪ સુનીલ પરમાર | કોરોના સાથે લડવું છે | ૩૬૧ |
| ૩૦૫ સુરેશ વિરાણી | ઘરધણીને ઘરમાં રાખો | ૩૬૨ |
| ૩૦૬ સુષમ પોળ | **ऐसी एक बीमारी** | ૩૬૩ |
| ૩૦૭ સુષમ પોળ | એક એવો રોગ | ૩૬૪ |
| ૩૦૮ સુષમ પોળ | તો જ કોરોના | ૩૬૫ |
| ૩૦૯ ડૉ. સ્વાતિ નાયક | ટેરવેથી સ્પર્શ ચોરાયો | ૩૬૬ |
| ૩૧૦ શ્વેતા તલાટી | મન વધુ દોડશે | ૩૬૭ |
| ૩૧૧ શ્વેતા તલાટી | કોરોના | ૩૬૮ |
| ૩૧૨ સુનીલ શાહ | લોક ડાઉન | ૩૬૯ |
| ૩૧૩ સુનીલ શાહ | માદરે વતન | ૩૭૦ |
| ૩૧૪ તુષાર શુક્લ | આમ તો આપણે | ૩૭૧ |
| ૩૧૫ તુષાર શુક્લ | છાંયે મળશું | ૩૭૩ |
| ૩૧૬ તુષાર વૈષ્ણવ | અહીંતહીં સઘળે કોરોના | ૩૭૫ |
| ૩૧૭ તુષાર વૈષ્ણવ | હે પરમ ઈશ્વર! | ૩૭૬ |
| ૩૧૮ ઉષા ઉપાધ્યાય | આ કોણ છે? | ૩૭૭ |
| ૩૧૯ ઉષા ઉપાધ્યાય | ઈશ્વર કહે | ૩૭૮ |
| ૩૨૦ ઉષા ઉપાધ્યાય | શ્વાસના પંખી | ૩૭૯ |
| ૩૨૧ ઉષા ઉપાધ્યાય | કોરોનાનો રાસડો | ૩૮૦ |
| ૩૨૨ ઉષા ઉપાધ્યાય | રામજી આતા | ૩૮૧ |

| | | |
|---|---|---|
| ૩૨૩ વંદના બ્રહ્મભટ્ટ | કોરોના ઊભો | ૩૮૨ |
| ૩૨૪ વનિતા ઠક્કર | કોરોનાનો પાઠ | ૩૮૩ |
| ૩૨૫ વર્ષા પ્રજાપતિ | અવસર જેવું રહેવાદો | ૩૮૫ |
| ૩૨૬ ડૉ. વિભૂતિ રાણીગા | લોકડાઉન અને મોહમાયા | ૩૮૬ |
| ૩૨૭ ડૉ. વિભૂતિ રાણીગા | મહામારી | ૩૮૭ |
| ૩૨૮ વિજયરાજ શિહોરી | કોરોના ઘરમાં ન લાવો | ૩૮૮ |
| ૩૨૯ વિપુલ પરમાર | ભૂખનાં ટોળાં | ૩૮૯ |
| ૩૩૦ વિરંચી ત્રિવેદી | શકે છે | ૩૯૦ |
| ૩૩૧ વિવેક ટેલર | સોશ્યલ ડીસ્ટન્સિંગ | ૩૯૧ |
| ૩૩૨ યામિની વ્યાસ | સ્ટે એટ યોર હોમ | ૩૯૨ |
| ૩૩૩ યામિની વ્યાસ | આત્મનિર્ભર...! | ૩૯૩ |
| ૩૩૪ યામિની વ્યાસ | બધાં ઘરની અંદર | ૩૯૪ |
| ૩૩૫ યામિની વ્યાસ | સફર | ૩૯૫ |
| ૩૩૬ યામિની વ્યાસ | સુરક્ષા કવચ | ૩૯૬ |
| ૩૩૭ યામિની વ્યાસ | શ્યામ વંદનાનું ગીત | ૩૯૮ |
| ૩૩૮ યોગેશ જોશી | કોરોનામાં મુંબઈ | ૩૯૯ |
| ૩૩૯ યોગેશ જોશી | કોરોનામાં શ્રમિકો | ૪૦૦ |
| ૩૪૦ ઝંખના અખિલેષ | વંઠેલનાનકું | ૪૦૧ |
| ૩૪૧ ઝંખના અખિલેષ | કોરોનામંથન | ૪૦૨ |
| ૩૪૨ શીતલ ગઢવી | હું અને રૂમ નંબર ૬૦૮ | ૪૦૪ |

## ૦૦૧. જરુરી છે જ...

છાના માના ઘરમાં બેઠા,
તાજા માજા ઘરમાં બેઠા.

શાણા લોકો ટોળા છોડી,
રહેવા સાજા ઘરમાં બેઠા.

જે  ભટકે છે ચારે ચોકે,
ડંડા  ખાતા ઘરમાં બેઠા.

દેખા  દેખી કરવા વાળા,
રાજી થાતાં ઘરમાં બેઠા.

કોરોના થી બચવા માટે,
રાણી રાજા ઘરમાં બેઠા.

**- આરતી યુ. જોશી**

## ૦૦૨. હવે હાથ ધોઈને થાક્યા

હવે હાથ ધોઈને થાક્યા પ્રભુજી,
આ કોરોનામાં લોક જાગ્યા પ્રભુજી?

થશે સેનીટાઈઝરનો વરસાદ માથે
દિવસો એ જોવાના આવ્યા પ્રભુજી

વધે છે વધે છે શું વધતો જ રહેશે?
બધા કામ ધંધેથી ભાગ્યા પ્રભુજી.

થતી વાત એવી જશે રોગ જલ્દી,
આ કંટક ને હાથેથી વાવ્યા પ્રભુજી.

તબીબો કરે છે હજુયે મહેનત,
દરદ ને દવામાં જ રચ્યા પ્રભુજી.

- આરતી યુ. જોશી

## ૦૦૩. માન્યું કે

માન્યું કે,
ઘેર બેઠા કામ કરીને
આવે છે કંટાળો!

આમ તો બેઠું છે ચોમાસું;
તો'ય વરતાય ઉનાળો,
આદુ-ફુદીનાની ચા છોડી;
ઉઠતાં વેંત પીવો પડે ઉકાળો,

માન્યું કે...
ઘેર બેઠા કામ કરીને
આવે છે કંટાળો.

વાસીદું વાળે ઘરવાળી
ને;ઠામડાં ઘસે ઘરવાળો,
ઘેર ઘેર ગૃહસ્થીમાં;
થઈ ગયો મસમોટો ગોટાળો,

માન્યું કે,
ઘેર બેઠા કામ કરીને
આવે છે કંટાળો

માસ્ક ગ્લૉઝ પહેરીને;
કોરોના ને શક્ય એટલું ખાળો,
અકળામણ થાય તો;
દ્યો સરકારને બેચાર ગાળો;

માન્યું કે,
ઘેર બેઠા કામ કરીને
આવે છે કંટાળો

ભિન્ન ભિન્ન માનસિકતા;
શા'ને એમાં જીવ બાળો?
મળશે લાખો સલાહકારો;
વિચારીને કરવો સરવાળો,

માન્યું કે,
ઘેર બેઠા કામ કરીને
આવે છે કંટાળો

દુનિયા આખી છે ત્રસ્ત;
એટલે જ મચ્યો હોબાળો,
દોસ્ત; આપણી માટે તો
સૌથી સલામત આપણો માળો,

માન્યું કે,
ઘેર બેઠા કામ કરીને
આવે છે કંટાળો!

આરતી પરીખ - www.artiparikh.wordpress.com

## ૦૦૪. કોરોના ગરજે !

વુહાન શહેરનો  કાળ ગરજે !
ઈટલી નો યમરાજ  ગરજે!
અમેરિકાનો દુશ્મન ગરજે!
ઈરાનનો કાળમુખો  ગરજે!

કયાં ગરજે??
આકાશમાં ગરજે !
વાદળમાં ગરજે!
ટોળાંમાં ગરજે!
એકબીજાના મળવામાં ગરજે
પરદેશીઓના હાથોમાં ગરજે!
કોરોનાગ્રસ્તના શ્વાસમાં ગરજે
છીંક અને ઉધરસમાં ગરજે.
ઉગમણો આથમણો ગરજે!
આરો ને આઘેરો ગરજે

થરથર કાંપે!
માણસ  કાંપે  જાનવર  કાંપે
ઝાડ તણાં પાંદડા પણ કાંપે
મોટેરા કાંપે વૃદ્ધો કાંપે
બજારમાં ફરનારા કાંપે,
ઘોડિયે હીંચતા બાળકો પણ કાંપે
સૂતાં અને જાગતા સૌ કાંપે
જડ અને ચેતન સહુ કાંપે

કેવો ઝબૂકે ??

એરંડાના બીજ શો ઝબૂકે
ધતૂરાના ફેડવા શો ઝબૂકે
પાઇનેપલના ભેંગડા શો ઝબૂકે
ઓકટોપસના અંગ શો ઝબૂકે
ફૂલેરિનસની રચના શો ઝબૂકે
શીતળામાના ડાઘ શો ઝબૂકે

બહાદુરો ઊઠે!

બડકંદાર ભારતીયો ઊઠે
સેનેટાઇઝર લેતાં વીરો ઊઠે
આઈસોલેટેડ પરદેશીઓ ઊઠે
માસ્ક પહેરેલાં બંદા ઊઠે
દાઢીવાળો નરબંકો ઊઠે
એના સહુ બિરાદરો ઊઠે
સેવાભાવી નર્સો ઊઠે
માનવતાવાદી ડોકટરો ઊઠે
મૂછેવળ દેનાર પોલીસો ઊઠે
કર્તવ્યનિષ્ઠ સફાઈ કામદાર ઊઠે
ખોંખારો ખાઈ સેવકો ઊઠે
૧૩૦ કરોડ મા ભારતીના લાલ ઊઠે
માનું દૂધ પીનારા ઊઠે
ઘરમાં પૂરાઈ સાથ આપનાર ઊઠે
જાણે આભ મિનારા ઊઠ્યા

ઊભો રે’જે!

ત્રાડ પડી અમારી તું ઊભો રે’જે
ચીનના કુત્તા તું ઊભો રે’જે!
કાયર કુત્તા તું ઊભો રે’જે
પેટભરા! તું ઊભો રે’જે !

ભયથી ભાગ્યો !

ચીન તને ડરાવનાર ભાગ્યો
ભારતમાંથી કાયર ભાગ્યો
દાઢીવાળાના ભયથી ભાગ્યો
ભારતીયોની સમજદારીથી ભાગ્યો
પ્રજાની હિંમત જોઈને ભાગ્યો
દેશની એકતા જોઈને ભાગ્યો
થાળી -ઘંટના નાદથી ભાગ્યો
ખમીરવંતા ભારતીયોથી ભાગ્યો
સહુના લોકડાઉનથી ભાગ્યો
નમસ્તેના હુંકારથી ભાગ્યો

ભારતમાતા કી જય !

**અજ્ઞાત – સંદર્ભ: સાવજ ગરજે – ઝવેરચંદ મેઘાણી**

## ૦૦૫. લૉકડાઉનમાં સૌ પુરાયા છે

લૉકડાઉનમાં સૌ પુરાયા છે.
કામ ધંધા ય જોખમાયા છે.

વાયરસ નામ એનું કોરોના,
જે થકી લોક કૈં મરાયા છે.

કોઈ રીતે ન હાર માને એ,
હોંસલા રોગના સવાયા છે.

જાન લઈને ફરે હથેળીમાં,
લોક એવા ઘણાં જણાયા છે.

ને સગા-મિત્રને મળો ત્યાંરે,
એમ લાગે કે સૌ પરાયા છે.

યાદ આવ્યો હવે ખુદા અમને,
શીશ તોબા કરી નમાયા છે.

દૂર રહેવાનું સૌ કહે યારો,
એમ લાગે કે ઓરમાયા છે.

નર્સ-પોલીસ-સફાઈ કરનારા,
દેશ સેવામાં જોતરાયા છે.

ડર હતો મોતનો છતાં'એહમદ',
દેવ રૂપે ડૉકટર છવાયા છે.

એહમદહુસેન 'એહમદ' – વડોદરા – 99740 35292

## ૦૦૬. કોરોના...

કોરોના એ બાંધી સાંકળ.
વસુંધરા થઇ છે બેબાકળ.

વરસાવ્યો છે કહેર  ભૂમિતળ.
વધ્યો વેગ સંક્રમણ નો ધડાધડ.

જ્ઞાની વિજ્ઞાની શોધવા મથતા
ઉપાય સૂઝે કોઈ ફટાફટ.

માનવે તોડી માનવ સાંકળ
દૂરી  સહી સ્વબચાવ ખાતર.

કરજે ઇશ્વર તું મહેર અમ પર
કરશું શપથ ના થાય અતિક્રમણ.

ત્યારેજ બચશે માનવ જીવન
ને બચશે આ વસુંધરા બેબાકળ.

- અલ્પા  શાહ 'નીરુષા' – મુંબઈ

## ૦૦૭. કોરોના ગીત

આ કોરોના બધાને લાગી જાય છે અને
આપણને ‘આને પણ અપનાવી લો, તેને પણ
અપનાવી લે’ તેવો બોધ દેતો જાય છે. જેને
તે પકડે છે, કે અપનાવે છે તે પૂરા પરિવારમાં
દૂધમાં પાણીની જેમ અદ્વૈત બની જાય છે. આપણે
પણ જ્યાં જઈએ ત્યાં બધાને અપનાવી
લેવા જોઈએ. આ બધી સલાહોને કારણે
કોરોનાને વિશ્વગુરુનાપદ ઉપર નિયુક્ત
કરવો જોઈએ. તેણે પૂરા વિશ્વને એક
નવી જ જીવનશૈલી શીખવાડી છે.

પિતામહ ભીષ્મને લાંબી ઊંઘ મળી હતી
પણ બાણશૈયા પર. મને તો કોમળ બિસ્તર
મળ્યું છે. હે ઉંઘના રાજા કુંભકર્ણ !
તને તે યુધ્ધમાં જગાડવામાં આવેલાં. અહીં યુદ્ધ
હોવા છતાં મને બહાર જવાની મનાઈ છે. હું
સુખી છું કે કોઈ મને લડવા નથી
બોલાવતું મારી ઊંઘ નિર્વિધ્ન છે, એટલે કોરોનાને
કારણે હું તમારા બંનેથી સુખી છું, વિજેતા છું.

પહેલાં થાકથી ઊંઘ આવતી, આજે
ઊંઘથી થાક લાગે છે. હજાર આંખોને કારણે ઈન્દ્રના
શરીરમાં આંખો જ દેખાતી હતી. આજે
બધાનાં શરીર નહીં, ચહેરા પર ફકત આંખો જ

દેખાય છે. દરેક માણસ પરસ્પર ભસ્માસુર
માનવા લાગ્યો છે અને એકબીજાથી ડરે છે.
અરે ! કોરોના ! તે તો વિદ્વાનોને પણ
કાવ્યપાક અને રસોઈમાં નિષ્ણાંત બનાવી
દીધા ! બસ ! હવે તો જા !

હે મહાદેવ ! આપનાં શરીર પર ભસ્મ લગાવવા માટે
રાખનો પહાડ બની ગયો છે. આપને હિમાલયમાં
ઠંડી નહીં લાગે. કારણ કે અહીં સ્મશાનમાં નિરંતર
ચિતાઓની આગ જલતી જ રહે છે. આપને
મુંડમાલા જોઈએ તો હવે મુંડોની (ખોપરીની) કોઈ
કમી નથી. જો કોરોના આમ જ સંસારમાં ટકી
રહ્યો તો આપ તો (શંકર) વૈભવસંપન્ન થઈ જશે.

કોરોના ! તું મત્સ્યાવતાર તો નથી ! તો પણ
કેમ દિન-પ્રતિદિન વધતો જ જાય છે ! તું લંકામાં ગયેલા
રાવણની પૂંછ પણ નથી. તો પણ બધાને પગ તળે
દબાવી રહ્યો છે. તને અમે ઓળખી શકતા નથી.
તું જ તારી ઓળખાણ છે.

કોરોના ! અમે હાથ ધોતા ધોતા થાકી ગયા.
પણ તેને ધોઈ શક્યા નથી. શહેરનાં લોકો ગામમાં
અને વનમાં પલાયન કરી રહ્યા છે. તો વન્યજીવો
શું શહેરમાં રહેશે ? રસ્તા, ગલી બધુ જ સ્વસ્છ થઈ
ગયું છે. ત્યાં સુધી કે હવે તો ઘરમાં પણ બધુ સાફ
થઈ ગયું છે. તો પણ તું યાદ રાખી લે. તને લોકો
આજે નહીં તો કાલે જાણી જ લેશે. તું
માનવને જાણતો નથી. ખોટી જગ્યાએ વેર બાંધ્યું છે તે.

અમૃતા ભોગાયતા
પ્રધાન આચાર્ય, બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલય, નડિયાદ.

## 008. कोरोना पद्यानि

। भवानीशङ्करौ वन्दे ।
सर्वेषां ग्रहणेन बोधयसि नो नो पक्षपातोऽस्तु भोः
ये गृह्णन्ति जना जनेषु भवतस्तेषां गृहे गम्यताम् ।
नीरक्षीरमयं ततोऽस्तु भवतामद्वैतवज्जीवनं
कोरोने तव विश्वदेशिकपदे युक्ता नियुक्तिर्भवेत् ॥
भीष्म त्वं शरसृष्टतल्पशयनो मृद्वी मदीया स्थिति-
र्निद्राराज तवास्ति युद्धसमये कोलाहलैर्जागृतिः ।
कोरोनाकलितस्य मेऽविरहिता विघ्नैर्विना सेविता
सुप्तिस्तृप्तिकरी चिरं भगवता दत्ता विजेताऽस्म्यहम् ॥
सुप्तौ श्रान्तिहतिर्ममास्ति शयनं श्रान्तिप्रदं साम्प्रतं
व्याप्तं शक्रसहस्रलोचनगणैर्विश्वं हितस्याम्बरं ।
सर्वोलोकगणो भिया प्रतिजनं जानाति भस्मासुरं
कोरोने कवयोऽपि पाककुशला जाता नमो याहि रे ॥
लोकानां मरणेन भूतिगिरयो लेपस्य चिन्ता गता
बाधा शैत्यभवापि नो भव यतः शान्तो न चैतानलः ।
मुण्डैर्मण्डनमेव ते रुचिकरं माला असङ्ख्या इमाः
कोरोना यदि जीवितञ्चिरमहो भव्यो भवेद् वैभवः ॥
मत्स्यो भागवतावतारकथितो न त्वं परं वर्धसे
पुच्छं नो नगरीगतं हनुमतो दीर्घः कथं जायसे ।
विष्णोः स्वस्तिकरं पदं न च परं विश्वं पदान्ते कृतं
कोरोने वद तावकं परिचयं ज्ञातुं न शक्ता वयं ॥
रेखा हस्तगता गता परमहो यातो न संशोधनै-
र्वन्या नागरिका भवन्ति यदि ते किं नागराणां वनम्
मार्गा वीथिगणा रजोविरहिता स्वच्छा गृहे संग्रहाः
सामर्थ्यं तु विलोकितं तव जनैर्जानासि नो त्वं जनान्।

रचयिता : डॉ. अमृतलाल भोगायता
प्रधानाचार्यः, ब्रह्मर्षिः संस्कृत-महाविद्यालयः, नडियादम्, गुजरातम्

## ૦૦૯. પંખી કહી રહ્યાં છે

પંખી કહી રહ્યાં છે, નગરમાં ફરી ફરી
માણસ હવે જીવે છે, ઘરોમાં ડરી ડરી

પીંછો કરેય કોનો ? બધું સુમસામ છે
તડકો ભૂલો પડયો છે, દિવાલો ભરી ભરી

કેવા સમયનો કાંટો, સંનાટો થઈને વાગ્યો ?
સુંગધને ફૂલોએ, પૂછેલું ખરી ખરી

કુદરત તને કહું છું, ખરેખર ખરી કરી,
ઘરમત ખૂટી જવાની, વિચારો કરી કરી

અંદર બહાર સરખું, બધું એક થઈ ગયું
દૂરથી કરી નમસ્તે, મળીશું જરી જરી

**અંકિત ત્રિવેદી**

## ૦૧૦. લાચારી

કોઈ રડતું હોય તો આંસુ ય લૂછી ના શકાય;
વ્હાલથી એના ખભે પણ હાથ મૂકી ના શકાય.
આવી લાચારી ન દેતો કોઈને અહીંયાં પ્રભુ;
બાળ રડતું હોય ને માતાથી ચૂમી ના શકાય!

- અનિલ ચાવડા

***

## ૦૧૧. જોખમ છે

ઘરની બ્હાર નીકળવામાં બહુ જોખમ છે;
મળવું છે પણ મળવામાં બહુ જોખમ છે.

થોડા દાડા અભણ રહો તો શું વાંધો છે?
ગણિત સ્પર્શનું ભણવામાં બહુ જોખમ છે.

એટલે જ સૌ તળાવ થઈને બેસી ર્યા છે,
નદી જેમ ખળખળવામાં બહુ જોખમ છે.

ગમ્મે ત્યારે ગમ્મે ત્યાંથી ગ્રહણ લાગશે,
સૂરજ થઈ ઝળહળવામાં બહુ જોખમ છે.

- અનિલ ચાવડા

## ૧૨. ગઝલ

ફકત થોડા જ દિવસોમાં જે કંટાળી ગયો ઘરમાં.
એ વર્ષોથી કરી બેઠો છે ઈશ્વર કેદ પથ્થરમાં.

અહીંયાં કોઈએ ટોળે ન વળવું એમ કહેવાને;
હજારો માણસો ભેગા થયા છે એક ખંડરમાં.

જીવન પોતે જ બીમારી છે એમ કહેનાર એક ફિલસૂફ,
જરા ખાંસી ચડી તો એકદમ ધ્રૂજી ઊઠ્યા ડરમાં!

કબૂતર બાંધતું 'તું જાદુગરની ટોપીમાં માળો!
એ જોઈ આવી ગઈ શ્રદ્ધા બધાને જાદુ મંતરમાં.

ગહન અંધારનો કાળો વિષય શિખવાડવા માટે;
વદ્યા શિક્ષક, 'દીવા કરજો બપોરે ઘરના ઉંબરમાં!'

તમારા આંકડા શિકારી ન્હોતા એ વખતના છે,
હવે ક્યાં એક પણ જોવા મળે છે હંસ સરવરમાં?

ટીવીમાં બેઘરોના ન્યૂઝથી રડનારને પૂછ્યું,
ઘડીક બાળકને સાચવશો? તો બોલ્યો હેં-હેં ઉત્તરમાં!

- અનિલ ચાવડા

## ૦૧૩. નહિ પડેલી ચીસ

જિંદગીની કૈંક કપરી ભીંસમાંથી નીકળી છે;
મારી ગઝલો નહિ પડેલી ચીસમાંથી નીકળી છે.

મારી સાથેસાથે એને ઘર સુધી નહિ આવવા દઉં;
એક ઉદાસી જે અહીં ઓફિસમાંથી નીકળી છે.

કેટલીયે વાર એવું પણ થયેલું જોયું છે મેં,
બદદુવાઓ પણ ઘણી આશિષમાંથી નીકળી છે.

જો ચૂલા લગ નહિ જવા દો તો જશે જ્વાળામુખી લગ;
નાની અમથી આગ જે માચીસમાંથી નીકળી છે.

છે સમય તો બાર વત્તા બાર અંધારી ગુફાઓ,
ને હયાતી રોજ એ ચોવીસમાંથી નીકળી છે.

**- અનિલ ચાવડા**

## ૧૪. તું ઘરમાં બેસ સમજીને..

ન ખોટી બહાદુરીને બતાવ, તું ઘરમાં બેસ સમજીને,
કે ભટકી રહ્યો એ  તારો કાળ, તું ઘરમાં બેસ સમજીને..

ન ખોટી જીદને પંપાળ, તું ઘરમાં બેસ સમજીને,
થજે ના અવર તણો તું કાળ, તું ઘરમાં બેસ સમજીને..

છે ચેપી રોગ આ પ્યારે એ જાણીલે જો હો સમજુ?
ન કરજે ભૂલથી વિસ્તાર, તું ઘરમાં બેસ સમજીને..

અગર તું ના કરી શકતો મદદ આ રોગીની કોઇ,
ના ફેલાવી મદદ કરજે બનીને ઢાલ તું ઘરમાં બેસ સમજીને..

નથી આ કામ એક જણનું, જરૂરી છે બધાંનો સાથ,
ના દૌલત  દઈ કરે સેવા, ફક્ત આ કર, તું ઘરમાં બેસ સમજીને..

- અંજના ગાંધી 'મૌનું' – વડોદરા

## ૦૧૫. આ દિવસો પણ ચાલ્યા જાશે

ચિંતા કરવાથી શું થાશે?.
આ દિવસો પણ ચાલ્યા જાશે.

આવતા દુ:ખોને તું હળવેથી લેશે તો શક્તિનો થાશે સંચાર,
તૂટતા આ સપનાને પાછા  જો જોશે તો, થાશે ઉમ્મીદની સવાર.

જે થાવાનું હશે તે જ થાશે,
આ દિવસો પણ ચાલ્યા જાશે.

હરપળમાં જીવે તે સુખ બધા પામીને આંસુને કરે બાય બાય,
પડકારો ઝીલીને સામનો કરે છે તે જીવન જીવે છે હાય ફાય,

જે આજે છે એ કાલે જાશે,
આ દિવસો પણ ચાલ્યા જાશે.

**- અંજના ગોસ્વામી 'અંજુમ આનંદ'**

## ૦૧૬. ધરશો ધીરજ અગર

ધરશો ધીરજ અગર કાલ ચાલ્યા જશે,
જિંદગીના  દુ:ખો હાલ  ચાલ્યા જશે.

જીવવું હોય તો જીવી લ્યો આજમાં,
કેમ કે આ દિવસ, સાલ ચાલ્યા જશે.

ટેવ તડકાની પણ આપ પાડી જ લો,
છાંયડા તો કરી વ્હાલ ચાલ્યા જશે.

જોરથી ના વગાડો ખુશીની વિણા,
એક દિ' સૂર ને તાલ ચાલ્યા જશે.

ભરવસંતે અમે પાનખર જોઈ છે,
વાયરા તો  બની ઢાલ ચાલ્યા જશે.

- અંજના ગોસ્વામી 'અંજુમ આનંદ'

## ૦૧૭. શહેર સૂમસામ

જુઓ ને.....
શહેર સૂમસામ પડ્યું છે,
સવારનું મળસ્કૂ આળસ પણ નથી મરડતું,
એટલે તો
ટ્રેનના પાટા પણ અચાનક થીજી ગયા છે,
ઓફીસ જવાની દોડધામ,
ફૂલ-માછલી-શાકભાજીની મિશ્ર ગંધ ખોવાઈ ગઈ છે,
જાણીતો પણ અણગમતો કોલાહલ
ધરબાઈ ગયો છે,
એવું લાગે ને?
આ જીવાદોરી કશે ગૂંચવાઈ ગઈ છે!

આ બિસ્માર રસ્તાઓ જાણે ચીસ પાડે છે,
અમને કચડી નાંખો,
અમને તોડી નાંખો,
પણ હવે પક્ષીઓના કલરવ સિવાય ત્યાં કાઈ નથી સંભળાતું....
Ha,
સવારે રસ્તાને સાફ કરવાનો અવાજ સતત આવે છે,

સાયકલની ઘંટડી કવચિત સંભળાય છે,
બસ ચાલવા-દોડવાના ભણકારા બંધ થઈ ગયા છે,
શહેર સૂમસામ પડ્યું છે,

એક નાના અમથા વિષાણુ એ મૌન આક્રમણ કર્યું તો,
કદી ન ઊંઘતું શહેર ઊંઘતા ઝડપાયું છે,
કોઈક પરિવાર ભેગા થઇ ગયા
તો
કોઈકને મનગમતું એકાંત મળ્યું છે,
સંસ્મરણ-વિસ્મરણનું એક જગત ઊભું થયું છે,
દોડી દોડી ને હાંફતું,
પણ ક્યારેય થાકતું નહીં,અટકતું નહીં,
એ મારું
શહેર સૂમસામ પડ્યું છે,

બસ અકબંધ છે
તો
પેલી દરિયાની મોજ...
પેલા સૂર્યની અવરજવર...
નિઃશબ્દ,નિર્વિકાર, નિર્ભેળ......

- ડૉ. અર્ચના પટેલ

## 18. शैतान कोरोना

शैतान कोरोना
चीन से चला
पूरे विश्व में
छाया
तबाह
कर दिया
विश्व के
लगभग हर
देश को
मानवता
त्राहि-त्राहि
कर उठी
जनजीवन सारा
अस्त-व्यस्त
हो गया
लोग सड़कों पर
आ गए
खाने के लिए
दर-दर की ठोकरें
खाने लगे ।

- डॉ. अरुण कुमार निषाद
असिस्टेण्ट प्रोफेसर (संस्कृत विभाग, मदर टेरेसा महिला महाविद्यालय,कटकाखानपुर, द्वारिकागंज,सुल्तानपुर) 83189 75118, arun.ugc@gmail.com

## 19. है नमन उनको

है नमन उनको
जो हमारे लिए
छोड़ दिए हैं
अपने घर को
अपने माँ-बाप को
पत्नी को
बच्चों को
मित्रों को
सबको
वह नर्स
डॉक्टर के
पुलिस प्रशासन के
सफाई कर्मचारी
इत्यादि केरुप में
हमारे
ईश्वर हैं
खुदा है
गॉड है
इनको हमारे लिए
खुदा ने स्वयं
भेजा है
फरिश्ते के रुप में
वह नहीं आता

स्वयं
पर अपने
दूतों को
किसी ना किसी
रूप में
भेज देता है
पृथ्वी पर
हमारी सुरक्षा
के लिए
राष्ट्र की
सुरक्षा के लिए ।

**डॉ. अरुण कुमार निषाद**
**असिस्टेण्ट प्रोफेसर (संस्कृत विभाग, मदर टेरेसा महिला महाविद्यालय, कटकाखानपुर, द्वारिकागंज, सुल्तानपुर)**

## ૦૨૦. જીવવું પડે છે અઘરું

સુમસામ આ નગર છે જીવવું પડે છે અઘરું,
ખુદનીય ક્યાં ખબર છે જીવવું પડે છે અઘરું.

રસ્તાય એકબીજાંને ઘરની દિશા પુછે છે,
ઘરમાં અજાણ ડર છે જીવવું પડે છે અઘરું.

નિર્માલ્ય છે નજર ને હર ડગલે જોમ ખૂટતું,
ના ખૂટતી સફર છે જીવવું પડે છે અઘરું.

ચોરી નથી કરી ને કોઠીમાં છે પુરાણાં.
પાછી સજા અફર છે જીવવું પડે છે અઘરું.

થનગનતો ચોતરફ અહીં ઉત્સાહ તોય પણ જો,
'આનંદ' બેઅસર છે જીવવું પડે છે અઘરું.

**- અશોક જાની 'આનંદ' – 98795 65012**

## ૦૨૧. સન્નાટો

પગલે પગલે છે સન્નાટો,
શમણાંની આંખે છે પાટો.

અજવાળું ક્યાંથી પાથરશે..!
પાણીથી સીંચેલી વાટો. ?

નીંદ ન આવે ક્યારેક ક્યારેક,
હોય ભલે હિંડોળાખાટો.

મ્હોરી ઊઠે રસિક જીવડો
પ્રેમ ઉડાડે નાનો છાંટો.

'આનંદ'ને ઘેર જઈ આવો તો,
નહીં થાશે ફોગટ નો આંટો.

**- અશોક જાની 'આનંદ' – 98795 65012**

## 022. ।। पटरियां रेल की ।।

रेल की पटरियां बिछी हैं
अरस परस और दूर तक।
चलती हैं साथ साथ
और पहुंचाती हैं घर तक।

झुण्ड बनाकर निकले थे वो
पंद्रह सोलह सारे,
थी उम्मीद कि पहुंच जाएंगे
देस अपना, पटरी के सहारे।
उन्हें क्या पता था कि,सारी पटरियां,
एक जैसी नहीं होती
हर साथ चलने वाली पटरी,
उन्हें देस नहीं पहुंचाती।

भूखा प्यासा चलता चलता,
कांध पे बच्चा, माथे बस्ता।
थका मांदा हर कोई चेहरा,
सोए पटरी पर बिछा के कपड़ा।
जाग न पाए, कट गए सारे,
हुए तमाम सपने सारे।

मीडिया वाले दौड़ के आए
दिनभर सारा बाइट्स दिखाए।
कोई बोला दोषी सरकार,
तो कोई बोला रेल।
इन झगड़ों का अब फ़ायदा क्या,
जब खत्म हो गया था खेल।

चर्चा बहस जोरों से हुई,
रोए सब देसवासी।
दूसरे दिन सब ज्यों का त्यों

खबर हो गया था बासी।।

**अशोक मोइत्रा - सूरत – 99984 11919**

## 023. एयरपोर्ट

वक्त एक वो था कि
मेरे कमरे की खिड़की खुलती थी रन-वे की ओर,
दो चार बड़े बड़े चील, अक्सर दिखते थे उसकी काली सी एक पट्टी पर।
चील, पेट भर कर इन्सान को लाती थी और ले जाती थी,
इसी रीत रिवाज़ को उसने रोजनमचा अपनी बनाई थी।

वक्त एक आया है कि,
खिड़की अब भी खुलती है रन-वे की ओर,
पर इन्सान तो क्या, कोई चील भी नहीं आती है अब उसकी पट्टी पर।
भूखी प्यासी एक जो चील,
काली पट्टी पर, बहुत दिनों से खड़ी है,
छोड़ गया है उसका मालिक, रामभरोसे, हालत बहुत बुरी है।

रन-वे की काली सी पट्टी को, अब भी है,
आते जाते चीलों का इंतज़ार, पतझड़ जैसे इस माहौल में न जाने कब लौटेंगी फिर वो बहार ?

वक्त एक वो था कि,
बालकनी का दरवाज़ा खुलता था पूरब की ओर,
उगता था सूरज, लाल लाल, तेरे मेरे फ़लक पर।
चील आते थे और जाते थे, ख़ामोशी को चीर, दुनियां दहाड़ कर।
छोटी सी वो चिड़िया, क्या चूगेगी दाना, छिप जाए सो डर कर।।

अब वक्त ये है कि,
बालकनी का दरवाज़ा अब भी खुलता है पूरब की ओर,
लाल लाल सूरज, उगे आज भी, नीले भूरे फलक पर ।
नहीं आती है अब चील कोई, उड़ती हुई दहाड़ कर,
चुग रही है चिड़िया दाना, बेख़ौफ़, घोंसले से निकल कर।
चिड़ियों का चहचहाना वापस आया है, कोयल की कूक के साथ।
कौन जाने कितने दिनों तक है,
प्यार भरा ये वक्त का सौगात ?

## 024. दबे पांव, चुपचाप

दबे पांव, चुपचाप, बिन बताए
मृत्यु का आना जाना, इसके पहले भी लगा रहता था।
निशब्द आ कर, काम समाप्त कर चले जाना, उसका स्वभाव विशेष था।।

पर इस बार उसका यह आगमन, तांडव नृत्य से कुछ कम नहीं है।
मानव जाति पर उसका यह प्रहार, विभीषिका से कुछ कम नहीं है।।

मनुष्य मृत्यु से डरता है और मरता भी है।
देवता भी डरते थे और शायद मरते भी थे।
देवताओं ने समुद्र का मंथन किया,
अमृतसुधा पाई और मृत्यु को जीत लिया।
मनुष्य ने विज्ञान का मंथन किया,
औषधि पाई, पर जीत नहीं मृत्यु को लंबित किया ।।

अब देवताओं को क्या आवश्यकता है फिर एक समुद्र मंथन की ?
पर मनुष्य के लिए अति आवश्यक है दोबारा एक विज्ञान मंथन की।
अमृत ना मिले सही, औषध अवश्य मिलना है,
तांडव इस नृत्य पर नियंत्रण जो पाना है।।

## 025. বাংলা কাব্য

এই কোরোনা সেই কোরোনা, এটা ধোরোনা সেটা ধোরোনা।
ঠাওর করে বুঝে উঠিনা
এই কোরোনা কী কোরোনা।
বাড়ীতে আমার বিহারী দারোয়ান, গোঁফওয়ালা এক বিরাট পালোআন।
বললে এসে মুচকি হেসে, মেরে এক তুড়ি
ভয় পেওনা তোমরা কেউ, সে হোলো এক জুজু বুড়ী।
হদিশ কোনও পাইনে যখন, পাশের বাড়ির ঐ চৌধুরী,
বললো এসে এস্ত পায়ে, নাচিয়ে তাঁহার বিরাট ভূড়ী।
জুজু বুড়ী নয়কো সে, দুনিয়া কাঁপানো মহামারী,
রোক্ষে নেই কারুর আর, বাচ্চা জোয়ান বুড়ো বুড়ি।
হাঁচ তে মানা, কাশতে মানা,
জ্বর হলে পরে বলতে মানা।
চোখটি যদি জ্বালা করে, মাথা যদি বেজায় ধরে।
বুঝতে হবে, সবার তরে,
মহামারী ঐ জুজু বুড়ী
ভোকাট্টা করতে এসেছে তোমার আমার জীবন ঘুড়ি।
বিদেশ ঘুরে আসা ব্যাধি, যেমন তেমন নয়কো এটি, বড়োই কুলীন জাত,
না মানো যদি নিয়ম কানুন, প্যাঁচে ফেলে, করবে কুপোকাৎ।
এই না শুনে সবাই যখন সিঁটিয়ে ভয়ে মরি,
পাড়ার যতো জোআন বলে, আমরা থুড়ি কেয়ার করি।
তাই শুনে ওই বদ্যি বুড়ো, পাড়ার মোড়ল লালন ঘোষ,
বললো তোরা ভয় পাসনি চুপটি করে সবাই বোস্।
বলবো যা যা, শুনবি তোরা, করবি সবাই পালন,
মোক্ষম দাওয়াই আর কোনও নাই, সঠীক কথা বলছে লালন।
বন্দী হয়ে ঘরের মধ্যেই, চালিয়ে নেবে সবাই কাজ,
এখন থেকে এটাই নিয়ম, বহাল হলো জেনো আজ।
এদিক ওদিক মুখ চেয়ে ভাই সবাই নাড়ে মাথা, প্রশ্ন হলো দিন কতো ভাই, মানতে হবে তোমার কথা?
শুনে মোড়ল বলে হেসে, তিরিশ দিন কমসে কম, নইলে সে যে বৃথা,
মানতে হবে নিয়ম কানুন, নইলে জেনো, টিকিট তোমার, কাটা আছে হোথা।
চাল ডাল আর তেল মশলা, সবাই রেখো ঘরে,
ফুরিয়ে গেলে নেওয়ার হলে, বেরিয়ো মুখোশ পরে।
হাঁচি এলে, কাশি পেলে, মুখ ঢাকবে হাতে,
সাবান দিয়ে ধোবে হাত, ভুলোনা কোনও মতে।
যুঝতে হলে মহামারী, করতে হবে সবার আড়ি,
তাহলেই ভাই জুজু বুড়ী, ঘর ফেরতের দেবে পাড়ি।

অশোক মৈত্র, সুরাট ২৪-০৪-২০

अशोक मोइत्रा - सूरत – 99984 11919

## 026. चारों तरफ़ मौत का साया सा

चारों तरफ़ मौत का साया सा मंडराया हुआ है,
खौफ का एक मंज़र सा छाया हुआ है।
मौत के इस साए में
और खौफ के इस मंज़र में
कल यूहीं अपने कूचे से बाहर झांका था,
रोजिंदा चहल पहल वाले मोहल्ले में अजीब सा इक सन्नाटा था।
मोहल्ले के कुत्ते इत्मीनान से सो रहे थे,
और दो चार इंसान मुखौटा पहन कर दूरी बनाए खड़े थे।
मानो इंसान, इंसान के क़रीब आने से डर रहा है,
इंसान, इंसान के सांसों से परहेज़ कर रहा है।
इंसान के चेहरे पर यह मुखौटा क्यों पता नहीं कुछ अज़ीब सा लग रहा है,
मानो पुराने एक मुखौटा पर, दूसरा पहन कर किसी तबाही से बचने का कवायद कर रहा है।
इंसान के पुराने इन मुखोटों का, न तो सिर्फ नाम अलग है,
बल्कि बनावट, रंग और ढंग भी अलग अलग हैं।
अमीर- गरीब, कौम- मज़हब, नफ़रत- सियासत जैसे अनेक इन मुखौटे के अलग अलग नस्ल है,
और इंसानियत तो न जाने कितने अरसे से इनके पीछे आराम परस्त , बेफिक्र सा सोया है।
अब सिर्फ इंसान के ही मुखौटा की क्या बात करें,
मौत भी कोरोना का मुखौटा पहन कर यहां तबाही मचाने आई है,
अब किसे पता है, इस मुखौटा के पीछे कहां किसकी मौत लिखी हुई है।
इंसान तो क्या जानवर भी मौत से डरता है और मरता भी है,
पर इंसानियत ही अकेला ऐसा है जो मौत के बाद भी जीता है।
वक्त आ गया है दोस्तों, पुराने मुखौटों को उतार कर, सोए हुए अपनी इंसानियत को जगाना है,
कोरोना का नकाब पहने, मौत के इन नुमाइंदों से एकजुट हो कर जूझना है।

अशोक मोइत्रा - सूरत – 99984 11919

## ૦૨૭. કોઈ નહીં આવે...

વગાડી બીન મંતર મારવા કોઈ નહીં આવે!
જગતનો નાથ થઈને તારવા કોઈ નહીં આવે!

તું પાસા નાખ, તને પણ વારવા કોઈ નહીં આવે,
પરંતુ દ્રૌપદીને હારવા કોઈ નહીં આવે!

અમારે તો અમારા પગ અમારે હાથ ધોવાના,
અમારી નાવ માટે ખારવા કોઈ નહીં આવે!

બહેન-ભ્રાતા-પિતા-માતા તમાશો જોઈ રહેવાનાં,
ફસ્યો જો સાતમે, ઉગારવા કોઈ નહીં આવે!

બધીયે વાસના સાથે સુતો તું બાણશય્યા પર,
સતત બળતી ચિતાને ઠારવા કોઈ નહીં આવે

**- અશ્વિન ચંદારાણા**

## 028. सोचा नहीं था

सोचा नहीं था हमने ऐसा कभी
तन्हा हो जाएंगी ये राहें सभी
हर सांस पर भी अब पेहरा लगा,
वक्त पर भी ये वक्त कितना भारी पड़ा,
नाकाम, बेअसर हो गई आहें सभी
सोचा नहीं था हमने ऐसा कभी

एक अहद अब करना है हमको
मिलकर इस वबा से लड़ना है हमको
कंधे से कंधा, मिला लोअब बाहें सभी
सोचा नहीं था हमने ऐसा कभी
तन्हा हो जाएंगी यह राहें सभी

आसिफखान आसिर - सूरत - M.77788 65537

## ૦૨૯. અવસ્થા

આખો વખત શરીર શરીરને વળગીને પડયું રહે છે,
કહું છું કે ઊઠ, ઊઠીને પાણી પી
ઊઠ અને ચા બનાવ,
ભાવે તો સાથે ખાખરા ખા.
ઊભા થઈ પુસ્તક પાસે જા,
ઉઘાડ અને વાંચ
ત્યાં પેલાને ગાળ દેવી હોય તો દઈ આવ
યા તને ગમતી સ્ત્રીને ચૂમી આવ
ભૂખ હોય જને,
તો થોડું ખાઈ લે
આમ પડયા ન રહેવાય, પોતાને વળગીને,
પણ એ આડું ફાટયું છે
કાંઈ કરતાં કાંઈ જ કરવું નથી એને
એક થીજેલી નદી પથરાઈ ગઈ છે શરીરમાં.

પવન પડી ગયો છે,
શિરાઓમાં પાંદડાં ખરે છે.
શરીરે હવે શરીરમાં રહેવું નથી
પણ ઊભા થવાતું નથી.
રાત અને દિવસ,
ગ્રહ-નક્ષત્રોના અર્થ ખોઈ બેઠું છે.
ન સંભોગસુખની ઉત્તેજના,
ન ભૂખ, ન સ્વાદ
ઊઠ કહું છું, ઊઠ.
પણ શરીરના કળણમાં શરીર
ઊંડે ઊતરતું જાય છે.
હાથ-પગ હલાવ્યા વિના,
પાંપણોય પલકાવ્યા વિના.

બકુલ ટેલર – સુરત – ૯૪૨૭૯ ૭૪૬૫૬, ૯૯૭૯૫ ૦૫૯૮૫

## ૦૩૦. મુક્તકો

**# સોશ્યલ ડિસ્ટન્સિંગ #**

નમસ્તે..નમસ્તે..નમસ્તે...નમસ્તે
બે હાથોથી સત્કાર અમને ગમસ્તે !
જરા આંખ ઢાળીને ગરદન ઝુકાવી
તો કલ્યાણ સૌનું ! બધાંને ગમસ્તે !

**# નમસ્કાર #**

હાથ નહિ મિલાવીએ તો ચાલશે
બાથ નહિ ભીડાવીએ તો ચાલશે!
છે હિતાવહ થોડું અંતર રાખવું
સ્મિત બસ,ફરકાવીએ તો ચાલશે!

**# લોકડાઉન #**

છે મીઠી-મધુરી નજરકેદ ક્યાં છે ?
આ ઘર છે હૂંફાળું ઉમરકેદ ક્યાં છે?
નહીં આંજી દેતો, નહીં ઓલવાતો-
આ ઘીનો દીવો છે,તિમિરકેદ ક્યાં છે ?

**# કોરોના બ્રિફ.. #**

માણસો,માણસ મટીને આંકડા
હાથ જોડેલા બિચારા-રાંકડા !
પોતીકાં ને પારકાં સરખાં જ છે
મોત આગળ આપણે સૌ માંકડાં !

**# લ્હેર છે #**

ડોકટરની મેં'ર છે
રાતદિવસ care છે,
નાડ એના હાથમાં
આપણે બસ, લ્હેર છે.

**બકુલેશ દેસાઈ - સુરત - 98251 52923**

## ૦૩૧. અંદર-બહાર

ઘરમાં જ રહેવું: બધાં કહે છે
પણ કેટલાને કહતો ફરું કે હું તો 'બહાર'વટિયો છું.

'બહાર ક્યાંય જશો નહિ'.. બધાં ચેતવે છે.
પણ તેમને કેવી રીતે કહું કે હું 'પરદેશી' છુ,
ઘરમાં પરંતુ તમારી કોઈ ફરજ ખરી કે નહિ,
ઘરના લોકો તરફ'? આમ કહીને મને ઠપકારનારાઓ!
'તમારે માટે જે 'બહાર'ના છે તેઓ જ મારા અસલી-સાચા પરિવારજનો છે!

ડોકટરી સ્ટાફ, પોલીસકર્મીઓ, મીડિયાકર્મીઓ,
વહીવટીતંત્રના નાનામોટા સેવકો,
જરૂરી સેવાઓ પૂરી પાડનાર દુકાનદારો, ફેરિયાઓ, શ્રમિકો..
આખું વિશ્વ મને તો કુટુંબ લાગે છે ત્યારે, મારા આપ્તજનો!
હું તમારી પણ સેવા કરીશ જ
જો તમે  પણ 'બહાર'વટે ચડો તો!

**બકુલેશ દેસાઈ  - સુરત - 98251 52923**

## ૦૩૨. કોરોનાનું ગીત

થયો છે કોરોના પડોશી!
મારે ફળિયે છવાઈ ખામોશી!

બહુ સૂણ્યું ને જોયુ: કેવાં અપલખ્ખણ છે એનાં !
હશે, હોય, આપણને શું? જેવાં ભાયગ જેનાં!
પણ એના અહી પગપેસારાથી ફફડે મહેતાદોશી ... થયો છે0

Hi! Hello! શું કહેવું એને? શાહુકાર એ ચીનનો !
એજન્ટ જ એ તો ચાઉમાઉ..પિંગ જિનનો !
ક્યારે એનાથી છૂટશે પીછો? કહો તો, ટીડા જોશી?! ... થયો છે 0

હસતાંરમતાં..ગાતાંખાતાં.. રાતરાતભર..
ખુલ્લાં મન શાં, મોં પણ ખુલ્લાં.ક્યાં કોનો ડર?!
ઘરથી કાઢો એને કોઈ..ભલે મરે  એક ડોશી ! ... થયો છે 0

**બકુલેશ દેસાઈ - સુરત - 98251 52923**

## 033. पाषाणपूर्णं पुरम्

यत्र त्वद्घटिता विभान्ति नगरेष्वट्टालिकामालिका
वस्तुं तत्र न ते दिनानि कतिचित् कोणोऽपि वास्तूयते।
कृष्टैरन्नचयैस्तवैव भरिता कोष्ठा यदीया भृशं
तस्यान्नप्रसृतिर्मनाक् प्रसरति क्षुद्रार्भकेभ्यो न ते॥१॥

उत्थानाय समर्पितस्तव निजो देहोऽपि येषां पुरे
सम्प्रत्युद्धरणाय ते, किल करस्तेषामकिञ्चित्करः।
कर्तुं स्वर्गसुचारु जीवितगतिं येषां त्वया रौरवास्
सोढाः, सम्प्रति घस्मरां विषहसे तेषां जुगुप्सादृशम्॥२॥

आपन्नस्य पुरे पुरस्तव करात् ग्रामोऽपि विभ्रश्यते
हित्वा दैवदरिद्र! नैजमुडुपं सच्छिद्रनौः सेविता।
आयातं सुखजीवनं मृगयितुं यस्यां नगर्यां त्वया
दुर्दैवादिह ते न वापि सुलभो मृत्युः प्रतिष्ठायुतः॥३॥

नो बन्धुस्तरलान्तरोऽत्र सरलः, स्वामी खरो निष्ठुरः
पाल्यो न त्वमिहासि वा करुणया, शोष्योऽसि दासेरकः।
जानीहि क्षणतृष्णिकाहतमते दूरापकृष्टैष ते
नो ग्रामः परदुःखदुःखित इदं पाषाणपूर्णं पुरम्॥४॥

नो ग्रामश्चिरहापितस्तव वशे दूरं सुदूरे स्थितः
ग्रावीभूतमथो हितं न नगरं तुभ्यं चिराराधितम्।
नीचैर्नतृभिरञ्चितो हतबलो देशो न दिष्टाय ते
विश्वे विष्वगपीह हन्त शरणं शीर्णस्पृहाणां न वः॥५॥

**डॉ. बलराम शुक्ल**
अध्येता, भारतीय उच्च अध्ययन संस्थान, राष्ट्रपति निवास, शिमला

## ૦૩૪. પાષાણથી ભરેલું નગર

જે શહેરોમાં તારી બનાવેલી ઊંચી અટારીઓની હારમાળાઓ ચમકી રહી છે, ત્યાં થોડા દિવસ રોકાવા માટે એક ખૂણો પણ નસીબમાં નથી તને. જે લોકોનાં કોઠારો તારાં જ ઉપજાવેલાં અનાજોથી ભર્યાં છે, તેમાંથી જરા પણ અન્ન નીકળી નથી રહ્યું તારા અભાગી બાળકો માટે.

જે શહેરી લોકોને ઉઠાવવામાં તે પોતાનું શરીર જ ગીરવી રાખી દીધું હતું, હવે તને ઉગારવા માટે તેના હાથમાં જરા પણ જીવંતતા નથી. જેની જીંદગીને સ્વર્ગ જેવી બનાવવા તે રૌરવ નર્ક સહ્યાં હતાં. હવે તેમની જ ઘાતક ધૃણા દ્રષ્ટિ પણ સહન કરી રહ્યો છે તું.

તું શહેરમાં ક્યાં ખોવાયો ! જોતજોતામાં ગામ પણ તારા હાથથી છૂટી ગયું. દુર્ભાગ્યથી પીડીત તું પોતાની નાવડી છોડીને બીજાનાં કાણાંવાળા જહાજમાં બેસી ગયો. જે નગરમાં સુખની શોધમાં તું આવ્યો હતો, વિડમ્બના છે કે ત્યાં તને ઈજ્જતપૂર્ણ મોત પણ નસીબ નથી.

અહીં તારાં  સરલ તરલ બન્ધુ નથી, અહીં તો હ્રદયહીન, નિષ્ઠુર માલિકો વસે છે. અહીં, કોઈ દયાપૂર્ણ બનીને, તારું પાલન નહીં કરે ! અહીં તું સસ્તો મજૂર છે, દુર્ભાગ્ય તને દૂર લઈ આવ્યું. મૃગતૃષ્ણાએ તારી મતિ હરી લીધી છે. બરોબર સમજી લે ! સંવેદનાઓથી ભરેલું ગામ નથી, આ તો ઈંટ પત્થરોથી ભરેલું શહેર છે.

ખૂબ પહેલાં જેને છોડી દીધું હતું એ ગામ હવે તારી પહોંચથી ખૂબ દૂર થઈ ગયું છે. આખી જીંદગી જેની સેવા કરી, એ અહિતકારી શહેર પત્થર થઈ ગયું. ઓછી બુદ્ધિના ભષ્ટ નેતાઓથી ભરેલા આ નિસ્તેજ દેશમાં તારું ભવિષ્ય શું છે ! તૂટેલાં સ્વપ્નાવાળા તમારા લોકોમાં અરેરે ! આખા જગતમાં કયાંય કોઈ સહારો નથી.

**ડૉ. બલરામ શુકલ**

અધ્યેતા, ભારતીય ઉચ્ચ અધ્યયન સંસ્થાન, રાષ્ટ્રપતિ નિવાસ, શિમલા.

संस्कृत પરથી અનુવાદ: ડૉ. રીતા ત્રિવેદી

## ૦૩૫. ગઝલ - ખરેખર

મોઘમ છૂટ્યાં ‘કોરોના’ના બાણ ખરેખર,
રાખે પાછા ક્યાંય નહીં એંધાણ ખરેખર.

સન્નાટાના ઓળા ચારે કોર ફરે ને,
રોજ સવારે રડમસ ઊગે ભાણ ખરેખર.

સપનાના બચકાઓ રસ્તે રસ્તે રઝળે,
ભૂખના ટોળા પ્રગતિના પરમાણ ખરેખર ?

ખૂબ જ છેટે નીકળી ગ્યા છો માનવતાથી,
જાગ્યા હોતો પાછા વાળો વ્હાણ ખરેખર.

મોટાએ હળવાશ હાશને બ્હાર ધકેલી,
ઘરમાં ખીચોખીચ ભરી છે તાણ ખરેખર!

કચરો ખૂબ વધે છે ત્યાંરે ઝાડુ લઇને,
વાળી ચોળી સાફ કરે છે ઘાણ ખરેખર.

તો પણ માનવ જીતી જાશે જંગ લડીને,
છેવટ થાશે "કોરોના"ની કાણ ખરેખર.

**‘વ્યાસ વાણી’ ભદ્રેશ વ્યાસ – અમદાવાદ -**

## ૦૩૬. મારી next કવિતા...

**Next** કવિતા લખવી છે,
એનો શબ્દ માસ્ક પહેરીને આવ્યો છે,
એક પગ વિનાના, આંધળા એકકોષીય જંતુનું સૈન્ય ચઢી આવ્યું હોય તેવા વિશ્વ માટે એક કવિતા લખવી છે.

એક પક્ષી વગરના ઝાડની ડાળ પરથી લટકતા
બૉમ્બ-ફળ નીચે બેસીને
એના પડવાની
રાહ જોતા એક લઘુત્વાકર્ષણથી પીડાતા
માણસના કાનમાં કહેવા માટે કવિતા કહેવી છે...

એક ટાપુ પર લોહીલુહાણ શબ્દો વચ્ચે
ગુંગળામણ અનુભવતા ઓક્સિજનને
ઉઠાવી જવા સાહસિક બનેલા
એક શબ્દસફાઈકર્મીને
અભિનંદવા બે શબ્દો કહેવા છે...

ઇટાલીના એક અજાણ્યા વૃધ્ધની લાશ આગળ
બેભાન પડેલા એના છેલ્લા
વાક્યોને મારી અનિદ્રાની આગથી
ઉકેલવા છે,
હું મિલાનના મિલન વગરના
મૌનનું છિદ્ર છું,
કો'ક વાંચે તો વંચાઈ જવું છે એવા
શબ્દનું એક કડવું પીણું ઉમેરવું છે,
પ્રવાહિતા માટે ...

અમેરિકાની કોઇ એક સૂની શેરીમાં
જઈને મારે જોરજોરથી તરણેતરના
મેળાનું આમંત્રણ દેવું છે.
એક ખાલી પડેલા મહામૉલના
ગુફા જેવા હૉલમાં જઈને
સોશિયલ ડીસ્ટન્સીંગમાં ખાલી જગ્યાના
અવકાશના બેગચ્ચા મારે કવિતાના
હાડ બાંધવા જોઇએ છે....

આ માટે મારી ઝોળીમાં,
મેં હૉસ્પિટલમાં નહીં સંભળાયેલી ચીસ,
વૃધ્ધ મા-બાપની આંખો નીચે છુપાયેલા
શ્યામવર્ણા વર્ષોની ઝાંખપ,
એક નવજાત બાળકની આંખોમાં સંતાવવા મથતા
સૂર્યની પીઠ પર લટકતા કેલેન્ડરની ગંધ,
અને
મારા ઘરમાયેલા* મૌનની પાતળી ચામડી પર
ઉપસી આવેલી બોખી બારાખડી
ભેગી કરી રાખી છે...

મારી next કવિતાની પ્રતીક્ષા કરો...

--

* ઘરમાં રહેવાથી ઘટ્ટ થયેલું મૌન એટલે ઘરમાયેલું...

ભાગ્યેશ જહા – ગાંધીનગર

૨૧મી માર્ચ, ૨૦૨૦ - વિશ્વ કવિતા દિવસ

## ૦૩૭. ખીચડી અને ચકલીની વારતા...

અમારા આંગણામાં,
એક કાળીજાળીવાળો ઝાંપો છે,
એને રોજ રાત્રે તાળું મારીએ, અને સવારે ખોલીએ.
સૂરજને ભાગ્યે જ આ રુપેરી તાળાની ખબર છે,
ગઈકાલે રાત્રે બાર વાગ્યા પહેલાં જ તાળું માર્યું,
તે સવારે ખોલ્યું જ નહીં..
ખબર નથી કે એને કેવી રીત ખબર પડી,
પણ અમારી
પાળી ના શકાય એવી દોસ્ત જેવી
ચકલી આ તાળાની આસપાસ ઉડાઉડ કરે છે,
બેસે છે, કશુંક ગાય છે, અને તાળા તરફ જોયા કરે છે..
નકુચાના નાકમાંથી આવતી ડેટોલની સુગંધ કદાચ
એને નવી લાગતી હશે.
મારે એને લક્ષ્મણરેખાની વારતા કહેવી છે,
ને એને મને દાળ અને ચોખાની...
એના આછાભુખરા રંગની પાંખો હલાવી કશુ કહે છે,
અને હું સમજી શકતો નથી,
તેથી ઘરમાં જઈ આઈ-પેડ પરથી દુરની દુનિયામાં
ખોવાઈ જવા મથું છું...
બારીમાંથી નજર નાંખું છું,
તો તડકા અને છાંયડામાં નાનકડી સળીઓ
લેતી જાય છે અને કશુંક ગાતી જાય છે,
પે'લી ચકલી અને એની બહેનપણીઓ..
હું સ્વેચ્છાએ અણસમજને કારણે
મારી નજર,
પનિહારીઓ દોરડું ખેંચે એમ,
પાછી ખેંચી લઉં છું,
કારણ 'ખીચડી બની ગઈ છે' એવી બુમ પડી છે.

## ૦૩૮. થંભી ગયું

શંકા - શ્રદ્ધાનું નગર થંભી ગયું !
જોખાં - લેખાંનું નગર થંભી ગયું !

ધૂમ - ધખારાનું નગર થંભી ગયું
આ ધુમાડાનું નગર થંભી ગયું

સ્તબ્ધ છે આસ્ફાલ્ટની કાળી સડક
બૂમ બરાડાનું નગર થંભી ગયું !

અહીંયા આગળ ઊંડો કૂવો જોઈને;
અહીંયા ઘેટાંનું નગર થંભી ગયું !

કાલ સુધી ફાળ દઈ ફેલાયેલું
આજ હરણાંનું નગર થંભી ગયું

રાતભર જાગ્યાં કર્યું પ્રત્યેક જણ
લાખ સપનાંનું નગર થંભી ગયું

આંગળી ચિંધી બતાવો તો ખરાં
કેમ નક્શાનું નગર થંભી ગયું?

હૈયે આવીને ડૂમા અટકી ગયાં
ચીસ, સણકાનું નગર થંભી ગયું !

**- ભરત ભટ્ટ**

## ૦૩૯. આ કેવું યુદ્ધ?

માથું, મુગટ, પદ વગરનું યુદ્ધ છે!
શસ્ત્ર કે સરહદ વગરનું યુદ્ધ છે!

કેટલું ટૂંકુ યા લંબાઈ શકે?
યાને કહીએ કદ વગરનું યુદ્ધ છે!

હસ્તધૂનનથી  ય આરંભાઈને;
મોહ -માયા- મદ વગરનું યુદ્ધ છે!

આ પછીની પળ વિશે નક્કી નથી;
આ સમય શાયદ વગરનું યુદ્ધ છે!

કોઈ  અણસારો ન આવે કોઈને;
આ ક્વચિત કાસદ વગરનું યુદ્ધ છે!

**- ભરત ભટ્ટ**

## ૦૪૦. સુરતીઓને..

થોડું ડિસ્ટન્સ આંખ પછી ગળે ન વળગીએ તો કહેજે,
નાક પર માસ્ક રાખ દોસ્ત, ણા ન રહે તો કહેજે,
ભીડમાં મારું કે તારું શું કામ? ડુમસ ન જઈએ તો કહેજે,
લારી પર નથી મળવું, જા, ખોટું લાગે તો ભલે લાગે તને,
ચાની ચુસ્કીન લઈએ તો કહેજે..
એકવાર આ કોરોનાને હરાવીએ, પછી ન મળું તો કહેજે,
ઉકાળા પી રોજ,  લોહી ઉકાળા શું કામ કરવા?
એકવાર કોરોના વોરિયર્સને તો જો..
એકવાર પોલીસને તો જો,
અને દોસ્ત, આ બધાંને જોઈને તારા ઘરનાં સભ્યોને જોજે
બહાર ખોટું ન નીકળવાની પ્રતિજ્ઞા ન લે તો કેહેજે..

ભરત ભટ્ટ - સુરત - ૯૭૧૨૦ ૨૧૨૫૯

## ૦૪૧. ભણકારા

## (સવૈયા)

ફૂલો ખીલ્યાં ડાળેડાળે, કલરવ મીઠો ધોળે સાંજ,
હળવી મીઠી નિરાંત મારે હિંડોળે ઝૂલે છે આજ.
ભૂલીને સૌ ભયસંકેતો પળભર હૈયું છે નિર્ભાર
ઝંઝાનિલની વચ્ચે જંપ્યું કુદરતને ખોળે એકાન્ત.

ઓથરોના ઓળા ડારે, પડકારોથી ગાજે આભ,
કાળાકાળા અનહોનીના પડછાયા નાચે દિનરાત.
સીમાડા તોડીને કેવો ધસમસતો આવે છે કાળ!
ધસી આવતી આંધીઓના ભણકારા ગુંજે બેફામ.

ટીવી પડદે તસવીરોમાં ડૂમાં ડૂસકાં અપરંપાર,
પ્રિયજન કેરો સ્પર્શ ઝંખતા મૃતદેહોની લાંબી હાર.
પડઘાયે લાચારી ચોગમ, આંસુડાં ઉમટ્યાં ચોધાર,
પોકારીપોકારી અર્ચે વિવશ થઈને માણસ આજ:

પાર કરાવો અંધારાનો મહાસાગર, ઓ તારણહાર!
આશાઓનો સૂરજ શોધો, આંખોમાં રોપો અજવાસ.

ભારતી રાણે - બારડોલી - ૯૮૨૫૧ ૨૧૦૨૦
સ્નેહાંજલિ હોસ્પિટલ, શાસ્ત્રી માર્ગ, બારડોલી

## ૦૪૨. અનલોકમાં

પરાક્રમી ઇતિહાસ ધરાવતું સૈન્ય
અદ્રશ્ય દુશ્મનના આક્રમણથી બચવા લપાઈ ગયું હતું ગુફાઓમાં,
પણ બચી ગયાનો આનંદ ઓસર્યા પછી
એને કરડવા લાગી શાંતિ ને સલામતી !
ગુફાની હૂંફ એને કાયરતા લાગવા માંડી,
એનું શૂરાતન ફરીથી ધબકયું,
અને દોટ મૂકી પાછી સંમરાગણમાં,
હવે હવામાં શસ્ત્રો વીંઝતાં આ સૈન્યને જોઈ મરક મરક હસી રહ્યો છે અદ્રશ્ય દુશ્મન,
બસ એ આ સૈન્યની બાળસહજ ગમ્મત જોઈને આમ જ હસતો રહે કાયમ,
ક્યારેય એને ગુસ્સો ન આવી જાય બસ !

**ભાવેશ ભટ્ટ**

## ૪૩. લોક ડાઉનમાં

ફેલાયો છે એવો ડર કે રસ્તા પણ ઝંખવાયેલા લાગે
પંખીઓની સાથે-સાથે વૃક્ષો પણ ગભરાયેલા લાગે

એક મહામારીએ આવી એમ કસ્યો છે એના સકંજાને
શ્વાસો કાંપે થરથર થરથર
જોઈ ના દેખાતા પંજાને

હિંમત ખૂટી છે થોડી પણ, સાવ નથી હિંમતને ખોવાની
આજ આવશે સૌની સમજમાં, શું છે કિંમત સાથે હોવાની

સ્વસ્થ ઉગે સૌ સવાર એવી શ્રદ્ધાના પ્રગટાવ્યા છે દીપા
અંધારાના દરિયામાં તરતા મૂક્યા સૂરજના ટીપા

ભાવેશ ભટ્ટ

## ૦૪૪. વ્યવહારનો તહેવાર

એક પંખી આવીને મારી બારીએ બેઠું,
બોલ્યું મારે કાને,કંઈક એવું મીઠું મીઠું,

હે માનવ! તેં કર્યો કેવો અદ્ભૂત વ્યવહાર,
આજનો દિન હતો એક અનેરો  રવિવાર,

પરોઢિયે થી સવાર જાણે કર્યો સદાચાર,
ન કર્યો કોઈ ઘોંઘાટ ન કર્યો કોઈ પ્રવાસ,

માનવ તેં તો કર્યો આજ ગૃહમાં  સહવાસ,
કરી સહ પ્રિતી ભોજન ને સહ વાર્તાલાપ,

અમારે મન તો જાણે થયો એક તહેવાર,
ઉત્થાન થતાં શાંતિ ભર્યો થયો અહેસાસ,

ન તો કોઈ ભીડ, ના કોઈ માનસિક તણાવ,
હે કુદરત!! આ કેવો કર્યો અદભૂત કમાલ,
આ શું ??? સંધ્યાટાણે
માનવી... આ તારો કેવો વ્યવહાર???
શાંત વાતાવરણમાં પાછો કર્યો  ઘોંઘાટ,
મેં  કહ્યું...
હે પંખી!!
અમે માણ્યો.....તાળીઓથી વધાવ્યો,
આજનો ‘જનતા કર્ફ્યુ’ નો તહેવાર,
માનવ છીએ ...કરતાં  રહીએ છીએ..

આ પ્રકારના વિચિત્ર  વ્યવહાર.

ત્યાં  પંખીએ કહી સંતવાણી...
દુરાચાર ભર્યો માનવ બની ગયો છે દાનવ,
આજ મને અનુભવાયો તું  સાચો માનવ,

રાખજે... હંમેશ આ સદાચારની ટેવ,
જરૂરથી.. બશી જશે તું એક દિ  દેવ.
ચાલ ફરી મળીશું.
કરતો રહેજે આ સદાચારનો જ વ્યવહાર,
માણીશું સહુ મળી, આવો પાછો તહેવાર,
અદ્ભૂત રહ્યો આજનો  અનેરો  રવિવાર.

જનતા કર્ફ્યુ ને સમર્પિત...

**ભાવેશ શ્રોફ – મુંબઈ**

## ૦૪૫. ગઝલ: ના આવી

વાત પૂરી થવા જ ના આવી
રોગ આવ્યો દવા જ ના આવી

ખૂબ આગળ વધ્યો હું એની તરફ
એ કદી રોકવા જ ના આવી

જે તરફ ફૂલનો હતો ઢગલો
એ તરફથી હવા જ ના આવી

વાત મેં રૂબરૂ કહી’તી પણ,
વાત પહોંચી જવા જ ના આવી.

આવી આફત તો તોડી ગઈ ઘર પણ,
હાડકા તોડવા જ ના આવી.

મોત ભેટી પડ્યું તો યાદ આવ્યું
જિંદગી ભેટવા જ ના આવી

સાસરે શું થયું હશે કે બહેન?
રાખડી બાંધવા જ ના આવી

ભાવિન ગોપાણી – અમદાવાદ

## ૦૪૬. મુક્તક

થોડા દિવસ એકાંત જો પાળી શકો
બાકી જીવન જાહેરમાં માણી શકો
કંટાળવાનું કામ છે આસાન, જો -
રૂંધાય શ્વાસો, થાય શું? ધારી શકો

ભાવિન ગોપાણી - અમદાવાદ

## ૦૪૭. લાગે છે

ગલીમાં ડર અને રસ્તા અવાક લાગે છે
હવે આ શહેરમાં ધુમ્મસની ધાક લાગે છે

ડૂમા કે ચીસને ડૂબી જવું કે વહેવું'તુ?
કહ્યું ન કોઈએ સૌને ઘણુંય કહેવું'તુ,
બધાના હોઠ ઉપર છેકછાક લાગે છે
હવે આ શહેરમાં ધુમ્મસની ધાક લાગે છે

જઈ જઈને જશે તો જશે એ ક્યાં બોલો?
વસી વસીને વસે તો વસે એ ક્યાં બોલો?
કે જેને આભની છાંયામાં થાક લાગે છે
હવે આ શહેરમાં ધુમ્મસની ધાક લાગે છે

બજારુ ચોકને પહેલાની જેમ શણગારો
કોઈ આ ચોકની બળતી અમાસને ઠારો
પ્રતીક્ષા ચોકની છેલ્લી ઘરાક લાગે છે
હવે આ શહેરમાં  ધુમ્મસની ધાક લાગે છે

ભાવિન ગોપાણી - અમદાવાદ

## ૦૪૮. રોજ સવારે છાપુ ઉઘડે

રોજ સવારે છાપુ ઉઘડે,
મોતના મબલખ વાવડ સઘળે.

આશંકાના વાદળ વચ્ચે,
કોરોનાનો સાવજ ગરજે.

રોજ ઉઠીને મરશુ ક્યારે?
દિલમાં કાળા અજગર સવળે.

દહેશત સાથે, ભયની સાથે,
શ્વાસોમાં દાવાનળ સળગે.

હસતા હસતા દમ તૂટે છે,
નાટક કરતા પડદા ઉઘડે.

કાળ ભયાનક જાય હવે તો,
કાશ, પ્રભુનું અંતર પીગળે.

ભાવના રાવલ

## ૦૪૯. કોરોના કાળ - મુક્તક -૧

સૂતેલી દુનિયાને હચમચાવી દીધી અને ઢંઢોળી નાખી સટાકથી,
ચાલતો'તો માનવ એ એવો ગુમાનથી,
બેસાડી દીધો ફટાકથી.
તુચ્છ તને ગણતા એ માનવ અભિમાન ને,
પરચો દેખાડ્યો સટાકથી,
શ્વાસ તણી દોર એની કાપી લીધી ને પછી,
ઢેર કરી દીધો ખટાક થી..

## કોરોના લોકડાઉનમાં - મુક્તક-૨

પીંજરે પુરેલા 'ને પાંખો ફફડાવતા પંખીને થાય એવું થાય છે.
તૂટેલા સઢવાળી ભૂલી પડેલી એ નાવડી ને થાય એવું થાય છે..
દરિયાનાં મોજા માં અથડાતાં, કુટાતા મોટા વહાણ જેવું થાય છે.
અંધારા ભોંયરામાં માં આમતેમ અથડાતી કીડી ને થાય એવું થાય છે.

ડૉ. ભૂમા વશી – મુંબઈ - ૯૮૨૦૬૩૪૫૮૫

## ૦૫૦. કોરોનાનું એક જ સૂત્ર

કોરોનાનું એક જ સૂત્ર
એક જ મંત્ર
માણસ ગંધાય માણસ ખાઉં.

કોરોના સામે મૃત્યુ
મરી ગયું રે લોલ!

ડર લાગે કોરોનાથી બચશે
ડરી ગયાં સમજી લો
જિંદગી જીવી ગયા!

કોરોના તારા પાપે
સમય થંભી ગયો.
ઘડિયાળ અને
કેલેન્ડર સિવાય!

કોરોનાએ શ્વાસ
નિરાંતે લેવાજ
દીધો નથી
ડર બતાવીને!

**ભૂપેન્દ્ર શેઠ - નીલમ**
બી/૫, અંબાલિકા એપાર્ટમેન્ટ, ગરબી ચોક, સેતાવાડ, મહિલા કોલેજ પાસે,
જામનગર-૩૬૧ ૦૦૮ – ૯૪૨૬૭ ૧૧૩૭૨ – (૦૨૮૮)૨૭૫૬ ૦૫૯

## ૦૫૧. ચેતવાનું

આવો સાવ ઉદાસ અને ગંભીર તો,
પહેલી વાર જોયો એને
બાકી તો તબડાક તબડાક
ફરતોફરતો હોય.
ક્યારેક અહીં, ક્યારેક તહીં!
તો ક્યારેક ક્યાંયનો ક્યાંય!
એની ભાષા પણ આજકાલ
ચીમળાઈને બેસી ગઈ છે!
એ જાણે છે હવે બસ એક જ ક્રિયા–
'ચેતવાનું'.
નહીં મળવાનું કે નહીં કોઈને અડવાનું...
એની અંદર ઘડીએ ઘડીએ ફૂટી નીકળતી,
ઝણઝણાટીઓ ભેગી મળીને,
પૂછે છે એક જ વાત—
'લ્યા ... સ્પર્શ!' તું હવે પાછો ક્યારે
પહેલાંની જેમ,
બિન્દાસ થઈને મનગમતા લોકો સાથે ઘૂમીશ?

**બ્રિજેશ પંચાલ**
૮૭૩૫૦ ૧૯૭૫૭ / ૮૩૪૭૨ ૯૩૬૦૨ panchalbrijesh02@gmail.com

## ૦૫૨. ખભે કોથળો કેડે બાળ

ખભે કોથળો કેડે બાળ
મળે નહિ રસ્તાની ભાળ

દેખનહારા દૂરથી દેખી
દેતા મા દીકરીની ગાળ

પચ્ચીસ વ્હેત જગા તો આપો
અમે ચણ્યા છે પચ્ચીસ માળ

ભૂખ વણે છે આંતરડાંમાં
કરોળિયાની જાણે જાળ

પડતું મેલ્યું પાટા માથે
બૈરા છોરા બન્યા વરાળ

એક તરફ ફેંકાઈ રોટી
બીજી તરફ ઢોળાઇ દાળ

ધૂબકો માર્યો ધબ્બ કૂવામાં
માએ કાપી નાખી નાળ

શિયળ વેચવા ચાલી મમતા
વિખરેલા ગૂંથીને વાળ

સરહદ પર વિંઝાયા દંડા
કંકુ વરણું થયું કપાળ

ઈશ્વર અલ્લાહ થયા છૂમંતર
સ્મશાન થઈ ગઈ ધરા વિશાળ

જજો તારું નખ્ખોદ કરમડા
થજો શેઠિયા શઠ કંગાળ

## ૦૫૩. મારીને રીસેટ

મારીને રીસેટ સઘળું સેટ કરશે
એ પછી સિસ્ટમને એ અપડેટ કરશે

માણસાઈ આડેની સૌ ભીંત પર
ફેરવી બુલડોઝર તદ્દન ફ્લેટ કરશે

કેટલે સુધી તમારી પહોંચ છે ?
એનો એ ઠંડા કલેજે વેટ કરશે

ખોલવા સુતેલી અંતિમ આંખને
જાણી જોઈને જ થોડું લેટ કરશે

એન્ડ ઓફ ધી ડે એ નક્કી છે જ છે
એ જે કરશે તે ખરેખર ગ્રેટ કરશે

ચંદ્રેશ મકવાણા

## ૦૫૪. તૂટશે જો લોક ડાઉન

તૂટશે જો  લોક ડાઉન
લાશમાં તરશે આ ટાઉન

સેલ્ફ ડિસ્ટન્સ જાળવે છે
આંધળા લુંગીને ગાઉન

એક સરખા થરથરે છે
પાઘડી સાફો ને ક્રાઉન ??

બ્રેઇન વોશિંગ થઈ ગયું છે
ત્યાં હવે શું ગ્રીન કે બ્રાઉન ?

પંખીઓ ફફડાટમાં છે
ક્યાં ગયા કરપીણ  ક્લાઉંન ???

પૃથ્વીને અણુ બોમ્બ માફક
તાકે છે નભ થઈને ફ્રાઉન

ક્લાઉન – જોકર / ફ્રાઉન - ભવાં ચઢાવવા (અહીં: ગુસ્સે થઈને)

**ચંદ્રેશ મકવાણા**

## ૦૫૫. પ્રભાતના પહોરમાં હૈયુ દઝાડતી દ્વિધા

એક તરફ ખીલતી કુદરત છે પશુ પંખી છે હસતા
બીજી તરફ નિર્દોષ માણસો ટપ ટપ ટપ ટપ મરતા

હસી ઊઠે જે આંખો રાતે સ્વચ્છ ગગનને જોઈ
એ જ આંખ છાપું વાંચીને રહ રહ પડતી રોઈ

એક તરફ જે કુદરતની છે બીજા બધ્ધા પર  મ્હેર
વર્તાવે  છે એ જ કા માણસો પર આ કાળોકેર

સ્વચ્છ હવાને શ્વસુ પંખીના ટહુકાથી જઉં મલકી
પણ દુખે છે છાતી જોઈ શહેરમાં ફરતો કલ્કી

સમજ ન પડતી જોઈ પ્રકૃતિ ખીલતી રાજી થાઉં
કે છાતી પર કૂટી છાજીયા શોક  મરશિયા ગાઉં ?

ચંદ્રેશ મકવાણા

## ૦૫૬. જયારે પૂરું આ વિશ્વ

જ્યારે પુરું આ વિશ્વ સાથે યુદ્ધ થઈ જશે
કુદરત અલિપ્ત થઈ બધાથી બુદ્ધ થઈ જશે

ચંદ્રેશ મકવાણા

***

## ૦૫૭. અસ્પૃશ્ય?!

કોરોનાગ્રસ્ત લાશ
બની ગયેલી
એ વ્યક્તિ
ગઈકાલ સુધી તો
કોઈ માટે,
શ્વાસનો પર્યાય હશે ને!

કોઈને હૂંફનું છત્ર આપવાં,
ક્યારેક તો
એમના હાથ
લંબાયા જ હશે.

કોઈના હોઠને સ્મિત આપવાં
કદી તો
એમની આંખ

ભીની થઈ હશે.

કોઈને ઠેસ વાગતાં
એમનું હૃદય
એકાદ ધબકાર
ચૂકી પણ ગયું હશે.

કોઈને બેસી પડેલા જોઈ
ક્યારેક તો
એમના પગ ઝડપભેર
દોડી ગયા હશે.

આજે -

ધબકતાં સંબંધના શ્વાસ
કોરોનાએ થંભાવી દીધા
ત્યારે
અગ્નિને કે માટીને
સોંપતી વખતે

એ હાથ, એ પગ
એ આંખ, એ હૃદય

કેવી રીતે બની શકે
અસ્પૃશ્ય?!

છાયા ત્રિવેદી – અમદાવાદ – ૯૧૦૬૧ ૬૮૯૧૦

## ૦૫૮. કાળને હરાવશું

ભલે દુનિયા  કહેતી રે' કે થોડું થોભો ભૈ.
તમે છો રાહબર, રસ્તા નવા કંઈ શોધો ભૈ.

પલાંઠી વાળીને થોડા દિવસ બેઠાં બધા,
નવું એક જોમ લઇ, પાછા હવે સૌ દોડો ભૈ.

બધી પીડાઓ થાશે દૂર, એ વિશ્વાસ હો,
દીવાલો ડરની જે બાંધી છે, એ સૌ તોડો ભૈ.

અનાદિથી જગતને કંઈ દિશાઓ ચીંધી છે,
ફરી મોકો મળ્યો નવલી દીશાઓ ખોલો ભૈ

હરાવી કાળને, 'ચેતન' ક્ષિતિજો  આંબશું,
પુરા ઉલ્લાસથી ચૈતન્ય રથને જોડો ભૈ.

ચેતન ફ્રેમવાલા - મુંબઈ

## ૦૫૯. ઘરમાં ચાર દિવાલ

ઘરમાં  ચાર  દિવાલ છે વ્હાલા
અંદર સઘળું વહાલ છે વ્હાલા

મન  સાથે  મસલત  કરવાની
બ્હાર બહુ  બબાલ છે વ્હાલા

જીવી  લે  બે ચાર  દિવસ તું
સાચી એ જ કમાલ છે વ્હાલા

લાચારી સમજાઈ બીજાની ?
નાનકડો  સવાલ  છે વ્હાલા

ઈશ્વરની  હસ્તી  પૂછે  છે ?
જો આ એની ચાલ છે વ્હાલા

ડૉ. દક્ષેશ ઠાકર – પૂર્વ કુલપતિ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત –
૯૮૨૫૭ ૦૧૧૧૧

## ૦૬૦. સુરતનો ચિત્કાર અને આત્મવિશ્વાસ

સુરત નિસ્તબ્ધ છે, નિ:શબ્દ છે,
નિસ્તેજ છે.
રાક્ષસી કોરોનાએ આક્રમણ કર્યું છે
સુરતનાં ફેફસાં પર!
સુરતના શ્વાસ રૂંધવાના એના પ્રયત્નો
અવિરત ચાલુ છે.
તેણે છીનવી લીધાં છે અમારાં સ્વજનોને.
આંખના આંસુ વહાવી વહાવીને
અમે છલકાવી દીધી છે
અમારી પ્રાણપ્યારી તાપીને.
અમે મળી નથી શકતા
મિત્રોને, પરિચિતોને , સગાંઓને,
વ્હાલાઓને !!
સતત સળગ્યા કરે છે અમારાં સ્મશાનો
અને દિવસરાત ખોદાતી રહે છે નવી નવી કબરો!
સ્પર્શ, ગંધ અને સ્વાદની ઇન્દ્રિયોના દ્વાર ભીડીને
બેઠાં છીએ અમે
ઘરની ચાર દીવાલોમાં  સૂનમૂન, દિગ્મૂઢ !
પ્રભુના પયગંબરો જેવાં
અમારાં બાળકોનાં દફ્તરો
સાપે ઉતારી નાખેલી કાંચળીની જેમ
ખભા પરથી ઉતરીને
કંઈ કેટલાય દિવસોથી
લંચ બોક્સની રાહ જોતા પડ્યાં છે ખૂણામાં !!
અમારા નિર્જન માર્ગો પર પુરપાટ ઝડપે
દોડે છે કેવળ 108..!
જીવન માટે વલખાં મારતી એની ચીસોથી ચીરાઇ રહ્યા છે અમારાં કાન.

અમારી દુકાનો, ઓફિસના તાળાં
કટાઈ રહ્યાં છે!
અમારી મીલોના ભૂંગળા શોધી રહ્યા છે પોતાના અસ્તિત્વને.
કારીગરોના હાથ ડાયમંડની ચમક વિના નિસ્તેજ પડ્યા છે !
ખર્ચાઈ ગયાં છે અમારાં ખિસ્સાઓ..!
દુઃખ, મુસીબત અને આઘાતના
કિસ્સાઓ કહી કહીને
અમારી જીભ લથડવા લાગી છે.
પણ ......
હવે થોડા દિવસોમાં જ
કોરોના, અમે તને હાંકી કાઢીશું
આ શહેરમાંથી હડકાયા કુતરાની જેમ...
ફરી પાછા અમારાં ફેફસામાં નવો પ્રાણ પૂરાશે.
ફરી અમે રચીશું મહેફિલો
મિત્રોની અને સંગીતની.
ફરી અમે ઉજાણી કરીશું
સ્પર્શની ગંધની અને સ્વાદની.
અમારાં બાળકોનાં દફતરોમાં કેદ
કિકિયારીઓને ફરી અમે સાંભળીશું.
ફરીથી દુકાનો અને ઓફિસોનાં તાળાં ખુલશે.
ખુલશે મિલો અને એના ભૂંગળા સફાળા જાગી ઊઠશે.
ફરીથી ડાયમંડની ચમકથી ઝગમગી ઉઠશે અમારું સુરત.
ગુલાબી કાગળોમાં ચીતરેલા ગાંધી
ફરી ખડખડાટ હાસ્યથી ભરી દેશે
અમારાં ખિસ્સાઓ..!!
ફરી હા, ફરીથી
શરાબના ગ્લાસમાં
ઓગળતા આઇસક્યુબની જેમ
અમે ઓગાળી દઈશું અમારી પીડાઓને.
ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી બેઠા થવાની તાકાત સુરત પાસે છે.

## ડૉ. દક્ષેશ ઠાકર – પૂર્વ કુલપતિ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત – ૯૮૨૫૭ ૦૧૧૧૧

### ૦૬૧. આવ્યો કોરોના

મનુષ્યની ઔકાતને બતાવવા આવ્યો.
ધરતીવાસીને કાળ બનાવવા આવ્યો.

ધીમે પગલે છાનોમાનો એવો આવ્યો,
જિંદગીનાં તું  પાઠ ભણાવવા આવ્યો.

કુદરતની સોળે કળા નિખારવા આવ્યો,
સંબંધોની કદર અમને શીખવવા આવ્યો.

આમ ફરતાં માનવી, પીંજર પુરવા આવ્યો,
"પશુ પંખી નિર્દોષ છે" એ મનાવવા આવ્યો.

માનવની ભૂલોને સજા આપવા આવ્યો,
કરી કસોટી તું જાળમાં ફસાવવા આવ્યો.

વગર પુરાવે ધરતી પર તું રહેવા આવ્યો.
બુદ્ધિજીવીને લાચાર બનાવવા આવ્યો.

કરી અમે દૂષિત હવા એમાં તું ફેલાયો,
તારા વાંકે સહન અમને કરાવવા આવ્યો.

કોરોના તું બદનામ છે, તારી મહામારી છે.
હવે તો તારો વારો છે, વિદાયની તૈયારી છે.

**દેવિકા ચૌહાણ – રાજકોટ - 94284 52090**

## ૦૬૨. દર્શન

મહિને કે
બે મહિને
પગની પાનીએ
તારા જળનો
સ્પર્શ જરૂર થતો હતો.
ખોબોક જળ
શિખા સુધી
ફરતું રહેતું
બીજા દર્શન સુધી.
પણ લોકડાઉનના
આ સમયમાં
તું કેવળ સ્મરણમાં છે
શાસ્ત્રમાં તો કહેવાયું છે કે
'તારું સ્મરણ માત્ર પવિત્ર છે'
ને હું રોજ લોકડાઉનમાં
પવિત્ર થતો જાઉં છું.
હું એટલો પવિત્ર
ન થઈ જાઉં કે
તારું દર્શન પણ ન કરી શકું
હે તાપી !!!!

ધ્વનિલ પારેખ – સુરત – ૯૪૨૬૨ ૮૬૨૬૧

## ૦૬૩. મુક્તકો

સૌ બુકાની બાંધીને ફરતા મળે
તોય કોરોના છૂપી રીતે છળે...
દેશ ને દુનિયા સખત દાઝી ગયા-
કે ભયાનકતા બધે ઝળહળ બળે

***

શહેર ખુદ સૂનું પડે છે
ઘર, ગલી, રસ્તા રડે છે
દુર્દશા કેવી ખતરનાક !
જાત સાથે સૌ લડે છે...

***

હા, ભરોસો નામની છે ચીજ પણ
શું કરું હું સાંભળું છું ચીસ પણ ?
કેવી છે નાજુક પરિસ્થિતિ જુઓ !
ઊતર્યાં અસ્તિત્વનાં સૌ ચીર પણ...

***

દુશ્મનીના ખોફમાં જીવન હણ્યું
માનવીએ ધરતી પર પુષ્કળ સહ્યું
વણનિમંત્ર્યો એક તું મહેમાન છે-
એય કોરોના ! હવે જા, બહુ થયું...

## ૦૬૪. મુક્તકો

હોઠ પર દિનરાત એક જ આસ્ક છે
યાર, કોરોના ભયંકર ટાસ્ક છે...
આવતી કાલે હવે પણ શું થશે ?
સર્વ ચહેરાએ પહેર્યા માસ્ક છે!
(આસ્ક = પ્રશ્ન, સવાલ)

***

દૂર રહેવામાં જ સાલી છે મજા
આવવામાં પાસ જાણે છે સજા...
આપણે ખુદ આપણા માટે હવે-
ચાલ, ફરકાવીએ સુરક્ષાની ધજા !

***

કોરોના કોરોના કોરોના કોરોના...
જીવન સાથે રમતો હો જાણે ખિલૌના !
આવી તારી જિદ બહુ સારી નહિ, સમજે છે ?
હંસતે લોગોં કો સિખા દિયા ક્યોં રોના ?

***

થાક, કંટાળો, અસુખ લાગ્યા કરે
મારું હોવું ખુદ મને વાગ્યા કરે...
જ્ઞાન ને વિજ્ઞાનની પણ હો સીમા-
આંધળી શ્રધ્ધા સતત જાગ્યા કરે!

## ૦૬૫. મુક્તકો

જિંદગીનું મૂલ્ય તો સમજાય છે
મૃત્યુના ડરથી સમય ગભરાય છે
સાબુથી હાથોને ધોઈ ધોઈને...
હસ્તરેખા ક્યાં હવે વંચાય છે?

***

મૌન કણસે લોકડાઉનમાં જુઓ
શબ્દ શોધું  ટોકડાઉનમાં જુઓ
દુર્દશા જોઈ દિશાઓની પછી...
માર્ગ તૂટ્યો વોકડાઉનમાં જુઓ !

***

ચોતરફ કેવી જુઓ મરકી પડી છે !
માંદગી ગંભીર બસ ફરકી પડી છે...
આ સમય જીવલેણ લ્યો, શાને બન્યો ખુદ ?
શ્વાસની રફતાર પણ સરકી પડી છે!

***

હે કોરોના :
હોય છે આતંકવાદી તું મહાન...
આવશે ઠેકાણે ક્યારે તારી શાન ?
ચેન ક્યાં છે ? ક્યાં ખુમારી ચાલી ગઈ ?
દેશ ને દુનિયા કરી દીધા છે બાન!

કોરોના કાળમાં જેમણે જાનની પરવા કર્યા વિના દર્દીઓની સેવા કરી
અને જાન પણ ગુમાવ્યો. તેમને વંદન.
તેઓ તો 'કોરોના કાળના કાવ્યો' સ્પર્ધાના નિર્ણાયક હતા. પણ નિર્ણય લે તે પહેલાં જ...

## ૦૬૬. આ દિવસો પણ જશે

કોઈ રાત એવી ક્યાં છે કે જે કાયમની ટકશે,
સુખનો સુરજ ઉગશે વ્હાલા, સુખનો સુરજ ઉગશે.

આજ ભરોસો જકડી રાખો
હાથ હાથમાં પકડી રાખો
બધું હતું એવું જ થશે ,
ને પળમાં પીડા વહી જશે,

આ દિવસો પણ જશે વ્હાલા, આ દિવસો પણ જશે.

વિકટ સમયની આયુ ઓછી,
વીતી જશે પલકારામાં.
કોણ અહીં છે એવું જે
કાયમ રહેતું અંધારામાં.

ધગધગતા રણ વહી જશે,
સુખની નદીઓ ખળખળશે
આ દિવસો પણ જશે વ્હાલા,
આ દિવસો પણ જશે.

દિલીપ રાવલ – મુંબઇ

## ૦૬૭. ખૂબ શેખીમાં હતી

ખૂબ શેખીમાં હતી જે મસ્ત, ઉતર્યો મેદ છે
ને કપાળે આખી માનવજાતના પ્રસ્વેદ છે
આક્રમણ એ હદનું કોરોનાનું ફેલાયું બધે
માનવી દુનિયાના પોતાના ઘરોમાં કેદ છે

- ડો. દિના શાહ

## ૦૬૮. શું છે બોલો?

આ વિસર્જન કે નવસર્જન, શું છે બોલો?
ઝાકી પોતાનું અંતરમન, શું છે બોલો?

આ કોરોના માત્ર બહાનું લાગે મિત્રો,
કોપ એનો કે તાંડવ-નર્તન, શું છે બોલો?

અડકે સૌને તો પણ ના એ સૌને અડતું,
કર્મોનું સગપણ કે બંધન શું છે બોલો?

રોજ સવારે સૂરજ ઉગે નિયમિત રીતે,
સ્હેજ કરીને ભીતર મંથન શું છે બોલો?

ઇચ્છાઓના જંગલમાં અટવાયા 'નાદાન',
સ્હેજ કરીને આંતરદર્શન શું છે બોલો?

દિનેશ ડોંગરે 'નાદાન' – ૯૮૯૮૩ ૪૬૮૭૭

## ૦૬૯. નથી ને?

ફરી પડખું ફરતો સમય તો નથી ને?
કહે લોક તે આ પ્રલય તો નથી ને?

તમે અસ્ત માનો છો દુનિયાનો જેને,
એ નૂતન જગતનો ઉદય તો નથી ને?

નિરાશાની વચ્ચેય જીવે છે આશા,
વચન ઈશનું એ અભય તો નથી ને?

ન સામે પડયા કે ન તરફેણ કીધી,
તમોને છુપો કોઈ ભય તો નથી ને?

હવે સૂર્ય પણ ઝાંખો લાગે છે 'નાદાન',
જુઓ એની ફરતે વલય તો નથી ને?

દિનેશ ડોંગરે 'નાદાન' – ૯૮૯૮૩ ૪૬૮૭૭

## ૦૭૦. માણસો ભયભીત છે

દ્વાર ખોલી માણસો ભયભીત છે,
હોઠ ગુમસુમ પણ હ્રદયમાં ગીત છે.

થોડો સંયમ થોડી ધીરજ રાખજો,
આખરે તો જિન્દગીની જીત છે.

આ સમયની છે કરામત એવી કે,
એમ લાગે રસ્તે રસ્તે ભીંત છે.

બોલને ભગવાન તારા મનની વાત,
આમ અળગા થઈ જવું કૈં પ્રીત છે?

એમ કંઈ છૂટે નહીં શ્વાસો કદી,
માટીના કણકણથી સૌ મોહિત છે.

હાથ મિલાવી અમે તો ભેટશું,
ચાહવાની એ જ ગમતી રીત છે.

દિનેશ કાનાણી

## ૦૭૧. જગ આખાને

મિત્રો, આજે જગ આખાં ને
પજવે છે છોગાળી બાળા;
કોઈ રોકે એ પ્હેલાં તો,
તોડ્યા દુનિયાભરનાં તાળાં !!

ચીનાઓની ભત્રીજી એ,
કોરોના વાઇરસ એનું નામ;
બે-ચાર મહિનામાં તો જાણે,
થઇ ગઇ એ પાક્કી બદનામ !!

ઘરમાં સૌને પજવીને એ,
પ્હોંચી'તી સીધી સ્વિત્ઝર્લૅન્ડ;
ત્યાંથી આગળ વધતાં વધતાં,
ટ્રંપની યે બજવી દીધી બૅંડ !!

પશ્ચિમથી ભારત આવી એ,
રમવા મંડી'તી જ્યાં ઘર-ઘર ;
મોદી-યોગી વ્હારે આવ્યાં,
બન્યાં એની રાહ નાં પથ્થર !!

મોદીજીએ ખુદ આવીને,
જનમાનસને સમજણ આપી;
લોકડાઉનનાં માધ્યમ દ્વારા,
કોરોનાની ચેઇન કાપી !!

થાળી પીટી, તાળી પાડી,
ઘર ઘરમાં દીપક પ્રગટાવ્યાં;

કોરોના પણ અવઢવમાં કે,
આખર આ કેવી છે માયા ??

જીવ પર આવી કોરોનાએ,
થોડાં જણને શોધી કાઢ્યાં ;
કે જેઓએ ભારતભરમાં,
કોરોનાનાં પગલાં માંડ્યાં !!

સૌ રાજ્યો ને હર પ્રાંતોમાં,
કોરોના હાહાકાર કરે ;
ભોગ બનેલા ભોળા લોકો,
આક્રંદ અને ચિત્કાર કરે !!

ડૉક્ટર્સ, નર્સીસ ,પોલીસોને
સેવા ને ડ્યૂટી સૂઝે છે ;
જનતા ગદ્ ગદ્ થઇ એ સૌને
ઇશ્વરને સ્થાને પૂજે છે !!

આ હાલતમાં મોદીજીનાં,
આદેશોને સૌ માનીએ ;
નિજ ઘરમાં સંયમથી રહીને,
આ કોરોનાને મારીએ !!

માસ્ક લગાવી, દૂરી રાખી,
એવું ઉમદા કામ કરીશું;
મક્કમતાથી કોરોનાને
આપણે સૌ આહ્વાન કરીશું !!

થાકી હારી કોરોનાએ,
ભારતમાંથી ભાગવું પડશે;
સૌની ધીરજ ફળશે જોજો,
સુખનો સૂરજ પાછો ઉગશે !!

## દિવ્યા મોદી

## ૦૭૨. ડોન્ટ હગ મી ડેડી...

એને પહેલીવાર ચાલતાં જોઇ
ત્યારે ગળે વળગાડેલી...
ખૂબ રડેલો હું...
પછી એ ક્યારેય ચાલી જ નથી
દોડી છે...
સ્કૂલમાં ટોપર, કોલેજમાં ગોલ્ડમેડલ, દુનિયાની શ્રેષ્ઠ કોલેજમાં એડમિશન....
અને હું દરેક વખતે એને
ગળે વળગાડી બોલ્યાં કરતો-વેલડન માય શેર...

કશું પણ સારું કે ખરાબ થાય
હું એને ગળે વળગાડી લઉં
એ ખૂબ હસે અને ક્યાં તો ખૂબ રડે...
આ શિરસ્તો હતો અમારો

એ રાત્રે એરપોર્ટ પર
એને એક વર્ષે જોઇ
તો રહેવાયું નહીં-દોડી ગયો એની તરફ
અને એ હાથ બતાવી બોલી
નો ડેડ, ડોન્ટ હગ મી....

કરવત ફરી ગઇ શરીર પર..
ક્વોરન્ટાઇન તો માણસોને કરી શકાય ને,
મારામાં રહેલાં બાપને ક્વોરન્ટાઇન
ક્યાંથી કરું?

દીકરીને ગળે મળતાં બાપને
ઇશ્વર પણ રોકી શક્યો નથી
વાઇરસ, તારી શું વિસાત
હિંમત હોય તો આવ...

કમ એન્ડ હગ મી...!!!

## એષા દાદાવાળા – સુરત – ૯૦૯૯૦ ૪૮૮૮૨

## ૦૭૩. લૉક ડાઉન ચાંદરણા

*માણસ દ્વારા પોતાની આવી અવગણના સમયે ક્યારેય નથી અનુભવી

*ઘરની ભીંતો બ્હાર જતી ના રહે એ જોવા માણસ ઘરમાં રહે છે.

*ભીડ જોઈને હવાને શ્વાસ ચડે છે.

*ટીવીનાં ન્યૂઝ રીડરને સમાચાર કરતાં આપણા ડરમાં વધારે રસ છે.

*વિશ્વનાં મોટા ઉદ્યોગપતિઓને શાકભાજીનાં ફેરિયાઓએ ઘરે બેસાડી દીધાં છે.

*અફવા કોરોનાને પોતાની ફેલાવાની કળાનો હરિફ સમજે છે.

*ઈશ્વરનાં શક્તિ પ્રદર્શનને આપણે કોરોના કહીએ છીએ.

*કવિઓ માસ્કને હોઠનો ઘૂંઘટ કહે છે.

*ડીવાઈડરનાં વૃક્ષો વાહનો વગરની નિર્વસ્ત્ર સડકોને તાક્યા કરે છે.

*નવરાશમાં આશાનાં કિરણનું મહત્વ ઘટ્યું છે.

*મનુષ્યની સહનશક્તિ જોઈ ને ઉદાસી મૂંઝવણ અનુભવે છે.

*કશું પણ કર્યા વગર માત્ર હાથ ધોવાથી જીવી શકાય છે.

*આપઘાત કે ખૂનનાં પૉસ્ટમોર્ટમમાં છેલ્લા હાથ ક્યારે ધોવાયા છે એની તપાસ થાય છે.

*પંચતત્વોમાં જળતત્વનો મહાસત્તા તરીકે બિનહરિફ વિજય થયો છે.

ગૌરાંગ ઠાકર – સુરત – ૯૮૨૫૭ ૯૯૮૪૭

## ૦૭૪. અમારો સારથિ તું છે

અમારો સારથિ તું છે, અમારે વાત કરવી છે;
અમારા રથનાં સમતોલનને માટે વાત કરવી છે.

તમાશો જોઈને થાકેલી આંખોએ મને કીધું,
કે પેલા સંભવામિવાળા સાથે વાત કરવી છે.

અમારી ચોતરફ તો તરબતર છે, પણ પણે રણમાં,
હરણનાં પાણિયારા બાબતે બે વાત કરવી છે.

હું તારી દુશ્મનાવટ પાણી પાણી કરવા નીકળ્યો છું,
મહોબત આંખમાં આંજીને મારે વાત કરવી છે.

આ મારી ફૂલદાની છે, તને ના પણ પસંદ આવે;
પરંતુ મારે તો ફૂલોનાં બહાને વાત કરવી છે.

તમે આવી ગયાં છો તો હવે છેલ્લે સુધી બેસો;
સભામાં મારે જે કહેવી નથી એ વાત કરવી છે.

ગૌરાંગ ઠાકર – સુરત – ૯૮૨૫૭ ૯૯૮૪૭

## ૦૭૫. લાવશે તો જ રંગ

લાવશે તો જ રંગ લૉક ડાઉન;
આપણે કરીએ સંગ લૉક ડાઉન.

દોસ્ત આનંદ એટલે છે કે;
સરહદો પર છે જંગ લૉક ડાઉન.

તેજ, ભોમ, આભ, વાયુ બંધ નથી,
કે નથી જળતરંગ લૉક ડાઉન.

બારીથી બ્હાર જોતાં યાદ આવ્યું,
મેંય કીધાં'તા વિહંગ લૉક ડાઉન.

માણસાઈની હાટ ખુલ્લી રાખ,
હા, નહીં થાય ભંગ લૉક ડાઉન.

ગૌરાંગ ઠાકર – સુરત – ૯૮૨૫૭ ૯૯૮૪૭

## ૦૭૬. કોરોના ઇફેક્ટ

ટોળ ટપ્પા વગરના વાડા
સૂનાં  આંગણ ને પછવાડાં

સૂરજ એ નો એ જ પરંતુ
આવ્યા ખૂબ જ કપરા દા'ડા.

હાથ જ બંને વેરી થૈ ગ્યા
કાપી  આપો  બંને  કાંડાં!!

મહોરાં કાયદેસર સૌ પ્હેરે
લોક પડે ના હવે ઉઘાડા!!

દંશ  લઈને  નાગ  ફરે છે
વાસી દે દરવાજા, ગાંડા!

એક અડપલું પણ ના કરશો
ગંભીરતામાં પડશે ખાડા!

પહેલાં ક્યાં જોયાં 'તાં આવાં?
લાશોનાં બસ ધાડે ધાડાં!!

ગાયત્રી ભટ્ટ

## ૦૭૭. કોરોના તૈયાર ઊભો છે

તારાં ખાંચે, તારા ઘરની બહાર ઊભો છે !!
ભરડો લેવા કોરોના તૈયાર ઊભો છે !

અંતર રાખો ! સંસર્ગ ત્યાગો, તનને ઢાંકો !
તનમાં દાખલ થાવા, દઇ પડકાર ઊભો છે !

ઘરમાંથી તું નીકળે એની વાટ જુએ છે,
હાથમાં લઈને  મોત રૂપી ફૂલહાર, ઊભો છે !

જેને વળગ્યો એની, એના ઘરવાળાની,
પીડા, લાચારી, દુઃખનું થઈ દ્વાર ઊભો છે...

ઘરમાં રહીને દેશની સેવાનો છે મોકો,
ઊગરો ને ઉગારોનો આ, કલ્યાણક વિચાર ઊભો છે..

જાન હશે, તો જંગ જીતીશું, જગ જીતીશું..
સામે જો ! શાંતિ-સુખનો સંસાર ઊભો છે...

**ગિરિરાજ આર. બ્રહ્મભટ્ટ 'સરળ', વડોદરા**

## ૦૭૮. ગઝલ

આફત માથે જબરી થઇ  છે,
ધીરજ ધરવી કપરી  થઇ  છે.

ખિસ્સામાં ખાલીપો સૂતો,
સઘળી ઈચ્છા નવરી થઇ  છે.

રસ્તા આજે ઘર બન્યા 'ને,
લાચારી ઘરવખરી થઇ છે.

બોરાં એઠાં કરવા બેઠી,
ઘાંઘી ઘાંઘી શબરી થઇ છે.

પ્હેલેથી પાણીના સાંસા,
એમાં પાછી પથરી થઇ છે.

ગિરીશ રઢુકિયા 'ગ્લૉબલ' - અમદાવાદ – 76004 19464

## ૦૭૯. ગઝલ

પ્રેમની વ્યાખ્યા હવે બદલાય છે,
દૂરતા રાખી અને જીવાય છે.

રોજ મળવા આવવાની જીદ જો,
ક્યાંક ખૂણામાં પડી કરમાય છે.

ઊંઘ ના આવે, ન લાગે  ભૂખ પણ,
શું તને આવું બધુંયે થાય છે.

ભેટ તારી રોજ હું ચૂમ્યાં કરું,
આમ કરવાથી જ રાહત થાય છે.

સત્ય સામે આવતું જોઈ અને,
ભાવ ચ્હેરાના તરત બદલાય છે.

ગિરીશ રઢુકિયા 'ગ્લૉબલ' - અમદાવાદ  - 76004 19464

## ૦૮૦. ગઝલ

એ દિવસો પણ પાછાં વળશે, ધીરજ ધરજો,
પાછાં  રસ્તાઓ ખળભળશે,
ધીરજ ધરજો.

પીડાઓના પ્હાડો છો ને માથે આજે,
કાલે નક્કી એ ઓગળશે,
ધીરજ ધરજો.

આજે ઘરમાં પૂરાયાની ચિંતા કેવી?
ઘરમાં પણ સ્વર્ગ નીકળશે,
ધીરજ ધરજો.

કાલે પાછી ઊગવાની સુખની ઉષા હોં,
દુઃખનો સૂરજ સાચ્ચે ઢળશે,
ધીરજ ધરજો.

મનગમતાં ચ્હેરાઓ તમને પ્હેલાં માફક,
પ્હેલાં માફક આવી મળશે,
ધીરજ ધરજો.

**ગિરીશ રઢુકિયા 'ગ્લૉબલ' - અમદાવાદ – 76004 19464**

## ૦૮૧. અછાંદસ

કારણ કે કારણ વિના સવારથી સાંજ સતત ધબકતી
દશ માળ ની આ ઈમારત સ્તબ્ધ છે
એનો ખૂણે ખૂણો જાણે નિઃશબ્દ છે
કોલાહલ થી થતી જે સવાર અને રાત
જાણે પરગ્રહ થી ઉતરેલી બીક નો ધાક

કોઈ કોઈને અડતું નથી, કોઈ કોઈને મળતું નથી
શું ઘર ને શું બાહરે બધેજ આજકાલ
સજીવ ને નિર્જીવ સહું અસ્પૃશ્ય છે
શ્વાસ તો લેવો પડે મજબુરી છે
મોઢે બાંધી બુકાની બાંધી વિના વાંક

બાળકો ઘરમાં કેદ થઈ બેઠાં વડીલો રોજી રોટી માટે દોડતાં
ગૃહિણી ઉભળક જીવે રાંધતી
ભય સંતાડીને ઘરને સંભાળતી
ક્યારે કેદ માંથી છૂટવાનું થશે
હજી ક્યાં સુધી આ ગભરાટ

ઘોલા માં લપાઈને બેઠેલાં કબુતર અટકી અટકી ને ડરી ડરી ઘુ ઘુ કરે
લીમડાના ઝાડ પરનો કાગડો પણ
શૂન્યમનસ્ક થઈ કાંવ કાંવ કરે
ઘડીક વૃક્ષના પાંદડા ફરફરે
ડાળી એ ડાળીએ ખિસકોલી અવાક

આ બીમારી જોને કેવી ગેબી છે છે કે નથી કેવી છે વાત ભેદી છે
કહે છે કે દવા નથી કેમ કરશું

ગિરીશ શર્મા 'શાગીર્દ' - નવસારી - ૯૩૭૬૧ ૧૧૫૯૦

## ૦૮૨. બીમારી

કોઈ હરાવો આ ગેબી બીમારી,
કોઈ ભગાવો આ ચેપી બીમારી

દવા નથી તો દુઆ સહું કરીને,
કોઈ મટાવો આ કેવી બીમારી

અડતાં નથી મોઢે બાંધી બુકાની,
કોઈ બચાવો આ એવી બીમારી

દુનિયા આખી શોધે છે ઉપચારો,
કોઈ જણાવો આ દેખી બીમારી

ઈશ્વર અલ્લા શાગિર્દ ભેગા છે,
કોઈ  ઉગારો આ ભેદી બીમારી

ગિરીશ શર્મા 'શાગિર્દ' – નવસારી – 93761  11590

## ૦૮૩. કોરોના કિટ

એ ઊભી રહી ગઈ હતી,
કાળી રાતનો અંધાર ઓઢી
એક અંધારા ખૂણામાં
પેટની ભૂખ ઠારવાની લાલચે
બીજી ભૂખનો પર્યાય બની.
ભળભાંખળું થતાં જ
એ પાછી ફરી.
રોજની જેમ ખાલી હાથે.
શરીર શરીર વચ્ચે અંતર રખાવતા
આ કોવિદ કાળે તોડી હતી એનાં ધંધાની કમર પણ.
એ ઘરની છેલ્લી બચેલી
સો રૂપિયાની નોટમાં જોઈ રહી -
ઉધરસ અને તાવમાં કણસતી ભૂખી દીકરી,
સતત ખાંસતુ અને હાંફતું જતું પોતાનું શરીર,
કોવિડ હોસ્પિટલની ભરચક ભીડ
અને કરિયાણાની દુકાન.
આખરે કરિયાણાની દુકાન જીતી ગઈ.
છેલ્લાં કેટલાંય સમયથી શીરો ખાવાની દીકરીની ઈચ્છા પાસે એ હારી ગઈ.
એ સાંજે મા દીકરીએ ભરપેટ શીરો ખાધો અને એ દીકરીને સોડમાં લઈ શાંતિથી સૂઈ ગઈ.
કરિયાણાની દુકાનનાં નસીબની
એ સોની નોટથી
એ ખરીદી આવી હતી
'કોરોના કાળ'
જેની કિટમાં હતાં
ઘી, ગોળ, લોટ અને

થોડી પારાની ટીકડીઓ પણ ........

-ગોપાલી બુચ

## ૦૮૪. મા મને યાદ બહુ તું આવે

દૂર દેશ બેઠું પંખીડું
ટહૂકો એક રટાવે.
મા મને યાદ બહુ તું આવે,
અજાણ્યુ આખુ અંબર જોને લીલાદવ લગાવે,
મા મને યાદ બહુ તું આવે,
મા મને યાદ બહુ તું આવે.

ધોંસ જમાવી ઘરમા ધૂસી આવ્યો છે ખાલીપો,
ખાલીપા સંગાથે ધ્રુસ્કે ચડ્યો છે રાજીપો.
બન્ને કાને હાથ દઉ પણ જૂના સાદ સતાવે.
મા મને યાદ બહુ તું આવે,
મા મને યાદ બહુ તું આવે.

અગનજવાળની આંધી વચ્ચે
પાંખ પડી પિંજરમા,
સાનભાન સઘળુ રાખુ પણ,
અંતર બહુ અવઢવમાં.
લાગે ઉડવા અધીર છું, કોઈ હાથ જરા લંબાવે.
મા મને યાદ બહુ તું આવે,
મા મને યાદ બહુ તું આવે.

સૂર્ય એક છે, ચાંદ એક છે,
એક ધરા એક આભ,
સહિયારા સૌ સમયચક્ર,
સહિયારા શુભ ને લાભ.
વસમી વેળા વિતી જાશે, ઝાઝું નહી હંફાવે.
મમતા એવી ધીર બંધાવે,
મમતા એવી ધીર બંધાવે.

મા મને યાદ બહુ તું આવે,
મા મને યાદ બહુ તું આવે.

- ગોપાલી બુચ

## ૦૮૫. કાળ થપાટો કોરોનાની

કાળ થપાટો કોરોનાની જબ્બે કરવા નીકળી છું,
હું દેહદેહનાં  અંતર વચ્ચે મનને મળવા નીકળી છું.
સ્વયંકેદના સમયચક્ર પર એકાંતે અંધારું છે,
ત્યાં આશાનો એક દીપ લઈ અજવાળું ધરવા નીકળી છું.

ગોપાલી બુચ

--

## ૦૮૬. સમજીને રહો

સમજીને રહો સૌ પોતપોતાના ઘરમાં,
નહીં તો નિશ્ચિત છે વાસ સૌનો કબરમાં !

મોકો મળ્યો છે સ્વ સાથેના સંવાદનો,
ફરાય એટલું ફરો એકાંતના નગરમાં !!

જીવતા રહેવાશે તો જ જીતાશે દુનિયા,
નહિતર નામ હશે મોતની ખબરમાં !!

પરિસ્થિતિને પલટી નાખીએ પળવારમાં,
વિતાવીએ હર ક્ષણ આનંદના અવસરમાં !!

મળતો નથી આવો "પરમ" મોકો રોજ રોજ,
"પાગલ" બની ન આવો જૂઠી ભરમારમાં !!

ગોરધનભાઈ વેગડ – 'પરમ પાગલ' – સુરત

## ૦૮૭. માંગવી પડશે

પરિસ્થિતિ બદલવાને દુઆઓ માંગવી પડશે;
પ્રકૃતિ પાસે કંઈ ચોખ્ખી હવાઓ માંગવી પડશે.

અગર રસ્તો છે તો મંઝિલ હશે નક્કી કશે કોઈ;
અનુભવને ટટોળીને દિશાઓ માંગવી પડશે.

લખાઈ છે જે પુસ્તકમાં ચમત્કારોના વર્ણનની;
કદી જે સત્ય થઈ'તી એ કથાઓ માંગવી પડશે.

અચાનક થઈ પ્રગટ ક્યાંથી મહામારી આ કોરોના;
ખબર કોને હતી જ્યાં ત્યાં દવાઓ માંગવી પડશે.

નજરકેદી સમયના હું, તમે ને આપણે સઘળા;
ખબર અંતર પૂછી ને સાંત્વનાઓ માંગવી પડશે.

ન જાણે કોને, ક્યારે કાળ ભરખી જાય ઓ "નાશાદ";
અદીઠી શક્તિથી સૌએ કૃપાઓ માંગવી પડશે.

ગુલામ અબ્બાસ 'નાશાદ'
બી-૩૦૨, તાજ બુરહાની કોમ્પલેક્ષ, નવયુગ સ્કુલ પાસે, ફતેગંજ, વડોદરા ૩૯૦૦૦૨
૯૮૨૪૦ ૭૪૨૪૯

## ૦૮૮. લોક ડાઉન છે

ધારે તે કરી શકતો, શૂરવીર લોક ડાઉન છે,
આજ એ કાળા માથાનો, માનવી'ય લોક ડાઉન છે..

કેવી સિચ્યુએશનમાં સૌ અહીં મૂકાયા છે,
સાંપડી નિકટતા પણ,સ્પર્શેન્દ્રિય લોક ડાઉન છે.

કાળ તો ગયો થંભી, હું મને વિતાવું છું,
વર્તમાન લોક ડાઉન છે, ને ભવિષ્ય લોક ડાઉન છે.

સેવા ચાકરી એની કરવી છે સ્વજનને પણ,
સૌની આંખ સામે છે એ મરીઝ લોક ડાઉન છે.

શેઠ સાહેબોની આ કેવી મહેરબાની થઈ,
મોટા મોટા શહેરોમાં શ્રમજીવી'ય લોક ડાઉન છે.

સ્વાવલંબી બનવાની તક મળી છે સામેથી,
અલ્લા ગોડ ઈશ્વરની બધ્ધી લીંક લોક ડાઉન છે.

ગુણવંત ઠક્કર 'ધીરજ' – સુરત – ૯૮૨૫૫ ६૭૫૭૫

## ૦૮૯. વિરાટની સૂક્ષ્મ તકરાર

એક વિરાટની સૂક્ષ્મ તકરાર છે.
વિશ્વમાં રોજ રોબોટ રફ્તાર છે.

ઠેસ વાગે છતાં જે સુધરતો નથી,
એ બને રોજ પથ્થર લગાતાર છે.

જે કટોરો ટકોરે રણકતો નથી,
જાણવા ગીત સંગીત લાચાર છે.

રોદણાં, છાજિયાં, ખેદથી શું વળે?
આ ખરેખર સમયની પલટવાર છે.

કાગડોળે જગત રાહ જોયા કરે,
કેમ મોડો થયો વિષ્ણુ અવતાર છે.

છે ઉપાયો બધા આંખ સામે છતાં,
કયાં જીવનમાં જીવનનો સમજ સાર છે.

સ્તબ્ધ પંખી, પવન કે નદીતટ નથી,
ઈશ્વરી રોષની કેમ ચકચાર છે?

ગુણવંત વૈદ્ય - **UK.. Mob. +44 79587 56682**

## ૦૯૦. જિંદગી

છોડી શરમ ને લાજ તું લલકાર જિંદગી.
આળસ, પ્રમાદને પછી પડકાર જિંદગી.

જે ભીતરે ટકોર કરે રોજ સંગીતી,
સાંભળ, અસલ અવાજનો અણસાર, જિંદગી.

પડકારશે જરૂર તને પણ મુશીબતો,
કરજે મુકાબલો, કરે સહકાર જિંદગી.

તલવાર ધારદાર ડગર પર, છતાં ન ડર.
ક્યાં પરવડે છે રોજની તકરાર, જિંદગી.

જીવન સફર મહીં છે અનુભવ અલગ અલગ,
હર મોડ પર કરે છે ચમત્કાર, જિંદગી..

ગુણવંત વૈદ્ય - UK.. Mob. +44 79587 56682

## ૦૯૧. બાકી તો લીલા લ્હેર છે

જંતુ સમજવાનો વખત, બાકી તો લીલા લ્હેર છે.
ટપકે કમોતે જનજગત, બાકી તો લીલા લ્હેર છે.

'જો જગ મરે તો છો મરે, હું ને ભલું મારુ જગત,'
એવું કહે છે જડભરત, બાકી તો લીલા લ્હેર છે.

સરકારની પડઘાય સમજાવટ નગારે પડઘમે,
રાખું સમજ કાબેલિયત, બાકી તો લીલા લ્હેર છે.

ભૂલી જશું બીજું બધું શાને મહાભારત નહીં ?
ક્યારે ખતમ થાશે લડત, બાકી તો લીલા લ્હેર છે.

પ્રત્યેક માનવનું જીવન મુશ્કેલ છે, શંકા નથી,
બદલાવ માંગે છે સખત બાકી તો લીલા લ્હેર છે.

ગુણવંત વૈદ્ય **- UK.. Mob. +44 79587 56682**

## ૦૯૨. ઘરમાં રહો

આખા જગતને ચાહવા ઘરમાં રહો,
ઘરને સલામત રાખવા ઘરમાં રહો.

આ બ્હાર ભાગમભાગ બહુ કીધી તમે ?
હૈયું ભરીને હાંફવા ઘરમાં રહો.

કોઈ છટકબારી પ્રવેશી જાય તો ?
તો બારીઓને વાખવા ઘરમાં રહો.

ચારે દિશાએ દોડીને શું મેળવ્યું ?
ચારે દીવાલે મ્હાલવા, ઘરમાં રહો.

ઈચ્છાહરણ તો કાયમી કૂદયા કરે,
રાવણ બધાએ નાથવા, ઘરમાં રહો.

વાચાળ બાળક, મૌન મા, મક્કમ પિતા,
સઘળાં દરદની છે દવા, ઘરમાં રહો.

નીંદર બિછાવી ગાદલું રાહે ઊભું,
સપનાં રૂપે બસ ફાલવા ઘરમાં રહો.

- હરદ્વાર ગોસ્વામી

## ૦૯૩. એક દીવો પ્રગટાવી દે ને

અમથા અમથા રાતે ફરતા, એક દીવો પ્રગટાવી દે ને.
અંધારાને કોસ્યા કરતા, એક દીવો પ્રગટાવી દે ને.

દરિયાના આ દસ્તાવેજો, તારા નામે તૈયાર જ છે,
મધદરિયામાં તરતા તરતા, એક દીવો પ્રગટાવી દે ને.

નવી પેઢીને નામે થોડું અજવાળું તો પાથરતો જા,
છેલ્લા શ્વાસે મરતા મરતા, એક દીવો પ્રગટાવી દે ને.

મદિરમાં તો ઝળાહળાંનાં ઝુમ્મર, ઉપર સૂરજ ચમકે,
એક ઝૂંપડા બાજુ સરતા, એક દીવો પ્રગટાવી દે ને.

શ્વાસોમાં સૂતેલી સાંજો ફરી જૂઈને મળવા દોડે,
એક અજાણ્યું જણ સાંભરતા, એક દીવો પ્રગટાવી દે ને

**હરદ્વાર ગોસ્વામી**

# ૦૯૪. માહોલ ભયનો

ચારે તરફ જોયા કરો માહોલ ભયનો છે
શંકાના બી' બોયા કરો માહોલ ભયનો છે

અદ્રશ્ય શત્રુ બેઠો જ છે મોકાની રાહમાં
હાથને સતત ધોયા કરો માહોલ ભયનો છે

વ્યક્તિ જ નહીં વિચાર પણ કોરંટાઇન છે
ખાલી ક્ષણો પ્રોયા કરો માહોલ ભયનો છે

અંધારાનો દોરો હરક્ષણ વધતો ચાલ્યો છે
દીવાને  પ્રગટાવ્યા કરો માહોલ ભયનો છે

હરેશ વડાવિયા

## ૦૯૫. કરું છું પ્રાર્થના

કરું છું પ્રાર્થના, સૌ બદનજરને થાય કોરોના
હજારો વણબુઝાયેલી તરસને થાય કોરોના

અમીરોનું જ આધિપત્ય છે જ્યાં ચાલવા માટે
ગરીબોને નકારે એ સડકને થાય કોરોના

કરી દે અણસમજ આખા જમાનાને હવે, અથવા
કરે જે ભેદભાવો એ સમજને થાય કોરોના

પ્રવેશે વીજળીની જેમ,બાળી દે ખૂણેખૂણો
જીવનમાં આવતા એવા  વખતને થાય કોરોના

કમોતે અંત આવે જો ઘણા ઘરના ચિરાગોનો
થતી ત્યારે તમન્ના કે મરણને થાય કોરોના

**હર્ષ બ્રહ્મભટ્ટ**

## ૦૯૬. કોરોના ગીત

ઘરમાં રહીને મોજ કરીએ રે
ઘરમાં રહીને મોજ,
ઘરમાં હેમખેમ રહીએ ઓ ભેરુ,
ઘરમાં હેમખેમ રહીએ.

ચારેકોર લાશોનાં ઢગલા દફનાવા ક્યાં જાશું ?
રડતી માનવતાને ઘરપત કેમ કરીને દેશું?
મહામારીનાં સંકટસમયે હિંમત જરા ન હારીએ,
ઘરમાં હેમખેમ રહીએ ભેરુ,ઘરમાં હેમખેમ રહીએ.

કુદરત કેરો કોપ જોઈ  આંખોમાં આવે જળજળિયા,
કદમ કદમ પર સાથ દેજો ઈશ્વર,અલ્લાહ,રમૈયા,
અમે ગુજરાતી,ખમીરવંતા,
હારે નહી કોઈ અહીંયા,
ઘરમાં હેમખેમ રહીએ ભેરુ,
ઘરમાં હેમખેમ રહીએ.

માણસ જેવો માણસ થઈ ગ્યો માણસથી સાવ છેટો,
કાલની ચિંતા લઈને બેઠો,શું કાળનો થાશે ભેટો?
તાવડી માંગે
તેર વાના,ત્યારે આપણ શું કરીશું?
ઘરમાં હેમખેમ રહીએ ભેરુ,ઘરમાં હેમખેમ રહીએ.

**હર્ષા ચૌહાણ**

## ૦૯૭. છે બધે બંધ

છે બધે બંધ આ દુનિયાનો માનવી બન્યો છે તંગ
જોઈ કુદરતનો અજબ રંગ માનવી બન્યો છે દંગ.

જુકવું પડ્યું છે પરિવાર સામે જે બન્યો હતો દબંગ
નઠારી બનો ગઈ પરિસ્થિતિ જીવન જીવવાનો

આ છૂટ્યો બહારના ભોજનનો  અનેરો સંગ
લખતો થયો માનવી કોરોના નો આરંભ ને અંત

હર્ષા દલવાડી 'તનુ' – જામનગર

## ૦૯૮. હારી જવું જરાય નહીં

હારી જવું જરાય નહીં પરવડે પ્રભુ!
એમાં શરમ તમારી નજરની નડે પ્રભુ!

હીબકે ચડી ગયું છે શહેર કોઈ બાળ'શું,
છાનું રખાય કેમ - નહીં આવડે પ્રભુ!

સંતાન વ્હાલસોયાં હતાં બેઉ સાંજના,
એ આરતી-અઝાન હવે નહીં જડે?પ્રભુ!

પોતે રડીને પોતે દિલાસાઓ આપીએ,
અમને બીજી તો કાંઈ સમજ ના પડે પ્રભુ!

એકાંતની આ ઘોર તપસ્યાનાં ફળ રૂપે,
વીતી ગયેલી સાંજ ફરી સાંપડે? પ્રભુ!

**હર્ષા દવે**

## ૦૯૯. કોરોનાના ડરથી

કોરોનાના ડરથી ઘરની બા'ર જવાનું ટાળે છે,
ઘરનો ખાલીપો ઘરને એવી રીતે સંભાળે છે.

આંગણ વચ્ચે કૂંડામાં રોપેલા તારા સ્મરણોને,
તુલસીપત્તાં સમજી મારું મન એને પંપાળે છે.

હું તારા સ્પર્શોના કિસ્સા હથેળીમાં પ્રગટાવું છું,
કપૂરની ગોટી જે રીતે લોકો ઘરમાં બાળે છે.

એક શક્યતાને એ શુદ્ધ કરે છે ગાળી-ગાળીને,
એક ધારણાને તડકામાં મૂકી એ ઊકાળે છે.

દૂર કશેથી આવીને ફેલાઇ વળેલા વિકારને,
એક શખ્સ કેવાં કેવાં આયાસ કરીને ખાળે છે!

**હર્ષદ સોલંકી**

## ૧૦૦. કોરોના ટાણે

ઘણાં આજ વીતેલી ક્ષણને સ્મરવા બેઠાં,
ઘણાં પુરાણાં જખ્મોને ખોતરવા બેઠાં.

ઘણાં મઠારે છે જૂના ગીતોના લયને,
ઘણાં અધૂરી ગઝલો પૂરી કરવા બેઠાં.

ઘણાં સ્વયમથી પણ છેટા જઇને બેઠાં છે,
ઘણાં જાતને જાત મહીં જોતરવા બેઠાં.

ઘણાં બરફની જેમ ઊભા છે થીજી જઇને,
ઘણાં આંખથી નેહ બની નીતરવા બેઠાં.

ઘણાં હજી ચર્ચામાં બેઠા છે અન્યોની,
ઘણાં સમય લઇ ધ્યાન જાતનું ધરવા બેઠાં.

**હર્ષદ સોલંકી**

## 101. नवीनं रामायणम्

‘कोरोना’ काले

दूरदर्शनात् पुनः प्रसारणं जातं

रामायणशृङ्खलायाः ,

तदैव CV CV

नगराणि वनानि जातानि,

पुलिसवीराः अभवन् निशाचराः ।

नापिताभावाज्जना

स्तापसेषु परिवर्तिताः ।

‘कोरोना’ शूर्पणखा

मुखावरणैः

अवरोधमकरोत्

सर्वेषां नासापुटानाम् ।

जनस्थानं शून्यं विलोक्य

भ्राम्यन्ति स्म

मद्यपा मदविहीनाः शुनकैः सह ।

कुम्भकर्णायते स्म

राज्यसर्वकारतन्त्रं

संक्रमितपिशिताशनानां

प्रसारकाले ।

सर्वकारपादुकाधरा

अधिकारिणः

अनन्दिग्रामे

नन्दिवत् पर्यचरन् ।

**शाखामृगवत्**
**सञ्चारमाध्यमजातं**
**प्रतिकक्षं गत्वा**
**सीता-वार्ताः प्राप्तुं प्रायतन्त ।**
**दशाननः कालो**
**जातो लक्षाधिकाननः ।**
**स्वकुटीरेषु**
**स्वास्थ्यं रक्षन्तो जनाः**
**जाता गृहसीम्नो लक्ष्मणरेखाबद्धाः ।**
**मिष्टान्नापणाः पिहिताः**
**उपाहारगृहाभावे**
**जीवद्भिर्जनैः**
**स्वात्मसु**
**प्रत्यक्षीकृतं रामायणम् ।**

**डॉ. हर्षदेव माधवः**
**८, राजतिलक बंगलोज, आबाद नगर समीपे, बोपल, अमदावादम्  380 058**

## ૧૦૨. નવીન રામાયણ

કોરોના કાળે
દુરદર્શનથી પુન: પ્રસારણ થયું
રામાયણ શ્રેણીનું,
ત્યારે
નગરો વન બની ગયા,
પોલીસવીરો બન્યા નિશાચરો (રાત્રે ફરનારા),
હજામોનાં અભાવે સજ્જનો
તાપસનાં રુપમાં પરિવર્તિત થયાં !
કોરોના (નામની) શૂપર્ણખા
મો ઉપર આવરણથી
અવરોધ કરે છે
બધાનાં નાકમાં.
નગરને શૂન્ય જોઈ
ભમે છે
મદ્યપાન કરનારાઓ
મદ વગર જ
કૂતરાઓ સાથે,
કુંભકર્ણ બની ગયુ છે
સરકારી તંત્ર

સંક્રમિત પિશાચો
ફરતાં હતાં ત્યારે.
પ્રસારકાલે
સરકારી પાદુકાઓ (હોદ્દાઓ)
ધારણ કરનારા
અધિકારીઓ
અનંદીગ્રામમાં
આખલાની જેમ ફરે છે.
વાંદરાઓની જેમ
સંચાર માધ્યમો ફરે છે
દરેક ઓરડામાં જઈને
સીતાનાં સમાચાર જાણવા.
દશ માથાળો (રાવણ) સમય
બન્યો છે લાખથીય વધુ
માથાવાળો.
સ્વગૃહે
સ્વાસ્થ્યની રક્ષા કરતા લોકો
ઘરની સીમારેખામાં
લક્ષ્મણરેખાથી બંધાયા છે.
મિષ્ટાન્નની દુકાનો
બંધ હોવાથી,
નાસ્તાગૃહનાં અભાવે
જીવે છે એકાંતમાં
પોતાની જાતને
રામાયણને જ પ્રત્યક્ષ કરતા.

- ડૉ. હર્ષદેવ માધવ

અનુવાદ – ડૉ. રીતા ત્રિવેદી.

નોંધ : અહીં રામાયણકાળનાં કેટલાક શબ્દો વિશેષ અર્થોમાં પ્રયોજાયા છે.

## ૧૦૩. કોરોનાનાં લાભો

ખાલી હાથે આવ્યા
ને ખાલી હાથે જવાનાં
એમ જે પ્રાચીન કહેવત છે
તે વ્યર્થ બને છે રોગને કારણે.
લઈ જાય છે તે સ્વર્ગમાં, પલકમાત્રમાં
સ્પર્શમાત્રથી જ સજ્જનો'ને.
સમ્બન્ધીઓ પણ જાય છે
જલદી સ્વર્ગે લીલાપૂર્વક જ.
રોગી સાસુને સ્પર્શવા મન કરે,
સસરાને ક્રોધથી જૂએ.
સેવક સંપર્ક કરવા ઈચ્છે સ્વામીનો (બોસનો સેવાર્થે)
ખરેખર સંક્રમિત રોગી હવે.
લેણદાર દેવાદારને સ્પર્શ પહોંચાડે
કોરોનાનો રોગ પીડિત,
ખરેખર ધરતીનો ભાર જ

ઓછો થાય છે આ રોગથી.
બન્ધુઓ વગરનું નહીં હોય
સદ્ભાગ્યે હવે સ્વર્ગ પણ
નરકમાં પણ લોકોની ભીડ
થાય રોગની કૃપાથી.
દુ:ખ સર્વનું અવિભક્ત
બન્ધુઓ અને સ્વજનોમાં,
ને યમ પણ રીટેલ વેપાર છોડી
હોલસેલનો ધંધો કરે છે.
પત્ની ઉપર વધે છે પ્રેમ,
પ્રિયાનાં વિરહમાં દુ:ખી મન,
વડીલોની સેવા કરવામાંથી
નાસે છે હવે કાયરો.
કોર્ટમાં અને સ્મશાને
જે રહે સાથે તે સ્વજન (કહેવત)
એ ભૂલી જઈએ
રોગી સમીપ કોઈ જતુ નથી.
સ્મશાને સેવકો બે-ત્રણ
અન્ત્યેષ્ટિ કર્મ માટે હોય છે,
અને પતિવ્રતા પલાયન કરી જાય
એમ્બ્યુલન્સ જોઈને જ.
એકાકીવાસને (ક્વોરન્ટાઈન) ઉદ્વિગ્ન મન,
ઈચ્છે છે સ્વેચ્છાથી,
સ્વર્ગવાસ કરવા માટે
બન્ધુઓની સાથે.

ડૉ. હર્ષદેવ માધવ
ભાવાનુવાદ - ડો. રીતા ત્રિવેદી
કટાક્ષકાવ્ય

## ૧૦૪. અચાનક

કાલ રાતની જ વાત કરું, સૌ કોઈ નિદ્રાધીન હતા,
ધીમો વાયરો વા'તો હતો, ને વાતાવરણ ખૂબ શાંત હતું,

ત્યાં જ અચાનક,
પવન ઝોરે ફૂંકાવા લાગ્યો, વૃક્ષો પણ હલવા લાગ્યા,
શાંત વાતાવરણ માં હવે, વીજળીના કડાકા સંભળાવા લાગ્યા,
આંખો અમારી ખુલી ને ત્યાં તો, વર્ષા અનરાધાર થઈ,
એટલા વેગે આવ્યો વરસાદ, કે ઘર અમારું ભીંજાઈ ગયું,

થોડા વખતમાં આ બધું જોઈ, અમે તો ફરીથી સુઈ ગયા,
ને જાગ્યા ત્યારે તો ફરી થી, એજ સુંદર સવાર થઈ,
વર્ષા વીજળી બંધ થયા, ને સૌ પોતાના કામે વળગ્યા,

જીવન નું પણ કંઈક આવું જ છે ને,
સૌ સારું ચાલતું હોય એમાં, વિચિત્ર વળાંક આવે અચાનક,
હમણાં બધાં સાથે રમતા હોય, ને કોઈક વયું જાય અચાનક,
મીઠા પ્રેમ માં પણ ક્યારેક, તિરાડ પડી જાય અચાનક,
હસતો ચેહરો હોય ને, ક્યારેક આંસુ આવી જાય અચાનક,
ને જોને સરળ જીવન જીવતા હતા, ત્યાં તો કોરોના પણ આવ્યો અચાનક,
આજે અહીંયા છીએ, ને કાલે પોંહચશું હરિ દ્વાર અચાનક,

પણ આશ હંમેશા રાખજો કારણકે,
વર્ષા વીજળી બંધ થશે ને, સૂરજ દાદા આવશે,
થોડી વાર ના અંધકાર પછી, અજવાળી સવાર થાશે,
આંસુઓ પણ સુકાઇ ને, ફરી મુખે સ્મિત ખીલશે,
દુઃખ સર્વે વિસરાશે, ને ઘરે સુખ ના પારણાં ઝૂલશે,

કોરોના પણ જતો રેહશે, ને આવશે જીવન પટરી પર,
કોઈ ડર વગર જીવીશું, ને કરીશું મજા ફરી ટપરી પર.

હિના દવે 'હરિ દિવાની'

## ૧૦૫. કારમો કોરોના અને લૉકડાઉન

લોકડાઉન ની પરિસ્થિતિ એ ઘણું બધું શીખવાડ્યું છે,
ઓછી જરૂરિયાતો માં પણ, ઉત્તમ જીવતા શીખવાડ્યું છે,

મિત્રો થી દુર કરી તેમનું મહત્વ સમજાવ્યું છે,
તો પરિવાર ને ફરી એક કરી, સંબંધો મજબુત કરાવ્યા છે,

ગરીબો જેને ઘર નથી, તેમની કેવી દશા હશે,
બહાર રહેવું પડતું હશે, જ્યાં ખબર નહિ ક્યાં કોરોના હશે,

કેટલા એવા લોકો હશે, જેણે કોરોના એ પીડ્યા હશે,
કંઇક એવા પરિવાર હશે, જે પોતિકાઓને ના જોવા પામ્યા હશે,

આવી પરિસ્થિતિ જોઈને, હૃદય એવું દ્રવી રહ્યું છે,
ભગવાન ને ધન્યવાદ કરું કે, હું અને મારા પ્રિયજનોને
સહી સલામત રાખ્યા છે,

ડોક્ટર, પોલીસ, સફાઈ કર્મીઓ, જેવા અનેક ના ઋણ તો કેમ કહું,
શબ્દે વર્ણવી નહિ શકીએ આપણે, જે તેમણે કરી એ મહા સેવા છે.

કોરોના વોરિયર્સ ને એક સલામ

હિના દવે 'હરિ દિવાની'

## ૧૦૬. હઝલ

ઉપડે છે શાનું શૂળ? હવે ઘરમાં ગુડાવ ને!
કાં આટલા વ્યાકુળ? હવે ઘરમાં ગુડાવ ને!

એકવીસ દિવસની કેદ આ તમને નડે ખરી?
કુંભકર્ણનું છે કૂળ, હવે ઘરમાં ગુડાવ ને!

આખ્ખો દિવસ કાં બારીએ, કાં બાલ્કનીમાં હો,
ધોળામાં પડશે ધૂળ, હવે ઘરમાં ગુડાવ ને!

એકેય ગોપી એક પણ રસ્તે નહીં જડે,
સૂમસામ છે ગોકુળ, હવે ઘરમાં ગુડાવ ને!

પોલીસની લાકડી ના સગી થાય કોઈની,
સૂજી જવાનાં મૂળ, હવે ઘરમાં ગુડાવ ને!

- હિમલ પંડ્યા

એકવીસ દિવસના લોકડાઉન-૧ પ્રસંગે લખાયેલ હઝલરચના.

## ૧૦૭. કોરોના ઇફેક્ટ - ગઝલ - મુસલસલ

પહોંચી ગયો છે કાફલો ખોટા પડાવ પર
કોણ જાણે કેમ રોક નથી આ આવજાવ પર?

તસ્કરી ને કાળાબજારી છે આ શ્વાસ પર;
દવાઓ વેચાઈ રહી છે સોનાના ભાવ પર!

જીવન નામી ઘટના હવે થઇ રહી દુર્ઘટના,
ઘડાને બદલે આવે છે તોરડી તળાવ પર.

ઉંબરે ઊભી રહી ગયેલી હે, માનવજાત!
જુવાન-મૃત્યુનો આધાર છે તારા ઝુકાવ પર.

હિરેન બી. દેસાઈ - સુરત - ૯૭૩૭૮ ૦૭૩૪૭

## ૧૦૮. કોરોના સામે લડવું છે

કોરોના સામે લડવું છે,
આનાથી શાને ડરવું છે?

નડતર મોઢું મોટું પાડે,
જડબાને તોડી ફરવું છે.

દરિયો તોફાની નાચે,
અડચણ ફૂંકી તરવું છે.

નાગને દાબીને ચાલો,
નાગી ફણ પર ચડવું છે.

તાડી પાડી ભાંગી નાખો,
ભાન 'કમર'! રાખી લડવું છે.

**ખત્રી હુસેન ઇસ્માઇલ, 'કમર' કચ્છી – 97275 92398**

## ૧૦૯. કોરોના કાળનાં હાઈકુ

(૧) અવકાશમાં
'કોરોના', વાદળોનું
લોકડાઉન !

(૨) હોસ્પિટલની
બારી, જોયા કરતી
શબવાહિની !

(3) કાળો કહેર,
કોરોનાની ક્રૂરતા,
કુદરત કયાં ? !
(વર્ણાનુંપ્રાસ)

(૪) દિલમાં જાગી,
ઉમંગ ને ઉમેદ,
માસ્ક શેં પ્હેરે ? !

(૫) બદલી નાંખ્યો
નકશો દુનિયાનો,
અદ્રશ્ય રહી !

(૬) ડરે પ્રેમીઓ,
સ્પર્શથી, ચુંબનથી
તો વાત જ ક્યાં ? !

(૭) કરે કૉરોના
અટ્ટહાસ્ય, જે ડરે
તેને ડરાવે !

(૮) યમદૂત થૈ
આવ્યો કોરોના, મૂઓ
મરતો નથી !

(૯) ભાર હળવો
ધરાનો કરવાને,
આવ્યો કોરોના !

(૧૦) અદ્રશ્ય યોધ્ધા
સામે, મિસાઈલ કે
તોપ નકામા !

ઈશ્વર સી. પટેલ – સુરત - ૯૪૨૭૧ ૬૯૫૯૬

# ૧૧૦. કોરોના કાળનાં હાઈકુ

(૧૧) અદ્રશ્ય જંતુ,
ધ્રુજાવે છે સમગ્ર
વિશ્વને આજે !

(૧૨) બજાર ગયા,
ખરીદી લાવ્યા અમે,
રોકડું મોત !

(૧૩) બહાર કરફ્યુ,
ઘર અંદર મેળો,
જાતને મળો !

(૧૪) લાગ્યો કરફ્યુ,
ક્યાંય કો' ન ફરક્યું,
રસ્તા ય ચૂપ !

(૧૫) ડરે માણસ,
માણસથી જ, જાણે
કે યમદૂત !

(૧૬) ઘર બહાર
ગયા, અર્થાત તમે
ઉપર ગયા !

(૧૭) દૈત્ય ડરાવે,
વીર તેને હરાવે,
મારી હટાવે !
(અંત્યાનું પ્રાસ)

(૧૮) ઘાતકી કથા
કોરોનાની, કહેવા
રોકાઈ ગ્યો હું !

(૧૯) કાપે એક ઘા-
એ, કોરોના કુહાડો,
સંબંધ-ડાળ !

(૨૦) સ્મશાન-ભૂમિ
ને હોસ્પિટલમાં "નો
એન્ટ્રી" નું બોર્ડ !

## ૧૧૧. કોરોના કાળનાં હાઈકુ

(૨૧) ડરી મૃત્યુથી
ભાગે જીવ લઈને,
એમ્બ્યુલન્સ !

(૨૨) સિનેમા-નાટક
બંધ બધા ફાટક,
ક્યારે ખુલશે ? !

(૨૩) પૈંડા ફરતા
બંધ, જાણે જીવન
સ્થગિત થયું !

(૨૪) અંતિમ શ્વાસ,
દેતું ઉછીના શ્વાસ,
વેન્ટીલેટર !

(૨૫) પંજો મૃત્યુનો
મંડરાતો સતત
જિંદગી ડરે !

(૨૬) સમાન – ધર્મે,
કૉરોના – લાશો બળે,
સ્મશાન મહીં !

(૨૭) બગાઈ ઘણી
નબળી ગાયને, તે
'કૉરોના' ચોંટે !

(૨૮) દુનિયા સંપે,
ચીન સામે પડે, તો
સીધુની પૈ જંપે !

(૨૯) માસ્ક વગર,
નીકળે બે ખબર,
પ્હોંચે કબર !
(અંત્યાનુપ્રાસ)

(30) મૃત્યુનો પંજો
કસે એવો સકંજો,
કોણ છટકે ?!

## ઈશ્વર સી. પટેલ – સુરત - ૯૪૨૭૧ ૬૯૫૯૬

## ૧૧૨. કોરોના કાળનાં હાઈકુ

(૩૧) થાય ઊલટી
લોહીની, ને જિંદગી
મારે પલટી !

(૩૨) માણસો વચ્ચે
અંતર, જીવવાનો
જાણે મંતર !

(૩૩) ઝીણી આંખ, ને
ચીબા નાક, ચીનાઓ
ખતરનાક !

(૩૪) ત્રણ વલ્કલ
હાથ – મોજાં, માસ્ક,
અંતે કફન !

(૩૫) સ્વજન – મુખ
પણ ન મળે જોવા,
આ કેવું દુ:ખ ? !

(૩૬) પ્રેમીઓ વચ્ચે
દૂરી, મળી શકાય
નૈ, મજબૂરી !

(૩૭) વોરિયર્સોની
શહીદીને સલામ
વિભુ – વંદના !

(૩૮) લડો કોરોના
સામે હિંમતથી, તો
થશે ફતેહ !

(૩૯) વાગી થાળી, ને
બે હાથે પાડી તાળી,
આવી જાગૃતિ ? !

(૪૦) ઓકસીમીટર,
જિંદગીને બચાવે,
કોણ વસાવે ? !

## ૧૧૩. કોરોના કાળનાં હાઈકુ

(૪૧) શ્વાસ રૂંધાય,
ભીંસાઈ જતી છાતી,
ધમણ સમી !

(૪૨) હોસ્પિટલમાં
મૃત્યુ, તો ઘરે નૈ
લાશ; સ્મશાને !

(૪૩) સ્મશાન ગૃહે,
કતારમાં સૂતી છે,
લાશ જ લાશ !

(૪૪) સલામતીની
કોરોના વોરિયર્સ
માટે; પ્રાર્થના !

(૪૫) ઘરમાં રહી
રમતાં, જમતા ને
થયા ગમતાં !

(૪૬) કરોડો ખર્ચે
સરકાર, અછૂત
રહે; 'સિવિલ' !

(૪૭) ગરીબો જાય
તો જાય ક્યાં? સિવિલ
એક આશરો !

(૪૮) લાશ, ગંદકી
બેશુમાર, ન બેલી
કો 'સિવિલ' માં !

(૪૯) ખર્ચાઓ બંધ,
દોડાદોડી ય બંધ,
ઘરમાં બંધ !

(૫૦) એક મેકના
તન નહિ તો, મન
સુધી પહોંચો !

## ૧૧૪. કોરોના કાળનાં હાઈકુ

(૫૧) પ્રવાસો બંધ,
બસ, ટ્રેન પ્લેન તો
જાણે કે, અંધ !

(૫૨) કૉરોના રૂપી
રાક્ષસનો પહેરો,
મૃત્યુનો ચ્હેરો !

(૫૩) વાઈરસની
ઝપેટમાં, કોરો-ના
રહી શકાય !

(૫૪) ધમધોકાર
ચાલે ધંધો-ધીકતો,
ડૉકટરનો !

(૫૫) હોસ્પિટલોમાં,
કાઢી લેતાં દેહના
અંગો; રાક્ષસો !

(૫૬) હે ! ઈશ્વર તું
હવે, પાછો ખેંચી લે
આ 'કૉરોના'ને !

(૫૭) ટોળામાં ગયા
બિંદાસ થઈને, તો
સમજો ગયા !

(૫૮) રહો નિયમ
મુજબ, તો નજીક
ન આવે યમ !

(૫૯) શ્રધ્ધા – સબુરી,
હિંમત રાખો, જાત
પર વિશ્વાસ !

(૬૦) લગ્ન – મૃત્યુ કે
જન્મદિન પ્રસંગે,
ટોળાં ગાયબ !

## ૧૧૫. કોરોના કાળનાં હાઈકુ

(૬૧) ટીવી / રેડિયો,
કૉરોના-આંકડાનો,
ચલાવે મારો !

(૬૨) સંબંધો વચ્ચે
સોશ્યિલ ડિસ્ટન્સે
દૂરી વધારી !

(૬૩) 'ઘરે રહેતાં
નથી' નથી કહેતી
હવે, પત્નીઓ !

(૬૪) બગડે ગૃહે
ઉપકરણો ત્યારે,
કારીગરો ક્યાં ? !

(૬૫) દાદા – દાદી,ને
પૌત્રો વચ્ચે લડાઈ,
રિમોટ માટે !

(૬૬) અવકાશ, ને
આકાશ મળે, સૌને
અગાસી ગમે !

(૬૭) સંગીત – નૃત્ય -
વાંચન – લેખન એ
મિત્રો આપણાં !

(૬૮) એકાંત – મિત્રો,
રેડિયો, ટીવી, બુકસ
સમય ખૂટે !

(૬૯) મોબાઈલ તો,
આપણા એકાંતને
બનાવે સહ્ય !

(૭૦) હે ! 'કૉરોના' તેં
લખવા હાઈકુઓ
આપી પ્રેરણા !

ઈશ્વર સી. પટેલ
૫૦, દિવાળીબાગ સોસાયટી, ઋષભ એપાર્ટમેન્ટ સામે, રાંદેર રોડ, સુરત-૯.
૯૪૨૭૧ ૬૯૫૯૬ - ૭૭૭૯૦ ૬૯૫૯૬ - ૦૨૬૧ ૨૭૭૯૫૯૬

## ૧૧૬. જાત બધે ફંગોળો મા

જાત બધે ફંગોળોમા
આમ જીવનને રોળોમા

રોષ પ્રભુનો, કોરોના
દોષ બીજા પર ઢોળો ના

વોશ કરીલો સાબુથી
હાથ ફકત બે બોળો ના

બાંધ બુકાની નાકે તું
દુષ્ટ રિપુની છોળોમાં

જાણ હકિકત સાચી તું
ઝેર રૂમરનું ઘોળો ના

હાથને રાખો દૂર સદા
આંખ અમસ્તી ચોળો ના

ભીડ અને ટોળામાં રહી
કુંભકરણ ઢંઢોળો મા

**ડૉ. જગદીપ નાણાવટી**

## ૧૧૭. મુશ્કેલીનો લોડ

મસ્તક પરથી જલ્દી ઉતાર મુશ્કેલીનો લોડ
મૂરઝાયેલું જીવન ખીલવી દે રાજા રણછોડ

સાવ અચાનક પરિસ્થિતિએ લીધો છે યુ-ટર્ન
રસ્તામાં ઉપરાછાપરી આવે છે ડાયવર્ઝન
ચારેબાજુ દુઃખની વીંટળાયેલી સાંકળ તોડ

યાદ નથી કે ક્યારે આવ્યો'તો ખુશીઓનો કોલ
આંસુઓથી ભીંજાઈ છે ચહેરા પરની વોલ
સ્મિત વિના સૂનો લાગે મોબાઈલનો સેલ્ફી મોડ

**જય સુરેશભાઈ દાવડા**

## ૧૧૮. નવેસરથી

ઢળતી વસન્તે
સુર્યોદયની આસપાસ
બધું વહેલું વળગી પડે છે.
આ સૂનકારભરી સવારે
સક્કરખોરનાં બે જોડાંનું તોફાન
મારી નજરને સતત દોડાવે છે.
હવાની પીઠ પર
મોરપિચ્છરંગી લસરકા ચીંતરી
સક્કરખોર
મસ્તીથી મધુપાન કરે છે.
સવારની આછી ઠંડકમાં
પરસ્પરની આગળ-પાછળ થતી
ઊડાઊડ
ને સિસોટી સમો
કાળો-ભૂરો સ્વર
તન-દૂરીના આ સમયમાં
મને રાજી કરતી ક્ષણોનું
દાન દે છે.

થાક્યા વિના આવ-જા કરતો આ રસ્તો
દિવસોથી વધુ સાંકડો ને સાંકડો
બનતો રહ્યો છે.
હાલમાં ધુમાડા, ઘરઘરાટી, હોર્નની ચિચિયારી
વિનાના
આ ખાસ્સા પહોળા રસ્તે
વૃક્ષોને, પાવાગઢને, પડતા ધોધને, તળાવને
અને તને, મને, સૌને
ધ્યાનથી જોવા, સાંભળવા, સૂંઘવાના
આ દિવસો
અચાનક આવી મળ્યા છે.

આપણે સૌ
આપણા આ જગતમાં
નવેસરથી
ધબકાર સાથે
જીવતાં જિવાડતાં શીખીશું
કે.....

**જયદેવ શુકલ – સાંગલી –**

## ૧૧૯. આગ ઠંડી થાય તો સારું.

હવે આ આગ ઠંડી થાય તો સારું,
પવન આ મોતનો રોકાય તો સારું.

મરણ હો માનવીની બંધ મુઠ્ઠીમાં,
પછી ક્યારેય નાં ખોલાય તો સારું.

બધું એકાંતમાં ખોવાય છે જીવન,
મને એ ભીડમાં દેખાય તો સારું.

અગન તો જીદ પકડી આ તરફ આવે,
હવા બીજી તરફ ફંટાય તો સારું.

મરણ આવી જતું અહીં પાછલાં રસ્તે,
ઉઘાડી દ્વાર અટકાવાય તો સારું.

જીગ્ના મહેતા

## ૧૨૦. જે ક્ષણોને બાનમાં રાખી શકે

જે ક્ષણોને બાનમાં રાખી શકે
મોત ને પણ એ પરત વાળી શકે

આંગળીનું ટેરવું બોલ્યા કરે
તું હથેળીમાં જગત લાવી શકે?

વિશ્વ આખું ત્રાજવે તોલ્યા પછી
જાત સાથે ન્યાય ના માંગી શકે?

એક ખાલીપો મને કહેતો ગયો
ભીડમાં એકાંત એ માણી શકે

હું તને વિસ્તાર આપું બહુ બધો
જો મને તું કૌંસમાં રાખી શકે.

**જીગ્ના મહેતા**

## ૧૨૧. અગન દેખાય નહીં

ભીતરે લાગી અગન દેખાય નહીં.
ઠારવા કંઈ આંસુઓ છંટાય નહીં!

એ મુસીબત તો સ્વમાની સ્ત્રી હતી,
રોકવાને હાથ પણ પકડાય નહીં!

ભૂખનો જ્વાળામુખી ફાટે અગર,
કોઈનાથી કંઈ કશુંયે થાય નહીં!

જીવતરથી સો ગણું લખતાં બધાં,
ને અહીં પા ભાગનું વંચાય નહીં.

એક ઘર કંઈ કેટલાંને સાચવે,
આપણાથી એક જણ સચવાય નહીં!.

સ્થિર મન રાખી અહીં બેસી રહો,
અવદશાને ક્યાંયથી રોકાય નહીં.

## જીગ્ના મહેતા

## ૧૨૨. વંદન અભિનંદન

વંદન...અભિનંદન...વંદન...અભિનંદન...
જાત ઘસીને સુગંધ આપતા સહુ કોઈ છે ચંદન,
કોરોના સામે લડનારા.. સૈનિકોને..વંદન !

પ્રાણોની બાજી ખેલી દર્દીની સેવા કરતાં,
એ ડૉકટરના રૂપે ખુદ ઈશ્વરના દર્શન મળતાં,
આરોગ્યના કર્મીના ગુણનું થઈ શકે ના વર્ણન !
વંદન...અભિનંદન...વંદન...અભિનંદન..
કોરોના સામે લડનારા.. સૈનિકોને..વંદન !

ખાખી વર્દીની નિષ્ઠાને દંડવત્ પ્રણામ કરજો,
સોશીયલ ડિસ્ટન્સ જાળવીને ઘરમાં જ સુરક્ષિત રહેજો,
પોલીસ કર્મીને માન દઈ કરીએ સુખનું સર્જન !
વંદન...અભિનંદન...વંદન...અભિનંદન..
કોરોના સામે લડનારા ..સૈનિકોને..વંદન !

સફાઈના સૌ કર્મચારી છે સ્વચ્છતાના યોગી,
એનું પણ સન્માન જાળવી થઈ જઈએ ઉપયોગી,
સંપીને કોરોનાનું કાઢી લઈએ નિકંદન !
વંદન...અભિનંદન...વંદન...અભિનંદન..
કોરોના સામે લડનારા..સૈનિકોને વંદન !

દરિદ્રજનોનું દુઃખ ભાંગશે, માનવતા જો મહેકે,
અમીરના હૈયાથી થોડી ઉદારતા જો છલકે,
ઉદાસ ચહેરા પર ફરીથી લહેરાશે નંદનવન !
વંદન...અભિનંદન...વંદન...અભિનંદન..
કોરોના સામે લડનારા.. સૈનિકોને વંદન !

જીજ્ઞા ત્રિવેદી - ભાવનગર - 94276 14969

## ૧૨૩. દેશના હિતમાં

દેશના હિતમાં આપણું પણ હિત ગણવાનું સૌએ,
હિંમત રાખી કોરોના સામે લડવાનું સૌએ.

Lockdown ને ગંભીરતાથી લઈને ઘરમાં રહેવું,
મુસીબતોને પણ બતાવી દો કે શું છે સહેવું ?
સ્વચ્છતાનો હાથ ઝાલીને છે જીવવાનું સૌએ,
હિંમત રાખી કોરોના સામે લડવાનું સૌએ.

સાવ નજીવી ભૂલ થકી નુકસાન થાય છે મોટું,
દેશવાસિઓ જાગો, કોઈ કદમ ભરાય ના ખોટું,
સજગ, સતર્ક રહીને સ્વસ્થ છે રહેવાનું સૌએ,
હિંમત રાખી કોરોના સામે લડવાનું સૌએ.

ડૉકટર હો કે પોલીસ હો, કે હો સફાઈના યોગી,
જોખમમાં રાખીને પ્રાણો બન્યા દેશ ઉપયોગી,
સ્વસ્થ રાષ્ટ્રના સ્વપ્નને  છે સિદ્ધ કરવાનું સૌએ,
હિંમત રાખી કોરોના સામે લડવાનું સૌએ.

જીજ્ઞા ત્રિવેદી - ભાવનગર - 94276 14969

## ૧૨૪. કોરોનાની સાથે

કોરોનાની સાથે સૌએ જીવવા સજ્જ થવાનું,
જાગૃત નાગરિક રૂપે શિસ્તનું પાલન છે કરવાનું !

સ્વચ્છતાનો જીવનમંત્ર સૌના માટે ઉપકારી,
ભીડભાડમાં જઈશું ના, તો ટળશે ખુદ મહામારી,
બહાર જતી વખતે સૌ પ્હેરી લઈએ માસ્ક મજાનું,
કોરોનાની સાથે સૌએ જીવવા સજ્જ થવાનું !

હોંશેહોંશે સાબુથી બે હાથ ચોખ્ખા કરીએ,
હાથ મિલાવી નહીં, નમસ્તે કહીને સૌને મળીએ,
કામ વગર બહાર કોઈએ ના કોઈ દિવસ જવાનું,
કોરોનાની સાથે સૌએ જીવવા સજ્જ થવાનું !

યોગ, પ્રાણાયામની સાથે કરીએ હળવી કસરત,
સાવચેત થઈને જીવવાની પાડી દઈએ આદત !
નિરામય રહેવા માટે નહીં ચાલે કોઈ જ બહાનું,
કોરોનાની સાથે સૌએ જીવવા સજ્જ થવાનું !

## જીગ્ના ત્રિવેદી - ભાવનગર - 94276 14969

## ૧૨૫. હું અને મારું ઘર

કોરોનાએ  આપી દીધો મોંઘામૂલો અવસર,
મારા ઘરની સાથે હું તો રોજ રમું છું ઘરઘર !

પહેરી પતંગિયાની પાંખો, મળવા આવ્યું શૈશવ,
એકાંત સાથે થઈ મિત્રતા, મળ્યો અદ્દભુત વૈભવ !
ક્ષણનો સાક્ષાત્કાર થયો ને શ્વાસ થઈ ગયો અત્તર !
મારા ઘરની સાથે હું તો રોજ રમું છું ઘરઘર !

આડે પડખે સ્હેજ થઉં ત્યાં ફળિયું છે બોલાવે,
રમવા સંતાકૂકડી માટે ટહુકાને પણ લાવે,
'ફૂલોને રમવું છે' બોલ્યાં વૃક્ષ: થોભજો પળભર,
મારા ઘરની સાથે હું તો રોજ રમું છું ઘરઘર !

આથમતા કિરણોની વારતા અગાસી સંભળાવે,

ઝાલર ટાણે શંખ ધ્વનિનો મર્મ સકળ સમજાવે,
એક નાદ સંભળાય પછી કે આવ હવે તું ભીતર,
મારા ઘરની સાથે હું તો રોજ રમું છું ઘરઘર !

જીગ્ના ત્રિવેદી – ભાવનગર – 94276 14969

## 126. कोरोना शतक

(1)

विश्व-मानचित्र में नगर है वुहान एक,
जिसका नियन्ता देश चीन कुविचारी है।
मौन-मूक प्राणियों की पीड़ा का प्रकट अश्रु,
हुआ विकराल ज्यों प्रलय-सिन्धु भारी है।
मृत्य की सहेली या कि विकट पहेली यह,
काल संग खेली है कोरोना महामारी है।
इसको प्रणाम करो दूर से ही बन्धुवर!
हाथ न लगाओ यह छूत की बीमारी है।।

(2)

मिला है 'मुकुट' को लैटिन में 'कोरोना' नाम,
इसलिए इसकी कहानी भी विकट है।
बैठा था परीक्षित-मुकुट में जो काल बन,
वही कलियुग ही कोरोना महाभट है।
संस्कृति-नदी का नीर दूषित हुआ है और
उसके किनारे मृत्यु बैठी खोले लट है।
मानवीय सभ्यता का सूर्य हुआ संक्रमित,
वसुधा पुनीता गयी लाशों से ही पट है।।

(3)

मानव का शत्रु है अदृश्य बलवान यह,
इसके समक्ष विश्व-शक्ति गयी लुट है।

नाक और मुख पर मास्क का कवच कस,
युद्ध में चिकित्सकों का दल गया जुट है।
राष्ट्र-नायकों का संघ रण-व्यूह रच रहा,
किन्तु बिना लक्षण दृगों का बन्द पुट है।
चारों ओर जिसने मचाया हाहाकार वह,
निश्चित कोरोना क्रूर काल का मुकुट है।।

(4)

विश्व को विपत्ति की भयाग्नि में धकेलने का,
क्रूरतम कर्म किया महाधूर्त चीन है।
विश्व-शक्ति बनने का स्वप्न पाल बैठा वह,
षडयन्त्र से किया सभी को क्वारंटीन है।
इटली-अमेरिका में मृत्यु की विभीषिका से,
लड़ते हुए मनुष्य हुआ दीन-हीन है।
भारत में आयुषविशारदों का दल नित,
ढूँढ़ रहा शस्त्र दिव्य दुर्लभ नवीन है।।

(5)

कोविड उन्नीस से उन्नीस है मनुष्य हुआ,
इसने प्रगति-सिन्धु को ही दिया मथ है।
वायरस वासुकी-सा लिपटा है रज्जु बन,
मन्दर कोरोना का किया सभी को श्लथ है।
पहले चरण में अशेष कालकूट मिला,
किन्तु दिखता कहीं न नीलकण्ठ-पथ है।
विश्व-पर्यटन का है अश्वमेध भंग हुआ,
इस विपदा ने दिया रोक राष्ट्र-रथ है।।

(6)

आशा से अधिक जब धन मिल जाता तब,
अक्षि के कपाट को जकड़ लेती अर्गला।
स्वार्थ के प्रश्न

(7)

धन का विपुल मद कुंजर-सा डोल रहा,
खोल रहा कालिमा के दुर्ग का कपाट है।
काजल के कक्ष के गवाक्ष सब बन्द मानो,
अभिशप्त विश्व का कलंकित ललाट है।
मांसभक्षी चीनियों की जिह्वा-व्यालिनी ने आज,
सभ्यता-सीमन्तिनी-सिन्दूर लिया चाट है।
लाखों मूक प्राणियों की आह ही कोरोना बन,
विश्व-रंगमंच की उलाट फेंका खाट है।।

(8)

शत्रु है अदृश्य या कि षडयन्त्र चीनियों का,
हो गयी रहस्य-सी वुहानी शोधशाला है।
कपटी कुचाली चीनियों के चक्रव्यूह मध्य,
विश्व-अभिमन्यु को न दिखता उजाला है।
कुटिल कोरोना क्रूर कौरवों-सा घेर रहा,
असहाय मानव का कौन रखवाला है।
रो रही मनुष्यता अनाथिनी-सी आज प्रभु!
हँसता कोरोना ओढ़े मृत्य की दुशाला है।।

(9)

कुटिल कराल है अदृश्य है विषाणु यह,
विश्व में मचा दिया विकट हाहाकार है।
संस्कृति-सुता का मानभंग करता है नित,
मृत्युमुख दानव-सा घातक अपार है।
घ्राणरन्ध्र से प्रविष्ट होता है मनुष्य-देह,
प्राण-पंक्षी भक्ष रहा, दुष्ट दुर्निवार है।
संक्रमण-रथ चढ़ घूमता कोरोना क्रूर,
रो रही मनुष्यता विवस्त्र निराधार है।।

(10)

जिस चीन को दिया था बुद्ध ने सुधा का घट,
उसने ही कृत्रिम कीटाणु रच डाला है।
धम्मपद त्रिपिटक जातक को नष्ट कर,
छीना बौद्धभिक्षुओं की पावन दुशाला है।

धर्म की समाधि पर पाप का महल खड़ा,
क्रूर कम्युनिस्ट चला लिये रक्त-प्याला है।
विश्वमारी कुटिला का पुत्र है कोरोना ज्येष्ठ,
अट्टहास करता पहन मुण्डमाला है।।

(11)

विश्व के विनाश हेतु छोड़ा है विषाणु-बाण,
चीन के कुचक्र का न आदि है न अन्त है।
कृत्रिम कीटाणु परमाणु से भी घातक है,
डोलता भूकम्प-सा प्रकम्पित दिगन्त है।
चारों ओर जलती चिताग्नि है मनुष्यता की,
कहीं कोई दिखता न त्राणक महन्त है।
फिर भी है आशा-दृष्टि भारत की ओर टिकी,
जहाँ आदमी में बसा ईश्वर अनन्त है।।

डॉ. जितेन्द्रकुमार सिंह 'संजय'
देव गढ़ - शिवद्वार - 94736 14545

## ૧૨૭. જાળવજો

દુનિયા માથે ઘાત છે ભારી જાળવજો
સાવ અજાણી છે મહામારી જાળવજો

રાત પડી છે ખૂબ અંધારી જાળવજો
પળપળની રાખી તૈયારી જાળવજો

બચવાની છે એક શરત બસ કુંડાળું
કુંડાળાની બહાર બિમારી, જાળવજો

ભેટી જઈએ એકબીજાને ભીતરથી
દોઢ મીટરનું અંતર ધારી જાળવજો

વાયરસ જેમ જ ચારેકોરે ફેલાણી
ભૂખ ગરીબી ને બેકારી, જાળવજો

-જુગલ દરજી

## ૧૨૮. આવું થાય ને.. કોરોના...

### એકાંતે... ...

ધખે બારી બારે સૂરજ સરખું ડીલ તપતું
અને ખાલી ખાલી સકળ જગનું  પિંડ દિસતું,
હસ્તિચાલે ચાલે સમય અટકી શ્વાસ ભરતો,
ધરા ભૂલી તેની ગતિ, સમયનો સાથ સરતો.

પરાણે મીંચેલા નયન ઉઘડે ભાર લઈને,
ફરે ડોળાં લેતાં છત ફરસનું માપ જઈને,
ઘૂમે પંખો જાણે, ગતિ અવર ના મંથર વિના,
અવાજો તો એવાં બળદ કરતો ઘાણી ફરતા.

ઢીલી ઈચ્છા નીરવ પળમાં યાદ ઉખળે,
સરે દૃશ્યો,   રુઝ વગરના ઘાવ ઉભરે,
જરા ઠેલી છેટે સતત પીડતી યાદ લમણે,
ફરી પાછી શાન્તિ સરક સરતી હોય કબરે.

બિમારીમાં પણ નિકટ નવ હોય જો સ્વજન તો,
ખરે એવું લાગે વિજન રણમાં કૂર્મ સરતો.

## ૧૨૯. અભાગિયાઓ

બસ ઉતાવળો ચાલતો ચાલતો
એ બધાને હોંશ બંધાવે છે કે-
હમણાં આવ્યું ગામ અને ઘર.
રસ્તે દેખાતી પ્રકૃતિને એ પીતો રહે છે ઘટ ઘટ
આમ ગાતો રહે અને કરે સૌનો થાક દૂર
અને બધું જ જાણીતું હોય એમ
ચિંધતો રહે છે સ્થળ કાળની વિગતો
ઉભા રહી જાય એને માટે
એ શોધી કાઢે છે
અનેક નુસ્ખાઓ અને ગપગોળાં જેવી વાતો
આમ મારગ કાપતાં કાપતાં
સૌનાં જીવ થતાં રહે છે અદ્ધર
વચ્ચે બે સાથીઓ તો
એવી રીતે ફસકી ગયાં કે-
એનો વસવસો સૌને હૈયે રહેશે
સદા કોતરાયેલો.
આમ થતાં થતાં એ પહોંચે છે ઘરની ડેલીએ
ખખડાવે છે સાંકળ, આગળિયો
ધણધણાવે છે ડેલું
ખોલો ખોલોના સાદ કરી
વારાફરતી બોલાવે છે
મા બાપ અને ભાંડુઓને

ઉભો રહે છે નાકામાં ચૂપચાપ
અંદરથી ધીમેથી આવે છે એક અવાજ
હતાં ત્યાં જતાં રહો
નથી તમારું અહીં કોઈ કામ
એનો પગ ખોડાય જાય છે
ધરતીમાં થાંભલાની જેમ
પછી ધીમે રહી એ માથે પોટલું મૂકી
પરિવાર સાથે ચાલી નિકળે છે
દૂરની વાટે
સદાને માટે

કૌશિકરાય પંડ્યા - કેશોદ

## ૧૩૦. શ્હેરમાં – ગઝલ

જીવને ખાંસી ચડે છે શ્હેરમાં
મૃત્યુ ખોંખારો કરે છે શ્હેરમાં

કયાં હવા ફૂલો સૂંઘે છે શ્હેરમાં
ખુશબૂ કયાં ભૂલી પડે છે શ્હેરમાં

શ્વાસ પર લાગી ગયો પ્હેરો અહીં,
જીવ રૂંધાતો ફરે છે શ્હેરમાં

પોતપોતાનો જનાજો લઇ હવે
જીવતી લાશો ફરે છે શ્હેરમાં

કેદ પણ ભીંતો વગરની કેદ છે

કોને બાકોરૂ જડે છે શ્હેરમાં

ખ્વાબ આલિંગનના આવે છે અને
સ્પર્શ હિજરાતો ફરે છે શ્હેરમાં

તું ખલીલ આવામાં જીવે છે હજી
ને હજી ગઝલો લખે છે શ્હેરમાં

- ખલીલ ધનતેજવી

## ૧૩૧. બે ગજ દૂરી

રાખવાની લ્હાયમાં
સ્પર્શની હૂંફાળી ભાષા ત્યજી,
બે છેવાડામાં વેતરાઈ ગયો બાંકડો.

શ્વાસમાં એકલતા ઘૂંટાતા
મણભાર ભીતર ભરાયા
'ને
આળસ પાછળ છુપાઈ બેઠેલો ડર
ફેફડા કોરી ગયો.

પછીની
એક કાળી સવારે
કોઈ સૂક્ષ્મ જીવાણું ત્રાટકતાં
બાંકડાનો એક છેવાડો
પડી ભાંગ્યો.

એ જોઈ
બીજો છેવાડો
'ને
બાજુનું વૃક્ષ
જાતને ક્વોરેન્ટાઈન કરી
એકલતામાં સડી મર્યાં.

- ખ્યાતિ શાહ

## ૧૩૨. સુશ્રુષા

સદીઓથી અમને સદી ગઈ છે
આબાલવૃદ્ધ સૌને બેઠાં કરવાની
આ કળા

"એમાં તે શી નવાઈ
કાળજી લેવી એ તો કાંઈ કળા કહેવાય?
સાજા કરવા કોઈને એ પણ કાંઈ કળા કહેવાય?
છોકરાં જણવાં અને ધવડાવવાં
જેવું જ સહજ છે એ તો."

અમે ઘરમાં રહીને
ચ્યવનને*ચેતન આપ્યું
ને ઉંબરો ઓળંગી
એવી જ કાળજી કરી પારકાંની
અમે ખડે પગે, ઉજાગરા કર્યા
પારકાંને પોતીકાં ગણ્યાં

તમે ભજતા રહ્યા પેલાં શ્વેતવસ્ત્રાવૃતા દેવીને
પણ, અમારાં શ્વેતવસ્ત્રો તો ઝાંખાં જ રહ્યાં

બસો બસો વરસોમાં અનેક પ્રલય આવ્યા
અને અમે હોમાતાં રહ્યાં એમાં
માતામહી નાઇટેન્ગલના ટહુકા પણ ભૂલાતા રહ્યા
સુશ્રુષા દેવી ન બની કયારેય

આ ભૂમિ કે પેલી ભૂમિ
અમે ઘર માટે ઝુરતાં રહ્યાં
આજે મારું ભૂલકું મારે ઘેર ઝુરે છે
કાળજી તો સહજ હતી ને મારે માટે

આજે તો હું પણ ન લઈ શકું એની કાળજી
તમે કહો છો એમ:
સહજ રીતે

*ચ્યવન ઋષિને જેના થકી જીવતદાન અને નવી શક્તિ મળી તે પ્રાશ ખરી રીતે એમની પત્નીએ બનાવેલો

- ખેવના દેસાઈ – મુંબઈ

## ૧૩૩. કોરોના વોરિયર્સ માટે પ્રાર્થના કરતું મુક્તક

બધા દેવદૂતોને બોલાવી લેશો !
તો કોના ભરોસે રહીશું એ કહેશો ?
તમે પ્રાર્થના એક સાંભળજો મારી,
જીવન આપનારાને મરવાં ન દેશો.

કિરણસિંહ ચૌહાણ - સુરત - ૮૧૪૧૦ ૩૩૩૧૦

***

## ૧૩૪. સાંજ

ધોમધખતા તાપમાં
અઢી કિલોમીટર લાંબી
રાશનની લાઈનમાં ઊભેલા શખ્સને
કોઈએ કહ્યું,
'તારો નંબર આવશે એ પહેલાં તો
સાંજ પડી જશે...'
ફિક્કું હસતા એણે કહ્યું,
'વાંધો નહીં... એ બહાને સાંજ તો પડશે...'

## કિરણસિંહ ચૌહાણ - સુરત - ૮૧૪૧૦ ૩૩૩૧૦

### ૧૩૫. વ્યથા

હા આવું છું બેટા...'
કહીને દિવસોથી ઘરે રાહ જોતી દીકરીને મળવાં
પગપાળા જ દોડી ગયેલા બાપને
અડધેથી પાછો મોકલી દેવાય છે.
જતી વખતે હળવાફુલ થઈ ગયેલા પગ
પાછા ફરતી વખતે એટલા ભારે થઈ જાય છે
કે એક ત્રાજવામાં પૃથ્વી મૂકો તોય
પગવાળું પલ્લું જ નમે...
એની ફરિયાદને પણ અડધેથી પાછી વાળી દેવાય છે
એની જેમ જ...
હા એના આંસુ બેરોકટોક પહોંચી જાય છે
એના સ્વજનો સુધી...
અને બમણાં થઈને પાછા આવે છે.
એને મજૂર હોવું ક્યારેય ડંખ્યું નથી
પણ આજે મજબૂર હોવું રોમેરોમ ડંખી રહ્યું છે.

## ૧૩૬. આ કાળમાં

કાગ બોલે એકલો ટગડાળમાં  આ કાળમાં
પાંદડાં ફફડે હવા વિણ ફાળમાં આ કાળમાં

સૂર્ય સોંસરવી ઊભરતી, ડૂબતી જાતી સડક
પગ બળે પગલાં વરાળે ઝાળમાં આ કાળમાં

નાનકો એ કોણ કૂણી પાનીએ પથ કાપતો
આટલું બળ ક્યાંથી કૌવત બાળમાં આ કાળમાં

પોતપોતાની 'હવા' એ શ્વાસ લેતા 'માસ્ક'માં
ઘટ બધાએ બદ્ધ એ ઘટમાળમાં આ કાળમાં

શબ્દની સોનેરી માછલીઓ ન જાણે ક્યાં ગઈ
આ સમય સપડાયો એવી જાળમાં આ કાળમાં

મૂઢ 'હાંકેડુ' જુએ ખુદને ખૂંપેલો ખાળીયે
'ગાડું' 'ગલ્લાતલ્લા'નુ યે નાળમાં આ કાળમાં

**કિસન સોસા - સુરત -**

## ૧૩૭. સદીઓની સદીઓ પછી

સદીઓની
સદીઓ પછી
પોતાની સદ્યસ્નાતા
પુષ્પ જેવી દીકરીને
અનામય શ્વાસે શ્વસતી જોઈ
રાજી થયો તાત
સૂર્ય !
સદીઓની
સદીઓ પછી
અનેકવિધ, નામ સ્વરૂપે
લદાયેલો 'બોજો'
પોતાના સ્કંધ પરથી
ફૂલ સરી જાય એમ
સરી ગયો... !

અસ્તિત્વ અનુભવ્યું
હળવું ફૂલ !
પ્રસન્ન ચિત્ત પૃથ્વી
દીકરી !
★
પણ આ શું ?
દિશાઓમાં
ક્યાંથી પડઘાયો શબ્દ: 'કોરોના'?
રઘવાયો
'કોવિડ-૧૯ વાઇરસ' ગ્રસ્ત
વ્યગ્ર મનુજગણ
બોઝિલ ક્ષણ ક્ષણ
ક્યાંથી વિસ્તર્યું 'સંક્રમણ' નું રણ?
જોતજોતામાં
તંત્ર... યંત્ર ધમધમતા સર્વત્ર
અવચેતન,
અજગર-શા સુસ્ત
મહાનગર,
શહેરો,
ગામ...
સૂસવતો સન્નાટો સરિયામ,
હર સ્થ્, છવાયું વાદળ કાળું
હવામાં લટકતું વિરાટ તાળું !
હરેક શહેરો
અજ્ઞાત ભયે સ્તબ્ધ
આશંકિત લાચાર...
હિજરતી કીડીઓની લંગાર
ભૂખ ભયે ભેંકાર
આ 'આસમાની સુલતાની' થી બચવા,
ઉગરવા
અદૃશ્ય અરિને હણવા

કૃત સંકલ્પ જ્ઞાની-વિજ્ઞાની,
શ્વેત-ખાખી...
રક્ષિત કવચે આવૃત્ત
પોતપોતાની શાળા, ક્ષેત્રમાં
પ્રતિબદ્ધ પ્રવૃત્ત !
સંશોધી રહ્યા 'હથીયાર'
જીવનાધાર !
જો કે
ધૃણિત વર્ણાશ્રમી ક્રૂરતાએ, કે
રંગભેદી હીનતાએ નહીં, પણ આ તો
સ્વરક્ષણાર્થે,
અનિવાર્યતા અનુગ્રહિત
માણસ માણસ વચ્ચે
'બે ગજ' ની દૂરતા !
કાશ, જાગી જાય સુરતા !
સૂર્ય મધ્યાકાશે
એ જ ઝગારે ઝગતો,
અવિચલિત, સ્થિતપ્રજ્ઞ
પૃથ્વી પરની આ બધી હિલચાલ
નીરખી રહ્યો નિસ્પૃહ... નિશ્ચળ...
એને ઊંડી પૂરાતન પ્રતીતિ કે
આદિઅનાદિ કાળથી
અનેકાનેક અગણઝાળ
અનેકવિધ કરાળ કાળ સોંસરવી
ક્ષેમકુશળ નીકળી છે
ખંખેરતી તણખા
સાચવતી સમણાં
કંચનવર્ણી
દુહિતા
પૃથ્વી
સીતા !

## કિસન સોસા - સુરત

## ૧૩૮. 'જીભ' જીવતી

આખા મૃતક શરીરમાં બસ જીભ જીવતી
લીરાં થતા લિબાશને શબ્દો એ સીવતી

છો ખોળિયું અબોલ ને નિશ્ચેત શું થયું?
હર અંગના હર રંગના ઉત્તર એ આપતી

રોકેય કોણ, કોણ ટોકે કે કગાર પર
હું-હું-ની હારાકિરીએ મરતી એ મારતી

પથ્થર ખસે હયાતનો પિરામિડે જરા
મુરઝાઈ જાય પુષ્પ મડાંની વાસ આવતી!

સંતાડી દીધી ડોકને પોતાની રેતમાં
નિરાંતની મરુભૂમિમાં સ્વપ્ન ચારતી

ઝાડીએ તગતી આંખ ને ચમકે છે તીક્ષ્ણ ચાંચ

એને ય દીર્ઘદૃષ્ટિ શું 'ઊલ્લૂ'જ ધારતી!

જુદ્ધે મથી રહ્યો રથી માણસના નામનો
ઉતારશે  મહાજીવનની એ જ આરતી!

કિસન સોસા - સુરત -

## ૧૩૯. કલ્પવૃક્ષને છાંયડે

કલ્પવૃક્ષને છાંયડે રળિયામણી ધરતી હતી
સ્વર્ગ તો સામે હતું પણ વચ્ચે 'વૈતરણી' હતી

દોહી દોહી ભાગ્યનું અમૃત બધું એળે ગયું
'કામધેનુ' શું કરે જ્યાં ફૂટી બોધરણી હતી

કયા કિરાતે જાળ નાખી છે હવામાં જીવલેણ
'માસ્ક' માં મહફૂજ અલબત્ત શ્વાસની હરણી હતી

આભથી ઊતર્યા ફરિશ્તા કર ગ્રહી સંજીવની
એની પાસે કાઢવા કૂવેથી 'નિસરણી' હતી

શ્વેત પડછાયે લીધું ઘેરી સકળ અસ્તિત્વને
શ્વાસને અજવાળતી કૃતિ ધવલ વરણી હતી

વાળીઝૂડી આંગણા સાથે કર્યું અંતર વિમળ
સૌ શ્રમિક પાસે સૂરજ કિરણોની સાવરણી હતી

કિસન સોસા – સુરત –

## ૧૪૦. વાતમાં ને વાતમાં

વાતમાં ને વાતમાં એ વાતમાં આવી ગયા;
રત રસે ઉન્નત એ નતની ન્યાતમાં આવી ગયા !

રંગ લણખે આંખમાં આભાસ આંજી અટપટા;
શબ્દના એ આતશી ઉત્પાતમાં આવી ગયા!

'રિંગ માસ્ટર' રંગમાં, 'ગાદી'ય  ઘેલી ગેલમાં;
ઘાસપુસના 'શેર' ની તૈનાતમાં આવી ગયા!!

ઊછીના સ્નેહે ટપકતાં ઓશિયાળા દીપની,
માંદલી  મુસ્કાનની મહેલાતમાં આવી ગયા!

'વર્તુળે' એ સાંકડા, સંકિર્ણ, ઘૂમે ગોળગોળ;
આપણે આ કેવાં શબ્દાઘાતમાં આવી ગયા?!

કિસન સોસા – સુરત

## ૧૪૧. જો

ડીલ પર રૂંવે રૂંવા, નખે વિણા નહોર જો!
કેવો અસ્સલ સ્વરૂપ એ નિર્મમ,  નઠોર જો !

પરપોટે ફૂટતો પ્રસંગોપાત્ શખ્સ જે,
એ સાગરી સ્વાંગમાં ઘૂઘવતો ઘોર જો !

સિફતથી હીર જિન્દગીનું સેરવી રહયો,
તસ્કર સફેદ પોશ નર્યો શાહી ચોર, જો !

'છત્રી' તળે ધરાયેલો શ્વસી રહયો 'હવા',
ખેંચી રહયા હજુરિયા ચામરનો દોર, જો !

માણસના નામની  ધરી ઓળખ ઠગી રહયો,

એ-ક્ષર, એ ક્ષણભંગુરના તમાશા તૌર, જો !

**કિસન સોસા - સુરત**

## ૧૪૨. કોરોનાની મજા

કોરોનાએ દીધી છો ને ઘરબંદીની સજા
આફતને અવસરમાં પલટી લઉં છું એની મજા.

ક્યા પંખીનો ટહુકો કેવો? ખૂબ કરું અભ્યાસ.
ગેલેરીથી ગગનનો સુધીનો માણું રોજ પ્રવાસ.
ભીતરમાં ઉતર્યો તો પામ્યો,  તથ્યો બીલકુલ નવાં.
આફતને અવસરમાં પલટી લઉં છું તેની મજા.

ફોન કરી જૂનાં મિત્રોને બચપન તાજું કરતો.
સ્મરણોના સથવારે પાછો શૈશવમાં સંચરતો.
બાળક સાથે નવ કુકરી રમવાની લેતો મજા.
આફતને અવસરમાં પલટી લેતો એની મજા.

**કિશોર બારોટ**

D 101 અમર દીપ હેરિટેજ, ન્યુ કારેલી બાગ, આજવા રોડ, વડોદરા
99252 52290

## ૧૪૩. અક્કલના ઈસ્કોતરા ! ! !

(કોઇ પણ જાતની ઇમરજન્સી વગર નીકળી પડતા મૂર્ખ માટે)

આખ્ખી દુનિયા ઘરમાં બેઠી ને તું રખડે બ્હાર ?
કોરોનાથી મરવા માટે થઈ જાજે તૈયાર.

પંદરનો તું માવો (મસાલો) ખા ને પંદરસોનું થૂંકે !
તારા જેવાં મળી જાય તો વાયરસ એને મૂકે ?
તરત જ ચાલુ કામ કરી દે એમાં શેની વાર ?

આખ્ખી દુનિયા ઘરમાં બેઠી ને તું રખડે બ્હાર ?

તું ય મરીશ ને તારા આખ્ખા ઘરને પણ તું મારીશ
આજુ બાજુ આખ્ખી સોસાયટીની વાટ લગાડીશ

અકકલના ઇસ્કોતરા ! શું તું હજી ન સમજ્યો સાર ?

આખ્ખી દુનિયા ઘરમાં બેઠી ને તું રખડે બ્હાર ?

કૃષ્ણ દવે

## ૧૪૪. કોરોનાભાઇ !

કોરોનાભાઇ ! વાત સીધી સાદી છે સાવ તોય નથી તમને સમજાતી ?
આ તો છે બાવળ ને લીમડાનો દેશ અને ઉપરથી છપ્પનની છાતી.

એમ તો આ મેલેરિયા,ડેંગ્યુને પૂછી લ્યો કેવુંક ઉપજે છે એનું દેશમાં ?
અહિયાં તો આંગણામાં ડૉક્ટર ઉગે છે ભાઇ તુલસી પપૈયાના વેશમાં

એક વાર આદુ ખાઇ પાછળ પડે ને એની મૂળમાંથી ઉખ્ખેડે જાતી.
કોરોનાભાઇ ! વાત સીધી સાદી છે સાવ તોય નથી તમને સમજાતી ?

આવી ગ્યા છો તો હવે એક બાજુ નીરાંતે બેસો ને માથું ખજવાળો
લ્યો પીવો ચૈતરના લીમડાનો મોર અને દાદીના હાથનો ઉકાળો

અહિયાંની માતા તો જન્મેલા બાળકને ધાવણમાં'ય ઓસડિયા પાતી.
કોરોનાભાઇ ! વાત સીધી સાદી છે સાવ તોય નથી તમને સમજાતી ?

## કૃષ્ણ દવે

## ૧૪૫. કોરોનાસૂર વધ ! ! !

(કોરોના વાયરસની સામે પોતાના જીવની પરવા કર્યા વગર
દર્દીઓની સેવા કરી રહેલા ડૉકટર, નર્સ વૈજ્ઞાનિકો, સફાઈ કર્મી અને પોલીસ ને સમર્પિત )

ડોક્ટર થઈને હરિ અવતર્યા, નર્સ રૂપે મા અંબા
કોરોનાસૂરનો વધ કરવા રણે ચડયા જગદંબા...

સેનેટાઇઝર, માસ્ક ઉગામી ધસ્યા અસૂરની સામે
હસ્તે જીવનરક્ષક આયુધ લઈ ઉતર્યા સંગ્રામે
જાણે વ્હેતી ધવલ વસ્ત્રમાં માનવતાની ગંગા.

કોરોનાસૂરનો વધ કરવા રણે ચડયા જગદંબા ...

આઇસોલેટેડ વોર્ડ, વોર્ડમાં સાવ અટૂલી ચીસ

એને નવજીવન અર્પે તે જનની ને જગદીશ
જીવન જીતે જંગ, બધાના ફરકી ઉઠે તિરંગા.

કોરોનાસૂરનો વધ કરવા રણે ચડયા જગદંબા ...

કૃષ્ણ દવે

## ૧૪૬. કોરોના ! ! !

છેક છેલ્લાં માળે
આઇસોલેટેડ વોર્ડમાં
દર્દીઓની સેવા કરી રહેલી
નર્સે મોઢા પર પ્હેરેલા માસ્કમાંથી
અચાનક બૂમ પાડી.

અરે તમે કોણ છો ?
આ રીતે કેમ ખુલ્લે આમ ફરી રહ્યા છો ?
શું તમે નથી જાણતા ? અહીં કોની સારવાર થઈ રહી છે ?
અરે તમે અહીં પ્હોચ્યા જ કેવી રીતે ?

પ્રશ્નોની ઝડીથી સ્હેજ પણ અકળાયા વિના એક ગંભીર અવાજે કહ્યું,

શું ખરેખર તમારે જાણવું છે ?
હું અહીં પ્હોચ્યો કેવી રીતે ?
તો સાંભળો.

હું તમારા સુધી પ્હોચ્યો છું કતલખાને લઈ જવાય રહેલ અબોલ આંખોની લાચારીમાંથી.

હું તમારા સુધી પ્હોચ્યો છુ જાળમાં પકડાઈ ગયા પછી લેવા મથતા અંતિમ શ્વાસ ના તડફડાટમાંથી.

હું તમારા સુધી પ્હોચ્યો છું
સ્વાદની બજારમાં શેકી નંખાતા શ્વાનની વફાદારીમાંથી.

હું તમારા સુધી પ્હોચ્યો છું
તમારા મોમાં ચવાઈ રહેલા હજુ તો હમણાં જ જન્મેલા સપનાઓના ચિત્કારમાંથી.

હું તમારા સુધી પ્હોચ્યો છું
જીવતા જ ઉકાળીને સૂપની જેમ પીવાઇ જતી પ્રત્યેક પીડામાંથી.

હું તમારા સુધી પ્હોચ્યો છું કુદરતને પ્હોચાડવામાં આવતી તમામ ખલેલમાંથી.

નર્સે સ્હેજ જીણી આંખ કરી અધવચ્ચે અટકાવતા કહ્યું,
બસ બસ બહું થયું,
સીધેસીધું જ કહી દો ને
તમે છો કોણ ?

ફરી એજ ગંભીર અવાજે કહ્યું
શું હજુય મને ના ઓળખ્યો ?

કૃષ્ણ દવે

## 147. जब हमने

जब हमने तालियाँ बजायीं,
उसके हाथों से काम छीन गया था.

हमने थालियाँ पीटी,
उसकी थाली खाली थी.

हमने दिये जलाएँ,
पर उसका चूल्हा जलाना चूक गए.

हमने पटाखे बजाएँ,
धमाका उसके दिल में हुआ.

हमने समझाया कि देखो -
घर से बाहर मौत खड़ी है.
तब तलक

मौत उसके घर में घुस चुकी थी.

वह तिलमिला कर बाहर निकला.
बेख़ौफ़ निकला..
क्योंकि,
अम्मा ने बचपन में सिखाया था,
‘दूर अँधेरे में कोई 'भाउ-बाउ' नहीं होता.
कोई भूत-पिशाच नहीं होता.
डरना है तो भूख से डर.
लड़ना है तो भूख से लड़.’

घरों में दुबकने से
हड्डियों में जंग लगने लगती है,
लड़ने का हुनर भुलने लगता है.

लड़ेंगे तो जीतेंगे..
बिना लड़े तो हारे हुए ही हैं.

गोया कि चुनाँचे, वो बाहर निकला..

आँखों में उदासी लिये और
होठों पर चुप्पी साधे चल पड़ा.

रास्तों की परवाह किये बगैर
यह सड़क किसी मंज़िल को जाती ही होगी,
ऐसा सोच कर
तवे-सी गर्म सड़क पर चलता रहा.

निढाल नेवले की तरह
उसे 'चेचटा' की बूटी सूँघनी है
ताकि, साँपों से लड़ने की हौसला जुटा पाये.

रास्ते भर ऐलान हो रहा था -
'बीस लाख करोड़ दिये जाएँगे..'

लेकिन, वह रुका नहीं
उसे तो महज दो रोटी चाहिए थी.

लाखों-करोड़ों कैसे लिए जाते हैं,
वह नहीं जानता.

'अपने गाँव की मिट्टी में बड़ी ताकत होती है'
ऐसा हर चोट पर अम्मा कहती थी
और घाव पर मिट्टी रगड़ देती थी.

गाँव की उसी मिट्टी से
जब छालें भर जाएँगे..
वह फिर शहर में चला आयेगा.

नए ज़ख्मों के लिए सीना तैयार होगा.
शहर को भी उसका इंतज़ार होगा !
(चेचटा = નોળવેલ)

कुमार जिनेश शाह

## ૧૪૮. જ્યારે અમે

જ્યારે અમે તાળીઓ પાડી,
એના હાથથી કામ ઝુંટવાઈ ગયું હતું.

અમે થાળીઓ વગાડી,
ત્યારે એની થાળી ખાલી હતી.

અમે દીવડાં પ્રગટાવ્યાં -
પણ એનો ચૂલો ચેતવવાનો ચૂકી ગયાં.

અમે ફટાકડાં ફોડ્યાં,
ધમાકો એના દિલમાં થયો.

અમે સમજાવ્યું કે જુઓ -
"ઘરની બહાર મોત ઊભી છે."
ત્યાં સુધી તો -
મૃત્યુ એના ઘરમાં પેસી ગયું હતું.

એ તરફડીને બહાર નીકળ્યો..

ડર ખંખેરીને બિનધાસ્ત નીકળ્યો
કારણ કે,
માડીએ નાનપણમાં શીખવ્યું હતું --
‘દૂર અંધારે કોઈ 'ભાઉ-બાઉ' ના હોય,
કોઈ ભૂત-ડાકણ-છોકરાંખાઉ ના હોય.
ડરવું હોય તો ભૂખથી ડર.
લડવું હોય તો ભૂખથી લડ.’

ઘરમાં લપાઈને બેસવાથી
હાડકાં કટાઈ જાય છે,
લડવાનું હુનર ભૂલાઈ જાય છે.

લડીશ.. તો જીતીશ..
લડ્યાં વગર તો હારેલો જ છે.

મતલબ કે છેવટે એ બહાર નીકળ્યો..

આંખમાં આંજીને ઉદાસી,
હોઠો પર ચોંટાડીને મૌન
ચાલી નીકળ્યો..
રસ્તાની પરવા કર્યા વગર!

આ સડક કોઈ મંજિલે જતી જ હશે,
એવું ધારીને
તવા જેવી ગરમ સડક પર ચાલતો રહ્યો.

થાકેલા નોળિયાની જેમ
એને નોળવેલ સૂંઘવી હતી,
જેથી સાપોથી લડવાની હામ ભેગી કરી શકે.

આખા રસ્તે જાહેરાત થતી રહી --
"વીસ લાખ કરોડ આપવામાં આવશે."

પણ, એ થોભ્યો નહીં
એને તો ફકત બે રોટલી જોઈતી હતી

લાખો-કરોડો કેમ પાડી લેવાય છે,
એવી કળા એ જાણતો નથી!

"પોતાનાં ગામની માટીમાં બઉ તાકાત હોય" --
એવું દરેક ચોટ પછી માડી કહેતી
અને, ઘા ઉપર માટી ભૂંસી દેતી.

ગામની એજ માટીથી
જયારે પગનાં ફોલ્લાં શમી જશે,
એ ફરી શહેરમાં ચાલ્યો આવશે.

નવાં જખમો માટે છાતી તૈયાર હશે,
શહેરને પણ એનો ઇંતેજાર હશે!

કુમાર જિનેશ શાહ

## 149. रोटी

वो गली, क़स्बा, अमराई की छाँव
छोड़ आयें, रोटी के लिए.
वो खेत-खलिहान, बचपन का गाँव
छोड़ आयें, रोटी के लिए.

चले आयें हम --
लाखों बल्ब और करोड़ों सितारोंवाले शहर में
ऊपर से गोरे और,
भीतर से काले वाले शहर में.
समंदर-सा पसरा हुआ शहर
निगल गया अजगर की तरह मगर.

रुसवाई की कगारों पे खड़े रख कर, उसने रोटी दी,
राशन की कतारों में खड़े रख कर, उसने रोटी दी!

भूख की आग थी वहाँ भी, यहाँ भी..
चूल्हे में बस राख थी वहाँ भी, यहाँ भी.

ख़ून जलाया,

पसीना बहाया,
आँसू सुखाया..
लेकिन, दो जून की रोटी जुटा न पाया.

ख़ून-पसीने और आँसू से गोंदा आटा
मौत की बारिश में गीला हो गया..
वो बुलंद हौसला,
वो लड़ाकूपन सारा.. ढीला हो गया.

एक रात पोटली में बाँध कर रोटी
चल दिए बिछड़े गाँव की ओर..
अम्मा के आँचल और पुरखों की छाँव की ओर.

चलते-चलते थक गएँ,
पाँव के छालें छलक गएँ -
तो उसी रोटी को पानी के साथ निगल गएँ.

सूनी पड़ी पटरियों पर सर रख कर सोये..
पूरे चाँद को देखा किये, कोरी निगाहों से रोये.

काश! यह चाँद ही रोटी होता..
तो पहाड़ी पर चढ़ कर इसे लपक लेते हम.
कुतरते दो-चार टुकड़े और छक लेते हम!

आँखें मुंदी ही थी कि सपनें चले आएँ,
किलकते वो सामने से गोया अपने चले आएँ.

अल-सुबह के ख़्वाब की तरह
एक गाड़ी दनदनाती हुई आयी,
और इस मंज़िल के बदले
उस 'आख़री मंज़िल' को ले चली..

अब वहाँ ना दर्द होगा, न छाले होंगे,

**ना भूख होगी, न निवाले होंगे,**
**और तो पीछे कौन रोयेगा - चिल्लायेगा?**
**राशन की क़िताब से एक नाम कम हो जाएगा.**

**सरकार हमारी भूख का मुआवज़ा देगी**
**तो शायद उन रूपयों से**
**अम्मा की चावल भरी देग चूल्हे पर चढ़ेगी.**
**बिलखती बीवी**
**और बिलबिलाते बच्चो को शायद**
**दो जून की रोटी तो मिलेगी!**

**कुमार जिनेश शाह**

## १५०. રોટલી

એ શેરી, ફળિયા, આંબાવાડી તમામ
મૂકી આવ્યાં શહેરની ખાતર.
એ ખેતર, પાદર, નાનપણનું ગામ
મૂકી આવ્યાં શહેરની ખાતર.

ચાલી આવ્યાં અમે -
લાખો બલ્બ ને કરોડો તારલાંવાળા શહેરમાં
ઉપરથી રૂપાળા ને અંદરથી કાળા શહેરમાં.
દરિયા જેવું પ્રસરેલું શહેર
ગળી ગયું અજગરની જેમ!

ધુત્કારની કગારમાં ઊભાં રાખીને
એણે રોટલી આપી.
રાશનની કતારમાં ઊભાં રાખીને
એણે રોટલી આપી.

ભૂખની આગ હતી ત્યાં પણ ને અહીં પણ.
ચૂલામાં રાખ હતી ત્યાં પણ ને અહીં પણ!

લોઈ બાળ્યું,
પરસેવો પાડ્યો,
આંસુ સૂકવ્યું..
છતાં, બે ટંકની રોટલી ભાળી નહીં.

લોહી-આંસુ-પરસેવે ગુંદેલો લોટ
મોતની વરસાદમાં પલળી ગયો.
એ ઊંચી હામ અને,
ઝુઝવાંનો જુસ્સો તમામ ઓગળી ગયો.

એક રાતે,
પોટલીમાં બાંધીને રોટલી
ચાલી નીકળ્યાં છૂટી ગયેલા ગામ ભળી
માડીનાં પાલવ અને બાપીકા ઠામ ભળી.

ચાલતાં ચાલતાં થાકી ગયાં,
પગનાં ફડફોલાં પાકી ગયાં..
તો એજ રોટલીને
પાણીમાં પલાળીને ઉકાળી ગયાં.

ભેંકાર પાટાઓ પર માથું ઢાળીને સૂઈ રહ્યાં,
આખા ચાંદને એકીટશે જોઈ રહ્યાં,
કોરી આંખેથી એક દરિયો રોઈ રહ્યાં.

કાશ! આ ચાંદો જ રોટલી હોતે,
તો ટેકરી પર ચડીને એને તોડી લેતે.
ને, કોળિયા એનાં ભરતે બે-ચાર!

આંખો મીંચી કે સપનાં આવી ચડ્યાં,
હરખાતાં સામે જાણે પોતીકાં આવી મળ્યાં.

વહેલી પરોઢનાં સ્વપ્નની જેમ
એક ટ્રેન આવી પૂરપાટ..
અને આ મંજિલના બદલે
ઉપાડી ગઈ 'મોતને ઘાટ'!

હવે ત્યાં ના દરદ હશે, ના ફરફોલાં હશે,
ના ભૂખ હશે, ના કોળિયા હશે!

પાછળ બીજું તો કોણ રડવાનું છે
રાશનની ચોપડીથી એક નામ કમી થવાનું છે.

સરકાર અમારી ભૂખનું વળતર આપશે
તો કદાચ એ રૂપિયાથી
માડીની ચોખા ભરેલી દેગડી ચૂલે ચડશે..
તરફડતી પત્ની ને રડતાં બાળકોને કદાચ,
બે ટંકની રોટલી તો મળશે!

કુમાર જિનેશ શાહ

## ૧૫૧. નિઃશબ્દ છે દિશાઓ

કોઈ કશુંક બોલો નિઃશબ્દ છે દિશાઓ.
વાસેલ દ્વાર ખોલો, નિઃશબ્દ છે દિશાઓ.

સૂરજ બની અકોણો ક્ષિતિજ ભલેને ગજવે,
ઝાકળની જેમ ડોલો, નિઃશબ્દ છે દિશાઓ.

દ્યો તાપ ને પવન દ્યો, ઓગાળો મૌન હિમને,
જામેલી ક્ષણને છોલો, નિઃશબ્દ છે દિશાઓ.

થીજેલ ચોસલાંના કટકાં કરીને વ્હેંચો,
બે ચાર શેર તોલો, નિઃશબ્દ છે દિશાઓ.

નિઃશબ્દતાનો ઉત્સવ ઉજવી લીધો હવે તો,
ઊતાર ઢોલ પોલો, નિઃશબ્દ છે દિશાઓ.

ઊઠો કે હાંક વાગી, જાવું તને દેશાવર,
સંભાળ ગઠરી ઝોલો, નિઃશબ્દ છે દિશાઓ.

**કુમાર જિનેશ શાહ**

## ૧૫૨. સાપ સૂંઘી ગ્યો

કહો કેવો થયો જાદૂ? નગરને સાપ સૂંઘી ગ્યો.
ઘરોમાં કેદ થ્યાં હું તું.. નગરને સાપ સૂંઘી ગ્યો.

અહો શું રામજીનું રાજ છે ચારે તરફ ભઇલા?
વગર તાળે બધે તાળું, નગરને સાપ સૂંઘી ગ્યો.

ભલે હો એક ગજની દૂરતા પણ ના મળે કોઈ
દરેકે પગમાં કુંડાળું, નગરને સાપ સૂંઘી ગ્યો.

હવા-ફોરમ, નદી-દરિયા, પશુ-પંખી અને વૃક્ષો,
બધું છે ટેસમાં સાલ્લું, નગરને સાપ સૂંઘી ગ્યો.

હવે તકલીફ તારી ના રહી, ના વેદના મારી,
સહુનું દુઃખ છે સહિયારું, નગરને સાપ સૂંઘી ગ્યો

કુમાર જિનેશ શાહ

## ૧૫૩. દીવો જલાવ્યો

દીવો જલાવ્યો હો કે આપે જલાવી હો મશાલ રે...
અજવાળાનો સુવર્ણ અક્ષરે લખાઈ ગયો ઇતિહાસ રે...

કુમાર જૈમિનિ શાસ્ત્રી

**

## ૧૫૪. લોંગ લોકડાઉન

એક લોન્ગ લોકડાઉન
હોવા છતાં પણ
હું રોજ સવારે
મારા નિયત સમયે
ઉઠી જ જઉં છું
Exercise

Shaving

અને સ્નાન પતાવી

ઇસ્ત્રીબંધ વસ્ત્રો પહેરી

કારમાં સવાર થઈ

સેલ મારી લઉં છું

ગાડી સહેજ આગળ-પાછળ કરી,

પાછી યથાસ્થાને મૂકી,

બરાબર લોકડાઉન કરી

પાછો આવીને

કી-બોર્ડ પર ચાવી લટકાવી

Writing table પર

લખવા બેસી જાઉં છું.

કોઈને કદાચ આ ચેષ્ટા

નિરર્થક લાગે

પણ તેથી શો ફેર પડે???

કારણ કે

મને ખબર છે કે

લોકડાઉન હટયા પછી

સૌપ્રથમ

મારા જ બારણે

નોકડાઉન થશે

કેમ કે....

હું

શિક્ષક છું.....

કુમાર જૈમિનિ શાસ્ત્રી

## ૧૫૫. સોશ્યિલ ડિસ્ટન્સિંગ

લોકડાઉન
અને
સોશ્યિલ ડિસ્ટન્સિંગનું
ચુસ્તપણે
પાલન કરું છું હું
છતાં
દિવંગત મમ્મી-પાપા
અવારનવાર
સપનામાં આવી ચડે છે
મળવા
આજકાલ સપનામાં
એમની અવરજવર
કોણ જાણે કેમ
વધી પડી છે
કામ તો ખાસ શું હોય?
બસ એ જ

જે અમે કાયમ કરતાં હતાં
એક જ છત નીચે રહીને
પોત પોતાનામાં ડૂબેલાં-ખૂંપેલાં
રચ્યાંપચ્યાં રહેલાં
એ પણ એક સોશ્યિલ ડિસ્ટન્સિંગ હતું
અને આ પણ......


**કુમાર જૈમિનિ શાસ્ત્રી**
14, સામ્રાટનગર, બામરોલી રોડ, ગોધરા. 389001.
જિ. પંચમહાલ... મોબાઈલ-9428550543


## ૧૫૬. હિજરત

પ્રથમ મનમાં ને મનમાં રાતદી' ઘૂંટાય છે હિજરત,
પછી વિસ્ફોટની માફક અચાનક થાય છે હિજરત.

ઉછીના સ્વપ્ન લઈને શહેરમાં બાંધી વસાહત પણ,
વસાહતની હથેળી પર હવે વંચાય છે હિજરત,

સમસ્યાને જરા લીસ્સી બનાવો તો ગમે જોવી,
સતત અખબારના રંધા વડે છોલાય છે હિજરત.

હતી લાચાર તો રસ્તા ઉપર ખુલ્લા પગે ચાલી,
ક્ષિતિજને પાર પડછાયા સમી વરતાય છે હિજરત.

ઘણી લાચાર નજરો એક ફૂડપેકેટ ખોલે છે,
વધેલી ભૂખના પલ્લે પછી તોળાય છે હિજરત.

બરાબર થાક ખાવાને જે ચત્તીપાટ સુતેલી,
ધડાધડ રેલના પાટા નીચે કચડાય છે હિજરત.

**કુણાલ શાહ**

કોરોના કાળમાં થયેલ હિજરતને ધ્યાને રાખી થયેલી એક ગઝલ

## ૧૫૭. કૂંપળ ફૂટવાની આશ રાખી..

કૂંપળ ફૂટવાની આશ રાખી..
નીંદામણ ઈચ્છાનું વાઢી નાંખ્યું ને ધીંગી ધરપત મેં મૂળસોતી નાંખી

લીલ્લેરાં અવસરિયા આવ્યા.. આવ્યા
ને તો ય વાગ્યા નહિ વાંસળી કે વાજાં.
પાંદડાની જેમ ઝીણાં ઓરતા ખર્યા ને
ખર્યા ઝલમલ ઉમળકાઓ તાજા.

રગ રગમાં લાગણીની નદિયું વહે ને
ઊની ઊની પીડાયું લે સાંખી..
કૂંપળ ફૂટવાની આશ રાખી.

ગમતીલાં કોઈને થાવાની હોડથી આઘાં રહી હોવું આ હેમખેમ રાખ્યું.
વાત્યું કરવાની વેળા જ્યાં જ્યાં જડી છે

ત્યાં મોણ જરીકે ન નાંખ્યું.

હૈયામાં ઉમટેલા પુર બધા ખાળીને
ટેરવાંએ દઈ દીધી સાચુકલી ઝાંખી..
કૂંપળ ફૂટવાની આશ રાખી.

લક્ષ્મી ડોબરિયા

## ૧૫૮. સઘળું થાળે પડશે

જીવતી રાખ તરસ તો અંતે, રણમાં વીરડા જડશે.
સઘળું થાળે પડશે...

પથ્થરમાંથી ફૂટતું તરણું તેજ સવાયું રાખે,
તડકામાં તપ કરતા વૃક્ષો ખુદના ફળ ના ચાખે.
તળના તેજે આગળ વધવા મારગ આમ જ ફળશે.
સઘળું થાળે પડશે...

વગડાના સન્નાટાને પણ તમરાં લયમાં ઢાળે,
લીલી-સૂકી મોસમને ડાળ સમભાવે સંભાળે.
ખાલીપાનો રવ સૂણવાથી તથ્ય નવા સાંપડશે.
સઘળું થાળે પડશે...

સમજણનો ગજ ભળી લે ત્યાં પડછાયા રહે માપે,
પીડાની શગ ઝીણી હોય પણ અજવાળી ક્ષણ સ્થાપે.
બાદ થવાનું રાખ વલણ તો ભીતરથી તું વધશે.
સઘળું થાળે પડશે...

## લક્ષ્મી ડોબરિયા

### ૧૫૯. આજના સંદર્ભમાં આ ગઝલ...

પાઠ પણ કેવા ભણી ગ્યાં આપણે.
ભૂલવા જેવું ભૂલી ગ્યાં આપણે.

આયના જેવાં બની ગ્યાં આપણે.
આ રમત કેવી રમી ગ્યાં આપણે!

મ્હેરબાની થઈ સમયની એવી કે,
વારતા જેવું જીવી ગ્યાં આપણે.

રંજ કે ફરિયાદની ક્યાં છે જગા?
એટલું વધઘટ થઈ ગ્યાં આપણે.

એ ઠરી ને ઠામ થઈ ગ્યું આખરે,
દર્દને જાણે સદી ગ્યાં આપણે.

જીવ શાને બાળવો? એવું પૂછી,
જ્યાં છીએ ત્યાં ઝળહળી ગ્યાં આપણે.

જિંદગી એમ જ કસોટી ના કરે,
એની નજરે પણ ચડી ગ્યાં આપણે.

લક્ષ્મી ડોબરિયા

## ૧૬૦. ભૂખના ભંડારથી

ભૂખના ભંડારથી
ફાટવા આવેલું પેટ
કેમ સાંધવું ?
થાકેલા પગ
દુ:ખના પોટલાં
ઊંચકીને ચાલવાની ના પાડે છે
માણસ ભૂલી ગયો છે
હવે
'આંખ'નો અર્થ !

લતા હિરાણી

## ૧૬૧. માણસ છું, મૂંઝાઉં છું

માણસ છું, મૂંઝાઉ છું ને ત્રસ્ત છું
એકાંતોને ઓગાળ્યા તો મસ્ત છું.

છૂટી ગયા છે ભીડ-ટોળાં ખુશ છું !
એ કારણથી દિલમાં હું ઉપસ્થ છું.

માનવ થઈને માનવથી ડરવું પડતું
પણ સંબંધો કરતી હું દુરસ્ત છું.

કે'તા સહુ ચોંકના તારે રહેવાનું
ભીતર ભાળું ઈશ્વર ! હું આશ્વસ્ત છું.

## ૧૬૨. પંખીઓ ઊડી રહ્યાં છે

પંખીઓ ઊડી રહ્યા છે મોજમાં આકાશમાં
ના છે કાચો પાયેલી દોરીના આજે પાશમાં.

શ્વાન જાણે સિંહ છે, રસ્તાના એ રાજા થયા
મસ્તીથી ભસતા હવે, ના વાહનો વસ્તી રહ્યા.

ફુલને રહેવા મળ્યું છે ડાળ સંગે જ્યારથી
ઝાડ- છોડે કેટલાયે ગીત ગાયા પ્યારથી.

કાર ને વાહન બધાયે આંગણે અટકી ગયા
ને હવાએ શ્વાસ લીધા સાફ, વરસે કેટલા !

હાશ લઈ પ્રકૃતિના તત્ત્વો બધા કે' છે હવે
સુધરો માનવ, બહુ ચગ્યા છો, ચેતો ઝટ હવે.

લતા હિરાણી

## ૧૬૩. શાંત સઘળું સ્થિર

શાંત સઘળું સ્થિર સઘળું, વિસ્તર્યું આ સુન્ન જો
પીડ છે પણ ચીસ ચૂપ છે, પાર આવ્યો પૂણ્યનો ?

આવ-જાના દ્વાર પર વાસ્યા છે તાળાં બીકમાં
ને પુરાયા પગ મહીં, રસ્તાય સઘળા રીસમાં.

શૂન્યતા મેળા ભરીને સુમસામે ફાલતી
કોણ જાણે કેટલું આયુષ્ય એનું ! ડારતી.

કો'ક દિ' ઝંખ્યા સહુ, દે શાંતિ હે ઈશ્વર મને !

આમ શાંતિ ? ના, વિભુ તું દે ફરી રઘવાટ એ !

દાવ પર છે જિંદગી, ક્યાં હાથ આવે છે દવા ?
'લોક'માં રૈને જ લોકો, જાનની માંગે દુઆ !

લતા હિરાણી

## ૧૬૪. તાવડી પર ધૂળ

તાવડી પર ધૂળ ચડતી જાય છે,
ઝૂંપડી માટીમાં ભળતી જાય છે.

સૂર્ય સાથે ભૂખ ઉગતી જાય છે,
ને અમર આશાય મરતી જાય છે.

સાથે ચાલે ઝાડવાં તો ચાલીએ,
આ સડક કાળી તો તપતી જાય છે.

ભૂખથી ભૂંડી તો સમજણ નીકળી,
મોતની વાતોય ગમતી જાય છે.

હે પ્રભુ ! થાજો ભલું આ સાંજનું,

જે દિવસને લઈને ઢળતી જાય છે.

એક વિધવા મા બીજું તો શું કરે ?
ધીમેધીમે બાપ બનતી જાય છે.

મધુસૂદન પટેલ 'મધુ'

## ૧૬૫. સાચ અને અટકળ

સાચ અને અટકળ બાકી છે.
હજી તો સ્થળનું જળ બાકી છે.

હવા રૂઠતાં ફાળ પડી છે !
હજી તૂટવું તળ બાકી છે.

આ તો કેવળ લાલ આંખ છે,
બાકી, એનું બળ બાકી છે.

મૃગજળ છે એક આદ્ય-નમૂનો,
બીજાં અગણિત છળ બાકી છે.

બદલાઈ બસ ચાલ સમયની,
હજી તો પેલી પળ બાકી છે.

થોડી ચિંતા બાકી રાખો,

અણુબૉમ્બનાં દળ બાકી છે.

કોઈ સુણે તો કહેવું છે કે;
પિંજરમાં ચળવળ બાકી છે.

આ પણ એની કૃપા છે 'મધિયા',
મશીન અટકયાં હળ બાકી છે.

મધુસૂદન પટેલ 'મધુ'

## 166. कोरोनाविनाशकसप्तकम्

भूतलेऽद्य महाशत्रुः कोरोना कोविडासुरः ।
तस्मात्तु रक्षणोपायः सर्वलाभाय दीयते ॥१॥

क्षालनं बहुशो हस्तावुष्णपेयस्य सेवनम् ।
गृहाद्बहिर्न गन्तव्यं ह्युपायोऽस्य विनाशकः।२।

अत्यावश्यककार्यार्थं गन्तव्यं चेद् गृहाद्बहिः ।
पटेन मुखमावृत्यास्पृष्ट्वैव गच्छ कञ्चन ॥३॥

रुचिरं सात्त्विकं शुद्धं भोजनं स्वास्थ्यवर्धकम् ।
सानन्दं सकुटुम्बस्त्वं गृहाण गृहपाकिमम् ।४।

ध्यानं योगासनं गानं पाठः सार्थकचिन्तनम् ।
सुसंवादैश्च क्रीडाभिः गृहमूर्जामयं कुरु ।५।

बद्धतालाद् ध्रुवा मुक्तिर्बद्धतालेन केवलम् ।

कालं यापय धैर्येण पराजेष्यति कोविडः ॥६॥

विश्वम्भरं जगन्नाथं स्मर त्वं शुद्धचेतसा ।
मृत्युञ्जयो महारुद्रः साहाय्यं ते करिष्यति ।७।

॥ इतिमहारुद्रशर्माविरचितं
कोरोनाविनाशकसप्तकं सम्पूर्णम् ॥
**रचयिता - महारुद्रः शर्मा**

## ૧૬૭. કોરોના વિનાશક સપ્તક

આજે કોરોના અર્થાત કોવિડાસુર નામનો મહાશત્રુ આ પૃથ્વી ઉપર વિદ્યમાન છે. તેનાથી બચવાનો ઉપાય અહીં આપવામાં આવ્યો છે.

બંને હાથોને વારંવાર ધુઓ, ગરમ પાણીનું વારંવાર સેવન કરો, ઘરની બહાર ન જાઓ, આ જ ઉપાય તેને માટે વિનાશકારી છે.

અતિઆવશ્યક કાર્ય માટે જો ઘરથી બહાર જાઓ તો મોંને વસ્ત્રથી ઢાંકી દો અને કોઈ પણ ચીજને સ્પર્શયા વગર જાઓ.

તમે તમારા પરિવાર સાથે સ્વાદિષ્ટ શુદ્ધ સાત્વિક અને ઘરમાં રાંધેલું સ્વાસ્થ્યવર્ધક ભોજન ખુશીથી ગ્રહણ કરો.

ધ્યાન, યોગાસન, ગાયન, પઠન અને રચનાત્મક ચિંતન કરો, સારી વાતો કરતા, રમતા, ઘરને ઊર્જાવાન રાખો.

કેવળ લોકડાઉનથી જ લોકડાઉનમાંથી નિશ્ચિત મુક્તિ થશે, ધૈર્યથી સમય વિતાવો, કોવિડ હારશે જ.

વિશ્વના પોષક, જગતનાં સ્વામીને શુદ્ધ મનથી તમે યાદ કરો, એ મૃત્યુંજ્ય મહારુદ્ર તમારી સહાયતા કરશે.

ઓમશ્રી મહારુદ્ર શર્મા રચિત કોરોના વિનાશક સપ્તકમ સંપૂર્ણ.


મહારુદ્ર શર્મા

નિ.શિક્ષક ભૂલકાભવન, સુરત.


## ૧૬૮. ઈચ્છાના ગર્ભમાંથી જન્મેલો રાક્ષસ

મહાસત્તા બનવાની
ઈચ્છાના ગર્ભમાંથી
જન્મેલો રાક્ષસ
એટલે કદાચ કોરોના!
આ રાક્ષસે કૈં કેટલા શ્વાસો
ઓક્સીજન પર
અટકાવી દીધા...!
હજી કેટલા અટકાવશે
એની ખબર નથી..!

હદથી વધારે મેળવવાની ઈચ્છામાં
માણસે સહજતા ગુમાવી
દીધી હોય એવું નથી લાગતું ?
એથી જ કદાચ....
ઈચ્છામાંથી જન્મેલા
વાયરસ સામે આખું વિશ્વ વિવશ છે.

મહેશ દાવડકર - સુરત - ૯૯૯૮૪ ૯૦૧૧૫

## ૧૬૯. દીપ પ્રગટાવીએ

'કોરોના' પર થઈ સવાર,
આવ્યો છે ઘોર અંધકાર,
વિશ્વભરમાં જેણે મચાવ્યો,
આક્રંદ અને હાહાકાર!

કરીને આ વિપત વિચાર,
એક સ્વરમાં થઈ તૈયાર,
આવો મળીને દીપ પ્રગટાવી,
ચેતના અને વિશ્વાસ જગાડી,
દૂર કરીએ આ વેદના ભાર.

મોદીજીની છે મનવાર,

કહી રહ્યાં છે વારંવાર,
બનીને દીપક જયાં સુધી,
દેહમાં પ્રાણ છે ત્યાં સુધી,
ઝણઝણાવજો અજવાળાંના તાર.

સુકાય ના દીવડાની વાટ,
સ્નિગ્ધ રહે નેહ માટ,
નવ ઉર્જા પ્રકાશ ભરી,
ઝગમગ કરીએ આ સંસાર.

માલિની પાઠક - 98257 41384

## ૧૭૦. માળામાં રહીએ મગન

સમયની એક જ અભિલાષા,
હૃદયમાં ભરીને આશા,
દૂર રહીને પણ સમજીએ,
એક-મેક્ના મનની ભાષા.
વ્યવહારમાં વરસાવીએ,
પ્રેમ, સદ્દભાવ, વિવેક ભાન.

મહેલ-મિનારા ડગમગે,
ઝીણા કંકર થરથરે,
'કોરોના' - ઉત્પાત, ભયથી,
લીલાં-સૂકાં પાન ખરે!
પ્રલયની આ નિસ્તબ્ધતામાં,

અમૃત્વનું કરીએ જ્યોતિર્ગાન.

માળામાં રહીએ મગન,
વિસ્તૃત કરીએ નિજ ગગન,
કાવ્ય, નૃત્ય, ગીત, ચિત્ર,
વિજ્ઞાનને બનાવીએ મિત્ર,
કાર્યોમાં લગાવી લગન,
કળાઓનું કરીએ રસપાન.

દીન દુ:ખીની ન લઈએ હાય,
વિપત્તિમાં કરીએ સહાય,
કરુણાનાં  શીતળ નીર વહાવી,
'કોરોના' અર્થે કરીએ ઉપાય,
અડગ રહીએ, જયાં સુધી ન જાએ,
આ દૈત્યનું નામ નિશાન.

ડૉક્ટર, નર્સ, પોલિસ, જવાન,
કરીએ સૌનાં સત્કાર, સન્માન,
કેમ કરી ચૂકવીએ ઋણ,
જેમનાં છે અમૂલ્ય યોગદાન.
અભિનંદન  ઉપકાર વર્ષા કરી,
વિશેષ વધારીએ સેવકોની શાન.

પૂજા, પાઠ, યોગ, ધ્યાન,
સ્તુતિ, આરતી, કીર્તન, ગાન,
ઇશ્વરની આરાધના કરી,
દિવ્ય શક્તિનું હો આહ્વાન,
નિશ્ચય દોડી આવશે પ્રભુ,
સાંભળી ઉર મુરલીની તાન.

થાશે જીવનની જ જય.
થાશે દૂર મહાપ્રલય,
થાશે દૂર જરૂર આ ભય,

થાશે ચક્રમાન પુન:ગતિ લય,
શરત એટલી કે બની સદય,
રાખીએ પ્રકૃતિ શાસનનું માન.

**માલિની પાઠક - 98257 41384**

## ૧૭૧. કોરોના શરણમ્ ગચ્છામિ

કેમ છે? પૂછ્યું, ને રસ્તાને ગળે આવ્યો ડૂમો,
હાય! ભૂલાઈ ગયો પગલાં ને પગનો તરજુમો.

પ્રેમમાં અંતર પણ આવું હોય છે રંગીન કંઈ,
હાથમાં મહેંદી બતાવી દૂરથી કહે, લ્યો ચૂમો!

વેલ બારી બહાર ઝૂમે, વૃક્ષ ઝૂમે મોજમાં,
મેં વિચાર્યું, આપણે પણ એકલા ઘરમાં ઝૂમો.

પહેલાં સૌ હળવા ઈશારે દોડીને આવી જતાં,
આજ કોઈ ધ્યાનમાં લેતું નથી મારી બૂમો.

બેઠાંબેઠાં કેટલાં જીવન જીવી જાશે, ભલા,

કોઈ પુસ્તક હાથમાં લઈ પાનેપાનાં પર ઘૂમો.

સેંકડો બુદ્ધિજીવીએ શહેર ઉગાડ્યું અને,
નીકળ્યા ઉજાડવા મુઠ્ઠીભર એવા માસુમો.

હાથમાં પથ્થર લઈ ઊભા છે 'મંથન' ક્યારના,
રાહ જોતા, ઝાડ ઉપર લથબથે ક્યારે લૂમો!

**મંથન ડીસાકર - સુરત**

**Lockdown** હળવું થવા લાગ્યું અને જનજીવન ઊંડે ઊંડે આશંકા અને આશા બન્ને લઈને ધીમે ધીમે પૂર્વવત થવાની કોશિશ કરી રહ્યું હતું ત્યારની એક રચના...

## 172. ज़िंदगी

**रुकी रुकी सी लगती थी ! पर रुकी नहीं है ज़िंदगी !**
**अंधेरा उतना घना नहीं है ! बुझी नहीं है ज़िंदगी !**

**(1)**
**कसूर यूँ तो सबका है पर किसीकी वैसे खता नहीं है,**
**ठोकर है की मोड़ अनजाना अभी तो यह भी पता नहीं है !**
**ठोकर है तो फिर संभलेगी, मोड़ मुड़ेगी, फिर चल देंगी !**
**हसीं वादियाँ, गुल और गुलशन भूली नहीं है जिंदगी !**
**रुकी रुकी सी लगती थी ! पर रुकी नहीं है जिंदगी.**

**(2)**
**जहाँ भी देखो लगता है की सबके बीच कुछ गज दूरी है !**
**इसको अपनी ताकत मानों ! क्यूँ कहते हो मज़बूरी है?**
**ताकत अपनी और बढ़ाओ, हाथ भी धो लो, Mask लगाओ !**
**सीना ताने यहीं ख़डी है ! हटी नहीं है जिंदगी !**
**रुकी रुकी सी लगती थी ! पर रुकी नहीं है जिंदगी !**

(3)
**धूप - छाँव है गीत जीवन का ! इसको सच्चे दिल से गा लो !**
**धूपमें हो तो खुद ही संभलो और छाँव में सबको संभालो !**
**हाथ बढ़ाकर हाथ एक पकड़ो, मानवता कों बांह में जकड़ो !**
**शाम हुई तो सूरज डूबा ! डूबी नहीं है जिंदगी !**
**रुकी रुकी सी लगती थी पर रुकी नहीं है जिंदगी.**

**मनोज जोशी 'मन' - जामनगर**

**Corona** વિશે આપણાં પ્રસિદ્ધ ગીત 'પાંદડું લીલું ને રંગ રાતો....' ની **Parody** (હાસ્ય ગીત) લખાઈ છે. **Lockdown** નાં અંતે રાજ્યનાં અલગ અલગ શહેરો/ગામોને અપાયેલ રેડ ઝોન, ગ્રીન ઝોન સંજ્ઞાઓ પરથી લખાયેલ પેરોડી છે. વિચારબીજ - ડૉ.જગદીપ નાણાવટી

## ૧૭૩. હાસ્યગીત - ૧

ઈચ્છતો લીલો ને મળ્યો રાતો !
ઈચ્છતો લીલો ને મળ્યો રાતો !
એજી આતો **covid** નાં રંગની છે વાતો... છે વાતો !
ઈચ્છતો લીલો ને મળ્યો રાતો !

વાઇરસની વાત ઉડે આખી બજારમાં.. (2)
છાંટો મને સેનિટાઇઝર છાંટો !
ઈચ્છતો લીલો ને મળ્યો રાતો !
એજી આતો **covid** નાં રંગની છે વાતો.. છે વાતો !

(1)
ફરવાની વાતો બ્હારે લાગે લોભામણી,
બહારે નીકળું તો સામે ખાખી સતામણી !
કારણો પૂછે વા'લો મૂકે ના કેડલો !!

કાળો રે કેર વરતાતો !
ઈચ્છતો લીલો ને મળ્યો રાતો !

**(2)**
રંગરસીયા જરા ઉંબરેથી અટકો !
કપડાંની સાથ જઈને દોરીએ લટકો !
વાળી - ચોળી થાકો ત્યારે છેલ રે છબીલા આવો.. {2}
વાસણનો બોજ ના સહેવાતો !
ઈચ્છતો લીલો ને મળ્યો રાતો !

એજી આતો Covid નાં રંગની છે વાતો...છે વાતો !
ઈચ્છતો લીલો ને મળ્યો રાતો !

ડૉ. મનોજ જોશી 'મન' - જામનગર

## ૧૭૪. હાસ્ય ગીત - ૨

**Lockdown** નાં વાગ્યાં ડંકા !
જે ના ઊઠે એ નરબંકા !
યુદ્ધ કોરોના સામે એવું,
ઘરમાં રહે તે જીતે લંકા !
**Lockdown** નાં વાગ્યાં ડંકા.

ઘણુંય બારે રખડ્યા,ખમ્મા !
ભૂતની જેમ જ ભટક્યા, ખમ્મા !
પાનનાં ગલ્લે લટક્યા,ખમ્મા !

હવે પરંતુ સમજો રાજ્જા !

ઘર બ્હારે નાં ફરજો રાજ્જા !
ખુદને માટે ખૂબ કર્યું છે !
દેશનાં માટે કરજો રાજ્જા !

નહીંતો રાજામાંથી સીધા,
વાર ન લાગે થાતાં રંકા !
Lockdown નાં વાગ્યાં ડંકા,
જે ના ઊઠે એ નરબંકા !

રોડ જ કાયમ માપ્યાં ખમ્મા !
દિવસો એમ જ કાપ્યા ખમ્મા !
દોસ્ત ગળે થી ચાંપ્યા ખમ્મા !

હવે પરંતુ થોભો ભઈલા !
વિજ્ઞાન સામું જુઓ ભઈલા !
રહો બધાંથી દૂર દૂર ને
હાથ બરાબર ધુઓ ભઈલા.
શ્રદ્ધા રાખો શ્રદ્ધા કેવલ !
છોડી દો ને સઘળી શંકા !

Lockdown નાં વાગ્યાં ડંકા !
જે ના ઊઠે તે નરબંકા.
યુદ્ધ કોરોના સામે એવું,
ઘરમાં રહે તે જીતે લંકા.

ડૉ. મનોજ જોશી 'મન' - જામનગર

## ૧૭૫. ગઝલ / કોરોનાગ્રસ્ત પ્રેમ

માંડ એણે હાથ મારા હાથમાં આપ્યો હતો.
ને પછી સાબુ લગાવી ધોઈ પણ નાખ્યો હતો.

બે અને બે હોંઠ તો એમ જ તરસતા રહી ગયા
કેમકે તેણે તો ચહેરે માસ્ક પણ બાંધ્યા હતો.

એનું સરનામું તો ગૂગલ મેપથી શોધી લીધું.
રેડ ઝોનમાં ઘર હતું કરફ્યુ  સખત લાગ્યો હતો

લાગણીનું લાકડાઉન થઈ ગયું છે શહેરમાં
પ્રેમને પણ હોમ ક્વોરેન્ટાઇનમાં રાખ્યો હતો.

આ વાઇરસ જો જાય ને તો પ્રેમરસ આવી શકે
એ અપેક્ષાએ દિવસને રાત હું જાગ્યો હતો.

મનસુખ નારિયા

## ૧૭૬. સાચું કહું હું

સાચું કહું હું ઘરમાં રહેજે
સમજીને ભીતરમાં રહેજે

જીવનની સુરક્ષા માટે
તું ઘરના ઉંબરમાં રહેજે

હાથ હંમેશા સાફ રાખજે
સૌથી થોડો પરમાં રહેજે

કોરોના લઈ ફરનારાથી
બે ત્રણ ગજ અંતરમાં રહેજે

હાથ મળે નહીં એ પણ જોજે
વંદનથી આદરમાં રહેજે

હમણાં ક્યાંય સફર કરતો નહીં
તું તારા જ નગરમાં રહેજે

મનસુખ નારિયા

## ૧૭૭. આવી ગયું હશે

આવી ગયું હશે તો ચાલ્યો જઈશ ડિયર.
મૃત્યુને ગટગટાવીશ સમજીને ચિલ્ડ બિયર.

દઈને મદદ એ લોકો ફોટો ય ખેંચી લે છે,
પાછા કહે છે લાવો આંખોમાં થોડા ટીયર.

એવી રીતે કરું છું હું યાદ દોસ્તોને ,
સંભારે જેવી રીતે પરિણીતા ખુદનું પિયર.

આવી પડી છે નોબત ડિસ્ટન્સ રાખવાની,

આવું તો કેવી રીતે આવું હું તારી નિયર.

**મેહુલ પટેલ 'ઈશ'- સુરત - 95376 11423**

## ૧૭૮. હે સ્વામી

સ્વામી (છંદ: મુતદારિક - છંદોવિધાન: લગાગા (4)

અરજ છે હવે તો બચાવો, હે સ્વામી,
એ જંતુ ભયંકર હટાવો, હે સ્વામી.

કરુણા અને પ્રેમ સ્થાપી હૃદયમાં,
હવે એક પરચો બતાવો, હે સ્વામી.

જગત આખું થંભી ગયું છે પ્રભુ તો,
ધબકતું કરીને વહાવો હે સ્વામી.

ધર્યું રૂપ વિકરાળ, લાગે છે દાનવ,
પછાડી પછાડી મરાવો, હે સ્વામી.

ધ્રૂજે લોક સૌ મોતનું જોઇ તાંડવ,
અભય વર બની આપ આવો હે સ્વામી.

રડે, કરગરે આજ બેહાલ માનવ,
એ મજબૂર આતમ હસાવો હે સ્વામી.

તૂટી ગ્યા મનોબળ નિરાશા ભરીને,
દુ:ખીજનને હિંમત અપાવો હે સ્વામી.

મીના વ્યાસ - વડોદરા - 99980 05041

## ૧૭૯. કોરોના અને અમે...

આંય શું હું તમારા કે'વાની વાટ જોઈને બેઠો છું?
મારી તલપ
મારી તડપ
મારી ભૂખ
મારી તરસ
મારો શ્રમ
મારો પરિશ્રમ
મારી મજૂરી
મારી મજબૂરી
મારો આશ્રમ

મારો વિશ્રામ...

એ બધાનો હું માલિક છું!

હું તો ઠીક,

મારા બે વરહના છોકરાના પેટમાંય બિલાડાં બોલે ને,

તો છોકરો ય હાકોટો કરીને કહી દે,

કે ...ચૂપ મર!

એટલે બલાડાં ચૂપ!

જસલી, મૂઈ હાલતી નો'તી કાલે

લાશની જેમ ગબડી જાય, રોઈ!

પાણી માંગતી 'તી!

કેતી'તી, કે મોઢું સુકાય છે...

તે એની મા એના કાનમાં બોલી કે હાલ ઘેર જાવું છે ને!

ત્યાં તો જેમતેમ કરતી ઊભી થઈને હેંડવા માંડી!

તરસ છો ને ગળામાં, પણ ગળું તો આપડું ને!

આપડે કઈ એમ કરે!

છાલાં છો ને પગમાં,

પણ પગ તો આપડા છે ને,

આપડે કઈ એમ કરે!

અમારું પેટ અમારા કહ્યામાં,

અમારી ભૂખ અમારા કહ્યામાં,

અમારી તરસ અમારા કહ્યામાં,

અમારી તલબ અમારા કહ્યામાં!

બાકી હતું તે

તાપમાં હાલી હાલીને,

સુરજને એકધારૂં પીધાં કરીને

બે છોકરાં રૂપાળા સીસમની પેઠ ચમકદાર થઈ ગયા છે!

આ તો અમારી વાત થઇ,

પણ દેશમાં  ઓલો કેશો નથી રહેતો!

હા હા ઈ જ!

તમારા બંગલા બાંધવા આવતો'તો ને...!

તે એનો બાપ મરી ગયો!

બિચારો પોલીસને કે' કે આ લોકડાઉન છે, કંઈક કરો ભૈશાબ,
પણ પોલીસ કે' કે
તારા બાપને કે' આત્મનિર્ભર થાય!
તે ઈ સમજી ગયો સાનમાં!
બાપની લાશને સાઈકલ ઉપર નાખીને  બાળી આવ્યો...
તો આવી બધી ઘણી વાતુ છે!
હવે ઇ કહો,
કે તમે અમને હમજાવશો, કે આત્મનિર્ભર ઓમ કહેવાય
ને ત્યમ રે'વાય!?
મારી ઘરવાળી...
બે  જીવસોતી
ભૂખની મારી
તરસની મારી
તાપની મારી
ગરભની માયાની મારી
તૂટતી કાયાની મારી...
એક દા'ડો બોલી
કે શરાપ દઈ
આ બધાને હતાં-ન્હોતાં કરી નાખું!
પણ પછી કે કે નઈ દઉં શરાપ!
જેમ આ કકળતી આંતરડી મારી છે,
એમ આ જીભાન મારી છે,
હું કઉં એમ જ કરે મારી જીભ...
અમે
આત્મનિર્ભર...!

મીનાક્ષી ચંદારાણા

## ૧૮૦. તમારી કલ્પનાથી

તમારી કલ્પનાથી હું ઘણી આગળ છું, ઓ બેટા!
હું છું કુદરત, ને મારા ઝીણા રૂપનું નામ કોરોના!

હણો છો ચેતના ભેગાં મળી, વિલાસના મદમાં,
અને એથી જ પામ્યાં છો અજબ અંજામ... કોરોના!

ઘણાંએ લોક-ધામોથી તો માહિતગાર છો માનવ,
હવે એમાં ઉમેરો એક અજાણ્યું ધામ... કોરોના!

કે જીભ તો આભને આંબે, અસીમ કેવી બુભુક્ષા આ!

કરો પ્રગતિ, ને છેવટ લો વસાવી ગામ કોરોના!

ઘણું દોડ્યા તમે, થોભો જરા અંતરમાં ઝાંખીને,
લિખિતંગ આપનો, બસ આપનો આરામ... કોરોના!

મીનાક્ષી ચંદારાણા

## ૧૮૧. ધૂંઆધાર કોરોના...

આ ધૂંઆધાર...અપરંપાર... અનરાધાર... કોરોના
અરે, આ પાર કોરોના, અને ઓ પાર કોરોના

બધા ચળકાટ ફરતી એક કાળી ધાર...કોરોના
બધાનાં હોઠ પર છે એક બસ ઉદગાર... કોરોના

મહત્ત્વાકાંક્ષા મારી માણસાઈને વળોટી ગઈ
અને એથી જ લીધો તેં નવો અવતાર...કોરોના?

અમે વિકાસ સાધ્યો'તો, અમાસો પણ હતી ઉજળી

હવે ધોળા દિ'એ વરસે છે એક અંધાર... કોરોના

વરતીએ એક વિવેક રાખી, જરા વિચાર પણ કરીએ
કદાચ એ જોઈને પાછો વળે ખૂંખાર કોરોના

મીનાક્ષી ચંદારાણા

## ૧૮૨. લોકડાઉન ખુલતાં....

ધબકતી દોડતી ધસમસતી દુનિયા,
ફરી પાછી કમરિયા કસતી દુનિયા!

ફરી પાછી એ બેઠી થઈ રહી છે,
ફરી શું પામવાને ધસતી દુનિયા!

ફરી આવીને ઊભશે છેક ધારે?
ફરીથી કઈ દિશામાં ખસતી દુનિયા?

ફરી માણી શકીશું કલબલાટો?

ફરી કિલકારીઓને ગ્રસતી દુનિયા?

હવે શ્વાનોના હમખ્યાલો કહે છે,
આ દિલ માગે છે નરવું હસતી દુનિયા!

હું જોઉં છું, પલાંઠી વાળી બેઠી,
નથી જોવી પગરખાં ઘસતી દુનિયા!

મીનાક્ષી ચંદારાણા

## ૧૮૩. વિધેયક અભિગમ..

પહેલી વેળા બાળકોને મુક્ત હાસે,
મેં રમત રમતાં દીઠાં નરવા હુલાસે!

જે ન'તી ભાળી મેં વૈભવને વિલાસે,
તારલી દેખાઈ ગઈ કાળી અમાસે!

ઊઘડેલા આત્મના અઢળક ઉજાસે,
મોતીડાં કોળી ઊઠે છે ચાસચાસે!

બંદિશો, રંગો, શબદ આકાશવાસી,
આવીને ઊભાં સ્વયં મારા નિવાસે!

રાતના અંધારને વાગોળવામાં,
રાતરાણી જેમ મહેકી પ્રાસપ્રાસે!

ભીડમાં ઠેબે ચડી'તી પ્યાસ મારી,
એય પામી નવજીવન એકાંતવાસે!

એક પ્રશાંતિના મીઠા ઠંડા તરંગો,
ને બીજી હું, બેઉ બેઠાં પાસપાસે!

મેં કહ્યું, કે કોરો ના, કોરો ના, હરદમ,
એ કહે, કંડારૂં છું પ્રત્યેક શ્વાસે!

ક્યારીમાં યુગયુગથી ક્વોરન્ટાઇન કુસુમો,
ક્યાંના ક્યાં પહોંચે છે બસ કેવળ સુવાસે!

મીનાક્ષી ચંદારાણા

## ૧૮૪. સ્વર્ણિમ અમ લંકાનગરીમાં

સ્વર્ણિમ અમ લંકાનગરીમાં તાબડતોબ ને આજ,
મારી ચેતના! તમે આણો હવે રામરાજ.

તીણી તડમાંથી ધસી આવી, છેક પથારી નજીક
સાંજ ઢળે ને મોટા ઘરને ભરડામાં લે બીક
રુદિયું નકરું ચરકલડું ને બીક તો શકરો બાજ... મારી ચેતના...

મંગળ વાદ્યો બાજે ત્યાં તો ડંખે કૈંક વિયોગ
અમ રાજીપાને રગદોળે, જુગ જુગ જૂના સોગ
રાતી કીડી થઈને ચટકે વિસરાયેલા અવાજ... મારી ચેતના...

પાને પાને પ્રાણ ફૂંકો, ને વાહો ગર્જન ગાન
મૌન ધરી સાંભળશું તારા તાંડવ કેરી તાન
ઝટ દઈ જંતને હંત કરે એવું લઈને જંતર-સાજ... મારી ચેતના...

મીનાક્ષી ચંદારાણા

## ૧૮૫. વરદાન

પંખીઓ સાવ સમીપે બેસી ઝાડ પર કલરવની અંતાક્ષરી રમતા.
મનુષ્યો પણ.
પાસપાસેના ઝાડવાની ડાળીઓ એકબીજાના કાનમાં ગુસપુસ વાતો કરતી..
મનુષ્ય જાતિ પણ.
હરણાના ટોળાઓ કે હાથીઓના ઝૂંડો
અડી અડીને ચાલતા ઠેકતા મનુષ્યો પણ.
અચાનક
પ્રશ્નાર્થ નજરે
હાથીઓએ હરણા તરફ
હરણાઓએ  ઝાડવા તરફ

ઝાડવાઓએ પંખીઓ તરફ
પંખીઓએ આકાશ તરફ
જોયું
આકાશે શુષ્ક સ્વરે કહ્યું
આ વરદાન મનુષ્યો પાસેથી પાછું ખેંચી લેવામાં આવ્યું છે

- મુકેશ જોશી

## ૧૮૬. એક છોકરીને કોરોના

એક છોકરીને કોરોના થાય છે
એક છોકરો રૂમમાં પુરાય છે
એક છોકરીને શ્વાસમાં છે લોચો
એક છોકરાથી પ્રાર્થનાઓ થાય છે

એક છોકરીને ખાવું ના ભાવતું
એક છોકરાથી પણ ક્યાં ખવાય છે
એક છોકરી નો સેલ ફોન ચૂપ છે
એક છોકરાની બેટરી લો થાય છે

એક છોકરીના ઘરની ઉદાસીઓ

એક છોકરાની આંખમાં વવાય છે
એક છોકરીના ચૌદ દિવસ કાળમાં
એક છોકરાના ચૌદ જન્મ થાય છે

- મુકેશ જોષી

## ૧૮૭. પહેલાં અને આજે

પહેલાં દુનિયામાં ઘર હતું મારું...
આજે ઘરમાં વસી ગઈ દુનિયા..

મુકુલ ચોકસી - સુરત - ૯૮૨૫૧ ૪૨૪૦૬

***

## ૧૮૮. સ્મિત

આ બધું જોઈને
હું આવવાનું માંડી જ વાળવાની હતી...

પણ ત્યાં અચાનક પે...લા
ખૂણામાં જોયું તો એક બાળકી મલકાઈ
રહી છે.

તેના હાથમાંનુ ગીફ્ટ બોક્સ તે
સ્કૂલ ખૂલતાં જ ટીચરને આપવાની છે

જો કે બાળકીને ખબર છે કે તેના હેન્કી,
રીબીન, મફલર, સ્કાર્ફ બધાં જ સ્કૂલ ખૂલતાં
એક માસ્ક બની જવાના છે.

તેમ છતાં તે મલકાઈ રહી છે.
તેણે ટીચરને આપવા માટે ગીફ્ટ
દીવાસ્વપ્નોની ડબ્બીમાં સાચવીને મૂકી છે...

બાળકી વોરિયર નથી
પણ ભોળું હાસ્ય રેલાવીને
તે પણ અજાણતાં જ લડી રહી છે.
ભવિષ્ય સાથે, ડર સાથે.

આ એ સ્મિત છે જે પૃથ્વીને
પોતાની ધરી પર સંતુલિત રાખે છે.

આ એ સ્મિત છે, જે વિશ્વના
સમગ્ર આંસુઓના જથ્થા કરતાં
વજનમાં સહેજ વધારે છે.

બાળકીના આ સ્મિતને સાચવવા હું
આવીશ.

## ૧૮૯. આઈ એમ સોરી

જગતભરની તમામ યાતનાઓને ઠારવા
હું સમયસર ન આવી શકી.

પણ બાળકીના આ સ્મિત માટે હું
વેળાસર આવીશ.

હું આજપર્યંત નહીં શોધાયેલી
વેકસીન છું.

અને આપ ગીફટ બોકસ ખોલીને ધ્યાનથી જોજો.

કદાચ બાળકીએ, સ્કૂલ ખૂલે ત્યારે
ટીચરને આપવા માટે રાખેલા
ગીફટ બોકસમાં હું જ હોઈશ.

મને વૈજ્ઞાનિકો અને તબીબો શોધી કાઢે
એ પહેલા,
કદાચ આ બાળકી શોધી કાઢે
તો માફ કરી દેજો.

મુકુલ ચોકસી - સુરત - ૯૮૨૫૧ ૪૨૪૦૬

## ૧૯૦. માફ કરજો

એક સદી ઘાયલ થઈને કણસી રહી છે આજે
માણસો ધીમે ધીમે પડછાયો થઈ રહ્યાં છે...

સ્વપ્નોના ચળકતા મહેલ પર
યમરાજ પોતાની નેઈમપ્લેટ લગાડીને
ચાલ્યા ગયા છે...

અને બહાર બે ચાર ચકલીઓ
મહેલના તૂટતા થાંભલાઓ ગણવાની
નિર્દોષ રમત રમી રહી છે.

એવામાં, એક વૃક્ષે બાજુના વૃક્ષને કહ્યું:
આજે તડકો નથી પહેરવો

થાય છે કે હું પણ સફેદ એપ્રન પહેરીને કામે લાગી જાઉ

તોતિંગ ઈમારતોને વર્ષોથી અડીખમ
ઊભા રહ્યાનો લાગેલો થાક,
મને સાદ પાડીને બોલાવે છે.

સ્મશાનો વિચારે છે કે અમને
ગુજરી જવાની છૂટ ક્યારે મળશે?

બાર ફૂટ દૂરથી શેકહેન્ડ કરતાં
હાથોને જોઈને,
માણસના પોતાના જ બે હાથો એકમેકમાં ગૂંચવાઈ જાય છે.

એક ડોસો કપાળની કરચલી પર
ઈસ્ત્રી કરતાં કરતાં વિચારે છે કે
ચાલ જરા ગૂગલ કરીને
જીવનનો અર્થ શોધી જોઉ...

મુકુલ ચોકસી - સુરત - ૯૮૨૫૧ ૪૨૪૦૬

***

## ૧૯૧. જો પ્રભુ કહે, હે વત્સ..

મારા ઉપર પ્રસન્ન થઈ જો પ્રભુ કહે...
હે વત્સ, આજે કોઈપણ મુશ્કેલ Task આપ !
નતમસ્તક કે હું માગુ પ્રભુ પાસે એટલું જ
પૃથ્વી આખી ય પહેરી શકે એવો Mask આપ !

ભીડ ને ટોળા નહીં થાય, તો કંઈ વાત બને
સહુને ઘરમાં જ ગમી જાય, તો કઈ વાત બને
ટૂંકમાં, આવનારા કેટલાક મહીનાઓ સુધી

સુરતીઓ સુરતી મટી જાય, તો કંઈ વાત બને

કોરોનાનું સ્કોર બોર્ડ જોવું જ પડે
વધતા આંકથી ભલેને પીડા થાતી હોય
જાણે કે ભગવાનની ઈન્સાનો સામે
જીવન નામની ફાઈનલ મેચ રમાતી હોય

ચિંતા અને સતર્કતા વચ્ચેનો સૂક્ષ્મ ભેદ
જળવાય એવા ભાન અને સાન રાખજો
કોવીડ શરીરમાં ન પેસે, એની સાથોસાથ
મનમાં ય નહીં પ્રવેશે, એનું ધ્યાન રાખજો

મુકુલ ચોકસી - સુરત - ૯૮૨૫૧ ૪૨૪૦૬

## ૧૯૨. લોકડાઉન

તારા ઘર તું **Lock Down,** મારા ઘર હું **Lock Down**
કેમ કરશે કોવિડ પણ, ઊર્મિ, દિલનું **Lock Down**

કેદ સ્ત્રી સદીઓથી, ઘૂમટા કે પથ્થરમાં
લાવ લક અહલ્યાનું, રામે તોડ્યું **Lock Down**

વ્યાજખોરથી શોષિત, નાગચૂડમાં વર્ષો
ને તમે કહો છો કે, હમણાં આવ્યું **Lock Down !**

લોભીને ખરીદી લો, છેતરો હોર્સ ટ્રોજનથી

દામ, ભેદથી કાયમ, તૂટ્યું ગઢ નું **Lock Down!**

દેવસ્થાન તાળામાં, ઠેકડી ઉડાડે બહુ
આસ્થા નહીં ઘટે મારી, જોઇ લે, તું **Lock Down!**

યોદ્ધા રોજ હોમાતા, જંગમા આ કોવિડના;
હે પ્રભુ, તુ કર જલ્દી, વાઇરસ નુ **Lock Down!**

મુકુર પેટ્રોલવાળા - સુરત - ૯૯૨૫૧ ૨૨૨૩૨

## ૧૯૩. કોરોના છે દુશ્મન

કૉરોના છે દુશ્મન છૂપે વેશ ઊભો છે,
શી ખબર કે કોની અંદર કેસ ઊભો છે ?

ચેતવણીનો ડંકો દઈ દરવેશ ઊભો ત્યાં,
એની સાથે જુઓ આખો દેશ ઊભો છે.

જેણે જેણે અવગણ્યો કુદરતનો ધારો,
એના જીવનું જોખમ છે અંદેશ ઊભો છે.

હૂંફાળું જળ,લીંબુ,આદુ,હળદર, કાવો,
શક્તિ માટે લઈ લે આ ઉપદેશ ઊભો છે.

પોતે ભીતર નહીં જુએ તો જોવા મળશે,
કયાંક પડેલો માણસનો અવશેષ ઊભો છે!

તું ભટકે પણ તારી અંદર એ ધબકે છે,
બુદ્ધ-જૈન,ઈસુ-અલ્લા અવધેશ ઊભો છે.

શી છે તારી હસ્તી પામર જીવ કહે તું ?
અહંકાર ત્યાગી દે આ સંદેશ ઊભો છે.

નૈષધ મકવાણા – વડોદરા

## ૧૯૪. અત્યારે

સલામત રહેવાની આપણી જરુરિયાત,
આવતીકાલના અજાણપણામાંથી ઉભરી આવતો ભય,
જીવવા માટેની તરસ,
જીવતા રહેવા માટેના પ્રયાસો...
આ બધું આપણને ક્યાં લઇ જશે?
ક્યાં અને ક્યારે અટકશે?

રોજ કેવી, કેટલી ચિંતા, ઉપાધિઓ!

કાલે દુકાનો ખુલશે?
નહીં ખૂલે?
જીવન જરુરિયાતની વસ્તુઓ મળશે?
બધું ખૂટી પડશે તો?
લઈ લો.. ભરી લો!
બીજાંને મળશે કે નહીં એ ક્યાં જોવા બેસું?
હું તો લઇ લઉં!
મારી તો વ્યવસ્થા કરી લઉં!
આજ માટે.. કાલ માટે..

કેટલી આવતીકાલો માટે
આમ ઘાંઘાં થઇ ભટકશું?
કેટલું ને શું સંઘરશું?
જરા વિચારીએ-
આ ભાગદોડ ને હાયવરાળમાં
સંઘરવાનો યાદ રહેશે નિસીમ આભનો અણસાર?
કે ઝળહળતું સૂર્યકિરણ?
પંખીનાં ગાન?
ઝાડપાનની લીલી શાંતિ?
ખુલ્લા રસ્તા પર વેરાયેલા સમયની
અ-ગતિ?
અને, પોતાની કે પોતાનાંઓની સાથે
મળેલાં સમયનાં અમૂલખ મોતી?

સંઘરી લેવું જોઇશે આ બધું યે.
કાલે જ્યારે જીવન ભયમુક્ત
અને સામાન્ય થઇ જશે
ને આ બધું જોવા, માણવાનો સમય
નહીં હોય ત્યારે
આ સંઘરેલું સઘળું વાપરી શકાશે
અને જીવંત હોવાનો અહેસાસ થશે!

- નંદિતા ઠાકોર

## ૧૯૫. હે કોરોનારૂપી દેવી !

તમે મુખાવરણ ધારણ કરો છો.
સંસ્કારોને ધારણ કરનાર છો.(હાથ, શૌચ, હસ્તપ્રક્ષાલન)
અને કુસંસ્કારોનો નાશ કરનાર છો... (૧)
માસ્ક ધારણ કરી ગમે ત્યાં ફરો,
હાથ, ધોવાથી બધું જ શુધ્ધ થાય છે .. (૨)
પહેલાં હતું ગંગાજળ સઘળી શુદ્ધિ માટે
હવે સેનિટાઈઝરની શુદ્ધિ ગંગાથી અધિક છે.. (૩)
પ્રતિદિન સ્નાન માનવોની ગંદકી શુધ્ધ કરે છે,

પરંતુ વિષ કોરોનાનું સેનિટાઈઝરથી જ નષ્ટ થાય છે. .. (૪)
વીસ સેકન્ડ સુધી તેને હાથમાં રાખવું જોઈએ,
વિષાણુનાશ પછી હાથ ધોવા જોઈએ. .. (૫)
આ કોરોના દેવીનું અઘમર્ષણસૂક્ત છે
તેના સ્તુતિપાઠથી કોરોના દેવી સંતુષ્ટ થઈને ચાલી જશે. .. (૬)
કોરોના દેવીનાં આ સૂકતને જે દરરોજ વાંચે છે
તેના વંશમાં ક્યાંય રોગભય રહેતો નથી. .. (૭)
આ સ્તોત્રને સાંભળીને જે દુ:ખી, દરિદ્રો
કે પશુઓને ખાવાનું ખવરાવશે
તેને કયારેય રોગ થશે નહીં. .. (૮)

ડૉ. નારાયણ દાસ
રામકૃષ્ણ મિશન મહાવિદ્યાલય, કલકત્તા

## ૧૯૬. આભાર કોરોના!

જયારે આપણે કશુંક ગુમાવીએ છીએ
ત્યારે જ ખબર પડે છે કે આપણી પાસે શું હતું! કેવું હતું!

રોજ જેમની મીઠી મીઠી વાતોથી ભોળવાતા હતા,
જેમના વિના સમય જાણે ગોકળગાય બનતો,
તે મહિનાઓ સુધી ન મળે તોય ચાલે,
તે તેં સમજાવ્યું, આભાર કોરોના!

જેની સાથે થોડી મિનીટ વાતો કરતાં કંટાળતા હતો,
આપણી પાસે વાતો કરવાના ટોપિક્સ જ નથી એવું માનતો,
તેની સાથે કલાકો નિરાંતે ગપ્પા મારી શકાય છે,
તે તેં સમજાવ્યું, આભાર કોરોના!

જેના દર્શન વિના લોકોનો દા'ડો શરુ નહોતો થતો,
તે દેવ-દેવીના ડેલે તાળા પણ હોય!
ત્યાં ગયાં વિના પણ સ્મરણ શક્ય છે,
તે તેં સમજાવ્યું, આભાર કોરોના!

જેના ચટાકા વિના સાંજ વિતતી નહોતી,
તે જંક ફૂડ વિના પણ સાંજ રસીલી હોય!
ઘરના શિરા-સુખડી તરફ પરત થવાય,
તે તેં સમજાવ્યું, આભાર કોરોના!

હોટેલમાં જમવા કરતાં એટીકેટનો આનંદ
એ જાત સાથેનું છળ હતું,
જે પરિવાર સાથે જમે છે, તે સાથે રહે છે,
તે તેં સમજાવ્યું, આભાર કોરોના!

મલ્ટીપ્લેક્સમાં ફિલ્લમ કરતાં બીજું વધુ હતું,
હાથમાં રીમોટ રાખી આપણી રીતે ફિલ્મો જોઈ!
જીવનમાં જોવા જેવું કેટલું બધું છે, ક્યારે જોઈશું?
તે તેં સમજાવ્યું, આભાર કોરોના!

સ્ક્રીન ટાઈમ એ એન્ટરટેઇનમેંટ ટાઈમ છે,
એ માન્યતા એક મોટો ભ્રમ હતો,
સ્ક્રીન ટાઈમ એ બેસ્ટ લર્નિંગ ટાઈમ છે,
તે તેં સમજાવ્યું, આભાર કોરોના!

સંતાનો તો મારી જવાબદારી છે,
એને માટે જ તો આ શેષ જીવન છે,
તો હું પણ સંતાનોની જવાબદારી છું,
તે તેં સમજાવ્યું, આભાર કોરોના!

પુસ્તકોથી ભર્યું કબાટ શો કેસ બની ગયું હતું,

લાવી લાવીને એમાં ઠાલવતો જ રહ્યો હતો,
એ પુસ્તકોથી જીવન ભર્યું ભર્યું છે,
તે તેં સમજાવ્યું, આભાર કોરોના!

સમાજમાં અંતર ન રહી જાય તે માટે
સમાજને સતત જોડતો-સાંધતો રહ્યો,
પણ સામાજિક અંતરમાં પણ નિકટતા છે,
તે તેં સમજાવ્યું, આભાર કોરોના!

પાન ગુટખા ભરીને ગલોફાં ફૂલાવનારા
રસ્તે, દાદરે, દીવાલો પર થૂંકનારાને
એક ઝાટકે વ્યસનથી દૂર પણ થવાય,
તે તેં સમજાવ્યું, આભાર કોરોના!

મનગમતા ગીતો સીડીમાં જ કેદ રહેતાં,
વર્ષોથી મ્યુઝીકલ ફોલ્ડર ખુલ્યાં નહોતાં,
પણ 'સંગીત મન કો પંખ લગાયે'
તે તેં સમજાવ્યું, આભાર કોરોના!

હવાના પ્રદુષણો માટે બોલતો-લખતો રહેતો,
આપણે તો અપ્રદૂષિત શૈલી જ જીવીએ છે એવું માનતો,
વાહનો બંધ થતાં દૂરના ડુંગરા રળિયામણાં જોવાય
તે તેં સમજાવ્યું, આભાર કોરોના!

પૈસો, પ્રેમ, સત્તા, પદ, પ્રતિષ્ઠા, સુખ પામવા
દોડતો રહ્યો, રળતો રહ્યો, વલખતો રહ્યો..
પણ પહેલું સુખ તે જાતે નર્યા
તે તેં સમજાવ્યું, આભાર કોરોના!

પોતાના પરસેવે જ માલિકો માલેતુજાર થાય છે,

પોતે છે તો મિલ છે, કારખાના છે, બજાર છે,
એવું માનતા મજૂરને માલિક કેવો માણસ છે,
તે તેં સમજાવ્યું, આભાર કોરોના

અભય રહો, નિર્ભય બનો, સામી છાતીએ લડો,
લોકોને સમજાવ્યું, જો ડર ગયા, સમજો મર ગયા,
પણ હકીકતે જો ડર ગયા વો હી બચ ગયા,
તે તેં સમજાવ્યું, આભાર કોરોના!

દોસ્તો, પ્રેમીજનો, પરિવારજનો, સ્નેહીજનો,
એજ આપણી ખરી મૂડી છે એવું માનતા મને,
મનની ભીતર જોતાં, હું જ મારો ઈશ્વર
તે તેં સમજાવ્યું, આભાર કોરોના!

નરેશ કાપડીઆ - સુરત - ૯૯૦૯૯ ૨૧૦૦

## ૧૯૭. કોરોનાએ ખૂંચવી લીધાં

ક્યાં છે માનવ મહેરામણ!
ક્યાં ગયો માનવ સમુહ!
જે કોઈ મળે મને
તેના મોઢા પર માસ્ક છે
કોરાના તેં તો ખૂંચવી લીધા
બધા માણસોના ચહેરા!

- નયન હ. દેસાઈ – સુરત – ૯૩૭૭૭ ૫૫૫૪૧

## ૧૯૮. લૉકડાઉન ઔર હમ

રાગઃ-કજરા મુહબ્બત વાલા..

કોરોના વાયરસ બડા,
લોગોંકો ગભરા ડાલા.,
કોરોનાને લેલી સબકી જાન,
જીસને રખા ના સંક્રમણકા ભાન...
અચ્છા હૈ લૉકડાઉન મેં રહે,
સ્વચ્છતા કા ખયાલ રખ્ખે.,
તો ના આયેગા કોરોના પાસ,
સાવધાન રહના હોગા ખાસ..
મૌકા અચ્છા હાથ આયા,
અસલમેં જીના શિખાયા.,
શુકુનસે જી લો પરિવારકે સાથ,
ઘરકામ કરલો સબ હાથો હાથ..
પુરાને ખેલોંસે ખેલો,
બઢિયા સા સંગીત સુનો.,
લિખના પઢના શીખો સાથ,
કામ કુછ નેકીકા ધર લો હાથ...
કૌન કહતા હૈ કટતા નહીં હૈ,
હમકો તો સમય મિલતા નહીં હૈ.,
પ્રભુજી કા ધ્યાન ધર લો આજ,
મોદીજીકા કહના માનો ખાસ..
કોરોના વાયરસ બડા,
મૌતસે પાલા પડા.,
ઘરમેં રહોગે તો કોરોના બહાર,
બસ ઈતના સમજ લો આજ..
સૂર્યોદય, સૂર્યાસ્ત, હવા, પાની, વૃક્ષ,
ચંદ્ર, તારા, નદી, સાગર, પશુપંખી,
પુષ્પ સબમેં લૉકડાઉન નહીં હૈ.
સર્જન, સંવાદ, સંવેદના, સ્મૃતિ
વિસર્જન,સબ લૉકડાઉન નહીં હૈ.

પ્રેમ, પરવા, સહાનુભૂતિ ભી લૉકડાઉન નહીં હૈ.
કલ્પના, સપના, તમન્ના, આશા કુછ લૉકડાઉન નહીં હૈ.
ભૂખ, પ્યાસ, નીંદ, દોસ્તી ભી લૉકડાઉન નહીં હૈ.
પ્રાર્થના, ધ્યાન, સ્મરણ તો લૉકડાઉન બિલકુલ નહીં હૈ.
કુછ ભી લૉકડાઉન હો જાય અપને મન હૃદયકો કભી લૉકડાઉન મત હોને દેના.
મસ્ત રહે, વ્યસ્ત રહે, સ્વસ્થ રહે ઔર જબરદસ્ત રહે યહી મનોકામના કે સાથ..

**(પ્યાસી) નયના ઠક્કર – વડોદરા – 97730 93156**

## ૧૯૯. કૂટે રોજ કપાળ

ખબર નહીં શું માંડ્યું છે, કહી કૂટે રોજ કપાળ
કોરોનાને ભરીભરીને ભાવેણું દે ગાળ !

ઝાંખ મઢેલી શેરીમાં ભૂતાવળ થૈ થૈ નાચે;
આકળવિકળ હૈયાં ભૂંડી ભ્રમણાઓમાં રાચે.
ડુંગર જેવા ઊંબર કીધા ડેલે બાંધી પાળ;
કોરોનાને ભરીભરીને ભાવેણું દે ગાળ!

ભણકારે આવે છે તોલ, ને મોલ, ને વાદ-વિવાદ ,
કોઈ શોધી લાવો ભંગારીનો રુડો સાદ..
સન્નાટાને પકડો, બાંધો, મારો, મેલો ઝાળ..
કોરોનાને ભરીભરીને ભાવેણું દે ગાળ !

નેહા પુરોહિત

## ૨૦૦. ગીત – કોરોના

મારાં નગરે સન્નાટાનો કહેર !
સમ ખાવા આભમાં સૂરજ ઊગે છે અહીં દિવસ ઊગવાનું થયું ઝેર..
મારાં નગરે સન્નાટાનો કહેર..

કોઇએ અદીઠ રહી આવરા ને જાવરાથી માંડી દીધો રે આખેટ..
સૂતેલી શેરી કસુવાવડીની જેમ જાણે પસવારે ખાલીખમ પેટ..

ઉંબરને પગરવથી ક્યારેય શું ભાળ્યું છે સાતસાત  પેઢીનું વેર ?
મારાં નગરે સન્નાટાનો કહેર..

ભાવનું નગર છે મારું જેવુંતેવું થોડું એની ચારે દશ્ય દેવીનાં સ્થાન ;
વચમાં મા'દેવ વળી રક્ષા કરે છતાંય આવાં શેં આવ્યા દિનમાન !
રે મર કોરોના, તારે દીકરીયે દીવા ન હોય, રે મારા વેર !!
મારાં નગરે સન્નાટાનો કહેર..

નેહા પુરોહિત

## ૨૦૧. સન્નાટો

બસ....
કર્યા પસાર
દિવસો એ...
દીકરી એકલી__
ત્યાં covid હોમે !

અહીં
એકલાં અમે
અમ ઘેરે!

વટસાવિત્રીના વડથડે

વીંટળાયેલા
કાચા સૂતરના દોરા સમાન
સન્નાટાથી વીંટળાયેલા
વડથડ શાં
અમે__

સન્નાટો
જ
સન્નાટો
બસ
માત્ર
સ... ન્નાટો...

નિર્ઝરી મહેતા - વડોદરા – ૯૩૭૭૬ ૯૦૯૧૦

## ૨૦૨. હાથ પખાળમ્

હાથ પખાળમ્, નહીં મિલાવમ્, દૂર રખાવમ્ કર જોરી,
મોઢા ઢાંકમ્, ઘરમાં વસન્તમ્, ના ભટકન્તમ્, સમજ્યા રી ?

પોલીસ પધારમ્, દંડા મારમ્, કૂકડા બનાવમ્, જ્યાંત્યાં રી,
નહીં સુધરન્તમ્, જેલ ભમંતમ્, દંડ ભરન્તમ્ બહુ ભારી.

ધીરજ ધરન્તમ્, અક્કલ રખન્તમ્, દિન વીતન્તમ્ બહુ ભારી,
કહે "નીતા"નારી, સમજી-વિચારી ઘરમાં રે'જો પ્રજા સારી.

-નીતા પટેલ

## ૨૦૩. કોરોના અને અદોદળાપણું

પલંગમાં પડ્યો પડ્યો પ્રણય અદોદળો થયો,
ભૂલીને હણહણાટ સાવ હય અદોદળો થયો.
બુકાનીબાજ સુસ્તતાથી છાપો મારતો રહે,
પૂરીને સૌને ઘર મહીં પ્રલય અદોદળો થયો.
ભરી ફલાંગ આવકારવા જતો નથી કશું,
ઊભો હટીને મૂઢ આ વિનય અદોદળો થયો.
ઢળ્યા અનેક માનવી અનિષ્ટની ક્ષિતિજ ઉપર,

પછીથી સદવિચારનો ઉદય અદોદળો થયો.
કરીશું ઝેર તૂર્ત કહી કરી'તી કિલ્લેબંધી પણ,
તુમાખી તાનાશાહોનો વિજય અદોદળો થયો.

હય- ઘોડો, અદોદળું - ઘાટઘૂટ વિનાનું, બેડોળ, કદરૂપું, બહુ સ્થૂલ, નબળું, કાચું

- પંચમ શુક્લ

## ૨૦૪. અવિચારી સહેલાણીઓને

તડીતડીને beach ઉપર,
લેટ્યા ખીચોખીચ ઉપર.
anotherના another આશ્રિત,
નથી ભરોસો each ઉપર.
જ્યાં-ત્યાંથી જીવન ચૂસી,
જીવ્યે રાખ્યું leech ઉપર.

**fair જ foul ને foul જ fair,**
વર્તણૂકની **witch** ઉપર.
કરુણ નજર નાખી કેવળ,
પીચકાયેલા **peach** ઉપર.
લાપરવાઈની લીલા,
હણાય હૈયાં હીંચ ઉપર.
સાગમટે દાટી સહુને,
તકતી મૂકી **ditch** ઉપર.

સહેલાણી- સહેલ કરવા નીકળેલું, મોજમઝા માણવા ફરનારું
હીંચ - શરીરના અભિનય સાથે ગાતાં લેવાતો રાસ.

**- પંચમ શુક્લ**

## ૨૦૫. ઓ પ્રવાસી...

ઓ પ્રવાસી, **Cab** કાળી હોય છે તો હોય છે,
ડ્રાઈવરને રાતપાળી હોય છે તો હોય છે.
ઘરને કારાગારમાં તું ફેરવી બંદી ન બન,
બહાર સૌના મોઢે જાળી હોય છે તો હોય છે.
તારી ત્રેવડનો ઢંઢેરો ક્યાં સુધી પીટ્યા કરીશ?
રોજીરોટી ઓશિયાળી હોય છે તો હોય છે.
હાથને તું હાથની દૂરી ન ફરમાવી શકે,

રાસ-ગરબે રંગતાળી હોય છે તો હોય છે.
મૃત્યુની સામે નજર ઊંચી કરીને ઝાંખજે,
જિંદગીએ આંખ ઢાળી હોય છે તો હોય છે.

- પંચમ શુક્લ

## ૨૦૬. આલબેલ ને અફલાતૂન!

હર્ડ થઈને હડસેલાતાં થઈ ગયાં ઈમ્યૂન*.
આલબેલ ને અફલાતૂન! અફલાતૂન!
નૅઈલ-કટર લઈ અહિંથી કાપ્યા તહિંથી કાપ્યા,
ધોઈ ધફોઈ લૂછ્યા પાછા તડકે નાખ્યા;
આંગળીઓથી તોય વેગળા થયા ન આ નાખૂન.
આલબેલ ને અફલાતૂન! અફલાતૂન!

ખડેપગે ખાવિન્દ મળ્યા તે કોવિદ પણ ગોવિન્દ,
રામ ભરોસે રાસન, રસના રત છે પીવા રિન્દ;
ખટરસમાં ખ્યાલોને પકવે ખુશકિસ્મત ખાતૂન.
આલબેલ ને અફલાતૂન! અફલાતૂન!

હર્ડઃ જાનવરોનું ટોળું, ધણ વિશેષ કરીને સાથે ચરતાં કે ફરતાં, સામાન્ય લોકો(નું ટોળું); આલબેલઃ અંગ્રેજી શાસનકાળમાં સરકારી ચોકિયાતો તરફથી ‘બધું સલામત છે’ એ મતલબનો કરવામાં આવતો એવો પોકાર; અફલાતૂનઃ સૌથી સારૂં, શ્રેષ્ઠ,બડાઈખોર, શેખી કરનાર; ધોવું ધફોવું: ખૂબ ધોઈકરીને સાફ કરવું; આંગળીથી નખ વેગળાઃ "પારકાં પોતાના ન બને"; ખાવિન્દઃ પતિ, ધણી, સ્વામી; રાસનઃ સીધું સામાન (ફાળવણી પ્રમાણેનું); રસનાઃ જીભ; રિન્દઃ શરાબી, નિશ્ચિંત, બેફિકર; ખટરસ: ખારો, ખાટો, કડવો, તીખો, તૂરો, ગળ્યો એવા છ રસ; ખાતૂનઃ મોટા ઘરની ખાનદાન સ્ત્રી; "અમદાવાદમાં વિસ્તારવાઈઝ હર્ડ ઈમ્યુનિટી ઉત્પન્ન થઈ છે એટલે કેસો ઘટી રહ્યા છેઃ ડો. તેજસ પટેલ" (સૌજન્યઃ રમેશ તન્ના)

- પંચમ શુક્લ

## ૨૦૭. દેવે દીધો ફૂલદડૂલો

દેવે દીધો ફૂલદડૂલો
તાળી-થાળી, દીવા, ફૂલો
ચંદન અર્ચી ખાટે ઝૂલો.
ધરજો એને શિર-આંખો પર,
દેવે દીધો ફૂલદડૂલો.

મયદાનવ-દત્ત મ્હેલ મળ્યો છે,
જળ-થળના વરતારા ડૂલો.
પલંગ ફરતા નવગ્રહ ઘૂમે,
કાળગણનની કુટેવ ભૂલો.
દ્વાર, દિશાઓ છો ના ખૂલે,
અંતરિક્ષની બારી ખૂલો.

- પંચમ શુક્લ

## ૨૦૮ ...ને અડકયા તમે !?

ના કહ્યું'તું તોય પાછા ખીલને અડક્યા તમે!
વારેવારે ચટપટી એ ફીલને અડક્યા તમે!
ચાલ સીધી રૂકની શતરંજમાં સામે હતી,
ટેવવશ સીધું જ બસ અલફીલને અડક્યા તમે!
કેટલી નિર્મળ ને નિર્ભર છે તમારી વૃત્તિઓ?
સાધુવાદે ક્યા સ્વદેશી શીલને અડક્યા તમે?

કોરોનાના કાળમાં અસ્પૃશ્યતાને ઓળખી?
ભાવથી ભેટીને કોઈ ભીલને અડક્યા તમે?
બંધુતા, સ્વાતંત્ર્ય, સમરસતા અને ઈન્સાફથી
રાષ્ટ્રનિર્માતાના ખુલ્લા વીલને અડક્યા તમે?
ભર્તૃહરિએ જે દીધું'તું એ અમરફળ ક્યાં ગયું?
ગર ગુમાવીને સુકેલી છીલને અડક્યા તમે!
રામના નામે તર્યા'તા પથ્થરો પણ એક દી,
એજ આસ્થાએ શું 'કોરોનીલ'ને અડક્યા તમે?

'નવનીત સમર્પણ'ના જુલાઈ **2020**ના અંકમાં પ્રકાશિત

રૂકઃ હાથી; અલફીલઃ ઊંટ; સાધુવાદ: શાબાશ કે ધન્યવાદના અર્થમાં સાધુ સાધુ એ પ્રકારે કરવામાં આવતો ઉક્તિપ્રયોગ

- પંચમ શુક્લ

## ૨૦૯. જગતની ગતિ નાથ જગદીશ જાણે

જગતની ગતિ નાથ જગદીશ જાણે
ફૂલે ફેફસાઓ ધમણના ભરોસે,
જીવનનો સહારો મરણના ભરોસે.
ભરોસાની ભેંસો જણે રાખે પાડા,
રમે ગોપ-ગોપી ક્રિષણના ભરોસે!
દઈ દાનમાં પૂર્વ, પશ્ચિમ ને ઉત્તર,
દિશાઓ સૂતી છે દખણના ભરોસે.

વધુ છટપટે એમ ઊંડો ઊતરતો,
કુટિલ કાળ પોતે કળણના ભરોસે.
જગતની ગતિ નાથ જગદીશ જાણે!
વિધાતાય બેઠા કવણના ભરોસે?

કવણ: કોણ, અહીં કોના એ અર્થમાં..

- પંચમ શુક્લ

## ૨૧૦. વિષાણુની સામે

વિષાણુની સામે વીજાણુ છે મિત્રો
વહેંચો - વિવિધ રસનું ભાણું છે - મિત્રો
ગણો તો છે અવસર આ વાજીકરણનો
વિધિએ દીધેલું વસાણું છે મિત્રો
ધૂનન હોઠથી હોઠનું હર ફલક* પર
મિલનનું વિલક્ષણ ઉખાણું છે મિત્રો
કૃષિ, અગ્નિ, પૈડાં મળ્યા કષ્ટ વેઠી
નવી શોધખોળોનું ટાણું છે મિત્રો
મહામારી કનડ્યા કરે છે યુગોથી

જીવનશક્તિનું બળ પુરાણું છે મિત્રો

નોંધ: 'મિત્રો' શબ્દ વગર જોઈતા અનુસ્વારો/અનુનાસિકો ચડાવીને બોલનારને બળિયા-બાપજીની આણ. વીજાણું Electronic connectivity ના સંદર્ભે; વાજીકરણ- શરીરનું વીર્ય (પુંસ્ત્વ) વધારવાનો ઔષધપ્રયોગ; * ફલક - screen that allows video meeting ના સંદર્ભે; ^ પ્રથમપંક્તિ સૌજન્ય: ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખની સ્વાગતનોંધ (નોળવેલની મહેક, 31 મે 2020)

- પંચમ શુક્લ

## ૨૧૧. કોવિડના કાળમાં

"વચનેષુ કિમ્ દરિદ્ર" વદન આપનારના!
ઉપડે છે બોલ મીઠું મીઠું બોલનારના.
આબોહવા છે એવી કે પાલવનો વ્હેમ છે?
અડકે છે વેલ-બુટ્ટા સતત નમણી નારના!
આખી ખલકનો ખેલ ખૂલે લેપટોપ પર,
ખોળામાં કંકુ કંકુ પ્રબળ ખૂંદનારના!

બેઠાના ભાગ્ય બેઠા, સુતેલાના સૂતા પણ,
ચાલે છે કેવા ભાગ્ય અહો! ચાલનારના!
કોવિડના કાળમાં તો બીજું શું કરી શકો?
ફૂલો ને પાન જોયા કરો કાંચનારના!

-પંચમ શુક્લ

## ૨૧૨. અપ્પ દીપો ભવ

બગડા પાછળ મીંડાં તેર,
જગડુશાએ તાણી ભેર!
ભાજી ખાજા ટક્કે શેર,
બધું જ મળશે બેઠા ઘેર!
ખતમ થશે પરદેશી કેર,

ડૉન કિહોટેની સમશેર!
આફતમાં અવસરને દેખ,
સપનાંની ગૂંથી લે સેર!
'આત્મનિર્ભર' થઈને બેસ,
ઈશ્વર, અલ્લાહ કરશે ખેર!

- પંચમ શુક્લ

## ૨૧૩. બાબરો-ભૂત ને બાર્બી-ડૉલ

બાબરો-ભૂત ને બાર્બી-ડૉલ,
દર ગુરુવારે* પીટે ઢોલ.
મિનિસ્ટરોના પોકળ બોલ,
જોયાં કરતાં પોલંપોલ.

શૉપિંગ, વૉકિંગ, વર્ક-ફ્રોમ-હોમ
પાક્કું પાળે પ્રૉટોકોલ.
વાણી પર વીંટીને શૉલ,
રસ્તાના તાકે પૉટ્હોલ.
સીંચી સીંચી કાઢે પહોર,
ઊંડો કૂવો ને કાણી ડોલ.
મૃત્યુના કાઢીને થૉટ,
જીવનને માને અણમોલ.
રામ, રહીમ ને જીસસ ઑલ,
નષ્ટ કરો કૉવિડનો ટ્રૉલ.

**#કોરોના - * We clap for NHS and other key workers every Thursday 8.00 pm**

**- પંચમ શુક્લ**

## ૨૧૪. લોક ડાઉન નહીં પણ અપ થયાં

રખડતા, ભટકતા હરાયા ઢોર જેવા ખીલે-ગમાણે લોકપ થયા...
લોક ડાઉન નહીં પણ અપ થયા

મથુરાનો મોહ મેલી ગોકુલની ગલીઓમાં રમવાને રાજી નટવર થયા,
હળવાના-મળવાના, લાગણીઓ કળવાના ઘર-ઘરમાં જાણે અવસર થયા
ભલે હારી, મનમારીને હેઠા બેઠા જ્યારે ધંધા-પાણી ચોકપ થયા...
લોક ડાઉન નહીં પણ અપ થયા

છોડીને લેશન ટ્યુશન નું ભારણ કરતા બાળક ક્રિએશન થયા,

વ્યશન ને ફેશન મરી પરવારતા જીવંત ઘણા રિલેશન થયા,
ટીફીનના ટાઢા છૂટી ગયા' ને કપડાં બધા ચપોચપ થયા..
લોક ડાઉન નહીં પણ અપ થયા.

- પંકજ ચૌહાણ "કમલ"

## ૨૧૫. બહુ થયું

બહુ થયું , કર હવે નગરબંધી
બહાર, ભીતર, બધે નગરબંધી

જો નગર નામશેષ થાય અગર
કોની પાસે જશે નગરબંધી ?

બાળકો એટલે પૂરાયા ઘરે
શેરી, રસ્તા રમે નગરબંધી

જીવને રક્ષવા જ છે તો પણ

જીવને  ક્યાં   ગમે  નગરબંધી ?

ન્યૂઝના  નામે  આજકાલ  સતત
સ્ક્રીન  પર  સનસને  નગરબંધી

આમ  સૌ  શાંત  સોફે  બેઠા  છે
પણ  ભમે  ભીતરે  નગરબંધી

પગ નથી મૂક્યો ઘરની બ્હાર છતાં
લ્યો, પડે  છે ગળે  નગરબંધી

પંકજ વખારિયા – સુરત – ૯૮૨૪૧ ૪૩૯૫૧

## ૨૧૬.મજૂરોની હિજરત

બધા પગપાળા ચાલ્યા ગામ, વણમાગ્યો અણોજો છે
જે  બનવાનું  હશે, બનશે, પ્રભુ  ઉપર  ભરોસો છે

ફરજિયાત આ રજાની કોણ આપે રોજ મજદૂરી ?
નથી  બીડી, તમાકુ  ને  વગર  રમજાને  રોજો  છે

મજૂર જૂના  છીએ પણ, ખુદ  મુકાદમ છે મુસીબતમાં

બચત સઘળી ઉલેચી ત્યાં ભરાયો માંડ ખોબો છે.

સુખી લોકો થયા ઘરબંધ તો રસ્તે જગા થઈ લ્યો,
ગરીબના બાળકોને મોકળું રમવાનો મોકો છે

બધા આદેશ ઉલ્લંઘી મજૂરો ચાલી નીકળ્યા છે
હવે આ શહેરમાં બસ એક સન્નાટો છે, સોપો છે

(માનનીય સ્નેહી પ્રજ્ઞાબેન વશીની ગઝલથી સંપ્રેરિત)

**પંકજ વખારિયા – સુરત – ૯૮૨૪૧ ૪૩૯૫૧**

## ૨૧૭. કોરોના સ્તોત્ર

કોરોનાનો સમય
નવા યુગને લાવ્યો છે
ખંડ પ્રલય રચીને . ૧
એક જ ભૂતાળુ
વંશ વધારીને
ફેલાયો છે પૃથ્વી પર . ૨
પરાજીત મનુષ્ય
હવે ઘરમાં કેદ છે
કોરોનાની નજરમાં . ૩
ખુશમિજાજ માનવ (કોઈ)
આકાશની કેનવાસને
રંગોની પીંછીથી સજાવે છે. . ૪
વર્ષો પછી

હૃદયનું ગીત
જીવનનાં મધુવનમાં ગૂંજી ઉઠયું છે. . ૫
પ્રકૃતિ આનંદિત થઈ,
પ્રાત:કાલનાં પક્ષીઓના મધુરવમાં . ૬
કમ્પ્યુટર અને
ઈન્ટરનેટનો સમય !
પંડિતનો ભય છે. . ૭
પશુપક્ષીગણ
ઈશ્વરની અદાલતમાં
મુકદમો લઈને ઉભા છે. . ૮
મનુષ્યનો ગર્વ
માસ્કની પાછળ
બુઝાયેલાં દિવા જેવો છે. . ૯
આત્મસમીક્ષા
કરી રહ્યો છે માનવ
માનવતા માટે . ૧૦

ડૉ. પરામ્બા જોગમાયા
શ્રી જગન્નાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, પૂરી, ઓરિસ્સા.

## ૨૧૮. લોકડાઉન

રહેવાનું છે ઘરમાં લોકડાઉનમાં,
જમવાનું છે સાથમાં લોકડાઉનમાં.

મન થાય ક્યારેક મિત્રોને મળવાનું,
ડરવાનું છે રસ્તામાં લોકડાઉનમા

સદવાંચનનો સમય મળ્યો છે અમૂલ્ય,
વાંચવાનું છે મનમાં લોકડાઉનમાં.

જો તું ઈચ્છે શાંતિને લગાતાર બધે,
બેસવાનું છે ધ્યાનમાં લોકડાઉનમાં.

નાછૂટકે જો જવું પડે ઘરની બહાર,
રહેવાનું છે માસ્કમાં લોકડાઉનમાં.

રહેવું પડે છે ઘરમાં મહારોગના એ ભયથી,
બચવાનું છે સંગમાં લોકડાઉનમાં.

- પરિમલ રાવળ

## ૨૧૯. સનસનીખેજ થઈ ખબર

સનસનીખેજ થઈ ખબર સૂતી,
છીનવી બાળનું છતર સૂતી.

આભ ઓઢી ધરાના પાથરણે,
જીવતીજાગતી કબર સૂતી.

પીળ કાઢો ને ચીર ઓઢાડો,
એક નારી લઘર-વઘર સૂતી.

બાળ એનો જીવાડશે એને,

થઈને ઇતિહાસમાં અમર સૂતી.

આપસૌને શરમમાં ડુબાડી,
ભરબજારે શરમ વગર સૂતી.

લે હવે બાઈ, મોક્ષ પામી જા,
આમ ના જો ટગર-ટગર સૂતી.

કોણ તારા મરશિયા લખવાનું?
પેન બેહોશ, બેઅસર સૂતી.

ક્યાંય આઘે નથી બની આ બીના,
એક સ્ત્રી આપને નગર સૂતી.

(કોરોના કાળમાં વતન પરત થતી શ્રમિક સ્ત્રી
રેલવે સ્ટેશનમાં  જ મૃત્યુ પામી એનાં પરથી લખેલ રચના)

-પારુલ ખખ્ખર

## ૨૨૦. તો જીતીશું

હાથને ધોતા રહીશું તો જીતીશું,
ભીડથી છેટા રહીશું તો જીતીશું.

વિશ્વનું વિષાણું સામે યુદ્ધ છે આ,
આપણે યોદ્ધા રહીશું તો જીતીશું.

સૂક્ષ્મ કોરોના ખરેખર છે ભયંકર,

જો સતત લડતા રહીશું તો જીતીશું.

આપણું હથિયાર છે 'સમજણ', ને તેથી -
આપણે ઘરમાં રહીશું તો જીતીશું.

યુદ્ધ આ લડનારને સહકાર આપી ,
સાથ બસ દેતા રહીશું તો જીતીશું.

'પવન' ભરત – 99985 69119

## ૨૨૧. ફટ્ રે ભૂંડા કાળ

ફટ્ રે ભૂંડા કાળ કોરોના
ફટ્ રે ભૂંડા કાળ

તેં તો નેવે મૂકી લાજ
તેં તો કાળી બિછાવી જાળ
તેં તો કરપીણ આપી ફાળ
તેં તો રૂંવે રૂંવે ચાંપી ઝાળ
તેં તો સહુની લીધી હાય
તેં તો ભેંકાર કીધી રાત
તેં તો લૂંટી અમારી જાત
ફટ્ રે ભૂંડા કાળ

હસતા રમતા અમને ફોડયા
અધમૂઆ અંધારાં ઢોળ્યાં
ઉચાટ ને ભયથી જોડયા
તેં તો બેહાલ કીધા હાલ
ફટ્ રે ભૂંડા કાળ

રસ્તા ભરખ્યા, મંદિર ભરખ્યા
ગરીબ ભરખ્યા, ભરેલા ભરખ્યા
બચ્ચા – બુઢા કોઈ ન છોડયા
વેરી કયા જનમના વેર તું લેતો
જરીક સામે આવ, અને કહેતો...
ફટ્ રે ભૂંડા કાળ

અદીઠ રહીને વાર કરે તું, કાયર
દયા-માયાનો વાળ્યો કચ્ચરઘાણ, પાપી
કેટકેટલા તું ખમશે શાપ, અભાગી ?
ફટ્ રે ભૂંડા કાળ
ફટ્ રે ભૂંડા કાળ કોરોના.

પ્રજ્ઞા પટેલ - ગાંધીનગર – ૯૮૨૫૪ ૩૮૩૯૪
પ્લોટ નં. ૧૬૮૭/૧, સેકટર – ૨ ડી, ગાંધીનગર

## ૨૨૨. સંભવામિ યુગે યુગે

એને કોઈએ પણ, તેડાં તો નહોતાં જ મોકલ્યાં,
હવામાં હોય તો રજકણ,
પણ એનું તો અસ્તિત્વ યે નહીં કે અણસાર પણ નહીં.
તોય, ખબર નહીં, સાલ્લો મૂઓ પીગ્યો પાપિયો
કયાંયથી ય ટપકી પડયો,
ના, ટપકી પડેલા હોય એ તો વળી તરત ઉપડી/ઉખડી જાય,
આ તો બેહૂદો બેશરમ બેઢંગ કાળોતરો ઝેરીલો
લાંબી જીભ ને જીવ હણતી પૂંછડી સાથે આખેઆખો ઊતરી આવ્યો

બધું યે પીંખી દીધું
કરી દીધું વેરણછેરણ
ધરતીકંપ ને સુનામી ને પૂર ને પ્રકોપ ને...
બિચારાં બધાં યે આની આગળ તો ટચુકડાં, ગરીબ જાણે.

આવ્યો ય છાના પગલે,
કોઈ જ હો-હા, ચિઠ્ઠી-ચપતરી વિના
અને પછી,
બાળવાર્તાના મસમોટા રાક્ષસની જેમ થયો વિકરાળ...

બચાડાં છોકરાં ય કેવાં હેબતાઈ ગયાં !
ઘરડાં મનેખને વળી નકરુ ઘરમાં જ ગોંધાઈ રહેવાનું ?
ઈશ્વરે પણ મંદિરમાં નજરકેદ રહેવાનું ?
ઢોરાંને બાંધતાં એ.... એ માસ્ક જીવતા તમામે પહેરવાનું ?

તાજી હવાની જગ્યાએ
ગુંગળામણોમાં રહેંસાવાનું ? ભયના ઓથાર નીચે જીવવાનું ?
આવું તે જીવવું વળી જીવવું કહેવાય ?
બધાયે એકબીજાથી છેટા રહેવાનું, પાળવાની આભડછેટ ?
માનવજાત સામેના ખલનાયક
સૃષ્ટિના આજ સુધીના મહાખલનાયક
તેં તો અમારી સ્પર્શની લાગણી યે ઝૂંટવી લીધી
તેં સળગાવ્યા અમારા ઊભા કૂણા કૂણા શ્વાસ
આટલું ઝેર તું ક્યાંથી લાવ્યો કાળોતરા ?
અમારા ભોળિયા દેવ ગટગટાવી ગયેલા, તો ય તું ફાવ્યો ?
નાગી તલવારે આમ અમારી વચમાં પેઠો ?
તારી જાત વિશે તો કૈંક બોલ ઓ જંતુ
અને હોય જીગરતો સામે આવ, લડ સામી છાતીએ
મહામહેનતે રચેલું અમારું સઘળું યે તે હણ્યું
લાચારીના કિલ્લામાં અમને કીધા કેદ
પણ શાને ?
પણ શાને કાજ ??

મોતની અદબ પણ તું ભૂલ્યો
ભૂલ્યો સઘળાં ભાન.
જરીક તો લાજ, જરીક તો હેઠે બેસ, ઘડીક કર વિચાર...
હા, અમે  ડર્યા છીએ, થથર્યા પણ ખરા
પણ, પણ, અમે હાર્યા નથી એ તું ભૂલતો નહીં,
સાંભળી લે ઓ કાળમુખા
અમને હજુ યે એ અદીઠ શંખધ્વનિમાં છે વિશ્વાસ
એ આવશે, જરૂર આવશે
તને હણવાને કાજ
સ્વામી અમારો આવશે
સંભવામિ યુગે યુગે કહેતો !

પ્રજ્ઞા પટેલ - ગાંધીનગર – ૯૮૨૫૪ ૩૮૩૯૪
પ્લોટ નં. ૧૬૮૭/૧, સેક્ટર – ૨ ડી, ગાંધીનગર

## ૨૨૩. કોરોનાનુ લોકડાઉન

કોરોનાનુ  લોકડાઉન થાય જો જરી
તો આ  જીવતરનો  બોજો ઉતારું
પળ પળ આ જીવવાનું મરવાનું છોડીને
નિરાંતે ડૂમા અવતારું.
કોરોનાનુ લોકડાઉન થાય...

અડધે રસ્તે જઈ ઈરછાઓ પૂછે કે શેની આ દોડ ભરમાવે ?
કેટલાંય જોજનનાં ચાલવાં  છતાં શું પહોંચ્યો તું તારે મુકામે ?
પડછાયાં જેવાં આ જીવતરનાં ઓરતા ને કેવી રીતે હું આકારું ?
કોરોનાનુ લોકડાઉન થાય...

કોઇ કહે આમ, વળી કોઈ કહે તેમ, એમાં શ્વાસોનું હાંફવું ના જોયું
પગનાં આ છાલાં ને, પરસેવે પરસેવે, લૂંછી કાઢયાનું સમજાયું
ઇશ્વરને કોઈ દિ' એમ ન થયું કે ચલ, કિસ્મત હું એની શણગારું ?
કોરોનાનુ લોકડાઉન થાય...

કોઈ તો કહે વળી હાથોની રેખામાં, મંગળ શનિ નો છે છાંયો
કોઇ તો કહે વળી તારી તે દોડનો, રસ્તો છે ખોટો પકડાયો
દેખાતા હોય તો રસ્તો ય નીકળે, ન દેખાતા વાઇરસ શું ધારું ?

કોરોનાનુ  લોકડાઉન થાય જો જરી
તો આ  જીવતરનો  બોજો ઉતારું
પળ પળ આ જીવવાનું મરવાનું છોડીને
નિરાંતે ડૂમા અવતારું.

પ્રજ્ઞા વશી -  સુરત – ૯૮૭૦૦ ૮૧૨૦૩

## ૨૨૪. જીવહરણ

ઘરમાંય ગુંગળાતો, ને ઉંબરાપર એ વિખરાતો
ઘણીવેળા તો બેસીને એ પોતાની ક્ષણો ખાતો...
ક્રૂર, કાંટાળો અને અદ્રશ્ય રહેનારો..
આ સમય સારો નથી.....

રાજસભા ધૃતરાષ્ટ્રની, આ વિશ્વ હો
અને ભગવાનના નામેય, કોઈ ભિષ્મ હો!!
જીવહરણની વેદના વિસ્તારનારો...
આ સમય સારો નથી......

દાદાની માફક, રસ્તાને વૃક્ષો જોઇ લે છે
સુક્કા આંસુઓથી, ચશ્માં ધોઇ લે છે
મૌન-કુદરતનું હ્દય છંછેડનારો..
આ સમય સારો નથી.........

**પ્રાર્થના જહા – અમેરિકા**

***

## ૨૨૫. કોરોનાનો કપરો કાળ

કોરોના વાઈરસ કુદરતે કરેલો ગંભીર ખેલ છે.
વિશ્વની મહાસત્તાઓ માટે શસ્ત્રો વગર નો ખેલ છે.

ભયના ઓથાર નીચે વધતો જતો કોરોનાનો કેર છે.
અણધાર્યું જીવનમાં આવી પડ્યું હવે જીવનની એક્સ્ટ્રા કેર છે.

લોકડાઉનના નામે વકરેલો નવો કેર છે.
માનવ તો જાણે પોતાના જ ઘરમાં કેદ છે.
તાળીઓ પાડી, દીવા પ્રગટાવી જતાવેલો દેશપ્રેમ છે.
સૂક્ષ્મ જંતુ સામેની લડાઈમાં  એકતાનો સંદેશ છે.

કોઈના નિ:સ્વાર્થ આલિંગનથી જાણે વધતો ખેદ છે.
સોશિયલ ડિસ્ટન્સ નામના શબ્દથી જાણે વધતો પ્રેમ છે.

સાબુ અને સેનીટાઇઝરનો વધતો જતો વટ છે.
માસ્ક વિના નિકળ્યા તો દંડ ભરવાનો ડર છે.
એલોપેથી દવાની સામે  આયુર્વેદિક ઉકાળાની ડિમાન્ડ છે.

હોસ્પિટલમાં વધતા જતા દર્દી માટે આઈસીયુમાં ઓક્સિજનની ડિમાન્ડ છે.

ગામ, શેરી, બજારમાં ખુલ્લેઆમ ફરતા તે સ્વપ્ન છે.
ઘરની ચાર દિવાલો વચ્ચે ફેમિલી સાથે ગુજારાતો ફેમિલી ટાઈમ છે.

કોરોનાને અમીરો અને ગરીબોનો ક્યાં ભેદ છે.
બિમારીમાં સપડાયા પછી તો બધાં જ લક્ષણો સેમ છે.

સંક્રમિત ઝોનના જુદા-જુદા વિભાગોના લાલ- પીળા બોર્ડ છે.
માનવ માટે સેલ્ફ આઈસોલેશન અને કોરનટાઈન નામના વોર્ડ છે.

કોરોનાથી સંક્રમિત થતા લોકોનો વધતો ડેથ રેટ છે.
લાચાર માનવી માટે વધતો જતો હોસ્પિટલ નો રેટ છે.
કોરોના ના કપરા કાળમાં ગરીબોને મદદ એ માનવતાની દેન છે.
કોરોનાને હરાવવા સુરતીઓની પહેલ પ્લાઝમા ડોનેશન એક મિશાલ છે.

પોલીસ, સફાઈકર્મી અને ડોક્ટર માનવના રૂપમાં દેવ છે.
કોરોના કહેરને બાજુએ મૂકીને જંગે ચડેલા કોરોના વોરિયર્સ છે.

પ્રતિમા સોની - સુરત - ૯૮૨૫૩ ૨૬૨૬૪

## ૨૨૬. વિષાણું વ્યાપી ગયો

એક વિષાણું એ હદે વ્યાપી ગયો,
સ્પર્શ નામે ભયઋતુ આપી ગયો.

તીર ના, તલવાર ના, ના ખંજરે,

શ્વાસ રૂંધીને ગળા કાપી ગયો.

બાંકડો નાંખે નિસાસા ત્રસ્ત થઇ,
હાસ્ય વૃદ્ધોનું એ સંતાપી ગયો.

ગાંસડી ખોલીને રસ્તાઓ ઊભા,
આવી સન્નાટાનું ગજ માપી ગયો.

અલવિદા પણ ના કહી શકતું કોઈ!
મોત એવું વિશ્વમાં સ્થાપી ગયો.

રંક હો કે હો તવંગર, ભેદ ક્યાં?
એક ચપટીમાં 'સ્વ.'ને છાપી ગયો.

થરથરે છે આજ સૌ આબાલવૃદ્ધ,
ક્રોધ કેવો કાયમી શાપી ગયો!

**પૂર્ણિમા ભટ્ટ – સુરત – ૭૦૯૬૨ ૧૦૭૦૯**

## ૨૨૭. તું સાવ તુચ્છ

**તુચ્છ અરે! તું સાવ તુચ્છ,સમજાવી ગઈ મહામારી**
**જીવવા માટે આજે જાણે પળ પળ થઈ છે ભારી.**

ગંગાજળ,તુલસી ના પામ્યા, ના પામ્યા એ ચોકો
સાવ અજાણ્યા હાથે ભઠ્ઠીમાં ઠેલાયા લોકો
વિશ્વવિજેતા ખુદને ગણતી માણસ જાત છે હારી
જીવવા માટે આજે જાણે પળ પળ થઈ છે ભારી.

રેશમમાં વીંટેલા સંબંધો થ્યા છે ઉઘાડા
સીધા જીવનના રસ્તે ખોદાયા સો સો ખાડા
સમય કાપવા કપરો બુઠ્ઠી થઈ હિમ્મતની આરી
જીવવા માટે આજે જાણે પળ પળ થઈ છે ભારી.

ઘેરાં દુઃખના વાદળ ચીરી સુરજ દાદા ઉગશે
ઝાઝું નહીં ચાલે જલ્દી આ દુઃસ્વપ્ન પણ તૂટશે
સારો ખોટો સમય ટકે ના સમજણ એ વિસ્તારી
જીવવા માટે આજે જાણે પળ પળ થઈ છે ભારી.

- પૂર્વી અપૂર્વ બ્રહ્મભટ્ટ

## 228. मत्स्यस्वनितम्

**(वृद्धया मत्स्यमात्रा शिशुमत्स्यानां संवादः)**
**कोविडकाले वसन्तः**

मातामह्येहि पश्यैतन्निर्मलं दृश्यते जलम्।
ग्राह्यं किं नैव स्याददय शरणाय रसातलम्।।
दृश्यन्ते नैव मुञ्चन्तो मानवास्तु जले मलम्।
अपि याम मनागूर्ध्वं द्रष्टुं त्यक्त्वा त्विदं तलम्।।
अपि नाम च शैवालं शक्यमत्तुं पुनश्च तत्।
स्वदते स्म कदाचित् तु पुरा चातितरां तु यत्।।
एहि नन्वैहि निःशङ्कं मातामहि न कारणम्।
भयस्य दृश्यते नूनं न चान्तरायवारणम्।।
प्रसन्ने सलिले चैता लम्बन्ते सूर्यरश्मयः।
दूरीभूतोऽन्धकारोऽसावासीद् भयप्रदश्च यः।।
एहि यामः प्रकाशं तं द्रष्टुं वयं तथा तटम्।
उद्वेजिता वसन्तोऽत्र त्वैनं त्यजाम चावटम्।।
इति मत्स्यशिशूनां च श्रुत्वा वाचः समीरिताः।
वृद्धा मातामही प्राह स्वीयाः सा सन्ततीश्च ताः।
आभासा एव सन्त्येते सुखानां पुत्रका नवाः।
न मार्जयेयुरात्मानं ननु ते सन्ति मानवाः।।

**डो. राधावल्लभ: त्रिपाठी**
कुलपतिश्री (भू.पु.)
राष्ट्रीय संस्कृत संस्थान, नवी दिल्ही

## २२९. મત્સ્યોનો વાર્તાલાપ

(વૃધ્ધ માછલી અને નાની માછલીનો વાર્તાલાપ)

નાની મા ! જુઓ તો ! પાણી કેવું સાફ દેખાય છે!
શું હવે આપણે રસાતલનું શરણ લેવાની જરૂર નથી ?
ઉપર માનવો ગંદકી ફેલાવતા દેખાતા નથી.

શું આપણે આ તળીયુ છોડીને થોડાં ઉપર સુધી
જઈને જોઈ લઈએ?
શું આપણે ફરીથી ખાઈ શકીશું લીલ!
જે પહેલાં, ક્યારેક કેટલી સ્વાદભરી લાગતી હતી!
નાની મા! આવોને! ગભરાઓ નહીં, ડરવાની કોઈ
વાત નથી. આપણને રોકે તેવો કોઈ ભય હવે દેખાતો નથી.
સાફ પાણીમાં લહેરાઈ ને પડી રહે છે સૂરજની કિરણો.
અંધારું દૂર ચાલ્યું ગયું છે જે આપણને ડરાવતું હતું.
ચાલો! આપણે એ પ્રકાશને જોવા કિનારા સુધી જઈએ.
એ ખાડામાં રહેતા રહેતા બેહાલ થઇ ગયા, તેને છોડો.
નાની માછલીઓની આ બધી વાત સાંભળીને,
માછલીઓની બુઢી નાનીએ પોતાના સંતાનોને કહ્યું!
બાળકો! આ તો બસ! સુખોનો નવો
આભાસ માત્ર છે. સુધરશે નહીં એ લોકો.
એ માનવો છે.

ડૉ. રાધાવલ્લભ ત્રિપાઠી
ભૂતપૂર્વ કુલપતિ, રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, નવી દિલ્હી.

## ૨૩૦. અસ્પૃશ્યતાનું ગીત

ટેરવે દીવા મૂક્યાં પાંચ, ટેરવાં સન્યાસી
ટેરવે ઊની ઊની આંચ, ટેરવાં સન્યાસી

ટેરવાં કરી ગયા આખેટ, ટેરવાં સન્યાસી
ટેરવે લાગી આભડછેટ, ટેરવાં સન્યાસી

ટેરવાં ભૂલી ગયા'તા ભાન, ટેરવાં સન્યાસી
ટેરવે દીધા'રે બલિદાન, ટેરવાં સન્યાસી

ટેરવે ઉરનાં ઓરતા બળે, ટેરવાં સન્યાસી
ટેરવે દરિયા પાછા વળે, ટેરવાં સન્યાસી

ટેરવે મૂંગા મંતર મોર, ટેરવાં સન્યાસી
ટેરવે ઊંચો રાખ્યો તોર, ટેરવાં સન્યાસી

ટેરવે વહી ગયા રે નીર, ટેરવા સન્યાસી
તોય હજુ ઊભા છે ભડવીર, ટેરવા સન્યાસી

ટેરવે ખરી ગયેલી યાદ, ટેરવાં સન્યાસી
ટેરવે પાળી છે મરજાદ, ટેરવાં સન્યાસી

ટેરવે છૂટી ગયો'તો જણ, ટેરવાં સન્યાસી
ટેરવે આકરા લીધા પ્રણ, ટેરવાં સન્યાસી

- રાધિકા પટેલ

## ૨૩૧. હઝલ : કોરોના અને છગનભાઈઓ

ભટકતા લોક રસ્તા પર, લટકતો માસ્ક રાખે છે
ને કોરોનાને 'આવી જા!' કહીને બહુ સતાવે છે

જશે કોવિડ સાથે જે બધા ઓગણીસ-વીસ કરવા
વરસ એકવીસ પહેલા એ સહુના બાર વાગે છે

નિકટ આવી, મગનના કાનમાં આપે છગન એ ટીપ,

"તમે બસ દૂરતા રાખો, બીમારી દૂર ભાગે છે!"

અડે છે સેનેટાઈઝરને, દિવસમાં એટલી વેળા
કે બોટલનેય જંતુનો ખરેખર ચેપ લાગે છે

રડે કોરોના, "ભારત દેશમાં મારી ઝડપ ધીમી,
અહીં અફવા જ કેવળ વેગથી ફેલાવો પામે છે"

ફકત બે હાથ પર છે સેનેટાઈઝર, એ નથી પૂરતું
સમજદારો જરા બે કાનની વચ્ચેય છાંટે છે

મનોરંજનના સાધનની ઊભી થઈ ટાંચ એવી કે
મરણના આંકડા પર પણ અહીં તો સટ્ટો ચાલે છે

દરેક સોસાયટીએ શુદ્ધતાનો ભેખ લીધો છે
અમે ચોખ્ખા, તમે ચેપી કહીને ભેદ પાડે છે

જુઓ આ વોચમેનનો વટ! ધરી યુનિફોર્મ આર્મીનો-
અતિથિ-આગમન પર ટેમ્પરેચર ગન એ તાકે છે

અમીરો ચેપ લાવ્યા પ્લેન વાટે દેશની અંદર
હવે આજે ગરીબોથી એ આભડછેટ રાખે છે

હે કોરોના! નથી ભારતને તારો ખપ મરણ માટે
મરીશું આત્મનિર્ભર થઈ, સડક પર મોત આવે છે

**રઈશ મનીઆર – સુરત – ૯૮૨૫૧ ૩૭૦૭૭**

## ૨૩૨. કોરોના કાળ મારી કલમે

રિપોર્ટ શું આવ્યો પોઝીટીવ,
માનવતા થઇ નેગેટીવ.

આશા હતી જે હાથ આપશે,
એ હાથતાળી આપી ગયા.

કોરોના ના સમુદ્ર મંથન માં,
વિષ પણ મારા નસીબમાં જ આવ્યું.

વિષ પીધા નો પસ્તાવો ન હોત,
જો પ્રેમથી પીવડાવ્યું હોત,

પણ આતો દુનિયા છે સાહેબ,
અમૃત આસને બેસાડી વિષનો પ્યાલો પકડાવી ગઈ.

જીવની તો શું વાતો કરું દોસ્તો,
શિવરૂપી એકાંત ઇનામ આપી ગઈ.

જેમ રામે કાઢ્યો ૧૪ વર્ષોનો વનવાસ,
એમ આપી ગયા ૧૪ દિવસનો એકાંતવાસ.

નથી ખબર મને આગળ હવે શું થશે,
અમૃત આસને બેસાડી કેટ-કેટલાં ને વિષ પાશે ?

**સી એ રાજ અસ્તી – સુરત – ૯૦૯૯૬ ૪૨૦૯૭**

## ૨૩૩. ત્યારે કોરોના ભાગશે

લોકો જ્યારે જાગશે,
કોરોના બસ ભાગશે.
ઘરમાં પૂરાઇ રહેવું,
થોડું કપરું લાગશે.
માણસ ત્યારે માનશે,
ઠોકર જ્યારે વાગશે.
કોરોના એમ નહિ હટે,
થોડો સંયમ માગશે.
એ લોકો બચશે અહીં,
'રાજ' કુટેવો ત્યાગશે.

રાજેશ બ્રહ્મભટ્ટ 'રાજ' – વડોદરા – 99099 78852

## ૨૩૪. એક કાવ્ય

કાને માંડતાં જ
ખાંસીનો અવાજ
સંભળાય છે મને
મારી જ અંદરથી બહાર નીકળી
છેક પગથી તે માથા સુધી
ધ્રુજાવી દે છે નખશિખ.

હું સાજોનરવો છું
એમ કહેવા હવે કોઈને
ફોન કરવો નથી.
તમે પણ મને ફોન કરી પૂછતા નહીં
તમનેય તમારું ખાંસવું
ન સંભળાય માટે.

હું તો મારો સેલફોન
સાવ સાઈલન્ટ રાખું છું આજકાલ
થોડા દિવસોમાં જ
એની બેટરી ઊતરી જશે
આમ ને આમ
પછી પડયો રહેશે
એક બાજુ બેડ પર
સાવ ડેડ

રાજેશ પંડ્યા

## ૨૩૫. કોરોના ઈફેકટ – ૧

હોય જ્યાં બધ્ધા અહીં લાચાર ત્યારે કોણ કોનું ?
ને દુ:ખી આખ્ખોય જ્યાં સંસાર ત્યારે કોણ કોનું ?

કોઈ આવીને કરે ટેકો બધાયે ઝંખતા,
જાતનો ઉચકી શકે ના ભાર ત્યારે કોણ કોનું ?

માંદગી ખર્ચાળ પુષ્કળ, જીવવું પોસાય ના,
માત્ર મૂડીમાં હ્રદય ધબકાર ત્યારે કોણ કોનું ?

આંખના ખૂણે નર્યો ઓથાર સંતાઈ ઉભો,
સર્વની ભીતર ભર્યો ભેંકાર ત્યારે કોણ કોનું ?

કઈ પળે ડોકાય કયાંથી મોત કૈ કહેવાય ના,
દેહ – મન ને પ્રાણને પડકાર ત્યારે કોણ કોનું ?

બીક મૃત્યુની જ મિસ્કીન જીવવાનું મન ઘણું,
જાય હોડીમાંય વધતો ભાર ત્યારે કોણ કોનું ?

- રાજેશ વ્યાસ મિસ્કીન

## ૨૩૬. કોરોના ઈફેકટ – ૨

મોતની સામે સતત ટક્કર, છે વંદન તેમને,
સર્વની સેવા કરે જબ્બર, છે વંદન તેમને.

એક સરખું મોતનું જોખમ બધા ઉપર છતાં,
દૂર ફંગોળીને ઉભા ડર, છે વંદન તેમને.

ને પથારી પર સુતેલો જીવ સુદામા સમો,
કૃષ્ણની જેમ જ થયા ચાકર, છે વંદન તેમને.

સૌ સલામત, સ્વચ્છ ને સાજા રહે બસ એટલે,
રાત – દી જોયા વગર તત્પર, છે વંદન તેમને.

એમની સેવા કને તો આ ગઝલનું શું ગજું ?
ઝુકતા જ્યાં સર્વના અંતર, છે વંદન તેમને.

માત્ર માનવતા-ધરમ જેના હવે હૈયે રહ્યો,
જન્મભૂમિ લાગતી ઈશ્વર, છે વંદન તેમને.

દેશ આ ભારત અલગ મિસ્કીન છે ગૌરવ મને,
ઉજળા જેનાથી આ ઘરઘર, છે વંદન તેમને.

**- રાજેશ વ્યાસ મિસ્કીન**

## ૨૩૭. કોરોના ઈફેકટ – ૩

સાવ અંધારી અતલ કોઈ ભયંકર ખીણમાં,
જીવવું શીખી રહયા સૌ સાવ અધ્ધર ખીણમાં.

કોઈ ને કોઈ પ્રવાસી હર વળાંકોથી અહીં,
જાય છે ફેંકાઈ મૃત્યુની નિરંતર ખીણમાં.

રોજ અજવાળું થતું ને રોજ આશા જન્મતી,
રોજ થોડા લાગતા દ્રશ્યોય સુંદર ખીણમાં.

આ મહામારી જગતમાં કૈંકનો પોષે અહમ,
કૈંક ઠેકેદારના સમૃધ્ધ છે ઘર ખીણમાં.

ને વતન – ભોજન સતત દોડવતાં સૌને અહીં,
ને ધકેલાઈ રહયા પ્રત્યેક અંદર ખીણમાં.

કોઈ પીડાનો કશો અંદાજ પણ આવે નહીં,
ના જતો ના આવતો એક્કેય અક્ષર ખીણમાં.

ખ્યાલ ના આવે અહીં કે કોણ ક્યાં જીવી રહયાં,
કે ... હતા છીએ અને રહેશું નિરંતર ખીણમાં.

**- રાજેશ વ્યાસ મિસ્કીન**

## ૨૩૮. કોરોના બાવો

બકા, કોરોના બાવો હજુ ફરે છે બા'ર!

છો થયાં ચાલુ ધંધા વેપાર
ટોળે ન વળો બહુ ખરીદદાર
માસ્ક નથી કાંઈ ગળાનો હાર
કોરોના તરફથી નથી ઉપહાર
બકા,કોરોના બાવો હજુ ફરે છે બા'ર!

રેકોર્ડ તોડ આંક રોજનો પડકાર
ઘરે રહેવામાં જ છે ભલીવાર
રખડપટ્ટી આટાંટલ્લા ન માર
વાગી જશે તારી તબિયતનાં બાર
બકા,કોરોના બાવો હજુ ફરે છે બા'ર!

ગયું છે ખાલી લકોડાઉન યાર
નથી ગયો કોરોના હારોહાર
કેસ પોહચ્યાં સાત લાખને પાર
જીવન અણમોલ એ સત્ય સ્વીકાર
બકા,કોરોના બાવો હજુ ફરે છે બા'ર!

એટલે જ કહું છું,
બે ગજ ની દુરી
સાથે માસ્ક જરૂરી નહીં તો...
કોરોના બાવો પકડી જાય બકા!
એ પણ અલખ નિરંજન બોલ્યા વગર!!

ડો. રાજેશ્રી - 'ડો. વિથ એ ડીફરન્સ'

## ૨૩૯. કોરોના વોરિયર

હવે આપણે જ કોરોના વોરિયર!

જો રહેશે મુખે નામ શિવ
તો જ બચશે આ તનમાં જીવ
હવે હું પણ કોરોના વોરિયર!

બહાર ફરતો કદાચ તરી જશે
ઘરમાં રહેતો કદાચ મરી જશે
હવે તું પણ કોરોના વોરિયર!

સાંગોપાંગ ઉતરશે ઇમ્યુનિટીનો રાજા
કંઇક કાચાપોચાનાં ગગડશે હાજા
હવે આપણે જ કોરોના વોરિયર!

સાજાસમા વિતશે જો વર્ષ વીસ વીસ
તો જ ભાળીશું સાલ એકવીસ
હવે સૌ કોઈ કોરોના વોરિયર!

ખાસ સાવચેતી સહુ રાખયે જાવ
નસીબ ભરોસે સહુ ખેંચ્યે જાવ
હવે જગ આખું કોરોના વોરિયર!

ડો. રાજેશ્રી - 'ડો. વિથ એ ડીફરન્સ'

## ૨૪૦. ચાઈના મેઇડ વાયરસ!!

વાયુમાં વહી જા ને વાયરસ
સાત સમંદરમાં થઈ જા ને સમરસ

કર ખમૈયા ઓ ચાઈના મેઇડ વાયરસ
બન તકલાદી ને થઈ જા ખતમ બસ

અટકી જા વિશ્વ વ્યાપી વાયરસ
ફટટ કહી ધિક્કારે દિશાઓ દસેદસ

મહામારી બનેલ ઓ હત્યારા વાયરસ
ખુબ બીવડાવે, હલકાં ખાંસી ઉધરસ

દવા રસીને જરાક ગણકાર વાયરસ
શોકાતુર થયો લોક નો જીવન રસ

નફ્ફટાઈની હદ ન વટાવ વાયરસ
છોડ પનારો,આઘો ખસ..ખસ..ખસ

વાયુમાં વહી જા ને વાયરસ
સાત સમંદરમાં થઈ જા ને સમરસ

ડો. રાજેશ્રી 'ડો. વિથ એ ડીફરન્સ'

## ૨૪૧. જોડો તમે

હાથ બે ભેગા કરી, જોડો તમે,
એમ કોરોના દરદ, રોકો તમે....

માસ્ક બાંધીને ફરે છે લોક સૌ,
કેમ તમને શોધવા? બોલો તમે...?

આ થયો સંકેત, જાગી જાવ સૌ,
બંધ આંખોનાં પડળ ખોલો તમે...

હાથ ધોઇ નાંખશો, પણ તે પછી,
થૂંકવાનું માર્ગ પર છોડો તમે....!

તું "સલિલ" કુદરતને ના છંછેડતો
ના નિયમ એના હવે તોડો તમે...

રાજુ નાગર 'સલિલ' – વડોદરા – ૯૫૮૬૮ ૮૮૭૩૦

## ૨૪૨. લૉકડાઉન અષ્ટક

## ૧. ગલી

બારી બહાર એટલો તો સન્નાટો છે
કે ગુપચુપ ધપતાં કરોના વાયરસનો પગરવ સાંભળી શકાય.
મારી જ ગલી
સરનામું ભૂલી ગયેલાં કોઈ અજાણ્યાંની જેમ
અવાચક ઊભી રહી ગઈ છે.
દિવસોથી પાર્ક થઈને પડી રહેલાં
સ્કૂટર-કાર
જાણે રસ્તાની બાજુમાં ઝાંખરાંની જેમ
ઊગી નીકળ્યાં છે.
મોંઢે માસ્ક પહેરીને નીકળેલાં
ને ચિંતાગ્રસ્ત કપાળવાળા
બેત્રણ જણાની ઝડપી ચાલથી
કાર નીચે સૂતેલાં કૂતરાનો કાન સરવો થાય છે,
પણ એની કાબરચીતરી ડોક લંબાય એ પહેલાં
સૂનકારાની સપાટી પાછી સમથળ થઈ જાય છે.
ઘરના પગથિયાં, સામેના મકાનની બાલ્કની, દૂરનો વીજળીના થાંભલો, લોકલ ડેરીની બંધ
કેબિન
અવાજના દરિયા-કિનારે
ઓટમાં બહાર નીકળી આવેલાં ખડકોની જેમ
ઊભાં છે.
ગલીમાં મારી ચોર નજર સિવાય કશું જ ફરતું નથી:
બધાં જ ઘરોની દીવાલોમાં ઈંટો પણ
જાણે ચણાયેલી નથી,
થંભી ગયેલી છે.

**રાકેશ દેસાઈ – સુરત – ૯૮૨૫૮ ૮૫૫૬૪**

## ૨૪૩. લૉકડાઉન અષ્ટક

## ૨. ઘર

સૂનકારાની ચઢાઈને ખાળવામાં
ઘર
અવાજનો કિલ્લો બની બેઠું છે.
અવાજ ને એનો પડઘો
કરોના વાયરસની
સ્મશાનવત્ ચુપકીદીને
અપડેટ્સની ટી બેગમાં ભરીને
રિપીટ સિરીઅલ્સ,રિપીટ રિઆલિટી શોઝ,રિપીટ હિન્દી પિક્ચરના
કપમાં
રિપીટ ઝબોળતા રહે છે,
ને કિચન પ્લેટફોર્મ પર યુ ટ્યુબની ટિપ્સ મુજબ કરતબ કરીને—
ચીઝને એક સરખી જાડાઈમાં કાપીને,
રોટલીને એકસરખી ગોળાઈમાં માપીને—
પિરસાયેલી પ્લેટમાં
નિરાકાર ભયની ભૂમિતિ રચીને ભરખે છે,હરખે છે . . .

પણ અમારા અવાજના રાજમાં
દુશ્મન દેશના જાસૂસ જેવો
ક્યારેક પવનમાં થતો બારીનો અથડાટ
ચોંકાવી દે છે:
જાણે સૂક્ષ્માતિત અદીઠ કાળ
લાગ મળતાં જ
કરાળ વિકરાળ ફાળ ભરીને
વાળ ઝાલીને ગળા પર દાંત ખૂંતાડીને
ચસ ચસ નસ ચૂસવા
દ્વાર બ્હાર પડથાર પાર
ટાંપીને ચુપચાપ બેઠો છે . . .

છવાઈ ગયેલાં મૌન સામે
હું ઝડપથી ટીવીનો રિમોટ લઈને

અવાજની તોપમાં
જામગરી ચાંપું છું.

રાકેશ દેસાઈ – સુરત – ૯૮૨૫૮ ૮૫૫૬૪

***

## ૨૪૪. લૉકડાઉન અષ્ટક

### ૩. કુટુંબ

જંગલમાં લાગેલાં દવમાં
વૃક્ષો
દાઝેલાં-ખરેલાં ડાળી-પાંદડાંની પાર
પોતપોતાનાં મૂળ ભણી
મીટ માંડીને ઊભાં હોય એમ
હવે આખીયે માણસજાત
પોતપોતાનાં કુટુંબમાં જ બચેલી-મચેલી છે.

આ ચાર ગળાએ ગરમ પાણી પીવું જોઈએ,
આ આઠ હાથ સાબુથી ધોવાવા જોઈએ . . .
હું બા ના કરચલીવાળા હાથને પંપાળી આવું છું,
દીકરીના માથાને પસવારી આવું છું,
પત્ની સાથે જૂની મીઠી સ્મૃતિ તાજી કરું છું.
કી હોલમાંથી જોતાં વાયરસને
અમે શરમમાં નાંખવા મથીએ છીએ.

ઘણાં વખતથી બંધ હેર ડ્રેસિંગ સલૂનને કારણે
વધી ગયેલાં માથાના વાળ જેવી
વધુપડતી નિરાંતની
અમે કાપકૂપ પણ કરીએ છીએ:

ઘરડાં મા પથારીમાં માળા કરીને,
પત્ની મની પ્લાન્ટને નવી જગ્યાએ ગોઠવીને,
દીકરી સેલ ફોન પર ચૅટ કરીને,
હું જૂનાં છાપાં, સામયિકોની થપ્પી બનાવીને.

અમે પોતપોતાની લતમાં રહીને,
તોય એકબીજાંમાં રત રહીને,
એકધારા સમયના સતને જીવીએ છીએ.
અમે એકબીજાંને
વાયરસથી પણ વધુ સૂક્ષ્મ અને રવહિન રીતે
ચાહીએ છીએ.

રાકેશ દેસાઈ – સુરત – ૯૮૨૫૮ ૮૫૫૬૪

## ૨૪૫. લૉકડાઉન અષ્ટક

### ૪. ટોળું

લિપિ વગરની બોલી જેવું
ચાલીસપચાસ જણાંનું ટોળું
હાઇ વે પર નીકળી પડેલું દેખાય છે:
મોં પર બાંધેલાં રૂમાલ-માસ્ક,
કો’કના માથે ફાળિયું, કો’કના માથે કૅપ, કો’કના માથે પોટલું,
ધૂળિયા, કાળી મજૂરી જેવી ચામડીમાં પસીનેવાન, ઘસાયેલા પૅન્ટ્સ-શર્ટ્સ,
ગમગીન પણ સંગીન ચાલમાં
કમર સાથે અથડાતાં ખભેથી લટકતાં થેલાં
કે હાથમાં ઊપસેલી નસે ઉંચકાયેલી સૅકન્ડહેન્ડ લાગતી બૅગ્સ.

એમની ભારેલી નજર
તણાઈ-દૂણાઈને દૂર મંડાયેલી છે:
વરાળ ઓકતાં હાઇ વે પર
દૂર ઝળુંબતા ઝાંઝવાંમાં
વતનમાં નેજવે વાટ જોતો હાથ ભાળીને
એમાંના કો’કનું ગળું ભરાઈ આવે છે.

નિર્વિકલ્પ
છેલ્લે બાકી બચેલાં બે પગ પર
સતત લંબાતાં જતાં હાઇ વે પર
મરતાં માણસના ટૂંકાતાં જતાં શ્વાસ જેવાં
ડગ ભરતાં ભરતાં
એમણે વાયરસ સામે
કેસરિયા કરી નાંખ્યાં છે.

હું અધ્ધર શ્વાસે
ટી વી સ્ક્રીન પર
આ રિઆલિટી શો ને
જોઈ રહું છું.

રાકેશ દેસાઈ – સુરત – ૯૮૨૫૮ ૮૫૫૬૪

## ૨૪૬. લૉકડાઉન અષ્ટક

## ૫. સ્પર્શ

માણસ
ટેરવું થઈ ગયો છે,
ને દરેક ટેરવું
હજી અડધાં જ વંચાયેલા કોઈ ક્રાઇમ થ્રીલરના દરેક પાત્રની જેમ
શંકાસ્પદ ખૂની છે.
વારંવાર હાથ ધોતી શેક્સપિઅરની લેડી મૅકબેથ
હવે લોકહિતાર્થે સરકારી જાહેરાત જેવી લાગે છે.

એકમેકને ચુંબન કરતું નવપરિણિત યુગલ
કે મોઢું નાંખી નાંખીને બચ બચ ધાવતું શિશુ
કે પૌત્રના માથાની લટને સવારતા દાદીના ઘરડાં હાથ
કે પથ્થર થઈ ગયેલી અહલ્યાને
સજીવન કરતાં શ્રી રામનો પાદસ્પર્શ
સ્મૃતિ રૂપે
શરીરના અવશિષ્ટ અંગની જેમ
સચવાઈ રહ્યાં છે.

શંકા અને વાયરસ વચ્ચે
ફેલાવાની ગળાકાપ સ્પર્ધામાં
મારાં ચહેરા માટે મારાં સ્પર્શનો પણ બાધ છે,
સ્પર્શ હવે લાગણી નથી, લાગ છે.

રાકેશ દેસાઈ – સુરત – ૯૮૨૫૮ ૮૫૫૬૪

## ૨૪૭. લૉકડાઉન અષ્ટક

## ૬. પીળી ચકલી

ધોળે દહાડે ધ્યાનબહાર રહેલી
ને અંધારે કડકતી વીજળીમાં દેખા દેતી
મંદિરની ફરકતી ધજાની જેમ
માણસ સિવાયની દુનિયાનું તાળું
લૉકડાઉનમાં
ખૂલી ગયું છે.

બહાર જાસૂદની પાતળી ડાળી પર
ફડ ફડ બેસીને હિંચ લેતી કોઈ પીળી ચકલી
હવાને પીળીચટ્ટ ચકચકથી રંગી દે છે.

કમ્પાઉંડ વૉલ પર આગલા બે પગ ઉંચા કરીને કશુંક ફોલતી-ખાતી ખિસકોલી
મનફાવે ત્યારે સૂમસામ રસ્તાને સામે પાર દોડી જાય છે,
ને ગલીમાં ગયે મહિને વિયાએલી કૂતરીની પાછળ
બિનરોકટોક ગલોટિયા ખાતું
બદામી ગલુડિયું
વામનની જેમ
બલિ જેવી ગલીને અંકે કરી દે છે.

માનો કે ન માનો પણ
છાતી કાઢીને ફરતી
લોક-શાહીની પીઠ તો
જીવ-શાહી છે.

રાકેશ દેસાઈ – સુરત – ૯૮૨૫૮ ૮૫૫૬૪

## ૨૪૮. લૉકડાઉન અષ્ટક

## ૭. મંદિર

વતનમાં બંધ પડેલાં બાપીકાં ઘર જેવાં
આ બંધ થયેલાં મંદિર પાસેથી પસાર થતાં
પગ ધીમાં પડી જાય છે,
ને ફિલિપ લાર્કિનના
"અ સિરિઅસ હાઉસ ઓન સિરિઅસ અર્થ" જેવા
મંદિર સામે માથું સ્હેજ ઝૂકી જાય છે.
વાયરસ મૃત્યુ આપી શકે છે,
પણ સદગતિ તો અહીં જ મળે છે.

પણ અહીં કશુંક ખૂટે છે.
અંદર સૂનાં ઘંટ પર
બેઠેલાં કબૂતરની પાંખના આછા ફફડાટ -
ને નીકળી આવેલાં પવનમાં
એની ટોચે ફરકતી ધજા સિવાય
આ મંદિર જાણે લાંબી ઊંઘમાં સરી પડ્યું છે.
એને કદાચ ફૂલપત્તી-આરતી-ધૂપનું
સપનું આવી જતું હશે . . .
મૂર્તિ સામે વાગતાં ઘંટ અને પ્રગટેલાં દીવા વગરનું
મંદિર જચે ખરું?
ઈશ્વરથી મંદિર પૂરું છે,
પણ માણસથી મધુરું છે.

રાકેશ દેસાઈ – સુરત – ૯૮૨૫૮ ૮૫૫૬૪

# ૨૪૯ લૉકડાઉન અષ્ટક

## ૮. હું

ઉત્ક્રાંતિની વડવાઈમાં
લળી-ફળીને પાંગરેલી
માણસાઈ
'હું' કરતાં સવાઈ છે.
હું
મારા હાથ લંબાય ત્યાં લગી અડી શકું,
ને બહુ બહુ તો
પડછાયો થઈને થોડેક દૂર સુધી પડી શકું,
પણ મારી જાતનો સંદર્ભ
તો પૃથ્વી પર વિસ્તરેલું લીલુંછમ દર્ભ છે.
હું સુપ્ત હોઉં કે તૃપ્ત હોઉં
હું લુપ્ત હોઉં કે મુક્ત હોઉં
પણ હું સતત સંયુક્ત હોઉં છું.

પણ હું,
હિરણ્યકશિપુ,
રાત અને દિવસ
અંદર અને બહાર
નર અને સિંહ
જેવાં ભાગલાંની ભૂરકીથી ભરમાઈશ
તો સાંજે ઉંબર ઉપર
નરસિંહના નહોર નીચે હોઈશ
હું.

**ડૉ. રાકેશ દેસાઈ**

અંગ્રેજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત - ૯૮૨૫૮ ૮૫૫૬૪

## ૨૫૦. મુક્તક

હાથ ખુદના ધોઈને બેસી રહ્યા
પીડિતોને જોઈને બેસી રહ્યા
એટલાંમાં આંસુ પણ લૂછી શકાત
ને તમે બસ રોઈને બેસી રહ્યા.

- રાકેશ હાંસલિયા

***

## ૨૫૧. જે ઉપર છે એ

જે ઉપર છે એ ઠઠારો સંક્રમિત છે,
આપણી વાણી, વિચારો સંક્રમિત છે.

કૈંક લોકોની બુરી નજરો અડી ગઈ,
સૃષ્ટિનો સુંદર નજારો સંક્રમિત છે.

બીક લાગે છે નશીલા જામ પીતા,
એની આંખોનો ઈશારો સંક્રમિત છે.

વાઈરસ છે લોભ, લાલચ ને ભ્રષ્ટાચાર,
એક બે નહિ પણ હજારો સંક્રમિત છે.

તાજગીની વાત ક્યાંથી લાવું મનમાં,
ફૂલ, ખુશ્બુ ને બહારો સંક્રમિત છે.

હિન્દુ મુસ્લિમનો લગાવ્યો રોગ કોણે?
માનવીમાં ભાઈચારો સંક્રમિત છે.

ક્યાં જવું તાજી હવા ખાવા બતાવો,
ધરતી 'સાગર'ને કિનારો સંક્રમિત છે.

- રાકેશ સગર 'સાગર' - વડોદરા - 99256 61795

## ૨૫૨. તો ભોગવો

ધરતીને દાસી બનાવી દીધી છે તો ભોગવો,
સંસ્કૃતિ ખૂંટે ચઢાવી દીધી છે તો ભોગવો.

શ્વાસ પણ યંત્રો વગર તાજા મળી શકતા નથી,
ચો તરફ ભીંતો ચણાવી દીધી છે તો ભોગવો.

આંગણામાં પાન બહુ ખરતા હતાં એ વટ ઉપર,
ઝાડની ડાળી કપાવી દીધી છે તો ભોગવો.

પીપડો, વડ, જંગલોનાં આપણે પૂજક છીએ,
લોભની કરવત ચલાવી દીધી છે તો ભોગવો.

દેવને ગોંધી દીધાં છે ગોખલાની કૈદમાં,
વોલ પેપરથી સજાવી દીધી છે તો ભોગવો.

ઘર ઘણાંના બંગલાના નામથી પ્રચલિત થયાં,
ઈંટ સોનાની બનાવી દીધી છે તો ભોગવો.

આપણા પાપો જ ડૂબાડી શકે છે ધરતીને,
નાવ ‘સાગર’માં તણાવી દીધી છે તો ભોગવો.

**- રાકેશ સગર 'સાગર' - વડોદરા - 99256 61795**

## ૨૫૩. દીવો કરજો

રાત અંધારી છે દીવો કરજો
આપદા ભારી છે દીવો કરજો

યુધ્ધ લડવાનું છે ઘરે બેઠા
એજ ખુદ્દારી છે દીવો કરજો

ઉચ્ચ શ્રધ્ધાની વાત છે એમાં
લાભ ચમત્કારી છે દીવો કરજો

કોઈ દિન રાત જાત બાળે છે
દેશ આભારી છે દીવો કરજો

ઘોર અંધારું મનનું હાંકી કાઢ
આ સમજદારી છે દીવો કરજો

પ્રેમની જાત પાત ના પૂછો
રાજ દરબારી છે દીવો કરજો

કોઈ ઘર બાળવાનું છે થોડું
દેશ સંસ્કારી છે દીવો કરજો

આંખ પર પટ્ટી બાંધીને 'સાગર'
નાવ હંકારી છે દીવો કરજો

**- રાકેશ સગર 'સાગર' - વડોદરા - 99256 61795**

## ૨૫૪. ગામમાં પહેલી વાર

ગામમાં પહેલી વાર કરફ્યુ છે
છોડને પ્યાર -બ્યાર કરફ્યુ છે

લાગણી બ્હાર લાવું પણ ક્યાંથી
બંધ છે મનના દ્વાર કરફ્યુ છે

હાલ શું છે નથી ખબર અંતર
ક્યાંથી લાવું ચિતાર કરફ્યુ છે

લોક ડાઉન છું ભીતરેથી હું
ક્યાંથી આવે વિચાર કરફ્યુ છે

ખુદ જીવીએ ને જીવવા દઈએ
ધર ધીરજ થોડી યાર કરફ્યુ છે

હું ભીતરના એકાંતમાં બેસી
સાંભળું છું સિતાર કરફ્યુ છે

કોઈ  મજબૂર લાગે છે 'સાગર'
આપીદે દિલ ઉધાર કરફ્યુ  છે

**- રાકેશ સગર 'સાગર' -  વડોદરા - 99256 61795**

## ૨૫૫. કોરોનાથી સાવધાન

શ્વાસને ઉછ્વાસથી પણ દૂર રહેવા જેવું છે
સ્પર્શના અહેસાસથી પણ દૂર રહેવા જેવું છે

જાતને લઈ લો સમજદારીની સાદી કૈદમાં
વાઈરસના ત્રાસથી પણ દૂર રહેવા જેવું છે

સત્ય જે જે હોય એ માથે ચઢાવી રાખજો
જૂઠને બકવાસથી પણ દૂર રહેવા જેવું છે

રાખ શ્રધ્ધા દેવ પર વિજ્ઞાનને સાક્ષી ગણી
આંધળા વિશ્વાસથી પણ દૂર રહેવા જેવું છે

કયાં મર્યાતા કેટલાં કયારે મર્યાતા છોડ વાત
પાછલા ઈતિહાસથી પણ દૂર રહેવા જેવું છે

થઈ શકે તો જાતને અળગી મૂકી દો બે ઘડી
કોઈના સહવાસથી પણ દૂર રહેવા જેવું છે

વાત તો ગંભીર છે 'સાગર' પરંતુ ડર નહીં
આપણે હળવાશથી પણ દૂર રહેવા જેવું છે

**- રાકેશ સગર 'સાગર' - વડોદરા - 99256 61795**

## ૨૫૬. બોજો

ખભે સામાનનો બોજો, હૃદય પર કામનો બોજો,
મજૂરો ક્યાં સુધી વેઠી શકે આરામનો બોજો.

જવું તો ક્યાં જવું આ મજબૂરીના પોટલાં લઈ ને,
નગરનો મોહ ભાંગી ગ્યો, ઉપરથી ગામનો બોજો.

ગરીબી માનવોની દેણ છે તો દૂર પણ કરશે,
નથી અલ્લાહનો બોજો, નથી એ રામનો બોજો.

કમરમાં છોકરું, માથા ઉપર છે ભાર ઈંટોનો,
ઘરે પહોંચ્યા પછી પણ હોય છે ઘરકામનો બોજો.

ભૂખ્યા માટે નિયમનો ભંગ એ મોટો ગુનો ક્યાં છે,
ઉઠાવી નહિ શકે મજદૂર એ અંજામનો બોજો.

તરસ તો વધતી ગઈ 'સાગર' અને પાણી ય ઓછું છે,
તું નાહકનો ઉઠાવે છે ટપકતા જામનો બોજો.

**- રાકેશ સગર 'સાગર' - વડોદરા - 99256 61795**

## ૨૫૭. લોકડાઉન લોકડાઉન

'લોકડાઉન લોકડાઉન' ભજવાથી મળતું ના કંઈ, કહો ઘર મારું માળો.
'ગમતું નથી, ગમતું નથી' ગાઓ ના ગીત, હવે માંહ્યલાને ખોરડામાં ઢાળો.

ફળિયામાં પાંગરેલી જૂઈની જઈ પાસે મેં 'કેમ છો' કહીને કર્યું વ્હાલ,
એટલામાં વેંત વેંત ઉંચી થઈ ધરતી એ મઘમઘતા રૂપાળા ગાલ.
ધરતીનો છેડો આ ઘરને પણ પૂછ 'તને ગમતો આ ફળિયે ગરમાળો?'
'લોકડાઉન લોકડાઉન' ભજવાથી મળતું ના કંઈ, કહો ઘર મારું માળો.

ઘરમાં બિન્દાસ ધુસી આવે એ વાયરાને સુરાની જેમ અમે પીધો,
આછેરી ઠેસ અંધકારને ય દીધી 'ને દરિયાને દેશવટો દીધો.
ભીડ અને ભીંસને, કાળની એ ટકટકને ઓળંગી આયખું ઉજાળો.
'લોકડાઉન લોકડાઉન' ભજવાથી મળતું ના કંઈ, કહો ઘર મારું માળો.

- રક્ષા શુક્લ

## ૨૫૮. અંધારાની ઐસીતૈસી

કબીર માફક ચાદર સીવો, અંધારાની ઐસીતૈસી.
હોય ભલે ને એક જ દીવો, અંધારાની ઐસીતૈસી.

તડકો-છાંયો, ભરતી-ઓટ ભલેને આવી સૌને તાવે,
ચકલીની ચાંચોમાં ધરપત લઈને સૂરજ રોજ હસાવે.
ઈશ્વરની એરણ પર ઉતરી ખરું, કો'ક કર્મોને વાવે.

ચ્હેરાની પૂનમને પીવો, અંધારાની ઐસીતૈસી.
હોય ભલે ને એક જ દીવો, અંધારાની ઐસીતૈસી.

ભીતર ભરચક, ભીનું ભીનું, ભાર વિના લ્યો, ઉડીએ આજે,
માંહ્ય પડેલા મબલખ મોતી તું ય પરોવી મલંગ થાજે.
માનવતાનો મંત્ર લઈને 'જય હો' બોલો એક અવાજે.

તેજકિરણ થઇ ઝળહળ જીવો. અંધારાની ઐસીતૈસી.
હોય ભલે ને એક જ દીવો, અંધારાની ઐસીતૈસી.

- રક્ષા શુક્લ

## ૨૫૯. વોટ્સઅપ ઘર

વોટ્સઅપમા જઈ, ઝટ્ દઈ, લ્યો, ઘર લીધું પરબારું.
વાનરની મૂળ જાત અને ઉપરથી પીધો દારુ.

અહીં ઓટલો, અહીં ટેસડો, કહે ન કોઈ 'ફૂટ્',
છૂરી બગલમાં, જીભે રામ લઈ કરો સ્તૂતિ લખલૂંટ.
ફરે ટેરવાં ઉપર-નીચે, છૂટયો જાણે ખૂંટ,
ટ્રાફિક, ટ્રાફિક, નો સિગ્નલ, ને પળપળ બદલો રૂટ.

ખાખાખીખી, કાવાદાવા, કોઈ નથી બુઝારું.
વોટ્સઅપમા જઈ, ઝટ્ દઈ, લ્યો, ઘર લીધું પરબારું.

વાસી, ઉતાર્યા 'હાય' અને 'હેલ્લો'ને નાખ વખારે,
વાતોના સૌ વડાં ખાય, હૈયું ભજીયાનું ભારે.
ટગર ટગર કરીનાને જોતા ભાભો ઢોરાં ચારે,
ચૂલે બેઠી પટલાણીને આંખ કદી ના મારે.

કાચા ઘરની કઈ મેડીએ અજવાળું અવતારું ?
વોટ્સઅપમા જઈ, ઝટ્ દઈ, લ્યો, ઘર લીધું પરબારું.

હરુભરુંની ઐસી તૈસી, સ્ટીકર નિહાળી નાચો,
નજરુંના કામણના ગાલે સીધોસટ્ તમાચો.
ધોધમાર વરસાદ પડે પણ બંધ સાંકળે ખાંચો,
સપનામાં કાગળની હોડી લઈને તર, તો સાચો.

'મી ટુ'ની મંછા ડાકણથી ફફડે મંન બિચારું.
વોટ્સઅપમા જઈ, ઝટ્ દઈ, લ્યો, ઘર લીધું પરબારું.

- રક્ષા શુક્લ

## ૨૬૦. લલ્લુ બોલ્યો

લલ્લુ બોલ્યો 'હું ય લખું છું', લાલી કહેતી 'હું ય લખું છું'.
ઝાડ ઉપર જો લટકે ઝાઝા, ફળને બદલે ફૂલી ગયેલા ફુગ્ગા કહેતા 'હું ય ભખું છું.

ઘર લીધું ત્યાં નથી છાપરું, નથી કોઈ ભોગળ કે લક્ષ્મણરેખા ઝાંખીપાંખી,
અણજાણ્યા ટોળામાં ઘુંસી, બકબકને બેફામ વેરતી બણબણ કરતી માખી.
ફેસબુકમાં ખાતું ખોલી, અરસપરસ વે'વારે તોલી, લાલુ બોલ્યો 'હું હરખું છું'.
લલ્લુ બોલ્યો 'હું ય લખું છું', લાલી કહેતી 'હું ય લખું છું'.

એક ઠેકડે વિવેચકોના વાંધાની એ વાડ કૂદીને થપ્પો થપ્પો રમતો,
કરો ન ચીકણું પૂછી પૂછીને, મામા કે માસીના દ્વારે, ક્યાંથી, ક્યાં એ ભમતો !
મીડિયાનાં મંદીરિયે જોડકણાની ઝાલર રોજ વગાડી વાહવાહીને હું વલખુ છું.
લલ્લુ બોલ્યો 'હું ય લખું છું', લાલી કહેતી 'હું ય લખું છું'.

લલ્લુ લખવા બેસે ત્યાં લેખણની જીભે ક્યાંથી બાવાઝાળાં ધામા નાખે,
પછી કશું ક્યાં સુઝે ! જીવ તો પડોશની વાડીના બે-ત્રણ રીંગણા લઈને ચાખે.
રદીફ ને છંદોના ફંદામાં અટવાતી બુધ્ધિ પડતી મંદ અને મોટું પડતું અંગરખું.
લલ્લુ બોલ્યો 'હું ય લખું છું', લાલી કહેતી 'હું ય લખું છું'.

- રક્ષા શુક્લ

## 261. कोरोना गच्छन्तु

भो कोरोना गच्छन्तु भो कोरोना गच्छन्तु।
दूरे देशे गच्छन्तु भो कोरोना गच्छन्तु।।

वयं जीवितुम् इच्छामः वयं गृहे वसामः।
अस्मान् भवान् रक्षन्तु भो कोरोना गच्छन्तु।।

ज्वरः अस्मान् पीडयति रुग्णालयः धनं हरति।
प्राणपिपासा तृप्यन्तु भो कोरोना गच्छन्तु।।

मुखस्त्राणानि धारयामः करमर्दनं न कुर्मः।
जीवन्मुक्तिं कुर्वन्तु भो कोरोना गच्छन्तु।।

- डॉ. रंजन जोषी

***

## ૨૬૨. કોરોના ચાલ્યો જા

હે કોરોના ચાલ્યો જા હે કોરોના ચાલ્યો જા
દૂર દેશમાં ચાલ્યો જા હે કોરોના ચાલ્યો જા.

અમે જીવન ઈચ્છીએ છીએ અમે ઘરમાં રહીએ છીએ
અમને તું રક્ષતો જા હે કોરોના ચાલ્યો જા.

તાવ અમને પીડે છે દવાખાનું ધન હરે છે
પ્રાણપિપાસાને તૃપ્ત કરતો જા હે કોરોના ચાલ્યો જા

અમે માસ્ક પહેરીએ છીએ અમે હસ્તમેળાપ કરતા નથી
અમારા જીવનને મુક્ત કરતો જા હે કોરોના ચાલ્યો જા.

-ડૉ. રંજન જોષી

## ૨૬૩. પૂછે છે

ફરીથી એકના એક જ સવાલ પૂછે છે,
જવાબ આપું તે પહેલાં એ આંખ લૂછે છે !

ભલે ને કોરોનાનો કહેર આભને  આંબે,
બિચારા માસ્કને હંમેશ શ્વાસ ખૂંચે છે !

વિદાય આપવાનો અર્થ સાવ બદલાયો,
કહે શું એમ્બ્યુલન્સ,સ્મશાન શું ય પૂછે છે !

વિશેષ વાતની ક્યાં વાત? બધું સ્તબ્ધ છે,
હવે અંતર-**khabar**
પૂછવાથી લોક ધ્રૂજે છે !

**રમણ વાઘેલા - 63587 40616**

## 264. काळजी

कसे दिवस आले
घरात बसून
मृत्यू ची वाट पहाऊन बसायचं
कोणी मांगण सारखं मृत्यु
रोज येऊन मला मांगतो
भाखर, पोळी नको
तू च पाहिजे
घरा बाहेर पाऊलं कसं टाकायचं
हे च समजे ना
मृत्यु नक्की आहे ते माहित आहे
पण रोज येऊन दार ठोकाय चं
आणि विचाराय च
केव्हा देशिल स्वतःला?
ये च उत्तर देणे सोपं नसत
आज तो उत्तर न देऊन
त्येला परत काढलंय
पण काल घरात शिरलं तर
काय करायचं हे समजत नाही
नेहमी च यायचं
आणि रोज च माझी मांग करायची
इतकी काळजी कशाला?
मृत्यु नक्की आई असणार
नाहीतर
इतकी काळजी कोण घेतं?

रवीन्द्र पारेख – सूरत - 93779 39123

## २६५. ચિંતા

કેવા દિવસ આવ્યા છે
ઘરે રહીને
મૃત્યુની રાહ જોતાં બેસવાનું
કોઈ માંગણ જેવું મૃત્યુ
રોજ આવીને મને માંગે છે
રોટલા,રોટલી નહીં,
તું જ જોઈએ
ઘર બહાર પગ કેમ મૂકવો
તે જ સમજાતું નથી
મૃત્યુ નક્કી છે તે ખબર છે
પણ રોજ આવીને બારણું ઠોકવું
અને પૂછવું
ક્યારે આપશે પોતાને
એનો જવાબ આપવાનું સહેલું નથી
આજે તો ઉત્તર ન આપીને
તેને પાછું કાઢ્યું છે
પણ કાલે ઘરમાં ઘૂસ્યું તો
શું કરવાનું તે સમજાતું નથી
નિયમિત આવવાનું
અને રોજ જ મારી માંગ કરવાની
આટલી ચિંતા શું કામ?
મૃત્યુ નક્કી મા જ હશે
નહિતર
આટલી ચિંતા કોણ કરે?

**રવીન્દ્ર પારેખ – સુરત - 93779 39123**

## ૨૬૬. પડતો ફરક નથી

પડતો ફરક નથી કે હવા આવ-જા કરે,
ઘરમાં ફરીને આવી જતાં લોક સૌ ઘરે.

પગવાળીને જે લોક ના બેઠાં કદી ઘરે,
મનવાળીને એ આજ સૌ આવ્યાં છે ભીતરે.

આવે છે સૂર્ય,ચંદ્ર ને એ જોઈ જાય છે,
પંખી છે આભમાં અને માણસ છે પિંજરે.

અત્યાર સુધી જિંદગી વીતી છે બ્હાર ને,
આજે જરાક બ્હાર જતાં જીવ આ ડરે.

આજે ખબર પડી કે અગાશીય છે ઉપર,
ઊંચે ગયો તો લાગ્યું નીચે આભ ઊતરે.

તાળું નથી ને તોય જવાતું નથી કશે,
ઘરમાં જીવન ને બ્હાર જતાં કોઈ તે હરે.

ઘડપણ ને બાળપણ હવે લાગ્યાં છે વાતમાં,
ભીંતોય ઘરની કાન દઈ સાંભળ્યાં કરે.

ઘરની બહાર કૈં નથી ને ઘરમાં છે બધું,
વર્ષો પછી આ સત્ય જડ્યું સૌને આખરે.

**રવીન્દ્ર પારેખ – સુરત - 93779 39123**

## ૨૬૭. હુરતીનો હનેપાત

અઇલા આ કોરોના જહે કે ની?
એ ની જાય તો મંઇ પેંહી ગિયો
પણ મને તો બા'ર જવા દો
એ હું ઘરમાં ને ઘરમાં ગોંધાઈ રે'વાનું
ટીવીમાં કોરોના ને ઘરમાં ઢોરોના-
હાંભળી હાંભળીને કાનના કોડિયાં થઈ ગિયાં
એની માને
લોચો માંગી માંગીને તો
જીભના લોચા વળી ગિયા
પણ અ'રામ બરાબર કોઈ હાંભળે તો!
ઘારી- ભૂસું તો ગયા જનમમાં
ખાધું ઓય એમ જ લાગે છે
લગનહરા ને નાતનાં વરા ને બધું ગિયું
હમણાં કઉં તેમાં
બામણીયા દાળ ને લાપસી ભજિયાંમાંથી હો ગિયાં
અઇલા હુરતી પાંહેથી ખમણ ને દમણ લઈ લેહો તો
એ તો કોરોના વગર જ મરી જહે
કૈં હમજ પડે કે ની!
બઇળો આ અવતાર
આ તે કૈં જિંદગી છે
આપણા કરતાં તો કૂતરાં હારાં
બા'ર રખડે તો છે
અંઈ તો હવાર ઓય કે હાંજ
એની એ જ બૈરી ને એના એ જ પોઈરાં
આખો દા'ડો કાચપિચ કાચપિચ!
બૈરી હો ચાનાં ઠોબલાં ઉતારી ઉતારીને
કંટાળી ગઈ છે અ'વે તો
ને ઊં હો વાહણ ઘહી ઘહીને ઘહાઈ ચાઇલો
એ વાહણ પાછા બૈરીએ તો ઘહવા જ પડે છે
ની ઘહે તો ચા હાબુવાળી લાગે
રઈવારે 'હાહુજી'માં કે 'માયસોર'માં
ઝાપટતાં ઉતાં તે હો ગિયું જ!

પિત્ઝા ને પાસ્તા
ને બર્ગરના નાસ્તા અ'વે નાહતા ફરે છે
લોકો તો ખાઉધરાં ઓય, પણ અંઇ તો
ગલી હો ખાઉધરી છે તેનું હું?
આ બધાં વગર જીવવાનું તો કેમ પોહાય?
અ'વે તો ઢોસો માંગો તો ઠોસો મળે તેવું છે
આ બધું જોઈને કોઈ ખૂણો બબડે છે-
મહાણમાં જવાના પણ
ભચકા  કેટલા થાય છે!
આમને તો કોરોના હો ની ખાય
એ તો એ જ કોરોનાને ખાય એવા છે
અ'વે એને કેમ કઉં કે જીવ ભભડે તેને કાં 'લાખું?
મરી જવાય તો તો હંતાપ ઓછો
પણ મરાય હો ની ને જીવાય હો ની તો કાં'જવાનું?
એટલું હારૂં છે કે ઘર તો છે
જેને ઘર નથી ને ઘરમાં રે'વાનું છે
એ કેમ રે'તા ઓહે તે તો ભગવાન જ જાણે!
એ હો ની જાણતો ઓહે
કારણ એ તો કે'દાડનો મંદિરમાં ભરાઈ ગિયો છે
પણ એટલું છે કે
ભગવાન જેવો ભગવાન
મંદિરની બા'ર ની નીકળતો ઓય
તો આપણે હું કાંદા ખાવા
ઘરની બા'ર જવું જોઈએ તે કોઈ કેહે?
એની બચારાની હો દશા જ બેઠી છે જો!
છપ્પનભોગ ખાનારાનો હો
કોણ ભાવ પૂછતું ઓહે તે તો ભગવાન જ જાણે!

રવીન્દ્ર પારેખ – સુરત - 93779 39123

## ૨૬૮. ભગવાન જાણે

દિવસ વીતે છે
તો સારું લાગે છે
પણ શરુ થાય છે તો
ખસવાનું નામ નથી લેતો
એક એક પળને પસાર થતી જોવી
અને જોયા જ કરવી સહેલું નથી
શ્વાસ લેવાનું ને છોડવાનું
આમ તો આપમેળે થાય છે
પણ એનો પહેલાં અનુભવ ન હતો
હવે શ્વાસો આવતા જતા દેખાય છે
ક્યારેક તો લાગે છે કે
કાલની ઝેરોક્સનું નામ જ આજ છે
આવી જ સવાર કાલે આવી હતી
આમ જ ફૂલો કાલે ખીલ્યાં હતાં
આમ જ એક એક પાંખડી
કાલે પણ ગણી હતી
આમ જ કાલે ચોટલી વાળી હતી
આમ જ કાલે રોટલી તોડી હતી
ને આમ જ કાલે કરમાવા લાગ્યા હતા
આમ તો કૈં નવું કરાવવા દિવસ આવે છે
પણ સાંજ પડતાંમાં
ખબર પડે છે કે
કાલને જ આજે ફરી જીવી લીધી છે
કાલે પણ તો આ જ દિવસ હતો
કાલે પણ તો આ જ દિવસ હશે
ખબર જ નથી પડતી કે

નવા દિવસ તરફ મોઢું કરીને
આપણે ગઈ કાલ તરફ કેમ આગળ વધી રહ્યાં છીએ?
ક્યારેક તો લાગે છે કે
આંખો આજે પલળે છે
પણ આંસુ કાલના આવે છે
આવતી કાલે પણ આ જ આવશે
ફરક એટલો છે કે
પૃથ્વીની ફરતે નાચી રહેલ મૃત્યુએ
કેટલીક જિંદગીનો કોળિયો કરી લીધો છે
આંકડા સતત વધી રહ્યા છે
દરેક બારણે મૃત્યુ ડોકાઈ રહ્યું છે
જેવું કોઈ બહાર પડે છે કે
તેના પર તે તૂટી પડે છે
કોઈ સાંભળતું નથી
ભગવાન પણ નહીં
એ તો મંદિરોમાં કેદ છે
એની શું હાલત હશે તે તો
ભગવાન જ જાણે...

રવીન્દ્ર પારેખ – સુરત - 93779 39123

## ૨૬૯. કોરોના

દર્દ રસ્તે એજ દેખાયો હતો!
આ દવાથી દૂર સંતાયો હતો!!

રોષ ઘર ઘર આજ પથરાયો હતો!
અન્યથી આ રોગ લંબાયો હતો!!

ચોતરફ ફફડાટ,ભય, શંકા અરે.!
આજ કોરોનાજ પડછાયો હતો!!

જીંદગી આ હાંફતી  જોતી રહી!
મોતનો આ ખેલ  ખેલાયો હતો!!

બસ  સરી ગ્યો મૌનમાં માણસ અહીં
જિંદગી જીતી એ હરખાયો હતો!!

દૂર થી પણ માણસાઈ છે નજીક!
આ મદદથી હાથ છલકાયો હતો!!

સ્પર્શથી માણસ ડરે છે એટલો!
માસ્કમાં રહીને જ મલકાયો હતો!!

- રેખા જોશી

## ૨૭૦. રોગ આ ભરપૂર

રોગ આ ભરપૂર ફેલાયો હતો!
ના દવાથી આજ પરખાયો હતો!!

રોષ ઘર ઘર આજ પથરાયો હતો!
અન્યથી આ રોગ લંબાયો હતો!!

ચોતરફ ફફડાટ, ભય, શંકા અરે.!
આજ કોરોનાજ પડછાયો હતો!!

જીંદગી આ હાંફતી  જોતી રહી!
મોતનો આ ખેલ  ખેલાયો હતો!!

બસ સરી ગ્યો મૌનમાં માણસ અહીં
જિંદગી જીતી એ હરખાયો હતો!!

દૂર થી પણ માણસાઈ છે નજીક!
આ મદદથી હાથ છલકાયો હતો!!

સ્પર્શથી માણસ ડરે છે એટલો!
માસ્કમાં રહીને જ મલકાયો હતો!!

**- રેખા જોશી**

## ૨૭૧. ભાગ કોરોના

હરાવવા આ કોરોના મહામારીને,
જીતવા માટે મોદીજીએ આપ્યું લોકડાઉન.

ઘરમાં જ રહો આપ્યો એ મહામંત્ર,
નીકળો બહાર તો ઉભો કોરોના માણસ ખાઉં.

કરો હાથ સાફ સાબુ વડે, બચવા માટે,
રહો દૂર રાખી અંતર, નહીં તો તારામાં આવું.

નથી નમવું મારે મંદિર કે હવેલીએ,
લડનારા ડોક્ટર, નર્સ, પોલીસ કે સફાઈ કર્મીઓને નમું.

તમેજ જુઓ માણસે બનાવેલાં મંદિરો બંધ,
હોસ્પિટલમાં સફેદ ડગલા પહેનારની સેવા નિરખું.

હાથ જોડ્યાં, તાળીઓ પાડી,
દિવડાં પ્રગટાવ્યાં,
ભાગ કોરોના હવે અહીં તને તારો અંત દેખાડું.

ડરો નહીં, લડો મારા દેશવાસીઓ કોરોનાથી,
'સખી'ની દિલની વાણીને આંખોમાં ભરું.

રેખા પટેલ 'સખી' - માંજલપુર, વડોદરા.

## ૨૭૨. કોરોના વાઈરસ

અમે કેદ થયા
ઘરમાં
એટલે જ પછી ધીરે ધીરે દેખાવા લાગી
કશે જ ન પહોંચાડતી
અમારી દોટ.
વાહનો અટક્યા
ને સન્નાટામાં સંભળાતા પંખીની પાંખોના ફફડાટ સાથે
શીખવા લાગ્યા અમે
જરી જરી ઉડવાનું.
ઢગલોક ઘરકામ છતાં
ટપ- ટપ ઝરતી રહેતી નવરાશ
અમે જાતે સ્વચ્છ કરેલી શાંત લાદી પર
બાળક પેઠે ગલોટિયાં ખાતી હસાવવા લાગી અમને.
માળીની ગેરહાજરીમાં
ઝાડ-પાનને ફરજિયાત પાણી પાતાં
જોઈ શક્યા કે સ્થિર ઊભા રહીને પણ
જઈ શકાય છે આકાશ તરફ.
કામવાળી બે દા'ડા ન આવે તો  બબડાટ કરતા અમે
સાથે મળી વાસણ ભેગા અમને જ માંજવા લાગ્યા.
ખાલી થતી જતી તિજોરીમાં કશુંક ભરાવા લાગ્યું
ને નદીઓનાં નીર સ્વચ્છ થવા લાગ્યાં
અમારી આંખોમાંય.
મૉલ, થિયેટર,  હોટેલ, પાર્ટી,
નવાં કપડાં, સારું દેખાવું,ચહેરો સજાવવો અરીસામાં-
આ બધી ગયા જનમની વાત હોય એમ ભૂલી જ ગયાં!
ને માળું કૌતુક પણ એ થયું કે
બધાંના ચહેરા ય થવા લાગ્યા એકસરખા.

એ પછી દુનિયાના છેડે કણસતા દર્દીનો હોય કે
તબીબનો, કે નર્સનો કે સફાઈ કામદારનો કે પોલીસનો.
ને અમે ચિંતાય કરવા લાગ્યા એવા લોકોની
જેમને અમે કદી મળ્યા પણ નહોતા કે મળવાનાય નહોતા.
બધા દેશોની સરહદો વટાવતા વટાવતા
કોરોના વાઈરસે વિસ્તારી
હદ
અમારી
એવી કે
આખું વિશ્વ એક.
એક જ બિંદુ પર
મૃત્યુના -
ને બહારથી કેદ છતાં
અંદરથી મુક્ત થઈ જોઈ શકીએ તો
જીવનના.

રીના મહેતા – સુરત – ૮૯૮૦૦ ૨૪૩૦૪

## ૨૭૩. ને જોશો...

ટપ
ટપોટપ
પડતા
ખરતા
એક પછી એક
એને
જોડવાની
આશ
આવડત
મથામણ
કોશિશ
અફસોસ...
બધું જ
વ્યર્થ
પછી
ખરેલા
પર્ણોને
અનિમેષ
પલકે
જોતી
નિઃસહાય
એ...

ને જોશો...
બીજી જ
ક્ષણે
ટપ
ટપોટપ
પડતા
ખરતા

ને ઝીલી

ફરી

એ જ

જોમ

જુસ્સો

જોડવાની

આશ

આવડત

મથામણ

કોશિશ

સાથે

ખુદને

સાચવતી

કેટલીક

કુદરતી

ફેવિક્વીક

- રીનલ પટેલ

**#corona_ICU**

## ૨૭૪. અમે તો હેલ્થ વર્કર

અમારે ક્યાં તમારી જેમ છે આરામનો માહોલ,
અમે તો હેલ્થ વર્કર તો અમારે કામનો માહોલ.

તમે થનગન કરો ઓળંગવા રક્ષિત રેખાને
અમારે હર તરફ કેવળ રહ્યો સંગ્રામનો માહોલ.

તમે ઘરમાં રહી કરશો કવિતા ફેસબુક લાઈવ
અમે રચશું મરીઝ સાથે રહી બેફામનો માહોલ

અમારે પણ સમય તો ગાળવો છે ફેમિલીની સાથ
અમોને આપ જેવો ક્યાં મળે વિશ્રામનો માહોલ

સટોસટ જીવ સાથે ખેલ ખેલે છે મહામારી
અમારો યત્ન કે કરવો યથાવત્ ગામનો માહોલ

ફરજ પર જોખમો છે તોય સહુ દિલથી બજાવે છે
વિના પરવા કર્યે કેવો હશે અંજામનો માહોલ

- રીનલ પટેલ

#coronaWorrier

## ૨૭૫. બંધન ખુલતાં સૌ

બંધન ખૂલતાં સૌ સૌના કામે જશે.
પત્રો હો કે માણસ સરનામે જશે.

ઘટના બનતાં - બનતાં થીજી ગઈ ક્ષણો,
ઓગળતો માણસ ક્યાંથી  ઠામે જશે?

ટોળામાં વેરાઈ ગઈ સુખની ક્ષણો,
રહી સહી એકલતા ઊંચા દામે જશે.

આંખો મળવા પર ક્યાં કોઈ રોક છે?
આવાં સંક્રમણ કોના નામે જશે?

અરમાનો મેં મધદરિયે ખાલી કર્યા,
નૌકા ચાહે ડૂબે, કે સામે જશે.

-રિન્કુ રાઠોડ

--

## ૨૭૬. DELETE કરો

**બસ Virus, DELETE કરો**
**જ્યાં જુઓ ત્યાં Virus, DELETE કરો**
**ચોતરફ છે Virus, DELETE કરો**
**છે હવા પણ Poisonous**
**DELETE કરો!**
**Twenty Twenty નું વરસ, DELETE કરો !**

**આ નિકટતાને ય બસ, DELETE કરો**
**સ્પર્શ કરવાની હવસ, DELETE કરો**
**Twenty Twenty નું વરસ, DELETE કરો!**

**આંખમાં જે છે તરસ, DELETE કરો**
**સ્વપ્નની નકલી જણસ, DELETE કરો**
**Twenty Twentyનું વરસ, DELETE કરો!**

**આ તે ઘર છે કે કફસ? DELETE કરો**
**જે નથી બિલકુલ સરસ, DELETE કરો**
**Twenty Twenty નું વરસ, DELETE કરો!**

**હો મિનારો કે કળશ, DELETE કરો ….**
**હોય ગુંબજ કે ફરસ, DELETE કરો ….**
**Twenty Twentyનું વરસ, DELETE કરો!**

**છે જગત એકદમ નીરસ, DELETE કરો ….**
**થઈ ગયું છે એ વિવશ, DELETE કરો ….**
**Twenty Twentyનું વરસ, DELETE કરો!**

**એ મળ્યું સંજોગવશ, DELETE કરો ….**
**ને રહયું છે રોગવશ, DELETE કરો ….**

**Twenty Twenty**નું વરસ, **DELETE** કરો!
માત્ર કેલેન્ડરમાં એ જીવતું રહ્યું
કોઈની **Blunder**માં એ જીવતું રહ્યું!

માણસો જીવવાનું જ્યાં ભૂલી ગયા
મોતના ડરથી સખત કંપી ગયા
એ ધ્રુજારી એ કણસ, **DELETE** કરો
**Twenty Twenty**નું વરસ, **DELETE** કરો!

જે નકામું હોય ભૂંસી નાખીએ;
અશ્રુ જેવું અશ્રુ લૂંછી નાખીએ!
તો પછી આની મમત કાં રાખીએ?
ચાલ ભેગા થઈને ફૂટી નાખીએ.

વિશ્વભરના નેતા લોકો સાંભળો
કાન આ હલકટ વરસનો આમળો.
દીન દુ:ખીનાં ભૂખ તરસ, **DELETE** કરો
એમનાં ક્રંદન કણસ, **DELETE** કરો
પૃથ્વી પરનું આ તમસ, **DELET** કરો!
**Twenty Twenty**નું વરસ, **DELETE** કરો!

- રિષભ મહેતા

## ૨૭૭. ધીરે ધીરે

રાત આ વીતી જશે ધીરે ધીરે
સૃષ્ટિ આખી જાગશે ધીરે ધીરે

આંખ ચોળી સૂર્ય બેઠો થઇ જશે
ને તમસ પણ ભાગશે ધીરે ધીરે!

આ ઉદાસીનો પ્રથમ ઇલાજ કર
રોગ આ વકરી જશે, ધીરે ધીરે.

ના થઈશ બિલકુલ અધીરો ના થઈશ
ફળ ધીરજનાં પામશે,ધીરે ધીરે.

શ્વાસ ચાલે છે તો નક્કી જાણજે
આશ પણ તુજ ચાલશે ધીરે ધીરે!

સારું નરસું છે છતાં સાપેક્ષ છે
એ  સમજમાં આવશે ધીરે ધીરે!

આપણા  દાદા સમો છે આ સમય
એ  બધું સમજાવશે ધીરે ધીરે!

- રિષભ મહેતા

## ૨૭૮. બદલો

આંસુને અત્તરમાં બદલો
જખ્મોને ઝાંઝરમાં બદલો
આફતને અવસરમાં બદલો!

જર્જરને  જંતરમાં બદલો
મૂંગાને મંતરમાં બદલો
આફતને અવસરમાં બદલો!

ઠોકરને રાહબરમાં બદલો
પંગુને પગભરમાં બદલો
આફતને અવસરમાં બદલો!

ભૂલોને ભણતરમાં બદલો
રોડાંને  ચણતરમાં બદલો
આફતને અવસરમાં બદલો!

ટીપાંને સમદરમાં બદલો
ઝાકળને દિનકરમાં બદલો
આફતને અવસરમાં બદલો!

શોર-ઓ-ગુલને સ્વરમાં બદલો
પથ્થરને ઈશ્વરમાં બદલો
આફતને અવસરમાં બદલો!

- રિષભ મહેતા

## ૨૭૯. જાઓ ભાઈ જાઓ

હાથ જોડીને સ્વાગત કરીએ, કહીએ સૌને 'આવો!'
કિન્તુ કોરોનાજી તમને કહેવું પડશે 'જાઓ, અરે ભાઈ જાઓ, અહીંથી જાઓ!'

તમે પધાર્યા છો જે દિનથી નગર નગર ઉત્પાત
દિવસો વીતે ગૂંગળામણમાં, ગભરામણમાં રાત.

ભાત ભાતના મહોરાંઓથી અમે ઢાંકતા ચહેરા
તમે ઉપરથી મૂક્યા શ્વાસ પર **MASK** નામના પહેરા !

અમે હાથમાં હાથ લઈને ફરી નથી રે શકતા
પહેલાંની જેમ મનનું ધાર્યું કરી નથી રે શકતા!

અમે બધા યે રોમાંચોથી હાથ જ ધોઈ નાખ્યા!
મન મૂકી મળવાના સઘળા અવસર ખોઈ નાખ્યા!

મોલ બધા યે સૂના સૂના , થિયેટરો પણ સૂના
ટીવી પર જોયા કરવાના પિકચર જૂના જૂના!

કલાકારો નવરા બેઠા છે , ક્રિકેટરો પણ નવરા
ફૂલો મુરઝાયાં ચિંતામાં કેમ ન આવ્યા ભમરા?!

નથી ગળામાં શરદી કફ તો પણ ના ગાયક ગાતા
ખાલી ખાલી હોલ જોઈ તેઓના શ્વાસ રૂંધાતા!

સૂની સૂની લારીઓ ને સૂના સૂના ગલ્લા
કપિલ સાચું કે'તો 'તો ભૈ બાબુજીકા ઠુલ્લા!!

તમે બધાના રસ્તા રોક્યા, નભમાં પાડ્યા ખાડા
ગજબ થયો! સૌ સીધા થઈ ગયા, તમે થયા જો આડા!

તમે બધા યે ધંધાઓની પત્તર ફાડી નાખી

એવી હાલત કરી દીધી કે બધા ઉડાડે માખી!

શેરીઓમાં ભમનારાને ઘરમાં પૂરી દીધા
ઘર જેવી કોઈ ચીજ હોય છે વિચાર કરતા કીધા!

તમે શીખવ્યું પરિવારને પરિવાર જેમ રહેતાં
એક જ છત નીચે બેસીને દિલની વાતો કહેતાં!

જાતજાતની જૂની વાતો ને જૂના પ્રસંગો
બચપણથી ઘડપણ સુધીના અવનવા કઈ રંગો

એક સાથ સૌની આંખોથી સપનાં આવ્યાં બ્હાર
તમે તો લઇ આવ્યા કોરોના કોરી આંખમાં પ્યાર!

તમે નાતનો તમે જાતનો કોઈ ભેદ ના રાખ્યો
માણસનો માણસની સાથે માણસાઈનો નાતો

તમે જ 'હું' 'તું', હુંસાતુંસીની રમત કરાવી બંધ
શીખવ્યું લોહીથી મોટો છે આંસુનો સંબંધ.

તમે અગર ના આવ્યા હોતે અમે એક ના થાતે
એકી સાથે એક સૂરમાં ગીત કદી ના ગાતે!

થતી ધર્મની ગ્લાનિ અહિયાં કોણે તમને કીધું?
તમે રોકવા માટે એ કોરોનાનું રૂપ લીધું!

તમે ક્રૂરતા દર્શાવીને કરુણા વહેતી કીધી
એક જ દોરામાં દુનિયાને તમે પરોવી દીધી!

તમે તમારો ધર્મ નિભાવ્યો હવે તો જાઓ પાછા
હવે અમે પણ ધર્મ અમારો નિભાવીએ તો સાચા.

- રિષભ મહેતા

## ૨૮૦. ઘરમાં રહો મિત્રો

બહુ ઝહેરીલું છે વાતાવરણ, ઘરમાં રહો મિત્રો!
બહાર ટાંપીને બેઠું છે મરણ! ઘરમાં રહો મિત્રો.

તમારા પર એ ત્રાટકશે, ખબર પણ ના થશે તમને!
ન ખાળી શકશો એનું આક્રમણ, ઘરમાં રહો મિત્રો!

ન દેખાતું ન સંભળાતું,
ન સૂંઘાતું, ન સ્પર્શાતું
બહુ ભેદી છે એનું આચરણ, ઘરમાં રહો મિત્રો!

તમારા યોગ કે આસનની એને મન નથી કિંમત
ગમે તેવા હો તંદુરસ્ત, પણ  ઘરમાં રહો મિત્રો!

સલામત ત્યાં જ સુધી છો તમે જ્યાં સુધી ઘરમાં છો
ભયાનક ખૂબ એનું સંક્રમણ, ઘરમાં રહો મિત્રો!

-રિષભ મહેતા

## ૨૮૧. ક્વોરેન્ટીન

આચાર પણ ક્વોરેન્ટીન, વિચાર પણ ક્વોરેન્ટીન
લ્યો, થૈ ગયો છે પૂરો વ્યવહાર પણ ક્વોરેન્ટીન!

શું ખાવું, શું ન ખાવું, શું પીવું, શું ન પીવું?!
થાળી થઈ ક્વોરેન્ટીન, આહાર પણ ક્વોરેન્ટીન!!

હું એને જોઇ લઉં છું, જોયા કરે મને એ-
કેવો થયો બિચારો આ પ્યાર પણ ક્વોરેન્ટીન!

આ વાત માત્ર તારા કે મારા ઘરની ક્યાં છે?
આખો ને આખો છે આ સંસાર પણ ક્વોરેન્ટીન!

સૂમસામ આ નગરમાં બિન્દાસ્ત એ ફરે છે
ચાલો કરી બતાવો, સુનકાર પણ ક્વોરેન્ટીન!

પાછળની જેમ આગળ પણ હોત એને બરડો
તો એ ય કરતે ભૂખ ને ઓડકાર પણ ક્વોરેન્ટીન!

હું કેટલાં ય વર્ષોથી એકલો જીવું છું
હર શ્વાસ છે ક્વોરેન્ટીન, ધબકાર પણ ક્વોરેન્ટીન!!

ને એમ જોઈએ તો સૌ કેદમાં નથી શું ?
પહેલેથી આપણો છે અવતાર પણ ક્વોરેન્ટીન!!

- રિષભ મહેતા

## ૨૮૨. ઉંબર પર

દીપક બે પ્રગટાવ્યા મેઁ જ્યારે ઉંબર પર
સૂર્ય ચંદ્ર ઉતરી આવ્યા ત્યારે ઉંબર પર!

એક અલૌકિક રૂપ મને ઘરનુ દેખાયું
આ પહેલાં જોયું' તું મેં ક્યારે ઉંબર પર?!

દીપક દેખી બ્હાર ઊભું અંધારું  બોલ્યું :
'થઈ રહ્યું છે આ શું અત્યારે ઉંબર પર?!'

ત્રણે લોકનું અજવાળું દીપકમાં ભાળી
શીશ નમાવ્યું ઘરના પગથારે ઉંબર પર!!

સમજાયું ના છત, બારી ને દીવાલોને
ઘર બેઠું છે કોના અણસારે ઉંબર પર?!

ઘરની સાથે અંતર પણ આલોકિત થાશે
દીપ એક પ્રગટાવી લે પ્યારે! ઉંબર પર!!

- રિષભ મહેતા

## ૨૮૩. અંતર મેં પ્રગટાવ્યું

ઉંબર ઉપર દીપક સાથે અંતર મેઁ પ્રગટાવ્યું ,
ઉંબરને અચરજ! આટલું ઓજસ ક્યાંથી આવ્યું?!

એક જ છતની નીચે કિન્તુ અલગ બધાના શ્વાસ
એક પાણિયારું ઘરમાં ને અલગ બધાની પ્યાસ

અલગતા એવી, સુરજને એણે, અંધારું પીવડાવ્યું,
ધોળે  દિવસે, ઘર આખાને,
સખત એણે, બીવડાવ્યું!

અને અચાનક આકાશેથી સંદેશો એક આવ્યો
બુઝી રહેલો શ્રધ્ધાનો દીપ ફરી એણે  પ્રગટાવ્યો !

'ઘરમાં અંધારું રાખીને ઉજળું અંતર કરજો
એકમેકના અંધારાંને
બિલકુલ એમ જ હરજો!'

કોટિ કોટિ દિવડાઓનું તેજ બધે પથરાયું
ઘરનું ને ઘટનું અંધારું કશે નજર ના આવ્યું!

ઉંબર ઉપર દીપક સાથે અંતર મેઁ પ્રગટાવ્યું
ઉંબરને અચરજ! આટલું ઓજસ ક્યાંથી આવ્યું?!

-રિષભ મહેતા

## 284. कोरोनाकालः

अनवरतः पदध्वनिः
कथयति
श्रमिकजनानां,
अधुना
गृहं नास्ति
महानगरे वः।
विस्फारितं शिशुजनस्य
मुग्धा दृष्टिःकथयति,
निवसन्ति न मानवाः
महानगरे,
निवसन्ति केवलं भित्तयः।
कालो वदति
धाव!धाव!
आगमिष्यति कोरोना
तव समीपे।
अधुना
शून्यां दृष्टिं धारयन्तः
श्रमिकाजनाः
धावन्ति
गृहं प्रति,
जीवनं प्रति।

रीता त्रिवेदी – सूरत - 94290 89552

## ૨૮૫. કોરોનાકાળ

સતત થતો પદધ્વનિ
કહે છે
શ્રમિક લોકો ને,
હવે
ઘર નથી
મહાનગરમાં તમારું
બાળકોની વિસ્ફારિત
મુગ્ધ દૃષ્ટિ કહે છે
માણસો વસતા નથી
મહાનગર માં,
વસે છે કેવળ ભીંતો
સમય કહે છે,
દોડ! દોડ!
કોરોના આવશે
તારી પાસે.
હવે
શૂન્ય દૃષ્ટિ ધારી ને
શ્રમિકો
દોડે છે
જીવન તરફ,
ઘર તરફ.

ડો. રીતા ત્રિવેદી – સુરત - **94290 89552**

## ૨૮૬. કોરોના એ કમાલ કરી નાંખી

આ કોરોના એ કમાલ કરી નાંખી ભાઈ !
મોઢા ઉપર માસ્ક પહેરાવી, ઓળખાણ અઘરી કરી નાંખી ભાઈ

ઈશ્વરની શક્તિનો પરચો છે ? કે બાયોવેપન નો આતંક ભાઈ
આ કોરોના એ કમાલ કરી નાંખી ભાઈ !

એક નાનો સરખો વાયરસ, દુનિયાને થંભાવી શકે છે ભાઈ
કોઈની શક્તિને નજર અંદાજ ન કરશો ભાઈ
આ કોરોના એ કમાલ કરી નાંખી ભાઈ !

કલા જગત ને થિયેટર સૂના, સૂની પડી છે બધી ગલીઓ ભાઈ
વેબીનાર માં ક્યાં સુધી રાગ આલાપશું ભાઈ
આ કોરોના એ કમાલ કરી નાંખી ભાઈ !

વેપાર ઉદ્યોગ મેદાન થિયેટર, બધુ જ બંધ થઈ ગયું ભાઈ
માણસે જ માણસ ને ડિસન્ટસ પર મૂકી દીધો ભાઈ
આ કોરોના એ કમાલ કરી નાંખી ભાઈ !

હવે તો 'કોવિદ' ના કેરથી એક જ જણ બચાવી શકે છે ભાઈ
'ગોવિંદ' ને કહો કે ફરી અવતરે, કરે યુગ પરિવર્તન ભાઈ
આ કોરોના એ કમાલ કરી નાંખી ભાઈ !

રૂપીન પચ્ચીગર – સુરત – ૯૮૨૫૧ ૨૧૨૧૭

## ૨૮૭. પ્રભુ ને પ્રાર્થના

જીવન મરણ વચ્ચે ઝોલા ખાય રહ્યો છું હું
હે પ્રભુ ! હવે તો કોઈ માર્ગ બતાવ તું

આરામ કરી કરીને થાકી ગયો છું હું
હે પ્રભુ ! હવે તો કોઈ કામ અપાવ તું

કર્મ ના સિધ્ધાંત ને ભુલી ગયો છું હું
હે પ્રભુ ! હવે તો એને તાજો કરાવ તું

રૂપીન પચ્ચીગર – સુરત – ૯૮૨૫૧ ૨૧૨૧૭

## ૨૮૮. કોરોનાના કાળમાં

### શું શું અમે શીખી ગયાં રે કોરોનાના કાળમાં?

નકશા તે જેવી  ભાઈઓ  રોટલી બનાવતા,
ગોળ ગોળ બનાવતા થઈ ગયા રે કોરોનાના કાળમાં.

એક પછી એક અમે જમવા તે બેસતાં,
સાથે બેસી જમતાં થઈ ગયાં રે કોરોનાના કાળમાં.

મોબાઇલમાં મોઢું ઘાલીને  બેસતાં,
પેટ ભરીને વાતો કરી રે કોરોનાના કાળમાં.

ચમચીથી ખાઈએ તેમાં હાથ શું ધોવાના?
ઘસી ઘસીને હાથ ધોતાં થયાં રે કોરોનાના કાળમાં.

વારે ઘડીએ અમે કોલ્ડ્રિંક્સ પીતા'તા,
કાઢા-ઉકાળા પીતાં થયાં રે કોરોનાના કાળમાં.

વિન્ડો શોપિંગના  આંટાફેરા કરતા'તા,
છાનામાના ઘેર બેસતાં થઈ ગયાં રે કોરોનાના કાળમાં.

ઝોમેટો ને સ્વીગીને ફોન લગાવતાં,
જાતે ઘરે રાંધતાં થઈ ગયાં રે કોરોનાના કાળમાં.

રૂપિયાના  બેંકમાં થોકડા જમા કરતાં,
દાનપુણ્ય કરતાં થઈ ગયાં રે કોરોનાના કાળમાં.

સ્વાર્થી ગણાતું જે સામાજિક  પ્રાણી,
માનવજાત સુધરી ગઈ રે કોરોનાના કાળમાં!

ડો. શ્રુતિ ત્રિવેદી - વડોદરા

## ૨૮૯. કૉરૉનાજંગ

બળબળતા ઉનાળે કૉરૉના નામનું આવ્યું છે વેરી થઈ બાણ
એણે વીંધ્યા છે સૌના યે પ્રાણ

ચામાચિડિયામાંથી ચીન નામે દેશમાં સન સન સન કરતું'તું સ્હેજ
ત્યાર પછી દૂર સુધી આવવાને માટે થઈ બેઠું વિમાનમાં સતેજ
પ્રથમ વુહાનનાં ડુબાડ્યાં વ્હાણ

ત્યાંથી એ ઠેઠ પછી નીકળીને પહોંચી ગ્યું અમ્મેરિકા ને યુરોપ
એક પછી એક દેશ ઝાપટમાં લીધા છે,કોઈનો યે એને ક્યાં ખોફ?
એણે કીધા છે એવા રમખાણ!

અસ્ત્રો ને શસ્ત્રોની માફક એ ત્રાટક્યું આપણા યે દેશમાં કજાત
**Lockdown, clockdown, folkdown** એવું કે બીજી ના સૂઝે કંઇ વાત
એણે કેવી તે કીધી મોકાણ..

આશ્વાસન લઈએ તો એટલું કે કૉરૉના નામથી ફુંકાયો  પવન
આખી યે દુનિયાને એવી કંઇ મંતરી કે ફેરવાયું સૌનું વર્તન
કૈંક સમજ્યા કે ચતુરસુજાણ ?

સંધ્યા ભટ્ટ – બારડોલી – ૯૮૨૫૩ ૩૭૭૧૪

## ૨૯૦. કૉરૉના - મન્દ આક્રાન્ત

કૉરૉનાનો કસબ સબળો, રોજ સિદ્ધિ અનેરી
આવ્યો છે શું પણ અજબ લૈ, નામના હો નવેલી
ગોરાકાળા કશું નવ દીસે, એ થયો સર્વવેરી,
ખોડાણો છે જમદૂત થઈ, ભાંગી લાખો હવેલી

કૉરૉનાની ગરબડ મહા ને મહામાર મોટો
ના દેખાતી કરવત છતાં વ્હેરતો ઘાવ મોટો
ખાવું-પીવું હરવું-ફરવું ક્યાં? પ્રતિબંધ મોટો
મોટો મોટો, લઘુ નહિ કશું રોગ છે અંધ મોટો

મંદી જંદી, મળતર નહીં, નોટબંધી ભુલાઈ
દેશો સાથે અનબન થઈ, ભાઈબંધી ભુલાઈ
રેલી ઠેલી, સરઘસ અને ભાષણોની ય બંધી
કૉરૉનાએ તરજ બદલી, ના હવે ક્યાંય સંધિ

ચાલો મંડો, ઘરઘર હવે એક મુદ્દો જ રાખો
કૉરૉનાને બહિષ્કૃત કરો, દ્વાર બધ્ધા જ વાખો

સંધ્યા ભટ્ટ – બારડોલી – ૯૮૨૫૩ ૩૭૭૧૪

## ૨૯૧. થાવું પડે માનવી (શાર્દૂલવિક્રીડિત)

ઘેરાયાં ઘર આંગણાં નગર સૌ, છે એકલા ટાપુઓ
શાળામાં ચકલું નથી ફરકતું, મેદાન મોટા દિસે
સન્નાટો સળગાવતો દિવસને, શેકાય છે લોક સૌ
રાત્રિ કે દિનનો નથી ફરક કંઇ, ના સૂર્ય કે ચંદ્રનો

પ્રવૃત્તિ પ્રતિબંધમાં સ્થગિત છે, નિવૃત્તિની ટેવ ક્યાં?!
સંજોગો ઘણું શીખવે બળ કરી, લાદે કસોટી ખરી
ધંધા-નોકરી કામ ધામ ન કશું, યંત્રો જ છે માણસો
ને સંબંધ સવાલ માત્ર બનતા, જેના જવાબો નથી

ગીતો, નાટક, કાવ્ય, મ્હેફિલ હવે જાણે હવામાં તરે
ખોવાયા સ્મિત, સ્પર્શ, શ્વાસ, થડકા; આંખો મળે ના હવે,
ઝૂરે છે મનનાં બધાં ય શમણાં, ક્યારે મળીશું હવે?
ને ક્યારે ધરશું વહાલ દિલનું, ઉષ્માભર્યા આર્જવે

ચાલી'તી વણથંભ દોટ વરવી, આસુરી ને આકરી
હો તેની જ સજા, હવે સમજણે થાવું પડે માનવી

સંધ્યા ભટ્ટ – બારડોલી – ૯૮૨૫૩ ૩૭૭૧૪

## ૨૯૨. લૉક્ ડાઉન

ઘણાને લાગે છે આંસુ ભરેલું ગાન લૉક્ ડાઉન
પરંતુ પ્રકૃતિ માટે બન્યું વરદાન લૉક્ ડાઉન

દિવસ ને રાત બેસીને ગણે છે સૌ પળેપળ, ને
કરે ધીમે રહીને સર બધા સોપાન લૉક્ ડાઉન

ગલી મહોલ્લા સૂના રસ્તા સૂના છે ગામ ને શહેરો
ફરે છે એ બધે આજે બની મસ્તાન લૉક્ ડાઉન

પરિવાર આખો બેસીને કરે છે મોજ મસ્તી રોજ
ઘણા બેજાન સંબંધોમાં રેડે જાન લૉક્ ડાઉન

હશે એ મુર્ખ કે જે તોડવા  યત્નો કરે છે પણ
અમે રાખ્યું છે પુરેપુરું તારું માન લૉક્ ડાઉન

**- સંદીપ પૂજારા**

## ૨૯૩. કોરોના કવરાવે છે

કોરોનાએ કર્યો છે કાળો કેર કે કોરોના કવરાવે છે
સૃષ્ટિમાં ફેલાયું હળાહળ ઝેર કે કોરોના કવરાવે છે

કેટલા નવલોહિયાના લોહી પીને તરબત્તર છે નપાવટ
દાક્તરો સાથે બાંધ્યું એણે વેર કે કોરોના કવરાવે છે

પૂરી દીધી ઘરમાં એણે માનવજાતને બાંધી બંધને
સૂનો સૂનકારો ભર્યો છે ગામ અને શહેર કે કોરોના કવરાવે છે

ખાલી ખાલી રસ્તા શેરી કલબલાટ બાળકનો ના સંભળાયે
હવે તો છે બસ ચાર દિવાલની મ્હેર કે કોરોના કવરાવે છે

ઓનલાઈન ઓનલાઈન રમી રમીને થાક્યા તન મન મસ્તક હવે તો
લે હવે કરવો પડશે તને તો જેર કે કોરોના કવરાવે છે

સરલા સુતરિયા – ૯૯૨૪૯ ૨૫૦૨૨

## ૨૯૪. કોરોનાનું હુકમનામું

ભીડમાં ભળવું નહી!
કોઈને મળવું નહી !

શ્વાસને કહીદો હવે
બા’ ર નીકળવું નહી !

જે ગલી ગમતી વધુ -
તે તરફ ઢળવું નહી !

ચુપ થઇ વહેતું. જવું !
જળને ખળખળવું નહી !

પામશો ગજ બે જગા
નજીકથી મળવું નહી !

લાલ ધોળા,બોલને
હવે ઉછળવું નહી !

હાથ અડવા થઇ જશે !
આંખથી અડવું નહી !
વેલ, તારે એક પણ
ઝાડ પર ચડવું નહી !

હે ભ્રમર તારે હવે
ફૂલ પર ભમવું નહી !

લેફ્ટનન્ટ ડૉ. સતીશચંદ્ર વ્યાસ ‘શબ્દ’
૪.મોમાઇનગર, ગાંધીનગર પાસે, જામનગર ૩૬૧૦૦૫
૯૪૨૯૨ ૭૨૧૪૯ - vyasshabd @gmail.com

## ૨૯૫. કોરોનાવાયરસના ફાયદા

અટપટું દેખાય છે, જો કે સીધું છે પણ ઘણું
કોવિદ-ઓગણીસે લીધું છે પણ દીધું છે પણ ઘણું

પારિવારિક સુખ અને દરકાર ખુદની-અન્યની
સંયમીએ કાબુ રાખીને પીધું છે પણ ઘણું

દોડવાનું આંધળું, ઘોંઘાટ 'ને દુષિત હવા
આ મહામારીએ દુનિયાથી લીધું છે પણ ઘણું

જ્યાં 'અણુમાંથી ઘણુ' એ જાત જોઈ કાચમાં
રાક્ષસી આ રૂપ ખુદથી, જો! બીધું છે પણ ઘણું

'શૂન્ય-મુર્તિ બદલે જણ પૂજું?' પૂછ્યું મેં પીરને
મૌન સજ્જડ એમણે રાખી કીધું છે પણ ઘણું

શોભિત દેસાઈ – મુંબઈ – ૯૦૮૨૯ ૮૬૭૦૦

## ૨૯૬. બારણે વાગ્યા ટકોરા

કોઈ ભીડો ચસોચસ કમાડ, રે બારણે વાગ્યા ટકોરા.
મોત બોલે કે બારણાં ઉઘાડ, રે બારણે વાગ્યા ટકોરા .

ખપ્પર લઈ કેટલાં નગરો ધમરોળ્યા ,
ભરડામાં કૈંકના શ્વાસો રૂંધાયા.
એણે પગલામાં ચાંપ્યો સંસાર, રે બારણે વાગ્યા ટકોરા

રાજા મહારાજાના ઐશ્વર્યો ઠાલા,
ચપટીમાં ભરખાયાં રમતા જુવાનિયા.
નરી લાગે આ દુનિયા ભેંકાર, રે બારણે વાગ્યા ટકોરા

એકે ના કામમાં આવી દવાઓ,
ઈશ્વર ક્યાં સાંભળે એકે દુઆઓ.
હવે સઘળે છે ભયનો ઓથાર, રે બારણે વાગ્યા ટકોરા.

દેખીતો હોય તો યુદ્ધો પણ છેડીએ
વણદેખી બેડીઓ કેમ કરી તોડીએ
સાદ સૂણીને નહીં આવે અવતાર, રે બારણે વાગ્યા ટકોરા.

મનનાં પારેવા હવે ઉડતાં ગભરાય છે
દેખીને રોશની થડકારો થાય છે
એક તારો સહારો દાતાર, રે બારણે વાગ્યા ટકોરા.

સ્મિતા શાહ 'મીરાં'

## 297. कोरोना एक रहस्य

कौन हो तुम?
एक विरल नया वर्ष
हाँ विरल वर्ष
यानी २०२०।
अवाक् शब्दों की आँख से/
आकाश ताकते हुए/
दरवाज़े को धकेलती
सिहरती शीतल हवाओं के झोंके लिए/
तुम आए नववर्ष के साथ/
तुम्हारा परिचय पाने को विकल मन प्राण
आज नि:शब्द हैं।

मौन से शुरू हो कर फिर
वापस वहीं आ कर
चुपचाप लेट जाते हैं शब्द/
और ताकते रहते हैं
कमरों की छत को/
यह कैसा आना हुआ
तुम्हारा मायावी अतिथि?
तुम्हारी नागफनी जैसी
कांटों की चुभन ने/
बांध दिया सारी दुनिया को,
और
लोहूलुहान कातर प्राणों की/
अवश व्यथा को
सौंप दिया नियति के हाथों
या
भगवान भरोसे/

कौन हो तुम?
सुरसा जैसा वदन पसारे
अथवा
भस्मासुर की भांति सभी को ,
अपने काल का ग्रास बनाते।

वीरान खंडहरों के अंधेरों में छुपे
और
घने जंगलों  के पुराने,
दरख़्तों पर लटके रहने वाले/
क्षुद्र जीव!

तुमने तो
अपने क्रूर पंजों और चोंच में
समेट ली है,
पूरी दुनिया की मानवता।

कौन हो तुम?
पहाड़ /जंगल/पेड़ /
मैदान / खेत/नदियाँ /
और
आक्षितिज फैला नीलाभ पारावार
सभी त्रस्त हैं
तुम्हारे आतंक से/
तुम्हारी विभीषिका से/
ऊँची ऊँची  अट्टालिकाओं में,
क़ैद हैं सारे शहर।
और
सडकें, गली, चौराहे, फैक्ट्रियां
सब चल पड़ी हैं,
भूखे प्यासे किसानों कामगारों
के
अनागत अंधेरों के साथ।

दूर दूर तक दीखता,
एक ही भयावह परिद्रश्य/
जीवन मत्यु का अनवरत संघर्ष
और
सबके बीच तुम
कौन हो तुम?

**डॉ. सुधा रानी पांडेय**
**पूर्व कुलपति, उत्तराखंड संस्कृत युनि. उत्तराखंड**

## ૨૯૮. બધું જ લોકડાઉન નથી

બધું જ લોકડાઉન નથી
સૂર્યોદય, સૂર્યાસ્ત લોકડાઉન નથી
ચંદ્ર, તારા, ઉપગ્રહો લોકડાઉન નથી
પંખીનાં ટહુકા, પશુઓનાં અવાજો લોકડાઉન નથી
પ્રેમ,દયા, સહાનુભૂતિ કશું જ લોકડાઉન નથી
પરિવાર, સગા વ્હાલા  લોકડાઉન નથી
વાતચીત, સંવાદ, પ્રત્યાયન લોકડાઉન નથી
સર્જન, અનુભૂતિ, સંવેદના, સ્મૃતિ લોકડાઉન નથી
કલ્પના, આશા, ઈચ્છા, તમન્ના લોકડાઉન નથી
સપના ઊંઘ ભૂખ તરસ કશું જ લોકડાઉન નથી
પ્રાર્થના ધ્યાન સ્મરણ પણ લોકડાઉન નથી
ઉત્સાહ ઉમંગ ઊર્મિઓ લોકડાઉન નથી
જે છે તે જાણીએ, માણીએ ને વખાણીએ
માત્ર મન ને દિલ લોકડાઉન ન થવા દઈએ
કલ્યાણની, શુભની, મંગલની કામનાઓ લોકડાઉન ન થવા દઈએ
કઈક નવું, અનોખું, અભિનવ કરવાની નાની ઈચ્છાઓ ને લોકડાઉન ન થવા દઈએ

- સુધીર દત્તા

## ૨૯૯. લોકડાઉન ગઝલ

જોઈએ કે કોને કોનો ખેદ છે
આજ માણસ ખુદનાં ઘરમાં કેદ છે

સત્ય સમજાયું હવે ઘરમાં રહી
હર દીવાલે કેટકેટલા છેદ છે

કેટલાં રહસ્ય ઉકેલ્યાં મેં છતાં
ભેદ પાછળ પણ નીકળતો ભેદ છે

થાકી ગઈ છે નજર દોડી દોડીને
આંસુ જાણે આંખનો પ્રસ્વેદ છે

કામ, ઈર્ષ્યા, ક્રોધ, લાલચ,મોહનાં
જાત ભીતર વાઇરસનાં મેદ છે

જોઈ રહ્યો જે ચહેરા પોતીકા
એ છે શાસ્ત્ર ,એજ ચારે વેદ છે

- સુધીર દત્તા

## ૩૦૦. છે લોકડાઉન

કોરોનાથી બચવું હો તો રહેજે ઘરમાં, છે **lockdown.**
ઈશ્વર પણ અત્યારે ખુદ એના મંદિરમાં, છે **lockdown.**

કરફ્યુ જેવી હાલત છે, પોલિસ બસ ડંડા મારે છે, તો
આમ ગમે ત્યાં રસ્તા પર ભાઈ તું ફર માં, છે **lockdown,**

કાં તું એવું સમજે છે કે ખાલી તારી પર વિતી છે!
તારી જેમ જ મિસ્ટર ગાંધી, મિસ્ટર શર્મા છે **lockdown.**

ઘરનાં માટે ભૂલી ગ્યોતો હસવું, રમવું, સાથે જમવું,
કાઢ હવે એ ભાવો જે રાખ્યા અંતરમાં, છે **lockdown.**

ફૂલ ખીલ્યા ને પંખી ટહુક્યાં, આકાશે રંગો છલક્યા છે,
કેવું સુંદર પરિવર્તન આવ્યું નેચરમાં, છે **lockdown.**

બાગ બધાયે મ્હેકી ઉઠશે, માળી પણ હરખાઈ જશે જો,
ફૂલો પાછા કાઢી આપો જે અત્તરમાં, છે **lockdown.**

- ડો. સુજ્ઞેષ પરમાર

## ૩૦૧. ભાગ વિષાણું ભાગ

ભાગ વિષાણું ભાગ, ભાગ વિષાણું ભાગ !
ભારતમાં મળશે નહિ સ્થિર થવાનો લાગ...

યોગી, તપસ્વીઓની પાવન છે આ ભૂમિ,
ઋષિ મુનિઓની ઋચાઓથી ગુંજી રહી સંસ્કૃતિ,
ભારતવર્ષની પરંપરા, ઓ વિશ્વ-માનવ જાગ..
ભાગ વિષાણું ભાગ...

વેદ, ઉપનિષદ, ગીતા, ધર્મગ્રંથોના રક્ષણ,
યોગ, પ્રાણાયામ, ધ્યાન, સ્વ ઓળખના શિક્ષણ,
ભારતીય તત્વજ્ઞાનની વધી રહી છે માંગ....
ભાગ વિષાણું ભાગ...

હોમ, હવન, યજ્ઞ ને આરતીની પ્રણાલી
પંચ દ્રવ્યોની આહૂતિ, છે પ્રથા નિરાલી
મહિમા પંચતત્વનો, ને કુદરતથી અનુરાગ
ભાગ વિષાણું ભાગ...

ભસ્મ કરી દેશે તને, ઓ વિદેશી વિષાણું !!
સત્ય, અહિંસા, સેવા, પ્રેમના અણુ ને પરમાણુ...
ભારતના દેશવાસીઓ, છે ઘણાં સજાગ..
ભાગ વિષાણું ભાગ...

- સુંદરમ્ ટેલર – વડોદરા

## 302. Salute Corona Warriors

**Amidst this crisis of the COVID -19**
**Some people with great courage are fighting.**
**It's the angels in frontline who appear,**
**Doctors,nurses,polices,reporters ,and health care workers.**
**They work day and night for this nation,**
**So let's applaud their work and dedication.**
**As the COVID -19 sweeps the world invisibly,**
**There comes to save us our frontline warriors.**
**They say wash your hands well and often,**
**Go for isolation if you feel unwell.**
**Maintain distance by avoiding public places,**
**They say don't go out without masks.**
**Don't forget they are fighting for our sake,**
**Their heroism and devotion assure us,**
**We will definitely overcome this virus.**
**So let's together salute our warriors.**

**Sangeeta Sharma – 79909 50492**

**V.S.Patel College of Arts & Science,Bilimora**

## ૩૦૩. સલામ કોરોના યોદ્ધાઓને

સમય જુઓ કેવો બદલાયો છે મિત્રો!
ખાખી, ભૂરો કે સફેદ કોટ,
તલવારો નથી પણ આજે યોદ્ધાઓ બન્યા છે,
સમય જુઓ કેવો બદલાયો છે!
એક પથ્થર વાગતા પાટો બંધાવતા જેમની પાસે,
આજે શા માટે એમના પર પથ્થર વર્ષાવી રહ્યા છો?
માણસાઈ ભૂલીને માણસ આજે કેમ બદલાયો છે?
સમય જુઓ કેવો બદલાયો છે મિત્રો!
આરોપ લગાવ્યો જેમના પર તમે , કે માત્ર કમાવા બેઠા છે,
તમને બચાવવા જુઓ આજે એજ અડગ ઊભા છે,
હજારો સલામી ના હકદાર માત્ર એ આજે બન્યા,
કોરોનો મહામારી ના મહાન યોદ્ધાઓ એ આજે બન્યા છે.
સમય જુઓ કેવો બદલાયો છે મિત્રો!
સમય જૂઓ કેવો બદલાયો છે!

સંગીતા શર્મા – ૭૯૯૦૯ ૫૦૪૯૨
વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા

## ૩૦૪. કોરોના સાથે લડવું છે

કોરોના સાથે લડવું છે દોસ્તો ,
ભારતને કાયમ ઘડવું છે દોસ્તો.

ડર ખોટો ના રાખો કોરોનાથી ,
પાછળ એની તો પડવું છે દોસ્તો.

સૌને એક બનીને લડવાનું છે ,
જોર નરમ સૌએ કરવું છે દોસ્તો .

માસ્ક પહેરીને, અંતર રાખીને પણ,
ક્યાં કોરોનાથી ડરવું છે દોસ્તો ?

સરકારી નિયમોનું પાલન "સૌમ્ય"
જાતે તો કરવું હળવું છે દોસ્તો .

- સુનીલ પરમાર ‘સૌમ્ય’ – ભાવનગર

## ૩૦૫. ઘરધણીને ઘરમાં રાખો

કાળજા કેરી કોરથી કવોરેન્ટાઈન કરી કોર્નરમાં રાખો
ઘરધણીને ઘરમાં રાખો

ઘરમાં તો એ 'સેઈફ' છે ને?કિચનમાં એને 'શેફ' બનાવો
રસોઈમાં એનું મગજ પકાવો, ચૂલા પાસે ખૂબ તપાવો
ચડી ગયેલી ચરબી બળશે, પરસેવાના સમદરમાં રાખો
ઘરધણીને ઘરમાં રાખો

ચેતી જાજો! લોક ડાઉનમાં મોબાઇલમાં એ લોક રાખે તો !
'કોરોના' નહિ, બાજુવાળી 'કરીના' નો ચેપ લાગે તો?
સીક્સ્થ સેન્સનું  સેનેટાઈઝર તમારી ત્રાંસી નજરમાં રાખો
ઘરધણીને ઘરમાં રાખો

ઊંઘમાં એને ચાલવાની જો ટેવ હશે તો લોચો પડશે
કાયદેસરનો 'દંડ' થશે ને ગેર કાયદેસર 'ડંડો' પડશે
'બરમૂડા' વાળા રૂડા 'વર' ને ઊંબરની અંદરમાં રાખો
ઘરધણીને ઘરમાં રાખો

સુરેશ વિરાણી – સુરત – ૯૮૨૫૭ ૧૧૫૭૦

## 306. ऐसी एक बीमारी

कोरोना ये ऐसी एक बीमारी है
सबसे बड़ी ये महामारी है
नज़रों में आती है ना ये कभी
फिर भी हमारे पे ये भारी है

गर बचना है उससे नीकला ना करो घर से
कुछ काम नहीं है तो आराम
करो घर में
कोरोना...

है एक दवा उसकी मिलते ना रहो सबसे
ये स्पर्शसे बढ़ती है ये खयाल रखो मनमे
कोरोना...

कहते हैं जो मोदीजी सब बातें सुनो उनकी
उनको भी तो चिंता है भारतके ये जन-जन की
कोरोना ये ऐसी एक बीमारी है
सबसे बड़ी ये महामारी है

हिंदी फील्म 'कन्हैया' का गाना "रूकजा ओ जानेवाली रूकजा" जो की मुकेशजी ने गाया है, उसकी धुन पर ये रचना की है।

सुषम पोल – सूरत - 93742 72400

## ૩૦૭. એક એવો રોગ

કોરોના એક એવો રોગ છે, જે અન્ય  કરતા વધુ ભયંકર રોગચાળો છે.
અને જેને આપણે જોઈ પણ નથી શક્તા, છતાંય  ખૂબ મોટી મુશ્કેલી સર્જે છે.

એનાથી બચવું હોય તો કોઈ અગત્યના કામ સિવાય
ઘરની બહાર ન નીકળીને ઘરમાં જ રહેવું હિતાવહ છે.

બીજૂ,આ રોગ પરસ્પર સ્પર્શથી પણ ફેલાય છે,
આથી એકબીજાને મળવાનું પણ ટાળીને,
સુરક્ષિત અંતર રાખવું એજ આ રોગનું ઔષધ છે.

જેમને ભારતના દરેક નાગરિકની ચિંતા છે,
એવા આપણાં વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ
જે સંદેશ આપ્યો એનું પણ પાલન કરવું જોઈએ,
કારણ કે કોરોના એક એવો રોગ છે,
જે અન્ય કરતા વધુ ભયંકર રોગચાળો છે.

સુષમ પોળ – સુરત – ૯૩૭૪૨ ૭૨૪૦૦

## ૩૦૮. તો જ કોરોના

તો જ કોરોના કશું કરશે નહીં
કોઈ ઘરની બહાર નીકળશે નહીં

આમ કરવાથી અટકશે વ્યાપ તો
તૂટશે સાંકળ વધુ ટકશે નહીં

વિશ્વ આખામાં પ્રસરવા ચાહતો
એક પણ ડગલું ભરી શકશે નહીં

ક્રુર ને વિકરાળ પંજો હો છતાં
એ ગળા કે ફેફસાં અડશે નહીં

જિંદગી અણમોલ છે સૌની અહીં
મોત કોડીનું કદી બનશે નહીં

જો નિયમપાલન થશે વિવેકથી
જિંદગીભર રોગ આ નડશે નહીં

માસ્ક બાંધીને સુરક્ષિત અંતરે
જો રહો તો ખોળિયું ઢળશે નહીં

**સુષમ પોળ – સુરત – ૯૩૭૪૨ ૭૨૪૦૦**

## ૩૦૯. ટેરવેથી સ્પર્શ ચોરાયો

મારી આંગળીના ટેરવેથી સ્પર્શ ચોરાયો છે ત્યારથી ...
અનાવૃત ટેરવાને સંતાડી રાખું છું..
હાથમોજામાં પ્રેમ
સતત પૂછ્યા કરે છે મને..

વાચા કઈ રીતે આપવી મારે સંવેદનોને ..?
કઈ રીતે અંધ હ્રદયને પહોંચાડવા પત્ર ?

બિલ્લોરી કાચમાં ય ન દેખાય એ વિષાણુ..
તો આખી દુનિયાને દેખાય છે ..
મારે કઈ રીતે
દેખાવું ?
એક વાર જો હું અનુભવાઈ શકું તો :
કદાચ.
યુદ્ધ ટાળી શકું..

નહીંતર
આખી દુનિયા પર..
રાજ હશે
કેવળ અદૃશ્ય વિષાણુનું
આંગળીના ટેરવેથી ...
આંસુ ટપકાવતો પ્રેમ.

સતત પૂછ્યા કરે છે પ્રશ્નો
પણ હું..
કઈ રીતે બોલું ?

માસ્ક ચસોચસ બંધાઈ ગયો છે...
બધા 'જીવતા ' માણસોના મોઢા ઉપર ...

**ડો. સ્વાતિ ધ્રુવ નાયક – નવસારી – 98794 60612**

## ૩૧૦. Lockdown માં મન વધુ દોડશે

અટક્યા છે કદમ તો મન વધુ દોડશે ;
એકલતામાં વિચારો વધુ સ્ફૂરશે
ના મળીશ કોઈને, કોઈ તને નહીં મળે
બંધ ઓરડામાં જ મોટાં પુસ્તકો લખાશે
"સત્યના પ્રયોગો" - "જેલમાં ડાયરી"
કોઈ મહાન રચનાઓ તારાથી થશે.
એકલતામાં વિચારો વધુ સ્ફૂરશે ,
સફેદ કેનવાસ રાહ જોઈ રહ્યું છે વર્ષોથી,
આજ સુંદર મેઘધનુષ સર્જાશે..
બધી જ બારીઓ ખોલી કાઢી'તી
બસ એક બંધ રાખી'તી,
આજે એ ય ખોલીને જો એમાંથી
સોનેરી કિરણોનો પ્રકાશ આવશે
થોડો નવો ઉજાસ દેખાશે.
એકલતામાં વિચારો વધુ સ્ફૂરશે.
ખડખડ ખખડાવે છે બારણાં તારા મનનાં ;
શોરમાં ના સંભળાયો એ અવાજ
અંદરનો આજે તને સંભળાશે
એકલતામાં વિચારો વધુ સ્ફૂરશે..
પાંખો સંકેલીને બેસ, નજર કર પિંજરા તરફ
ધ્યાનથી ...દીવાલોમાં, સળિયામાં છે દફન,
યાદો ઘણી જૂની એ નજર આવશે
Lockdown રાખેલો કોઈ શોખ આજે
મોડો મોડો પણ થોડો ફાવશે ને જામશે
અટક્યા છે કદમ તો મન વધુ દોડશે ;
એકલતામાં વિચારો વધુ સ્ફૂરશે...

શ્વેતા તલાટી – વડોદરા – ૭૩૮૩૪ ૨૩૦૬૬

## ૩૧૧. કોરોના

મોતનો સામાન લઈ આવ્યો છે  કોરોના
ભય ને હાહાકાર થઈ જામ્યો છે  કોરોના

રોગનો આતંક પણ લાવ્યો છે કોરોના
જો મહામારી રૂપે વકર્યો છે કોરોના

વ્યાપ્ત છે ડિબાંગ ઘેરો અંધકાર બધે  ;
વિશ્વ આખામાં ગજબ ફાવ્યો છે કોરોના

મ્હોં વકાસે રાહ પણ ખામોશ પૈડાંની ;
દેશ લોક્ડાઉનથી ક્યાં હાર્યો છે કોરોના ?

એક ચેપી વાયરસનો કેર ,જન અટક્યા ;
પણ શિખર સહુ સર કરી જીત્યો છે કોરોના

અજગરે લઈ વિશ્વભરનો કોળિયો ચાવ્યો ;
આફરાથી તો ય ના અટક્યો છે કોરોના

જ્યાં અધધધધ લાશનાં ઢગ જોઈને માનવ ;
શ્વાસ હાંફે પણ જુઓ હાંફ્યો છે કોરોના ?

ભેટ આપે કોઈ આવી કહો મને લોકો ;
ભેટમાં ચીને અરે ! આપ્યો છે કોરોના

હાર્દ "શ્વેતા" નું રડે કકળે છતાં લાચાર ;
વહેંચતો એ મોત અણધાર્યો છે કોરોના

**શ્વેતા તલાટી – વડોદરા – 73834 23066**

## ૩૧૨. લૉક ડાઉન

ઘણુંયે થઈ ગયું છે આ જગતમાં આમ લૉક ડાઉન
છતાં પણ થઈ શકી ના એની કોઈ યાદ લૉક ડાઉન

નિજાનંદે બધા ફરવા જતાં'તા ભીડની સાથે
કરાવે જે સફર ખુદ સાથે એનું નામ લૉક ડાઉન

તફાવત ક્યાં રહ્યો છે દોસ્ત મોટાનો કે નાનાનો
ન કેવળ શહેર, અહીં તો થઈ ગયા છે ગામ લૉક ડાઉન

સમય બદલાયો છે કે સ્થિર છે એનું કરો ચિંતન
તમારી માનસિકતા પારખે છે આજ લૉક ડાઉન

મળ્યો સંદેશ એવો કે અહં છોડી સરળ થઈ જાવ
નહીંતર તાળું એનું ક્યાંક કરશે જાત લૉક ડાઉન

પૂરાતું જાય છે અહીં ગાબડું ઓઝોનનું મોટું
પ્રદૂષણ મુક્ત થઈ દુનિયા, ખરેખર વાહ! લૉક ડાઉન

સુનીલ શાહ - સુરત - ૯૪૨૬૮ ૯૧૬૭૦

## ૩૧૩. માદરે વતન

જે હાથવગું હતું તે લઈને
પત્ની, બાળકો સાથે..
સેંકડો કિમી ચાલીને
ભૂખ, તરસ વેઠીને
એ આગળ વધતો ગયો..
શરીર જ નહીં, મન તૂટી રહ્યું હતું
ચોતરફ ભય, અનિશ્ચિતતાનું
વાતાવરણ હતું...
છતાં..મન મક્કમ રાખી
એ ચાલતો રહ્યો..
ચાલતો રહ્યો..
શું ઇચ્છતો હતો એ,
રોજગારી, ભોજન, પૈસા..?
ના..ના..
એને ભૂખ-તરસની પડી નહોતી
એ તો કેવળ
માદરે વતનની ધૂળમાં પગલાં પાડી
પરિવાર માટે
સલામત ખોળો ઇચ્છતો હતો..!

સુનીલ શાહ – સુરત – ૯૪૨૬૮ ૯૧૬૭૦

## ૩૧૪. આમ તો આપણે

આમ તો આપણે રોજે મળીએ
કેમેરાની આંખે
પણ મન તો થાય કે ઊડી આવું
વ્હાલપની બે પાંખે
બાપુનો હાથ ફરે માથે
પ્રેમથી મા હૈયે ચાંપે

યાદ કરું છું, પહેલાં ક્યારે
થયું ‘તું આવું મન ?
રુટિનમાં જીવાતું ‘તું બસ,
સહુ કોઈનું જીવન !

જીંદગી મારી સતત દોડતી,
મળે નહીં આરામ
કોઇ મળે નહીં નવરું ,
સહુને કામ કામ ને કામ

થાય છે, હોઇએ સહુ સાથે
બાપુનો હાથ ફરે માથે
પ્રેમથી મા હૈયે ચાંપે

અહીંઆ બારી દરવાજાને
સહુ કોઇ રાખે બંધ
અહીં ના આવે માસીનાં એ
વઘારની સુગંધ
અહીં ન હોયે કોઇની વચ્ચે
વાટકીનો વહેવાર

મળે તો મોં મલકાવે,
જાળવે એટલો શિષ્ટાચાર
મેળવણ ના કોઇ માંગે
બાપુનો હાથ ફરે માથે
પ્રેમથી મા હૈયે ચાંપે

મોકલ્યું બાપુ, કુરિયરમાં
તે કામ કેટલું લાગ્યું
જાદૂઇ ડબ્બામાં કેટલું નીકળ્યું મા, વણમાગ્યું
મેથિયા કેરો મસાલો તારો,
એ જાણીતો સ્વાદ
મરચું નાખે, ચાખે પાછો,
હાથ એ આવે યાદ
સ્મરણ એ રહી રહીને જાગે
બાપુનો હાથ ફરે માથે
પ્રેમથી મા હૈયે ચાંપે

છે મરચું પણ મીઠું લાગે,
ઘરથી દૂર છું ત્યારે
મન તો થાય છે સહુની પાસે
ઉડીને આવું અત્યારે
લોકડાઉન તો તનને રોકે,
મનને ક્યાંથી રોકે ?
આંખથી છલકે આંસુ
એને કોણ આવતાં ટોકે
એને કલમ કોઇ ના લાગે !
બાપુનો હાથ ફરે માથે
પ્રેમથી મા હૈયે ચાંપે

- તુષાર શુક્લ

## ૩૧૫. છાંયે મળશું

કદીક આપણે બેઉ ફરીથી
શિરીષવૃક્ષને છાંયે મળશું
**Lockdown** માં છૂટાં પડ્યાં' તાં
એ જ સમયમાં પાછાં વળશું
શિરીષવૃક્ષને છાંયે મળશું.

તુંય નીકળજે ઘેરથી કોઇ આષાઢીલું
લીલુંછમ એક બ્હાનું લઇને
છાતી સરસી નોટ,
નોટમાં વાળેલું એક પાનું લઇને
હુંય તે આવું ઉજાગરાનું ઘેન
ગુલાબી આંખોમાં કૈં છાનું લઇને

**Lockdown** માં તડપ્યા,તરસ્યા,
તલપ્યા કેરી રાતનું દર્દ મજાનું લઇને.
તન વચ્ચેનાં અંતરનો આદર કરશું ને
અળગાં રહીને બંને, અંતરથી ઓગળશું
કદીક આપણે બેઉ ફરીથી
શિરીષવૃક્ષને છાંયે મળશું

સ્મરણ તણું આ હરણ એકલું
સાવ અટૂલું જાગ્યાં કરતું
આંગળીઓને આજ અડોઅડ
ઊગી ગયાનું લાગ્યા કરતું
ગમતું ગમતું  ફોન કરી કહેવાય
ને મન શરમાય , એય સંભારી લઇને

ફેસટાઇમમાં આંખથી હળવે
હાથને બસ પંપાળી લઇને
જ્યાંથી આપણે છૂટાં પડ્યાં ‘તાં
એ જ ક્ષણોમાં પાછાં વળશું
કદીક આપણે બેઉ ફરીથી
શિરીષવૃક્ષને છાંયે મળશું

ફરી મળાશે નહીં કદીએ
એવું પ્રિય, તું રખે માનતી,
અંત લાગતો ઇયળનો
એ શરુઆત છે પતંગિયાની
હવે આપણે મળશું ત્યારે
લાગશું થોડાં બદલાયેલાં
મળશું ત્યારે હશું આપણે
એકમેકને સમજાયેલાં
વ્હાલ બની વિશ્વાસ, કહે છે
ભીતરથી આપણ ઝળહળશું
કદીક આપણે બેઉ ફરીથી
શિરીષવૃક્ષને છાંયે મળશું

- તુષાર શુક્લ

## ૩૧૬. અહીંતહીં સઘળે કરોના

અહીંતહીં સઘળે કરોના
હાથ સ્પર્શે ત્યાં કરોના
એક બસ હૈયું બચ્યું છે
ઝાંક ત્યાં, ક્યાં છે કરોના?

ઈશ્વરે આપ્યો છે અવસર
ઉજવી લેવા અંતરોત્સવ
ખુશ રહો જો, ખુદની અંદર
ઈશ છે, ક્યાં છે કરોના?

**- તુષાર વૈષ્ણવ – 99099 22399**

## ૩૧૭. હે પરમ ઈશ્વર!

ઘડ્યો છે મેં તને પાષાણમાંથી, હે પરમ ઈશ્વર!
પૂરીને પ્રાણ શ્રદ્ધાના તને પધરાવ્યો છે ઈશ્વર!
પરંતુ આજ જ્યારે ભીડમાં છું હે પરમ ઈશ્વર!
થયો તું આટલો શાને કઠણ? કહી દે મને ઈશ્વર??

રહે છે એકલો મારા વગર તું , હે પરમ ઈશ્વર!
નથી થાતું તને? આવું હું મંદિરીયે? ફરી ઈશ્વર??
કરી દે કંઇક એવું, બહુ થયું છે, હે પરમ ઈશ્વર!
રહે શ્રદ્ધા અડગ પથ્થર સમી, પત્થર ન બન ઈશ્વર!!

કરે ન કંઈ, હવે એવું તું કર મા, હે પરમ ઈશ્વર!
કરોનાને હરાવી, જંગ જીતવી દે, હવે ઈશ્વર!
સકલ આ માનવીની જાત, તારી, હે પરમ ઈશ્વર!
ઋણી રહેશે, કરુણા કર હવે તું આટલી ઈશ્વર!

**- તુષાર વૈષ્ણવ – 99099 22399**

## ૩૧૮. આ કોણ છે ?

ચાલશું તો ફાવશું, માની ચરણ ચાલ્યાં કરે,
ક્યાં ખબર એને કે રસ્તો મોતનો કાપ્યાં કરે.
આગ સૂરજની ને તીખો તાપ ખાખીનો બધે,
તે છતાં નીકળી પડયાં, કઈ આગ તડપાવ્યાં કરે ?
આટલાં તડકે અરે ! ખુલ્લાં ચરણને નેજવે,
ઘર-ગલી ને ગામ કે મૃગજળ અરે, દેખ્યા કરે.

દોડતી મા આવશે સામે, લઈ ઘર સામટું,
હારતાં પગને દિલાસો આટલો આપ્યાં કરે.
હાફતાં ને થાકતાં ને તૂટતાં આ કોણ છે ?
પ્રશ્ન આ તણખો થઈને ભીતરે ભભક્યાં કરે.

ઉષા ઉપાધ્યાય – અમદાવાદ – ૯૪૨૬૪ ૧૫૮૮૭

## ૩૧૯. ઈશ્વર કહે

રોજ માપ્યું, રોજ કાપ્યું તે ભલે, ઈશ્વર કહે,
લે હવે માપીને કાપું છું તને, ઈશ્વર કહે.
ક્યાં સુધી તું આમથી ને તેમથી થિગડાં દઈશ ?
સાવ તકલાદી વણ્યું તે સ્વપ્નને, ઈશ્વર કહે.

વસ્ત્ર નૈં ફાટી રહ્યું હોવાપણું આ આપણું,
હું જ જીતું જીદ એવી કાં ધરે ? ઈશ્વર કહે.
છેવટે કંટાળીને મા બાળને નીચે મૂકે,
એમ તરછોડી તને સરિતા વહે, ઈશ્વર કહે.
તેં બધાં યે જીવને કેવાં લીધાં'તાં બાનમાં !
એ જ પિંજર સામટાં આજે ફળે, ઈશ્વર કહે.

ઉષા ઉપાધ્યાય – અમદાવાદ – ૯૪૨૬૪ ૧૫૮૮૭

## ૩૨૦. શ્વાસનાં પંખી

શક્ય છે કે શ્વાસનાં પંખી હવે ઊડી જશે,
ચણ ખૂટયું છે, શ્વાસનાં પંખી હવે ઊડી જશે.
આ ધરાને કેટલી ચાહી હતે મન-પ્રાણથી !
ને છતાં યે, શ્વાસનાં પંખી હવે ઊડી જશે.

જળ ઉપર રંગોળી કરવાની રમત રમતાં રહ્યાં
સ્થિર ક્યાં રે ! શ્વાસનાં પંખી હવે ઊડી જશે.

આટલું ખેંચાણ તો કયારેય  કો'નું ના હતું,
ગુંજતા એ, શ્વાસનાં પંખી હવે ઊડી જશે.

શબ્દ મારાં સાચવીને રાખશે વહેતો પવન,
એટલું દૈ, શ્વાસનાં પંખી હવે ઊડી જશે.

ઉષા ઉપાધ્યાય – અમદાવાદ – ૯૪૨૬૪ ૧૫૮૮૭

## ૩૨૧. કોરોનાનો રાસડો

કોરોના તારી ગાડીમાં જોડયાં છે કેટલાં ડબ્બા ?

કે જરા રૂકતી નથી ને ડબ્બા ભરતી ચાલે.

કોરોના તારાં પગ છે લાંબા ને તારાં હાથ છે લાંબા,

કે તું તો ચીનની દીવાલોને ઠેકતી ચાલે.

કોરોના તેં તો ચાયનામાં જનમીને એને ખાધું,

ને ઝાલી અમેરિકા આખું, મારા દેશે ચાલે.

કોરોના તેં તો ચોપાટ બિછાવી આખી ધરતી માથે,

ને પછી પઘડે ઘર કેટલાં ગણતી ચાલે.

કોરોના તારે આંખ્યું નથી તે તું તો ક્યાંથી ભાળે,

કે કોઈની આંખનાં રતન લૈ તું હસતી ચાલે,

કોરોના તારાં પેટનાં તે ડોઝરા કેટલાં ખાલી,

કે જરા ખમતી નથી ને મુફ્ઠા ભરતી ચાલે.

કોરોના તને દાયજામાં આપીશું દારૂ-તમાકુ ને માવા-બીડી,

કે હવે ઉઘલતી જાને તું વહેતી થાને,

કે તારાં જાનૈયા જમડાંને લેતી જાને.

**ઉષા ઉપાધ્યાય – અમદાવાદ – ૯૪૨૬૪ ૧૫૮૮૭**

# ૩૨૨. રામજી આતા

મનજી ચાલો, જઈએ એવે દેશ
પજવે ના જ્યાં કોરોના લવલેશ...
ગમતાં ગાશું હળવે ગીત

મન ભરીને કરશું પ્રીત,
મારગે મળતાં લોકને ધરશું
મધમીઠેરું સપનાનું સંગીત.
મનજી ચાલો, જઈએ એવે દેશ
પજવે ના જ્યાં કોરોના લવલેશ...

ખોઈ વળીને મોજથી એમાં

ફૂલ રૂપાળાં ભરતાં જાશું,
ખાખટી-કેરી ચીંભડાં તોડી
અડધાં ખાશું, અડધાં આલશું,
મનજી ચાલો, જઈએ એવે દેશ
પજવે ના જ્યાં કોરોના લવલેશ...

રામજી આતા ક્યાંક સૂતાં છે
વાડીએ એની ધુબકાં મારશું,
થાય બધે ભેલાણ ને તો યે
કેમ સૂતાં છો ? પૂછતાં આવશું,
મનજી ચાલો, જઈએ એવે દેશ
પજવે ના જ્યાં કોરોના લવલેશ...

ઉષા ઉપાધ્યાય – અમદાવાદ – ૯૪૨૬૪ ૧૫૮૮૭

## ૩૨૩. કોરોના ઊભો - ગઝલ

બહાર મોઢું ફાડીને વિકરાળ કોરોના ઊભો,
મોતનો સામાન લઈને કાળ કોરોના ઊભો.

હાથ વારંવાર ધોજો  શીખવે છે રોગ એ,
લઈને માથાકૂટ ને જંજાળ કોરોના ઊભો.

ના મિલાવો હાથ માનવ એકબીજાનાં તમે,
નહિતો ઝેરી દંશ દેતો વ્યાળ કોરોના ઊભો.

શક્તિ લઈને એવો જન્મ્યો વાત ના પૂછો હવે,
શ્વાસ તોડી નાખતો, સંભાળ કોરોના ઊભો.

ખાસ સામાજિક પ્રસંગે જાવ ના ટોળે વળી,
સાવ માનવતાની તોડી પાળ કોરોના ઊભો.

બસ હવે એકાંત સેવો ભીડમાં ફરશો નહીં,
ઘરમાં રો' ને સ્વાસ્થ્યની લો ભાળ કોરોના ઊભો.

યમનાં દૂતોનો સહોદર થઈ ભળી એવો ગયો,
માનવીનાં મુખની થઈને ગાળ કોરોના ઊભો.

'નેહ'  કે' ચાલાક થઈને બસ હવે લડતા રહો,
હા, હરાવીશું તને,  વેતાળ કોરોના ઊભો.

**વંદના બ્રહ્મભટ્ટ ‘નેહ’ - 92651 42038**

## ૩૨૪. કોરોનાનો પાઠ

પ્રકૃતિની પાઠશાળા, કોરોનાનો પાઠ,
જાગે વિનય-વિવેક, છૂટે ઠાલા ઠાઠ.

દૂરથી જ થાય અભિવાદન,
જોડેલાં હાથ જોડે હૃદય-મન,
ખોલે સંકીર્ણ-છીછરી મોકળાશ,
સૌજન્યશીલતાનાં કિવાડ,
પ્રકૃતિની પાઠશાળા, કોરોનાનો પાઠ,
જાગે વિનય-વિવેક, છૂટે ઠાલા ઠાઠ.

હવે સ્વચ્છતા પરમ આવશ્યકતા,
આળસ- બહાનાનાં દોર ગયા,
વ્યસનને કરો અલવિદા,
સંયમનો ઝાલો હાથ,
પ્રકૃતિની પાઠશાળા, કોરોનાનો પાઠ,
જાગે વિનય-વિવેક, છૂટે ઠાલા ઠાઠ.

સ્વભાવ બની બેઠી સ્વચ્છંદતા,
સહજ છીછરી ઉદ્દંડતા,
વિકૃતિ ગળી રહી શિષ્ટતા,
દંભની હવે છોડો વાટ,
પ્રકૃતિની પાઠશાળા, કોરોનાનો પાઠ,
જાગે વિનય-વિવેક, છૂટે ઠાલા ઠાઠ.

બની બેઠા ભોગી ભક્ષક,
પોષકનાં બન્યાં શોષક,
જીવન, જીવ-સૃષ્ટિ રક્ષક,
બનો તો બને વાત,
પ્રકૃતિની પાઠશાળા, કોરોનાનો પાઠ,
જાગે વિનય-વિવેક, છૂટે ઠાલા ઠાઠ.


**વનિતા ઠક્કર**

317, સહકાર નગર, ન્યુ સમા રોડ, વડોદરા – 390 024

97270 54738 - vanitaa.thakkar@gmail.com

## ૩૨૫. અવસર જેવું રહેવાદો

ટેબલ, ખુરશી, પુસ્તક વચ્ચે પગભર જેવું રહેવાદો
ઘરના ખાલીખમ ખૂણાને અવસર જેવું રહેવાદો

છોડી બેઠી ગાંઠ હ્રદયની ગમતી ચીજો સાથે લો,
એક દિવસ તો વર્ષામાંથી  ઝરમર જેવું રહેવાદો

એકલતાની વાત નથી આ, તક છે સૌની સમજણની
ઘરની ભીતર આવો મળીયે, ઘર 'ઘર' જેવું રહેવાદો

કોની સાથે હસવું મારે, કોના પર હું ગુસ્સે થઉં
ભાવભરેલી આંખો છે આ,  અત્તર જેવું રહેવાદો

વાંધા વચકા છોડી દઈને આજ કરીશું પ્રેમ કબુલ,
ચારે બાજું લાગણીઓનું સરવર જેવું રહેવાદો

માનવમાંથી 'મન' કાઢો તો બોલો બાકી રહેશે શું?
પરપીડામાં પ્યાર ભરીદો, ઈશ્વર જેવું રહેવાદો

કાળ બનીને સાવ લગોલગ કોરોના લ્યો ઉભો છે,
ખુદની ભીતર 'કૃષ્ણ' જગાવી લશ્કર જેવું રહેવાદો

- વર્ષા પ્રજાપતિ 'ઝરમર'

## ૩૨૬. લોકડાઉન અને મોહમાયા

બની ગયો છે માનવી મોહમાયાને આધિન,
નથી ચાલતું કોઇપણ ભૌતિક સાધન વિના,
ભૂલી ગયો છે આપણો છાશ ને રોટલો,
જોઈએ છે તો બસ પીઝા ને પાણીપુરી,
નથી ચાલતું બહાર ગયા વિના,
નથી ચાલતું મોટરસાઈકલ વગર,
ભૂલી ગયો છે માનવી ચાલવાનું,
બની ગયો છે મોહમાયાથી ભરપૂર,
પણ, કુદરતની તે કેવી આ કરામત,
કરાવ્યું બધુંજ બંધ આ લોક ડાઉને,
ખોલી નાખી માનવીની આંખો,
બન્યોતો પાગલ પૈસા પાછળ જે,
બનાવ્યો એને શાણો,
બેઠો ઘરે ત્યારે સમજાયું કે
બે વાર દાળ ને રોટલી મળે તોય જીવન તો ચાલે જ છે,
બ્રાન્ડેડ કપડાં ન પહેરતાં
બર્મૂડા પહેરીને પણ દિવસો તો જાય જ છે,
પિઝા ને પાણીપુરીને બદલે
ભાખરી પણ મીઠી જ લાગે છે,
બાઈકને બદલે હવે ચાલવાનું પણ ગમવા લાગ્યું છે,
સુધરી ગયું છે સ્વાસ્થ્ય પણ આ લોકડાઉનમાં,
ભવિષ્યનાં અગત્યનાં નિર્ણયો કરતો થઈ ગયો છે માનવી,
આમ તેમ ભાગતો માનવી થયો છે સ્થિર,
પૈસો મારો પરમેશ્વર, સમજતો જે એ પરિવારને માને છે પૂજનીય હવે,
જીવનની સાચી અને સરળ શૈલી બતાવી ગયું છે આ લોકડાઉન.

ડૉ. વિભૂતિ રાણીગા લુંભાણી – સૂરત – 99254 19907

## ૩૨૭. મહામારી

મહામારી મહામારી ક્યાં પહોંચશે આ મહામારી,
શાને ગયો તું હારી માનવ?
નથી અદ્ભૂત પ્રાણી માનવ સિવાય કોઈ શાને ગયો તું હારી?
લીધો છે ભરડો મહામારી એ વિશ્વભરમાં,
શાને કરે છે તું પીછેહઠ?
શાને રહે છે ચિંતાતુર?
હશે જો ભાવના વસુધૈવ કૂટુંબકમ ની,
આપીશું માત મહામારીને,
રહે તું પરિવાર સંગ,
માણ રાહતના પળો ને, આપ ખુશીઓ પરિવારને,
નથી બીજુ કોઈ સુખ સિવાય પરિવાર,
હશે જો પરિવારનો સાથ થશે નૌકા પાર,
થયો જો અળગો પરિવારથી,આવીશ મહામારીનાં સકંજામાં,
નહીં રહે કોઈનો સાથ, નહીં રહે કોઈનો સંગાથ,
તડકો ને છાંયડો તો નિત્યક્રમ કુદરતનો,
શાને કંટાળ્યો તું પરીવારરૂપી મોહમાયાથી?
રહી જશે બધીજ મોહમાયા અહીં,
નહીં રહે તારૂં નામોનિશાન,
શાને ગયો તું હારી ? હે માનવ! શાને ગયો તું હારી?
મહામારી મહામારી ક્યાં પહોંચશે આ મહા મારી?

ડૉ. વિભૂતિ રાણીગા લુંભાણી – સૂરત – 99254 19907

# ૩૨૮. કોરોનાને ઘરમાં ન લાવો

બ્હાર જઈને કોરોનાને ઘરમાં ના લઈ આવો
પરિવારના છો  સંરક્ષક  ચેપ  તમે ન લગાવો

કોરોનાને  પાંખ નથી  કે  જાતે  ઘૂંસી જાશે
તમે લાવશો તો જ આવશે ને સૌમાં ફેલાશે
સમજુ થઇને વ્હાલાઓમાં કોરોના ના વાવો
પરિવારના છો  સંરક્ષક  ચેપ  તમે ન લગાવો

બ્હાર જઈને કોરોનાને ઘરમાં ના લઈ આવો
પરિવારના છો  સંરક્ષક  ચેપ  તમે ન લગાવો

ઘર, શેરી ને નગર વચાળે સન્નાટો પથરાશે
અણસમજુની બેદરકારીથી સઘળાં ભરખાશે
સૌના પુરુષાર્થે એવી શંકા નિર્મૂળ બનાવો
પરિવારના છો  સંરક્ષક  ચેપ  તમે ન લગાવો

બ્હાર જઈને કોરોનાને ઘરમાં ના લઈ આવો
પરિવારના છો  સંરક્ષક  ચેપ  તમે ન લગાવો

- વિજયરાજ સિહોરી

## ૩૨૯. ભૂખનાં ટોળાં !

ભટકે ભૂખનાં ટોળાં !
જીવન જેવી ચીજ પડી ગઈ, કરતાં ખાંખાખોળા !

કાલ હતાં જે સાથ અમારી હૈયું, મસ્તક, હાથ !
ખપમાં આવ્યાં એ જ,  હવે શું ભરવી બીજે બાથ ?
સપનાનું છે બચકું માથે ને હાથે શિશુ ભોળા !
ભટકે ભૂખનાં ટોળાં !

દૂરદૂરથી  કરચલિયાળા  ચહેરા  કરતા  સાદ,
ડગલે  પગલે  વચ્ચે નડતાં ગામસીમના વાદ !
ક્યાંક છાંયડો માંડ મળે તો કાળ કાઢતો ડોળા!
ભટકે ભૂખનાં ટોળાં !

- વિપુલ પરમાર

## ૩૩૦. શકે છે

મુસીબતને ભલે માણસ પ્રથમ ભાળી શકે છે,
પછી હર હાલમાં હાલત એ સંભાળી શકે છે.

અમાસી, ચંદ્ર વિનાની ભલે હો રાત કાળી,
પરંતુ દીપ પ્રગટાવી એ અજવાળી શકે છે.

વિકટ પળમાં પશુ-પંખી રહેતાં એક સાથે,
મનુષ્યો એ ઘડીને બુધ્ધિથી  ટાળી શકે છે.

અચાનક આવતાં આફત સફાળો એ થયો છે,
વિપરીત વેળ પાછી માનવી વાળી શકે છે.


પહેલાં પ્લેગ, કૉલેરા, પછી આજે ફરીથી,
તને પણ એમ કોરોના હવે ખાળી શકે છે.

- વિરંચિ ત્રિવેદી – ૯૯૦૪૨ ૩૪૨૯૧

## ૩૩૧. સોશ્યલ d i s t a n c i n g

સોશ્યલ ડિસ્ટન્સિંગ કે ઝીરો ડિસ્ટન્સ? ચોવીસે કલાક ઘર વિમાસે
કોરોના છીંકે છે કે ભૂલથીય કોઈ કોરો ના રહી જાય
ઊઘાડી ભીડ જોઈ ગ્રોસરી સ્ટોર ભાગ્યો માસ્ક શોધવા
કર્ફ્યૂનો અમલ બરાબર થાય છે કે કેમ એ જોવા થોડા શ્વાસ સળવળ્યા
મોબાઇલની બેટરીની આવરદા અચાનક અડધી થઈ ગઈ
બધાં બધું જ જાણે છે પણ કોઈ કંઈ જ જાણતું નથી
કામવાળાંઓના વેકેશને ગૃહિણીઓને (કદાચ) ગૃહસ્થોનેય માંજી નાંખ્યાં
એફબી પરની સાડી ચેલેન્જ થાક-કંટાળા પર પોતું ફેરવી આપે છે
તીનપત્તી રમતો માણસ હવે ઓળખાયો    બાપ નીકળ્યો
વર્ષોથી ડાઉન થઈ ગયેલાં લૉક અવાજ કરી-કરીને પણ ખૂલ્યાં ખરાં
ચાદરો હાંફતી'તી: બંધનમાં આઝાદી જડી? 'લ્યા આ ખરું
રસ્તા એટલા સૂમસામ કે ડરે છે સાક્ષાત્ યમ પણ આવતા
ગંગા સાફ હિમાલય સાફ હવા સાફ ઘરનાં ને ઘટનાં જાળાં સાફ
રૂઝ આવી રહી છે

વિવેક મનહર ટેલર – સુરત – ૯૮૨૪૧ ૨૫૩૫૫



આકાર કાવ્યનો પ્રયોગ

## ૩૩૨. સ્ટે એટ યોર હોમ

ટીવી ચાલુ કરતાં જ હાઈ બીપી વાળા દાદીમાનાં કાન સરવાં થયાં," હં..આજે  કેટલાં નવા કેસ આવ્યાં?"

"અરે આ તો બે દિવસ પહેલાનાં ન્યુઝ છે કહી ટીવી બંધ કરી દેવું પડ્યું.

એમની ચિંતા ય આજકાલ ઓવરટાઇમ કરતી.

મમ્મી અથાણાની બરણીમાંથી એક એક ચીરી કાઢી એ રીતે ચલાણામાં ગોઠવતી હતી

જાણે એક એક આવતીકાલ ગોઠવતી હોય !

વાસણ માંજવાથી વાસણ સાથે ઘણું બધું મંજાતું હોય છે ને ચકચકિત થતું હોય છે

એવી હવે પપ્પાને ખબર પડી ગઈ હતી.

કંટાળાના લાસ્ટ સ્ટેજમાં પહોંચેલા પીન્ટુએ જૂની બીન બેગમાં રેતી ગુંગળાઈ જાય એ હદે ભરી પંચિંગ બૅગ બનાવી.

ને જોરજોરથી પંચ મારવા લાગ્યો,

જાણે  કોરોના ચીસ પાડીને કરગરે ત્યાં સુધી પંચ મારશે એવું લાગતું હતું.

વિડીયો ગેમ રમી રમીને થાકેલી નાની ગુડ્ડુ કજીયો કરવા લાગી.

"સ્ટે એટ યોર હોમ"માં હવે કોની સાથે રમવા જાઉં?

દાદી બોલ્યા,"જા આપણા મીઠ્ઠુ પોપટ સાથે રમ."

ગુડ્ડુ તરતજ ટહૂકી,"એને તો મેં હમણાં જ  ઉડાડી દીધો"

ને કહ્યું, નાવ સ્ટે એટ યોર હોમ, જુઓ સામેના ઝાડ પર !"

બધા જ બહાર જોવા દોડ્યા.

કૉપી  કેટ પોપટ બોલ્યો,"નાવ સ્ટે એટ યોર હોમ, સ્ટે એટ યોર હોમ!"

યામિની વ્યાસ – સુરત – 9925195239

# ૩૩૩. આત્મનિર્ભર...!

તું ગમે એટલા
પ્રયત્નો કરે
થ્રી લેયર માસ્ક પહેરે
આખી
બોડી સેનિટાઈઝ્ડ
કરે
કે
સોશ્યિલ ડિસ્ટન્સિંગ
જાળવે
કે
જેન્યુઈનલી
તારી ઈમ્યુનિટી વધારે
પણ આ વાયરસથી
તું બચી જ
નહીં શકે
અને ઇન્ફેકશન લાગ્યા પછી
સિમટમ્સ દેખાય
કે ન દેખાય
તારા કોઈ સેલ
એન્ટીબોડી ના બનાવી શકે
ને તારી બચવાની સંભાવના
ઘટી જાય
અને
કદી પણ
એની વેક્સિન ના
શોધાય એવું
પ્રેમ વિષાણુંનું
સિવિયર ઇન્ફેક્શન લાગે
અને તું કદી પણ

આત્મનિર્ભર
ના બને
એવી અભ્યર્થના..!

યામિની વ્યાસ – સુરત - 9925195239

***

## ૩૩૪. બધાં ઘરની અંદર

બધાં ઘરની અંદર ગરકતાં થયાં છે
નદીનાળાં,વાદળ ચળકતાં થયાં છે

નગરનાં મકાનો બન્યાં કેદખાનાં
પશુ પંખી મનમાં મરક્તાં થયાં છે

ખુશાલી હતી,લોકટોળાં હતાં ત્યાં
ઉદાસીનાં તાળાં લટકતાં થયાં છે

દહેશત છે કેવી! અહીં વિશ્વભરમાં
કશે પણ અડકતાં ફડકતાં થયાં છે

હવે ઝેર સૂનકારનું કેમ ઉતરે!
થઈ સાપ રસ્તા સરકતા થયા છે

ઉઠાવીને કાવડ વતન વાટ ચાલ્યા
ઘણા ઘાવ પગમાં સણકતા થયા છે

યામિની વ્યાસ – સુરત - 9925195239

## ૩૩૫. સફર

લોકડાઉનમાં
હું તો નીકળી પડી
મારી ભીતરની સફરે,
આમ તેમ
ગલી કુચી
કાચા પાકા
રસ્તે રોડે
સઘળા વળાંકે
ખાડા ટેકરે
ધારે કિનારે
ઝાડી ઝાંખરે
નદી નાળે
બસ હું મને મળું જ નહીં
ચાપુ ચપટીય નહીં
તલ ભારે ય નહીં.
બસ જ્યાં જુઓ ત્યાં
તું જ તું
મારું તો નામોનિશાન નહીં
હવે ખુદને મળવા ક્યાં જાઉં?
સાચું કહેજે
તેં તારી ભીતર થોડી ઘણી સંઘરી છે મને?

**યામિની વ્યાસ – સુરત – 9925195239**

## ૩૩૬. સુરક્ષા કવચ

યાદ છે?
"લે તારી રાખડી ને લાવ પાછી મારી ગીફ્ટ "
રક્ષાબંધનને દિવસે ઝઘડો થાય તો અચૂક તારો આ સંવાદ.
તને રાખડીનો કેટલો શોખ!
મિકી,ડોનાલ્ડ, સ્પાઇડરમેન, મ્યુઝિક કે લાઈટવાળી
ને દર વર્ષે બજારમાં નવી આવે એ તો ખરી જ.
વળી તું દોસ્તોને બતાવી કલાકે કલાકે બદલાવે પણ ખરો!
પણ લુચ્ચો ગિફ્ટ એક જ વાર આપે,
અને એ પણ ચોકલેટથી પતાવે!
એકવાર ડેન્ટિસ્ટ અંકલે દાંતના સડા વિશે પૂછેલું તો
મેં તારું નામ લીધેલું!
તું ખરેખર મારું સુરક્ષાકવચ.
તને રિપોર્ટ કાર્ડમાં પપ્પા ની સહી કરતા આવડે.
કફ સિરપની બાટલી ફૂટી જતાં પિગી બેંકમાંથી ખરીદી, થોડી અધૂરી કરી જગ્યા પર ગોઠવતાં આવડે.
પીલો લડાઈમાં પીલો કવર ફાટતાં રૂ ખોસી સ્ટેપ્લરથી સીવતાં આવડે...
મારાથી એક વર્ષ પાછળ છતાં મારું હોમવર્ક આવડે.
નાનપણથી તને ઉકેલવા હતા ઘણા કૂટપ્રશ્નો,
સિદ્ધ કરવા હતા કેટલાય પ્રમેય,
નાસા પહોંચી બનવું હતું એસ્ટ્રોનટ ને
બોલની સાથે બેટ પણ ઉછાળી બનવું હતું ક્રિકેટર...
રાયફલમાંથી ગોળી છૂટી,આરપાર વીંધી બૂમરેંગની માફક પાછી આવે એવી શોધ કરી બનવું હતું યોદ્ધા....
ફેન્સી ડ્રેસમાં તું આ સઘળું બની ચૂક્યો હતો....
રિસર્ચનાં સપનાંથી ખીચોખીચ ભરેલી તારી આંખો જોઈ લાગતું'તું કે તું
સાયન્ટિસ્ટ જ બનશે...

આખરે તેં સાચુક્લો સફેદ કોટ પહેરી હાથમાં નાજુક સિરિન્જ પકડી,
આખી દુનિયાને તારે સાજી કરવી હતી
ગમે તેટલી ઈમરજન્સી હોય રક્ષાબંધને રાખડી બંધાવવા અચૂક આવતો...

યાદ છે! એકવાર તો ઓપરેશન થિયેટરમાંથી ગ્લોવ્ઝ સાથે જ કાંડુ ધરી દીધેલું.!
ને મને મારો ભાઈ દેવદૂત હોવાનું ગૌરવ થયેલું...
તું  જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ રાખડીની સાઈઝ નાની થતી ગઈ ને ગિફ્ટ મોટી અનોખી...
પેનડ્રાઈવથી લઈ પુસ્તકો સુધીની
ભાઈ,
આજે પણ તારી ગમતી રાખડી
અપલક તારી રાહ જુએ છે
પણ તું...
વાયરસની પાછળ એવો દોડ્યો કે દૂર દૂર....
હવે?
મારું સુરક્ષાકવચ?
એક વાર પણ નહીં આવે???

યામિની વ્યાસ – સુરત – 9925195239

## ૩૩૭. શ્યામ વંદનાનું ગીત

ઓ શ્યામ! પડ્યું તારા પગના અંગુઠાનું કામ
પેલી વાયરસડી નદીએ ઘેર્યાં છે ગામોનાં ગામ

હવે ઘરની અગાશી છે મનગમતો ટાપુ
ને ઉતરું પગથિયાં તો ઝેરીલી વાવ
ભૂલથી ય પૂરમાં જો ટેરવાં ઝબોળું
તો ફેફસામાં વકરે છે ડંખીલા ઘાવ
એ તો તાણીને રહેશે આખ્ખા જગને તમામ.. ઓ શ્યામ...

જીવનાં જોખમે અહીં ધસતાં દેવદૂતો
પાછળ કોવિડડો આપે છે દાવ
મરજીવાં થઈ પોતે ડૂબી જઈને
તરતી રાખે એ બીજાની નાવ
તું વેળાસર આવી બચાવ ઘનશ્યામ..   ઓ શ્યામ..

યામિની વ્યાસ – સુરત – 9925195239

## ૩૩૮. કોરોનામાં મુંબઈ

ચોતરફ
કેવળ
ઘૂઘવે સમુદ્ર.

કીડીઓ
મરેલા જીવડાને
તાણી જાય એમ
'પુચ્છ વિનાની મગરી'* ને
જીવતેજીવ
તાણીને
જઈ રહ્યો છે સન્નાટો,
કઈ તરફ?
કેવળ
ઘૂઘવે
સમુદ્ર...

**યોગેશ જોષી**

* ભગતસાહેબના સ્મરણ સાથે – 'એતદ્'માંથી સાભાર

## ૩૩૯. કોરોનામાં શ્રમિકો

ઘરમાં રહે
તો
ભૂખ મારે
ને
બહાર નીકળે
તો
કોરોના.

વતન ભણી જવા
હાઈ-વે પર
ચાલવા લાગે
તો
પોલીસ મારે.

છેવટે
શ્રમિકો નીકળી પડ્યા
રેલના પાટે પાટે …

ક્યાં
લઈ જશે
રેલના આ પાટા ?!

**યોગેશ જોષી**

(સૌજન્ય : “નિરીક્ષક”, 01 ઑગસ્ટ 2020; પૃ. 04)

## ૩૪૦. વંઠેલનાનકું -  અછંદાસ

નાનકડો તોય આ રાઈના દાણા જેવો,
એ ફરતો ચારે કોર, રુઆબ રાજા જેવો,
પશુ, પંખી ટોળાએ બેઠાં વાગોળે,
હાય પૈસાને, રાજની  લાયમાં, જંતુને ઉપજાવે,
હાથના કર્યા હૈયે વાગ્યા, વેઠ્યો ફેલાતો રહેતો,
એ વંઠ્યાને પાઠ ભણાવવા, જો માણસ કેદ રહેતો,
કેદ રહીને શું પામ્યા શું ખોયું?
મંથન કરતા સહુ, શું શોધ્યું?
અતિ સર્વત્ર વર્જ્ય, એ વાત સમજી લે જીવ,
ઝંખના જીવન મધુરાંની, સ્વયં પામે જીવ.

**ઝંખના અખિલેષ – ૯૮૨૫૪ ૧૩૦૭૨**

## ૩૪૧. કોરોનામંથન - અછંદાસ

મન આળું થતું જાય છે,
મળવાનું લંબાતું જાય છે,
એકલતા વધતી જાય છે,
ધીરજ હવે ઘટતી જાય છે,
જો કે, અગાસીએ કાગડો બોલતો,
આંબાડાળે કોયલનું કુ, કુ, ચકીબેન
તો, એક, બેમાંથી ટોળામાં દેખાયાં,
પંખીના કારણે આતમ હરખાયો,
રંગ, રંગીન ફૂલોમાં જાતે મલકાયો,
માણસ જે યંત્રવત હરપળ ભાગતો,
બે ઘડી ઘરપતે પરિવાર સંગ માણતો,
સમય સંજોગ બદલાવ માંગે છે,
સ્વને સુધારવાની એ ટેવ માંગે છે,
ધરતીના છોરું છીએ, પરમને પામવા,
ઝંખના વિશ્વ માનવતાની હામ માંગે છે.

**ઝંખના અખિલેષ – ૯૮૨૫૪ ૧૩૦૭૨**

## ૩૪૨. હું અને રૂમ નંબર 608..

અને એની અંદર મને સતત સાથ પૂરો પાડનારા

પંખો,

એ.સી.

ટીવી

એક સ્લાઈડિંગવાળી બારી

એટેચડ ટોઇલેટ બાથરૂમ

બ્લેન્કેટ

ચાદર

ધોળું ધબાક પીલો કવર ચડાવેલું ઓશીકું

અને મારાં મગજને સતત હકારાત્મક ટિક ટિક સંભળાવતી વૉલ ક્લોક,

જે મને કાયમ હસતી લાગતી અને કહેતી હોય કે

"આ સમય પણ જતો રહેશે. હું છું ને તારી સાથે.."

એમ તો બીજી વસ્તુઓમાં

ઓક્સિજન મશીન,

વેક્યુમ મશીન,

બોટલ ભરાવવાનું સ્ટેન્ડ,

10 એક સ્વીચો,

ઇન્ટરકોમ,

પાણીની બોટલ

દવાઓ,

ઇન્જેક્શન

અને હા..

મારાં બેડની સામે ક્યારનો જોતો બીજો નાનો બેડ..

એ પણ જાણે ઇચ્છતો હોય કે હું ત્યાં જઈ બેસું..

અને મારું મન..
એક સાથે ઘણાં વિચારોથી ભરાઈ જતું અને કહેતું,
તું સ્ત્રી છે,
તને કોણ હરાવી શકે!?
ચલ થા ઉભી અને પકડ કલમ,
ઠાલવી દે તારા દરેક બળાપા
અને થઈ જા સાવ હળવી..

વાત તો સાચી હતી..
અચાનક બારીમાં એક વાંદરો આવી બેઠો,
ઘડીભર હું ડરી ગઈ..
પણ એમાં તાજી જન્મેલી નકારાત્મકતા સરી ગઈ..
મનને મજબૂત કર્યું..
જાતે બેઠા થવાનું ત્યારે જ નક્કી કર્યું..
"જ્યાં સુધી તમે હાર ન માનો ત્યાં સુધી તમને કોઈ હરાવી શકતું નથી.."
એ વાત યાદ આવી..
અને મળી ગઈ કોરોનાને જીતવાની હકારાત્મક ચાવી..

હા.. હું કોવિડ 19 પોઝિટિવ પેશન્ટ..
608માં ધબકું છું.. અને 608.. મારાંમાં..

શીતલ ગઢવી – અમદાવાદ - 82007 59466